# પંચકર્મગ્રન્થપરિશીલન

(પંડિત સુખલાલજીના કર્મસિદ્ધાન્તવિષયક પાંચ હિંદી લેખોનો
સૌપ્રથમ ગુજરાતી અનુવાદ)

લેખક
પંડિત સુખલાલજી

અનુવાદક
નગીન જી. શાહ
પૂર્વ અધ્યક્ષ, એલ. ડી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલોજી, અમદાવાદ

સંસ્કૃત-સંસ્કૃતિ ગ્રંથમાલા 12

સામાન્ય સંપાદક
નગીન જી. શાહ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પંચકર્મગ્રન્થપરિશીલન

(પંડિત સુખલાલજીના કર્મસિદ્ધાન્તવિષયક પાંચ હિંદી લેખોનો
સૌપ્રથમ ગુજરાતી અનુવાદ)

લેખક

પંડિત સુખલાલજી

અનુવાદક

નગીન જી. શાહ

પૂર્વ અધ્યક્ષ, એલ. ડી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલોજી, અમદાવાદ

સંસ્કૃત-સંસ્કૃતિ ગ્રંથમાલા 12

સામાન્ય સંપાદક

નગીન જી. શાહ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકાશક
**ડૉ. જાગૃતિ દીલીપ શેઠ**, પીએચ.ડી.
B-14, દેવદર્શન ફ્લેટ,
નહેરુનગર ચાર રસ્તા,
આંબાવાડી,
અમદાવાદ-380 015

મુદ્રક
કે. ભીખાલાલ ભાવસાર
**શ્રી સ્વામિનારાયણ મુદ્રણ મંદિર**
12, શાયોના એસ્ટેટ, દૂધેશ્વર રોડ,
શાહીબાગ, અમદાવાદ-380 004.

2007

કિંમત : રૂા. 140=00

પ્રાપ્તિસ્થાન
**સરસ્વતી પુસ્તક ભંડાર**
હાથીખાના, રતનપોળ,
અમદાવાદ-380 001

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અનુવાદક-ગ્રન્થમાલાસંપાદકનું નિવેદન

સંસ્કૃત-સંસ્કૃતિ ગ્રન્થમાલામાં બારમા પુસ્તકરૂપે નિર્ભીક સત્યશોધક, કુશલ ચિન્તક અને પ્રતિભાસમ્પન્ન પ્રાજ્ઞપુરુષ પંડિત સુખલાલજીના કર્મવિષયક પાંચ હિન્દી લેખોનો સૌપ્રથમ ગુજરાતી અનુવાદ પ્રકાશિત કરતાં મને અતિ આનન્દ થાય છે. આ પાંચ હિંદી લેખો મૂળે પંડિતજીએ દેવેન્દ્રસૂરિના પ્રાકૃતમાં રચાયેલા પાંચ કર્મગ્રન્થોનો તેમણે જે વિવેચનયુક્ત હિન્દી અનુવાદ કરેલો તેની પ્રસ્તાવના રૂપે લખેલા છે. આ કર્મગ્રન્થો અનુક્રમે સન્ ૧૯૧૯, ૧૯૨૦, ૧૯૨૧, ૧૯૨૨ અને ૧૯૪૧માં આત્માનન્દ જૈન પુસ્તક પ્રચારક મંડળે આગ્રાથી પ્રકાશિત કરેલા.

પંડિતજીની એ ખૂબી રહી છે કે તે જ્યારે કોઈ પણ વિષયની ચર્ચાવિચારણા કરે છે ત્યારે વ્યાપક દૃષ્ટિથી ઐતિહાસિક અને તુલનાત્મક પદ્ધતિએ જ કરે છે. પરિણામે વાચકની કેટલીય પ્રશ્નગ્રન્થિઓ આપોઆપ ઊકલી જાય છે અને ચિત્ત પ્રસન્ન બને છે. તેમનું સર્વ ભારતીય ધર્મ-દર્શનોનું ઊંડું જ્ઞાન અને ભારતીય સંસ્કૃતિના હાર્દની તેમની સમજ કોઈને પણ દંગ કરી દે તેવાં છે. તેમની શૈલી લાઘવયુક્ત અને પ્રસન્ન છે.

કર્મસિદ્ધાન્ત ચાર્વાક સિવાય બધાં જ ભારતીય દર્શનોનો પાયાનો સિદ્ધાન્ત છે. તે બધાં દર્શનોનાં આચારશાસ્ત્રનો અને અધ્યાત્મશાસ્ત્રનો નિયામક છે. ભારતીય સાહિત્ય, કલા આદિ ઉપર પણ તેનો પ્રભાવ છે.

બધાં ભારતીય દર્શનોમાં એ વાત ઉપર સર્વસંમતિ છે કે મનુષ્ય કે વ્યક્તિ જે કર્મ કરે છે તે કર્મનું ફળ તેને જ મળે છે. શુભ કર્મનું ફળ સુખ છે અને અશુભ કર્મનું ફળ દુ:ખ છે. જે કર્મનું ફળ વર્તમાન જન્મમાં મળતું નથી તે કર્મનું ફળ પછીના જન્મમાં મળે છે. જીવ પોતાના કર્મ અનુસાર વિવિધ યોનિઓમાં જન્મે છે. જ્યારે જીવ તૃષ્ણારહિત બની જાય છે ત્યારે તે ફલાસક્તિરહિત કર્મ કરે છે. નિષ્કામભાવે કરાતાં કર્મો બન્ધન નથી બનતાં. એ સ્થિતિમાં જીવને કેવળ પૂર્વજન્મોનાં કર્મોનાં ફળ ભોગવવાં પડે છે. તેને પુનર્ભવ નથી. તે દેહપાત પછી મુક્ત બને છે. અન્તિમ જન્મમાં બધાં કર્મોનાં ફળો ખાસ પ્રક્રિયાથી તે ભોગવી લે છે. આ સર્વસ્વીકૃત છે.

કેટલાક કર્મસિદ્ધાન્ત પર આક્ષેપ કરે છે કે તે નિયતિવાદ અને નિરાશાવાદ ભણી લઈ જાય છે, તેમાં પુરુષસ્વાતંત્ર્યને (freedom of willને) અવકાશ જ નથી. પૂર્વ કર્મોને કારણે પુરુષ અત્યારે જે કંઈ છે કે કરે છે તે છે અને કરે છે, અત્યારનાં કર્મો તેના ભાવિ વ્યક્તિત્વને નિયત કરશે અને આમ ચક્ર ચાલ્યા જ કરશે. પુરુષ સંપૂર્ણપણે પૂર્વકર્મોથી બદ્ધ છે, એટલું જ નહિ તેમનાથી તેનો ચેતસિક અને શારીરિક વ્યવહાર – તેનું સંપૂર્ણ વ્યક્તિત્વ – નિયત છે. આમાં પુરુષસ્વાતંત્ર્યને અવકાશ ક્યાં રહ્યો ? વળી, આમાં મુક્તિનો સંભવ પણ ક્યાં રહ્યો ? આ શંકા યોગ્ય નથી. તે કર્મસિદ્ધાન્તની અધૂરી સમજમાંથી ઊભી થયેલી છે. કર્મ અનુસાર તો પુરુષને ભિન્ન ભિન્ન શક્તિવાળાં મન, શરીર અને બાહ્ય સાધનો પ્રાપ્ત થાય છે તેમજ તે ભિન્ન ભિન્ન વાતાવરણ અને પરિસ્થિતિમાં મુકાય છે એટલું જ, પરંતુ પ્રાપ્ત સાધનોનો ઉપયોગ કેમ અને કેવો કરવો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા અમુક વાતાવરણ અને પરિસ્થિતિમાં કેવો પ્રત્યાઘાત આપવો તે તેના હાથની વાત છે એવું કર્મસિદ્ધાન્ત માને છે. વળી, પુરુષ પોતાના પ્રયત્નથી પૂર્વકર્મોની અસરો હળવી કે નષ્ટ કરી શકે છે એવું પણ કર્મસિદ્ધાન્તમાં સ્વીકારાયું છે. પુરુષ ઉપર કર્મનું નહિ પણ કર્મ ઉપર પુરુષનું આધિપત્ય છે – અલબત્ત પુરુષને તેનું ભાન થવું જોઈએ, તેનું ચિત્ત ચમકવું જોઈએ. કર્મસિદ્ધાન્ત નિરાશાવાદ કે અકર્મણ્યતા ભણી લઈ જતો નથી પરંતુ આશાવાદ અને પુરુષાર્થનો પોષક છે. પોતાનું કર્મ, પોતાનો પ્રયત્ન યોગ્ય ફળ પ્રાપ્ત કરાવે જ છે એવો વિશ્વાસ આપનાર કર્મસિદ્ધાન્ત છે. કર્મસિદ્ધાન્તમાં પુરુષપ્રયત્ન, સ્વતન્ત્ર ઇચ્છાશક્તિ, નૈતિક જવાબદારી, આત્મસુધારણા, સાધના સર્વને પૂરતો અવકાશ છે, એટલું જ નહિ તે બધાંનો તે પોષક અને પ્રેરક છે.

પ્રાચીન કાળથી કર્મવાદનો વિરોધ કરનારી એક વિચારધારા હતી. તે નિયતિવાદને સ્વીકારતી હતી. કર્મવાદીઓએ નિયતિવાદનો જોરદાર પ્રતિવાદ કર્યો છે. પરંતુ વિચિત્રતા તો એ છે કે આ જ કર્મવાદીઓએ સર્વદ્રવ્યોની સર્વ વ્યક્તિઓની ત્રૈકાલિક સઘળી અવસ્થાઓના યુગપત્ સાક્ષાત્કારી જ્ઞાનરૂપ સર્વજ્ઞત્વને સ્વીકારી અજાણપણે નિયતિવાદનો જ સ્વીકાર કરી લીધો છે. આવું સર્વજ્ઞત્વ ચુસ્ત જડ નિયતિ વિના સંભવે જ નહિ. આવો સર્વજ્ઞવાદ નિયતિવાદ વિના સંભવે નહિ, તેનો આધાર જ નિયતિવાદ છે.

પંડિતજીના કર્મસિદ્ધાન્તવિષયક લેખોના સંગ્રહરૂપ પ્રસ્તુત ગ્રન્થ તર્કબદ્ધ નિરૂપણવાળો અને પ્રમાણભૂત છે. આશા છે કે તે ભારતીય તત્ત્વજ્ઞાનના અભ્યાસીઓને અને જિજ્ઞાસુઓને અવશ્ય જ્ઞાનવર્ધક, વિચારપ્રેરક અને રસપ્રદ બનશે.

૨૩, વાલ્કેશ્વર સોસાયટી
આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫
૧૫, એપ્રિલ, ૨૦૦૭.

નગીન જી. શાહ
અનુવાદક-ગ્રન્થમાલાસંપાદક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વિષયાનુક્રમ

**પ્રથમ પ્રકરણ : પ્રથમકર્મગ્રન્થપરિશીલન** ૧-૨૭

**કર્મવાદ ૧-૭**, કર્મવાદ પર થતા મુખ્ય આક્ષેપો અને તેમનું સમાધાન ૧, વ્યવહાર અને પરમાર્થમાં કર્મવાદની ઉપયોગિતા ૩, કર્મવાદના સમુત્થાનનો કાળ અને તેનું સાધ્ય ૪.

**કર્મશાસ્ત્રનો પરિચય ૭-૧૧**, સંપ્રદાયભેદ ૭, સંકલના ૭, ભાષા ૮, કર્મશાસ્ત્રમાં શરીર, ભાષા, ઇન્દ્રિય આદિ પર વિચાર ૯, કર્મશાસ્ત્ર અધ્યાત્મશાસ્ત્ર છે ૯.

**વિષયપ્રવેશ ૧૧-૨૨**, 'કર્મ' શબ્દના અર્થો ૧૧, કર્મશબ્દના કેટલાક પર્યાય ૧૧, કર્મનું સ્વરૂપ ૧૨, પુણ્ય-પાપની કસોટી ૧૨, સાચી નિર્લેપતા ૧૩, કર્મનું અનાદિત્વ ૧૩, કર્મબન્ધનાં કારણ ૧૪, કર્મથી છૂટવાના ઉપાય ૧૪, આત્મા સ્વતન્ત્ર તત્ત્વ છે ૧૫, કર્મતત્ત્વના વિષયમાં જૈનદર્શનની વિશેષતા ૨૧.

**કર્મવિપાક ગ્રન્થનો પરિચય ૨૨-૨૪**, નામ ૨૩, વિષય ૨૩, વર્ણનક્રમ ૨૩, આધાર ૨૪, ભાષા ૨૪.

**ગ્રન્થકારનું જીવન ૨૫-૨૭**, સમય ૨૫, જન્મભૂમિ, જાતિ આદિ ૨૫, વિદ્વત્તા અને ચારિત્રતત્પરતા ૨૫, ગુરુ ૨૭, પરિવાર ૨૭, ગ્રન્થ ૨૭.

**બીજું પ્રકરણ : દ્વિતીયકર્મગ્રન્થપરિશીલન** ૨૮-૩૩

ગ્રન્થરચનાનો ઉદ્દેશ ૨૮, વિષયવર્ણનશૈલી ૨૮, વિષયવિભાગ ૨૮, 'કર્મસ્તવ' નામ રાખવા પાછળનો આશય ૨૯, ગ્રન્થરચનાનો આધાર ૨૯, ગોમ્મટસારમાં 'સ્તવ' શબ્દનો સાંકેતિક અર્થ ૩૦, ગુણસ્થાનનું સંક્ષિપ્ત સામાન્ય સ્વરૂપ ૩૧.

**ત્રીજું પ્રકરણ : તૃતીયકર્મગ્રન્થપરિશીલન** ૩૪-૩૭

વિષય ૩૪, માર્ગણા, ગુણસ્થાન અને તેમનું પારસ્પરિક અન્તર ૩૪, પાછલા કર્મગ્રન્થો સાથે ત્રીજા કર્મગ્રન્થની સંગતિ ૩૬, બીજા કર્મગ્રન્થના જ્ઞાનની અપેક્ષા ૩૬, પ્રાચીન અને નવીન ત્રીજો કર્મગ્રન્થ ૩૭, ગોમ્મટસાર સાથે તુલના ૩૭.

**ચોથું પ્રકરણ : ચતુર્થકર્મગ્રન્થપરિશીલન** ૩૮-૧૧૧

નામ ૩૮, સંગતિ ૩૮, પ્રાચીન અને નવીન ચતુર્થ કર્મગ્રન્થ ૩૯, ચોથો કર્મગ્રન્થ અને આગમ, પંચસંગ્રહ તથા ગોમ્મટસાર ૪૦, વિષયપ્રવેશ ૪૧, ગુણસ્થાનનું વિશેષ સ્વરૂપ ૪૩, દર્શનાન્તર સાથે જૈન દર્શનનું સામ્ય ૫૬, યોગસંબંધી વિચાર ૬૪, યોગનો આરંભ ક્યારથી થયો ગણાય ? ૬૪, યોગના ભેદ અને તેમનો આધાર ૬૫, યોગના ઉપાયો અને ગુણસ્થાનોમાં યોગાવતાર ૬૬, પૂર્વસેવા આદિ શબ્દોની વ્યાખ્યા ૬૭, યોગજન્ય વિભૂતિઓ ૬૮, બૌદ્ધ મન્તવ્ય ૬૮, લેશ્યા ૭૦, પંચેન્દ્રિય ૭૨, સંજ્ઞા ૭૩, અપર્યાપ્ત ૭૫, ઉપયોગનો સહ-ક્રમભાવ ૭૭, એકેન્દ્રિયમાં શ્રુતજ્ઞાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૭૯, યોગમાર્ગણા ૮૦, યોગના વિષયમાં શંકા-સમાધાન ૮૦, દ્રવ્યમન, દ્રવ્યવચન અને શરીરનું સ્વરૂપ ૮૧, સમ્યક્ત્વ ૮૧, ક્ષયોપશમ ૮૩, ક્ષયોપશમયોગ્ય કર્મ ૮૪, ઉપશમ ૮૫, અચક્ષુર્દર્શનનો સંભવ ૮૫, અનાહારક ૮૭, અવધિદર્શન ૮૯, આહારક-કેવલજ્ઞાનીના આહાર પર વિચાર ૯૦, દષ્ટિવાદ-સ્ત્રીને દષ્ટિવાદનો અનધિકાર ૯૧, ચક્ષુર્દર્શન સાથે યોગ ૯૫, કેવલિસમુદ્ઘાત ૯૫, કાલ ૯૭, મૂલ બન્ધહેતુ ૧૦૦, ઉપશમક અને ક્ષપકનું ચારિત્ર ૧૦૧, ભાવ ૧૦૨, શ્વેતામ્બર તથા દિગમ્બરના સમાન અસમાન મન્તવ્યો ૧૦૪, કાર્મગ્રન્થિકો અને સૈદ્ધાન્તિકોનો મતભેદ ૧૦૭, ચોથો કર્મગ્રન્થ તથા પંચસંગ્રહ ૧૦૮, ચોથ કર્મગ્રન્થનાં કેટલાંક વિશેષ સ્થલ ૧૦૮.

**પાંચમું પ્રકરણ : પંચમકર્મગ્રન્થપરિશીલન** **૧૧૨-૧૧૮**

**કર્મતત્ત્વ ૧૧૨-૧૧૮.**

* * *

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પંચકર્મગ્રન્થપરિશીલન

## કર્મસિદ્ધાન્ત વિશે પંડિત સુખલાલજી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પ્રથમ પ્રકરણ

# પ્રથમકર્મગ્રન્થપરિશીલન

### કર્મવાદ

કર્મવાદ માને છે કે સુખ-દુઃખ, સંપત્તિ-વિપત્તિ, ઊંચ-નીચ આદિ જે અનેક અવસ્થાઓ દેખાય છે તે અવસ્થાઓની ઉત્પત્તિનાં કાલ, સ્વભાવ, પુરુષાર્થ આદિ જુદાં જુદાં કારણોની જેમ કર્મ પણ એક કારણ છે. પરંતુ અન્ય દર્શનોની જેમ કર્મવાદપ્રધાન જૈનદર્શન ઈશ્વરને ઉક્ત અવસ્થાઓની યા સૃષ્ટિની ઉત્પત્તિનું કારણ નથી માનતું. બીજાં દર્શનોમાં કોઈક સમયે સૃષ્ટિની ઉત્પત્તિ થઈ હોવાનું મનાયું છે, તેથી તે દર્શનોમાં સૃષ્ટિની ઉત્પત્તિની સાથે કોઈ ને કોઈ રીતે ઈશ્વરનો સંબંધ જોડી દેવામાં આવ્યો છે. ન્યાયદર્શનમાં કહેવામાં આવ્યું છે કે સારાં-નરસાં કર્મોનું ફળ ઈશ્વરની પ્રેરણાથી મળે છે - तत्कारितत्वादहेतुः । ગૌતમસૂત્ર, 4.1.21.

વૈશેષિકદર્શનમાં ઈશ્વરને સૃષ્ટિકર્તા માનીને તેના સ્વરૂપનું વર્ણન કરવામાં આવ્યું છે. જુઓ પ્રશસ્તપાદભાષ્ય, પૃ. 48.

યોગદર્શનમાં ઈશ્વરરૂપ અધિષ્ઠાન દ્વારા પ્રકૃતિનો પરિણામ અર્થાત્ જડ જગતનો ફેલાવો મનાયો છે. જુઓ યોગસૂત્રના સમાધિપાદના 24મા સૂત્ર ઉપરનું ભાષ્ય તથા ટીકા.

શ્રી શંકરાચાર્યે પણ પોતાના બ્રહ્મસૂત્રભાષ્યમાં ઉપનિષદ્ના આધારે જગાએ જગાએ બ્રહ્મને સૃષ્ટિનું ઉપાદાનકારણ સિદ્ધ કર્યું છે, જેમ કે 'चेतनमेकमद्वितीयं ब्रह्म क्षीरादिवद्देवादिवच्चानपेक्ष्य बाह्यसाधनं स्वयं परिणममानं जगतः कारणमिति स्थितम् ।' બ્રહ્મસૂત્રભાષ્ય 2.1.26. 'तस्मादशेषवस्तुविषयमेवेदं सर्वविज्ञानं सर्वस्य ब्रह्मकार्यतापेक्षयोपन्यस्यते इति द्रष्टव्यम् ।' બ્રહ્મસૂત્રભાષ્ય, અ.2 પા.3 અ.1 સૂત્ર 6. 'अतः श्रुतिप्रामाण्यादेकस्माद् ब्रह्मण आकाशादिमहाभूतोत्पत्तिक्रमेण जगज्जातमिति निश्चीयते । બ્રહ્મસૂત્રભાષ્ય, અ.2 પા.3 અ.1 સૂત્ર 7.

પરંતુ જીવો પાસે કર્મફળ ભોગવાવવા માટે જૈનદર્શન ઈશ્વરને કર્મનો પ્રેરક માનતા નથી, કેમ કે કર્મવાદનું મન્તવ્ય છે કે જેમ જીવ કર્મ કરવામાં સ્વતન્ત્ર છે તેમ તેનું ફળ ભોગવવામાં પણ સ્વતન્ત્ર છે. કહ્યું પણ છે કે 'यः कर्ता कर्मभेदानां भोक्ता कर्मफलस्य च । संसर्ता परिनिर्वाता स ह्यात्मा नान्यलक्षणः ॥1॥ આમ જૈનદર્શન ઈશ્વરને સૃષ્ટિનો અધિષ્ઠાતા પણ નથી માનતું કેમ કે તેના મતે સૃષ્ટિ અનાદિ-અનન્ત હોવાથી તે ક્યારેય અપૂર્વ ઉત્પન્ન નથી થઈ તથા તે સ્વયં જ પરિણમનશીલ છે એટલે તેને ઈશ્વરના અધિષ્ઠાનની અપેક્ષા નથી.

**કર્મવાદ પર થતા મુખ્ય આક્ષેપો અને તેમનું સમાધાન**

ઈશ્વરને કર્તા યા પ્રેરક માનનારા કર્મવાદ ઉપર નીચે જણાવેલા ત્રણ આક્ષેપો કરે છે.

(1) ઘડિયાળ, મકાન આદિ નાની મોટી ચીજો જો કોઈ વ્યક્તિ દ્વારા નિર્માણ પામે છે તો સંપૂર્ણ જગત, જે કાર્યરૂપ જણાય છે, તેને પણ ઉત્પન્ન કરનારો કોઈ અવશ્ય હોવો જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(2) બધાં પ્રાણી સારાં યા બૂરાં કર્મ કરે છે, પરંતુ કોઈ બૂરાં કર્મનાં ફળને ઇચ્છતું નથી અને કર્મ પોતે જડ હોવાથી કોઈક ચેતનની પ્રેરણા વિના ફળ દેવામાં અસમર્થ છે. તેથી કર્મવાદીઓએ પણ માનવું જોઈએ કે ઈશ્વર જ પ્રાણીઓ પાસે કર્મફળ ભોગવાવે છે.

(3) ઈશ્વર એક એવી વ્યક્તિ હોવી જોઈએ જે સદા મુક્ત હોય, અને મુક્ત જીવોની અપેક્ષાએ પણ જેનામાં કંઈક વિશેષતા હોય. તેથી કર્મવાદનું એ માનવું યોગ્ય નથી કે કર્મથી છૂટા થઈ જતાં બધા જીવો મુક્ત અર્થાત્ ઈશ્વર બની જાય છે.

**પહેલા આક્ષેપનું સમાધાન** - આ જગત કોઈ સમયે નવું ઉત્પન્ન થયું નથી, તે સદાકાળથી જ છે. હા, તેમાં પરિવર્તનો થતાં રહે છે. કેટલાંક પરિવર્તનો એવાં હોય છે કે જેમના થવા માટે મનુષ્ય આદિ પ્રાણીવર્ગના પ્રયત્નની અપેક્ષા દેખાય છે, તથા એવાં પણ પરિવર્તનો હોય છે કે જેમના થવા માટે કોઈના પ્રયત્નની અપેક્ષા હોતી નથી. આવાં પ્રયત્નની અપેક્ષા ન રાખનારાં પરિવર્તનો જડ તત્ત્વોના જાતજાતનાં સંયોગોથી - ઉષ્ણતા, વેગ, ક્રિયા આદિ શક્તિઓથી થતાં રહે છે. ઉદાહરણાર્થ, માટી, પથ્થર આદિ ચીજો એકઠી થવાથી નાના મોટા ટેકરા યા પહાડોનું બની જવું; આમતેમથી પાણીનાં વહેણો સાથે મળવાથી તે બધાંનું નદીના રૂપમાં વહેવું; વરાળનું પાણીના રૂપમાં વરસવું અને પુનઃ પાણીનું વરાળરૂપ બની જવું ઇત્યાદિ. તેથી ઈશ્વરને સૃષ્ટિનો કર્તા માનવાની કોઈ જરૂરત નથી.

**બીજા આક્ષેપનું સમાધાન** - પ્રાણીઓ જેવું કર્મ કરે છે તેવું ફળ તેમને કર્મ દ્વારા જ મળી જાય છે. કર્મ જડ છે અને પ્રાણી પોતે કરેલા બૂરા કર્મનું ફળ ઇચ્છતું નથી એ ઠીક છે, પરંતુ એ ધ્યાનમાં રાખવું જોઈએ કે જીવના અર્થાત્ ચેતનના સંગથી કર્મમાં એવી શક્તિ પેદા થઈ જાય છે કે જે શક્તિ દ્વારા તે પોતાના સારા-બૂરા વિપાકોને નિયત સમયે જીવ ઉપર પ્રગટ કરે છે. કર્મવાદ એવું તો માનતો જ નથી કે ચેતન સાથેના સંબંધ વિના જ જડ કર્મ ભોગ દેવા સમર્થ છે. તે તો એટલું જ કહે છે કે ફળ દેવા માટે ઈશ્વરરૂપ ચેતનની પ્રેરણા માનવાની કોઈ જરૂરત નથી કેમ કે બધા જીવો ચેતન છે અને તેઓ જેવું કર્મ કરે છે તે કર્મ અનુસાર તેમની બુદ્ધિ તેવી જ બની જાય છે જેથી બૂરા કર્મના ફળની ઇચ્છા ન ધરાવવા છતાં પણ તેઓ એવું કૃત્ય કરી બેસે છે કે જેના કારણે તેમને પોતાના કર્મ અનુસાર ફળ મળી જાય છે. કર્મ કરવું એ એક વાત છે અને ફળને ન ઇચ્છવું એ બીજી વાત છે; કેવળ ઇચ્છા ન હોવાથી જ કરેલા કર્મનું ફળ મળતું રોકાઈ શકતું નથી. કારણસામગ્રી ભેગી થઈ જતાં કાર્ય આપોઆપ થવા લાગે છે. ઉદાહરણાર્થ - એક વ્યક્તિ તડકામાં ઊભી છે, ગરમ ચીજ ખાય છે અને ઇચ્છે છે કે તરસ ન લાગે, તો શું કોઈ પણ રીતે તરસ રોકી શકાય ? ઈશ્વરકર્તૃત્વવાદી કહે છે કે ઈશ્વરની ઇચ્છાથી પ્રેરિત થઈને કર્મ પોતપોતાનું ફળ પ્રાણીઓને આપે છે. આની સામે કર્મવાદી કહે છે કે કર્મ કરવાના સમયે પરિણામાનુસાર જીવમાં એવા સંસ્કાર પડી જાય છે કે જેમનાથી પ્રેરિત થઈને કર્તા જીવ કર્મના ફળને આપોઆપ જ ભોગવે છે અને કર્મ તે જીવ ઉપર પોતાનું ફળ પોતે જ પ્રગટ કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ત્રીજા આક્ષેપનું સમાધાન** - ઈશ્વર ચેતન છે અને જીવ પણ ચેતન છે, તો પછી તેમનામાં અંતર જ શું છે ? હા, અંતર એટલું હોઈ શકે છે કે જીવની બધી શક્તિઓ આવરણોથી ઘેરાયેલી છે અને ઈશ્વરની ઘેરાયેલી નથી. પરંતુ જે સમયે જીવ પોતાનાં આવરણોને દૂર કરી નાખે છે તે સમયે તો તેની બધી શક્તિઓ પૂર્ણપણે પ્રકાશિત થઈ જ જાય છે, તો પછી જીવ અને ઈશ્વરમાં વિષમતા કઈ વાતની ? વિષમતાનું કારણ તો ઔપાધિક કર્મ છે, તે દૂર થઈ જવા છતાં પણ વિષમતા એમની એમ રહે તો પછી મુક્તિ જ શું છે ? વિષમતાનું રાજ્ય તો સંસાર સુધી જ સીમિત છે, આગળ નહિ. તેથી કર્મવાદ અનુસાર એ માનવામાં કોઈ આપત્તિ નથી કે બધા મુક્ત જીવો ઈશ્વર જ છે. કેવળ શ્રદ્ધાના બળે કહેવું કે ઈશ્વર એક જ હોવો જોઈએ એ ઉચિત નથી. બધા આત્માઓ તાત્ત્વિક દૃષ્ટિએ ઈશ્વર જ છે, કેવળ બન્ધનના કારણે તેઓને નાનામોટા જીવરૂપમાં જોવામાં આવે છે - આ સિદ્ધાન્ત બધાને પોતાનું ઈશ્વરત્વ પ્રગટ કરવા માટે પૂર્ણ બળ આપે છે.

**વ્યવહાર અને પરમાર્થમાં કર્મવાદની ઉપયોગિતા**

આ લોક સાથે યા પરલોક સાથે સંબંધ ધરાવનાર કોઈ કામમાં જ્યારે મનુષ્ય પ્રવૃત્ત થાય છે ત્યારે તેને કોઈ ને કોઈ વિઘ્નનો સામનો કરવો જ ન પડે એ તો અસંભવ છે. બધાં કામોમાં સૌને ઓછાવત્તા પ્રમાણમાં શારીરિક યા માનસિક વિઘ્ન આવે જ છે. આવી પરિસ્થિતિમાં ઘણા લોકો ચંચળ બની જતા જોવામાં આવે છે. ગભરાઈને તેઓ બીજાના માથે દોષ ઢોળી તેમને ઠપકો આપે છે. આમ વિપત્તિકાળે એક તરફ બહારના દુશ્મનો વધી જાય છે અને બીજી તરફ બુદ્ધિ અસ્થિર થઈ જવાથી પોતાની ભૂલ પોતાને દેખાતી નથી. છેવટે મનુષ્ય વ્યગ્રતાના કારણે પોતે આરંભેલાં બધાં કામો છોડી દે છે અને પ્રયત્ન તથા શક્તિની સાથે સાથે ન્યાયનું પણ ગળું દબાવી દે છે. તેથી તે વખતે તે મનુષ્યને એક એવા ગુરુની આવશ્યકતા છે જે તેના બુદ્ધિનેત્રને સ્થિર કરી તેને જોવામાં મદદ કરે કે ઉપસ્થિત વિઘ્નનું અસલ કારણ શું છે. બુદ્ધિમાનોએ વિચાર કર્યો છે તો તેમને એ જ જાણવા મળ્યું છે કે આવો ગુરુ કર્મનો સિદ્ધાન્ત જ છે. મનુષ્યે એવો વિશ્વાસ કરવો જોઈએ કે હું જાણી શકું કે નહિ પરંતુ મારા વિઘ્નનું આંતરિક અને અસલ કારણ મારામાં જ હોવું જોઈએ.

જે હૃદયભૂમિકા પર વિઘ્નવિષવૃક્ષ ઊગે છે વિઘ્નવિષવૃક્ષનું બીજ પણ તે જ ભૂમિકામાં વવાયું હોવું જોઈએ. પવન, પાણી આદિ બાહ્ય નિમિત્તોની જેમ તે વિઘ્નવિષવૃક્ષને અંકુરિત થવામાં કદાચ અન્ય કોઈ વ્યક્તિ નિમિત્ત બની શકે છે પરંતુ તે વ્યક્તિ વિઘ્નનું બીજ નથી જ એવો વિશ્વાસ મનુષ્યના બુદ્ધિનેત્રને સ્થિર કરી દે છે જેના પરિણામે તે, વિઘ્નના અસલ કારણને પોતાની અંદર રહેલું દેખીને, ન તો તેના માટે બીજાને દોષ દે છે કે ન તો ગભરાય છે. આવા વિશ્વાસથી મનુષ્યના હૃદયમાં એટલું તો બળ પ્રગટે છે કે તે બળના કારણે, સાધારણ સંકટના સમયે વિક્ષિપ્ત થઈ જનારો તે મોટી વિપત્તિઓને જરા પણ ગણકારતો નથી અને પોતાના વ્યાવહારિક તથા પારમાર્થિક કામને પૂરું કરી જ નાખે છે.

મનુષ્યે કોઈ પણ કામની સફળતા માટે પરિપૂર્ણ હાર્દિક શાન્તિ પ્રાપ્ત કરવી જોઈએ, જે એક માત્ર કર્મના સિદ્ધાન્ત દ્વારા જ પ્રાપ્ત થઈ શકે છે. આંધી અને ઝંઝાવાતમાં જેમ હિમાલયનું શિખર સ્થિર રહે છે તેમ અનેક પ્રતિકૂળતાઓના સમયમાં શાન્ત ભાવમાં સ્થિર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રહેવું એ જ સાચું મનુષ્યત્વ છે જે ભૂતકાળના અનુભવો દ્વારા બોધ આપીને મનુષ્યને પોતાની ભાવી ભલાઈ માટે તૈયાર કરે છે. પરંતુ તે નિશ્ચિત છે કે આવું મનુષ્યત્વ કર્મના સિદ્ધાન્ત ઉપર વિશ્વાસ કર્યા વિના કદી આવી શકતું નથી. આ ઉપરથી એ જ કહેવું પડે છે કે શું વ્યવહાર કે શું પરમાર્થ બધી જગાએ કર્મનો સિદ્ધાન્ત એકસરખો ઉપયોગી છે. કર્મના સિદ્ધાન્તની શ્રેષ્ઠતા અંગે ડૉ. મેક્સમૂલરના જે વિચારો છે તે જાણવા લાયક છે. તેઓ કહે છે :

'એ તો નિશ્ચિત છે કે કર્મના સિદ્ધાન્તનો પ્રભાવ માનવજીવન ઉપર બેહદ પડ્યો છે. જો માનવી એ જાણે કે વર્તમાન જીવનમાં કોઈ જાતનો અપરાધ કર્યા વગર પણ મારે જે કંઈ દુઃખ વેઠવું પડે છે એ મારા પૂર્વજન્મના કર્મનું જ ફળ છે, તો તે, જૂનું દેવું ચૂકવનાર માનવીની જેમ, શાન્તપણે તે કષ્ટને સહન કરી લેશે; અને સાથે સાથે જો તે માનવી એટલું પણ જાણતો હોય કે સહનશીલતાથી જૂનું દેવું ચૂકતે કરી શકાય છે તથા તેના દ્વારા જ ભવિષ્યને માટે નીતિની - ધર્મની મૂડી ભેગી કરી શકાય છે, તો તે માનવીને ભલાઈને માર્ગે ચાલવાની પ્રેરણા આપોઆપ જ મળી જવાની. સારું કે ખરાબ, કોઈ પણ જાતનું કર્મ નાશ પામતું નથી એવો આ નીતિશાસ્ત્રનો સિદ્ધાન્ત અને શક્તિની અવિનાશિતાનો ભૌતિકશાસ્ત્રનો સિદ્ધાન્ત બન્ને એકસરખા છે. બન્ને સિદ્ધાન્તોનો સાર એટલો જ છે કે ક્શાનો પણ નાશ થતો નથી. કોઈ પણ નીતિબોધ યા નીતિશિક્ષાના અસ્તિત્વ વિશે ગમે તેટલી શંકા કેમ ન હોય, પણ એટલું તો સુનિશ્ચિત છે કે કર્મનો સિદ્ધાન્ત સૌથી વધારે સ્થાનોમાં સ્વીકારવામાં આવ્યો છે, તેનાથી લાખો માનવીઓનાં કષ્ટો ઓછાં થયાં છે અને એ જ સિદ્ધાન્તના કારણે માનવીને વર્તમાન સંકટ સહન કરવાની શક્તિ પેદા કરવાનું તથા ભવિષ્યનું જીવન સુધારવાનું ઉત્તેજન મળતું રહ્યું છે.

**કર્મવાદના સમુત્થાનનો કાળ અને તેનું સાધ્ય**

કર્મવાદના વિશે બે પ્રશ્નો ઊઠે છે -

(1) કર્મવાદનો આવિર્ભાવ ક્યારે થયો ? (2) અને શા માટે થયો ?

પહેલા પ્રશ્નનો ઉત્તર બે દૃષ્ટિએ દઈ શકાય -

(1) પરંપરા અને (2) ઐતિહાસિક દૃષ્ટિ.

(1) પરંપરા અનુસાર કહેવામાં આવે છે કે જૈનધર્મ અને કર્મવાદનો પરસ્પર સંબંધ સૂર્ય અને તેનાં કિરણો વચ્ચેના સંબંધ જેવો છે. કોઈક સમયે, કોઈક દેશ વિશેષમાં જૈનધર્મનો અભાવ ભલે દેખાય પરંતુ તેનો અભાવ બધી જગાએ એક સાથે કદી નથી હોતો. તેથી સિદ્ધ છે કે કર્મવાદ પણ પ્રવાહરૂપે જૈનધર્મની સાથે સાથે અનાદિ છે અર્થાત્ તે અભૂતપૂર્વ નથી.

(2) પરંતુ જૈનેતર જિજ્ઞાસુ અને ઇતિહાસપ્રેમી જૈન ઉક્ત પરંપરાને આનાકાની કર્યા વિના માનવા તૈયાર નથી. સાથે સાથે જ તેઓ ઐતિહાસિક પ્રમાણના આધારે આપવામાં આવેલા ઉત્તરને માની લેવામાં જરા પણ અચકતા નથી. એ વાત નિર્વિવાદ સિદ્ધ છે કે આજ જે જૈનધર્મ શ્વેતામ્બર યા દિગમ્બર શાખારૂપે વિદ્યમાન છે, આજ જેટલું જૈન તત્ત્વજ્ઞાન છે અને જે વિશિષ્ટ પરંપરા છે તે બધું ભગવાન મહાવીરના વિચારનું ચિત્ર છે. સમયના પ્રભાવે મૂળ વસ્તુમાં કંઈક ને કંઈક પરિવર્તન થતું રહે છે, તેમ છતાં ધારણશીલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને રક્ષણશીલ જૈન સમાજ માટે એટલું નિઃસંકોચ કહી શકાય કે તેણે તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં ભગવાન મહાવીરે ઉપદેશેલાં તત્ત્વોથી અધિક ગવેષણા કરી નથી કારણ કે તેમ કરવું સંભવ જ ન હતું. પરિસ્થિતિ બદલાઈ જવાથી ભલે ને શાસ્ત્રીય ભાષા અને પ્રતિપાદન શૈલી મૂળ પ્રવર્તકની ભાષા અને શૈલીથી કંઈક બદલાઈ ગયાં હોય, પરંતુ એટલું સુનિશ્ચિત છે કે મૂળ તત્ત્વોમાં અને તત્ત્વવ્યવસ્થામાં જરા પણ અન્તર પડ્યું નથી. તેથી જૈન શાસ્ત્રના નયવાદ, નિક્ષેપવાદ, સ્યાદ્વાદ આદિ અન્ય વાદોની જેમ કર્મવાદનો આવિર્ભાવ પણ ભગવાન મહાવીરથી થયો છે એમ માનવામાં કોઈ પ્રકારનો વાંધો ઉઠાવી શકાતો નથી. વર્તમાન જૈન આગમ ક્યારે અને કોણે રચ્યાં એ પ્રશ્ન ઐતિહાસિકોની દૃષ્ટિએ ભલે ને વિવાદાસ્પદ હોય, પરંતુ તેમને પણ એટલું તો અવશ્ય માન્ય છે કે વર્તમાન જૈન આગમના બધા વિશિષ્ટ અને મુખ્ય વાદ ભગવાન મહાવીરના વિચારની વિભૂતિ છે. કર્મવાદ જૈનોનો અસાધારણ અને મુખ્ય વાદ છે એટલે ભગવાન મહાવીરથી તેનો આવિર્ભાવ થયો હોવાની બાબતમાં કોઈ જાતની શંકા કરી શકાતી નથી. ભગવાન મહાવીરને નિર્વાણ પામ્યાને 2448 વર્ષ વીતી ગયા.[1] તેથી વર્તમાન કર્મવાદ અંગે એ કહેવું કે તેને ઉત્પન્ન થયે અઢી હજાર વર્ષ થયા સર્વથા પ્રામાણિક છે. ભગવાન મહાવીરના શાસનની સાથે કર્મવાદનો એવો સંબંધ છે કે જો તેનાથી તેને અલગ કરી દેવામાં આવે તો તે શાસનમાં શાસનત્વ (વિશેષત્વ) જ ન રહે - આ વાતને જૈનધર્મનુ સૂક્ષ્મ અવલોકન કરનાર બધા ઐતિહાસિકો સારી રીતે જાણે છે અને માને છે.

અહીં કોઈ કહી શકે કે 'ભગવાન મહાવીર સમાન, તેમના પહેલાં, ભગવાન પાર્શ્વનાથ, નેમિનાથ આદિ થઈ ગયા છે. તેઓ પણ જૈન ધર્મના સ્વતન્ત્ર પ્રવર્તક હતા અને બધા ઐતિહાસિકો તેમને જૈન ધર્મના ધુરંધર નાયકો તરીકે સ્વીકારે પણ છે, તો પછી કર્મવાદના આવિર્ભાવના સમયને તમે જણાવેલા સમયથી વધુ પાછળ લઈ જવામાં શું વાંધો છે ? પરંતુ આના ઉત્તરમાં અમારું કહેવું છે કે કર્મવાદના ઉત્થાનના સમય અંગે જે કંઈ કહેવામાં આવે તે એવું હોય કે જેને માનવામાં કોઈને પણ કોઈ જાતની આનાકાની ન હોય. એ વાત ભૂલવી ન જોઈએ કે ભગવાન નેમિનાથ તથા પાર્શ્વનાથ આદિ જૈનધર્મના મુખ્ય પ્રવર્તકો થયા અને તેમણે જૈનશાસનને પ્રવર્તિત પણ કર્યું, પરંતુ વર્તમાન જૈન આગમો, જેમના ઉપર આજ જૈનશાસન અવલંબિત છે તે, તેમના ઉપદેશની સંપત્તિ નથી. તેથી કર્મવાદના સમુત્થાનનો જે સમય અમે ઉપર આપ્યો છે તેને અશંકનીય સમજવો જોઈએ.

બીજો પ્રશ્ન એ છે કે કર્મવાદનો આવિર્ભાવ કયા પ્રયોજનથી થયો ? આ પ્રશ્નના ઉત્તરમાં નીચે જણાવેલાં ત્રણ પ્રયોજનો મુખ્યપણે દર્શાવી શકાય -

(1) વૈદિક ધર્મની ઈશ્વરસંબંધી માન્યતામાં જેટલો અંશ ભ્રાન્ત હતો તેને દૂર કરવો.

(2) બૌદ્ધ ધર્મના એકાન્ત ક્ષણિકવાદને અયુક્ત દર્શાવવો.

(3) આત્માને જડ તત્ત્વોથી ભિન્ન સ્વતન્ત્ર તત્ત્વરૂપે સ્થાપિત કરવો.

આના વિશેષ ખુલાસા માટે એ જાણવું જોઈએ કે આર્યાવર્તમાં ભગવાન મહાવીરના સમયમાં કયા કયા ધર્મો હતા અને તેમનાં મન્તવ્યો કયાં હતાં ?

1. આ લેખ ઈ.સ. 1919માં લખાયો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[1] ઇતિહાસ દર્શાવે છે કે તે વખતે ભારતવર્ષમાં જૈન ઉપરાંત વૈદિક અને બૌદ્ધ બે જ ધર્મ મુખ્ય હતા, પરંતુ બન્નેના સિદ્ધાન્ત મુખ્ય મુખ્ય વિષયોમાં તદ્દન ભિન્ન હતા. મૂળ વેદોમાં[2], ઉપનિષદોમાં[3], સ્મૃતિઓમાં[4] અને વેદાનુયાયી કેટલાંક દર્શનોમાં ઈશ્વરવિષયક એવી કલ્પના હતી કે જેનાથી સર્વસાધારણ જનોને વિશ્વાસ થઈ ગયો હતો કે જગતનો સર્જક ઈશ્વર જ છે, તે જ સારાં કે બૂરાં કર્મોનાં ફળ જીવો પાસે ભોગવાવે છે, કર્મ જડ હોવાથી ઈશ્વરની પ્રેરણા વિના પોતાનું ફળ જીવ પાસે ભોગવાવી શકતું નથી, ગમે તેટલી ઉચ્ચ કોટિનો જીવ કેમ ન હોય પરંતુ તે પોતાનો વિકાસ કરીને ઈશ્વર બની શકતો નથી, છેવટે જીવ જીવ જ છે, તે ઈશ્વર નથી અને ઈશ્વરના અનુગ્રહ વિના સંસારથી મુક્ત પણ થઈ શકતો નથી, ઇત્યાદિ.

આ જાતના વિશ્વાસમાં ભગવાન મહાવીરને ત્રણ ભૂલો જણાઈ -

(ક) કૃતકૃત્ય ઈશ્વરે પ્રયોજન વિના સૃષ્ટિમાં હસ્તક્ષેપ કરવો.

(ખ) આત્મસ્વાતન્ત્ર્યનું દબાઈ જવું.

(ગ) કર્મની શક્તિનું અજ્ઞાન.

આ ભૂલોને દૂર કરવા માટે અને યથાર્થ વસ્તુસ્થિતિને દર્શાવવા માટે ભગવાન મહાવીરે ઘણી શાન્તિ અને ગંભીરતાપૂર્વક કર્મવાદનો ઉપદેશ આપ્યો.

[2] જો કે તે સમયે બૌદ્ધ ધર્મ પણ પ્રચલિત હતો, પરંતુ તે ધર્મમાં પણ ઈશ્વરકર્તૃત્વનો નિષેધ હતો. બુદ્ધનો ઉદ્દેશ્ય હિંસાને અટકાવીને સમભાવ ફેલાવવાનો હતો. તેમની તત્ત્વપ્રતિપાદનની સરણી પણ તે ઉદ્દેશ્યને અનુરૂપ જ હતી. બુદ્ધ ભગવાન પોતે કર્મને[5] અને તેના વિપાકને[6] માનતા હતા. પરંતુ તેમના સિદ્ધાન્તમાં ક્ષણિકવાદને સ્થાન હતું. તેથી

2. सूर्याचन्द्रमसौ धाता यथा पूर्वमकल्पयत् ।
दिवं च पृथिवीं चान्तरिक्षमथो स्वः...... ॥ ऋग्वेद, 10.19.3.

3. यतो वा इमानि भूतानि जायन्ते, येन जातानि जीवन्ति,
यत्प्रयन्त्यभिसंविशन्ति तद्विजिज्ञासस्व, तद् ब्रह्मेति । तैत्तिरीय, 3.1.

4. आसीदिदं तमोभूतमप्रज्ञातमलक्षणम् ।
अप्रतर्क्यमविज्ञेयं प्रसुप्तमिव सर्वतः ॥1.5॥
ततस्स्वयंभूर्भगवानव्यक्तो व्यञ्जयन्निदम् ।
महाभूतादिवृत्तौजाः प्रादुरासीत् तमोनुदः ॥1.6॥
सोऽभिध्याय शरीरात् स्वात् सिसृक्षुर्विविधाः प्रजाः ।
अप एव ससर्जादौ तासु बीजमवासृजत् ॥1.8॥
तदण्डमभवद्धैमं सहस्रांशुसमप्रभम् ।
तस्मिञ्जज्ञे स्वयं ब्रह्मा सर्वलोकपितामहः ॥1.9॥ मनुस्मृति

5. कम्मना वत्तती लोको कम्मना वत्तती पजा ।
कम्मनिबंधना सत्ता रथस्साणीव यायतो ॥ સુત્તનિપાત, વાસેઠસુત્ત, 61.

6. यं कम्मं करिस्सामि कल्याणं वा पापकं वा तस्स दायादा भविस्सामि । અંગુત્તરનિકાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવાન મહાવીરના કર્મવાદનું એક એ પણ ગૂઢ સાધ્ય હતું કે 'જો આત્માને ક્ષણિક માત્ર માનવામાં આવે તો કર્મવિપાક કોઈ પણ રીતે ઘટી શકે નહિ. સ્વકૃત કર્મનો ભોગ અને પરકૃત કર્મના ભોગનો અભાવ તો જ ઘટી શકે જો આત્માને ન તો એકાન્ત નિત્ય માનવામાં આવે કે ન તો એકાન્ત ક્ષણિક.'

[3] આજકાલની જેમ તે સમયે પણ ભૂતાત્મવાદી મોજૂદ હતા. તેઓ ભૌતિક દેહ નાશ પામ્યા પછી કૃતકર્મભોગી પુનર્જન્મવાન કોઈ સ્થાયી તત્ત્વને માનતા ન હતા. તેમની આ દૃષ્ટિ ભગવાન મહાવીરને બહુ જ સંકુચિત જણાઈ. તેથી તે દૃષ્ટિનું નિરાકરણ મહાવીરે કર્મવાદ દ્વારા કર્યું.

## કર્મશાસ્ત્રનો પરિચય

જો કે વૈદિક સાહિત્ય તથા બૌદ્ધ સાહિત્યમાં કર્મ વિશે વિચાર છે, પરંતુ તે એટલો અલ્પ છે કે તેનો કોઈ ખાસ ગ્રન્થ તે સાહિત્યમાં દેખાતો નથી. તેનાથી ઊલટું, જૈનદર્શનમાં કર્મવિષયક વિચાર સૂક્ષ્મ, વ્યવસ્થિત અને અતિવિસ્તૃત છે. તેથી તે વિચારોનું પ્રતિપાદક શાસ્ત્ર, જેને 'કર્મશાસ્ત્ર' યા 'કર્મવિષયક સાહિત્ય' કહેવામાં આવે છે, તેણે જૈન સાહિત્યના બહુ મોટા ભાગને રોક્યો છે. કર્મશાસ્ત્રને જૈન સાહિત્યનું હૃદય કહેવું જોઈએ. એમ તો અન્ય વિષયના ગ્રન્થોમાં પણ કર્મની ઓછીવત્તી ચર્ચા મળે છે પરંતુ તેના સ્વતન્ત્ર ગ્રન્થો પણ અનેક છે. ભગવાન મહાવીરે કર્મવાદનો ઉપદેશ દીધો. તેની પરંપરા આજ સુધી ચાલતી આવી છે, પરંતુ સંપ્રદાયભેદ, સંકલના અને ભાષાની દૃષ્ટિએ તેમાં કંઈક પરિવર્તન અવશ્ય થઈ ગયું છે.

**(1) સંપ્રદાયભેદ** - ભગવાન મહાવીરનું શાસન શ્વેતામ્બર અને દિગમ્બર એ બે શાખાઓમાં વહેંચાઈ ગયું. તે સમયે કર્મશાસ્ત્ર પણ વિભાજિત જેવું બની ગયું. સંપ્રદાયભેદનાં મૂળ એવા વજ્રલેપ ભેદ પર નખાયાં છે કે જેના કારણે પોતાના પિતામહ ભગવાન મહાવીરે ઉપદેશેલા કર્મતત્ત્વ ઉપર સાથે મળી વિચારવાનો પુણ્ય અવસર બન્ને સંપ્રદાયના વિદ્વાનોને ક્યારેય પ્રાપ્ત થયો નહિ. એનું પરિણામ એ આવ્યું કે મૂળ વિષયમાં કોઈ મતભેદ ન હોવા છતાં પણ કેટલાક પારિભાષિક શબ્દોમાં, તેમની વ્યાખ્યાઓમાં અને ક્યાંક ક્યાંક તાત્પર્યમાં ઓછોવત્તો ભેદ થઈ ગયો જેનાં કેટલાંક દૃષ્ટાન્તો વાચક પરિશિષ્ટમાં જોઈ શકશે - જુઓ પ્રથમ કર્મગ્રન્થનું પરિશિષ્ટ.

**(2) સંકલના** - ભગવાન મહાવીરના સમયથી આજ સુધીમાં કર્મશાસ્ત્રની જે ઉત્તરોત્તર સંકલના થતી આવી છે તેના સ્થૂલ દૃષ્ટિએ ત્રણ વિભાગ દર્શાવી શકાય :

**(ક) પૂર્વાત્મક કર્મશાસ્ત્ર** - આ ભાગ સૌથી મોટો અને સૌથી પહેલો છે કેમ કે તેનું અસ્તિત્વ ત્યાં સુધી માનવામાં આવે છે જ્યાં સુધી પૂર્વવિદ્યા વિચ્છિન્ન થઈ ન હતી. ભગવાન મહાવીર પછી લગભગ 900 કે 1000 વર્ષ સુધી ક્રમિકહ્રાસરૂપે પૂર્વવિદ્યા વિદ્યમાન રહી હતી. ચૌદ પૂર્વોમાંથી આઠમું પૂર્વ, જેનું નામ 'કર્મપ્રવાદ' છે તે તો મુખ્યપણે કર્મવિષયક જ હતું, પરંતુ તેના સિવાય બીજું પૂર્વ, જેનું નામ 'અગ્રાયણીય' છે તેમાં પણ કર્મતત્ત્વનો વિચાર કરતો એક 'કર્મપ્રાભૃત' નામનો ભાગ હતો. આજે શ્વેતામ્બર યા દિગમ્બર સાહિત્યમાં પૂર્વાત્મક કર્મશાસ્ત્રનો મૂળ અંશ વિદ્યમાન નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**(ખ) પૂર્વમાંથી ઉદ્ધૃત અર્થાત્ આકરરૂપ કર્મશાસ્ત્ર** - આ વિભાગ પહેલા વિભાગથી બહુ નાનો હોવા છતાં વર્તમાન અભ્યાસીઓ માટે તે એટલો મોટો છે કે તેને આકર કર્મશાસ્ત્રનો વિભાગ કહેવો પડે છે. આ ભાગ સાક્ષાત્ પૂર્વમાંથી ઉદ્ધૃત છે એવો ઉલ્લેખ શ્વેતામ્બર અને દિગમ્બર બન્ને સંપ્રદાયોના ગ્રન્થોમાં મળે છે. પૂર્વમાંથી ઉદ્ધૃત કરવામાં આવેલ કર્મશાસ્ત્રનો અંશ બન્ને સંપ્રદાયોમાં આજ પણ વિદ્યમાન છે. ઉદ્ધારના સમયે સંપ્રદાયભેદ રૂઢ થઈ જવાના કારણે ઉદ્ધૃત અંશ બન્ને સંપ્રદાયોમાં કંઈક ભિન્ન-ભિન્ન નામથી પ્રસિદ્ધ છે. શ્વેતામ્બર સંપ્રદાયમાં (1) કર્મપ્રકૃતિ, (2) શતક, (3) પંચસંગ્રહ અને (4) સપ્તતિકા એ ચાર ગ્રન્થો અને દિગમ્બર સંપ્રદાયમાં (1) મહાકર્મપ્રકૃતિપ્રાભૃત તથા (2) કષાયપ્રાભૃત એ બે ગ્રન્થો પૂર્વોદ્ધૃત મનાય છે.

**(ગ) પ્રાકરણિક કર્મશાસ્ત્ર** - આ વિભાગ ત્રીજી સંકલનાનું ફળ છે. તેમાં કર્મવિષયક નાનોમોટા પ્રકરણગ્રન્થો સમાવિષ્ટ છે. આ પ્રકરણગ્રન્થોનું અધ્યયન-અધ્યાપન આજ વિશેષપણે પ્રચલિત છે. આ પ્રકરણોનું અધ્યયન કર્યા પછી મેધાવી અભ્યાસી 'આકર ગ્રન્થો'નું અધ્યયન કરે છે. 'આકરગ્રન્થો'માં પ્રવેશ કરવા માટે પહેલાં પ્રાકરણિક વિભાગનું અવલોકન કરવું જરૂરી છે. આ પ્રાકરણિક કર્મશાસ્ત્રનો વિભાગ વિક્રમની આઠમી-નવમી શતાબ્દીથી લઈને સોળમી-સત્તરમી શતાબ્દી સુધીના ગાળામાં નિર્મિત અને પલ્લવિત થયો છે.

**(3) ભાષા** - ભાષાદષ્ટિએ કર્મશાસ્ત્રને ત્રણ હિસ્સામાં વિભાજિત કરી શકાય - (ક) પ્રાકૃત ભાષામાં રચિત, (ખ) સંસ્કૃત ભાષામાં રચિત અને (ગ) પ્રચલિત પ્રાદેશિક ભાષાઓમાં રચિત.

**(ક) પ્રાકૃત** - પૂર્વાત્મક અને પૂર્વોદ્ધૃત કર્મશાસ્ત્ર પ્રાકૃત ભાષામાં રચાયાં છે. પ્રાકરણિક કર્મશાસ્ત્રનો બહુ મોટો ભાગ પ્રાકૃત ભાષામાં જ રચાયેલો મળે છે. મૂળ ગ્રન્થો સિવાય તેમના ઉપરની ટીકા-ટિપ્પણીઓ પણ પ્રાકૃત ભાષામાં છે.

**(ખ) સંસ્કૃત** - પ્રાચીન સમયમાં જે કર્મશાસ્ત્ર રચાયાં છે તે બધાં પ્રાકૃતમાં જ છે, પરંતુ પછીથી સંસ્કૃત ભાષામાં પણ કર્મશાસ્ત્રની રચના થવા લાગી. મોટે ભાગે સંસ્કૃત ભાષામાં કર્મશાસ્ત્ર પર ટીકા-ટિપ્પણ વગેરે જ લખવામાં આવ્યાં છે, પરંતુ કેટલાંક પ્રાકરણિક કર્મશાસ્ત્ર બન્ને સંપ્રદાયોમાં એવાં પણ છે જે સંસ્કૃત ભાષામાં રચવામાં આવ્યાં છે.

**(ગ) પ્રચલિત પ્રાદેશિક ભાષાઓ** - આ ભાષાઓમાં મુખ્યપણે કર્ણાટકી, ગુજરાતી અને રાજસ્થાની-હિન્દી આ ત્રણ ભાષાઓનો સમાવેશ થાય છે. આ ભાષાઓમાં મૌલિક ગ્રન્થ નામ માત્રના છે. આ ભાષાઓનો ઉપયોગ મુખ્યપણે મૂળ અને ટીકાનો અનુવાદ કરવામાં જ કરવામાં આવ્યો છે. ખાસ કરીને આ પ્રાદેશિક ભાષાઓમાં તે જ ટીકા-ટિપ્પણ-અનુવાદ આદિ છે જે પ્રાકરણિક કર્મશાસ્ત્રવિભાગ પર લખાયાં છે. કર્ણાટકી અને હિન્દી ભાષાનો આશ્રય દિગમ્બર સાહિત્યે લીધો છે, જ્યારે ગુજરાતી ભાષાનો આશ્રય શ્વેતામ્બર સાહિત્યે લીધો છે.

આગળ અમે 'શ્વેતામ્બરીય કર્મવિષયક ગ્રન્થ' અને 'દિગમ્બરીય કર્મવિષયક ગ્રન્થ' શીર્ષકવાળાં બે કોષ્ઠકો આપ્યાં છે, જેમનામાં તે બધા કર્મવિષયક ગ્રન્થોનું સંક્ષિપ્ત વિવરણ છે જે શ્વેતામ્બરીય અને દિગમ્બરીય સાહિત્યમાં આજે વિદ્યમાન છે યા જેમના હોવાની જાણ થઈ છે. જુઓ પ્રથમ કર્મગ્રન્થ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## કર્મશાસ્ત્રમાં શરીર, ભાષા, ઇન્દ્રિય આદિ પર વિચાર

શરીર જે તત્ત્વોથી બને છે તે તત્ત્વો, શરીરના સૂક્ષ્મ સ્થૂલ આદિ પ્રકાર, શરીરની રચના, તેનો વૃદ્ધિક્રમ, હ્રાસક્રમ આદિ અંશોને લઈને શરીરનો વિચાર શરીરશાસ્ત્રમાં કરવામાં આવે છે. તેના કારણે શરીરશાસ્ત્રનું વાસ્તવિક ગૌરવ છે. તે ગૌરવ કર્મશાસ્ત્રને પણ મળેલું છે કેમ કે તેમાં પણ પ્રસંગવશ એવી અનેક વાતોનું વર્ણન કરવામાં આવ્યું છે જે વાતો શરીરશાસ્ત્ર સાથે સંબંધ ધરાવે છે. શરીર અંગેની આ વાતો પુરાતન પદ્ધતિએ કહેવામાં આવી છે એ સાચું, પરંતુ તેથી તેમનું મહત્ત્વ ઓછું નથી કેમ કે બધાં વર્ણનો સદા નવાં નથી રહેતાં. આજ જે વિષય નવો જણાય છે તે જ થોડા દિવસો પછી પુરાણો થઈ જાય છે. વસ્તુતઃ કાળ વીતવાથી કશામાં પુરાણાપણું નથી આવતું. પુરાણાપણું તો આવે છે તેનો વિચાર ન કરવાથી. સામયિક પદ્ધતિએ વિચાર કરતાં પુરાતન શોધોમાં પણ નવીનતા જેવું આવી જાય છે. તેથી અતિપુરાતન કર્મશાસ્ત્રમાં પણ શરીરની રચના, તેનો પ્રકાર, તેની મજબૂતાઈ અને તેનાં કારણભૂત તત્ત્વો પર જે કંઈ ઓછોવત્તો વિચાર મળે છે તે તે શાસ્ત્રની યથાર્થ મહત્તાનું ચિહ્ન છે.

આ જ રીતે કર્મશાસ્ત્રમાં ભાષા અંગે તથા ઇન્દ્રિયો અંગે પણ મનોરંજક અને વિચારણીય ચર્ચા મળે છે. ભાષા ક્યાં તત્ત્વોથી બને છે ? તેને બનવા માટે કેટલો સમય લાગે છે ? તેની રચના માટે પોતાની વીર્યશક્તિનો પ્રયોગ આત્મા કેવી રીતે અને કયા સાધન દ્વારા કરે છે ? ભાષાની સત્યતા-અસત્યતાનો આધાર કયો છે ? કયા કયા પ્રાણી ભાષા બોલી શકે છે ? કઈ કઈ જાતિના પ્રાણીમાં કયા કયા પ્રકારની ભાષા બોલવાની શક્તિ છે ? ઇત્યાદિ અનેક પ્રશ્ન ભાષા સાથે સંબંધ ધરાવે છે. તેમનો મહત્ત્વપૂર્ણ અને ગંભીર વિચાર કર્મશાસ્ત્રમાં વિશદ રીતે કરાયેલો મળે છે.

તેવી જ રીતે ઇન્દ્રિયો કેટલી છે ? કેવી છે ? તેમના કેવા કેવા ભેદ છે તથા તેમની કેવી કેવી શક્તિઓ છે ? કયા કયા પ્રાણીને કેટલી કેટલી ઇન્દ્રિયો પ્રાપ્ત છે ? બાહ્ય અને આભ્યન્તરિક ઇન્દ્રિયોનો પરસ્પર શું સંબંધ છે ? ઇન્દ્રિયોનો કેવો કેવો આકાર છે ? ઇત્યાદિ અનેક જાતના ઇન્દ્રિયો સાથે સંબંધ ધરાવતા વિચાર કર્મશાસ્ત્રમાં મળે છે.

એ સાચું છે કે આ બધા વિચાર કર્મશાસ્ત્રમાં સંકલનાબદ્ધ નથી મળતા, પરંતુ ધ્યાનમાં રાખવું જોઈએ કે તે શાસ્ત્રનો મુખ્ય પ્રતિપાદ્ય અંશ તો કોઈ બીજો જ છે. તે અંશના વર્ણનમાં શરીર, ભાષા, ઇન્દ્રિય આદિના વિચાર તો પ્રસંગવશ કરવા પડે છે. તેથી જેવી જોઈએ તેવી સંકલના ન પણ હોય, તેમ છતાં તેના કારણે કર્મશાસ્ત્રની કોઈ ત્રુટિ સિદ્ધ થતી નથી, ઊલટું તેને તો અનેક શાસ્ત્રોના વિષયોની ચર્ચા કરવાનું ગૌરવ પ્રાપ્ત છે.

## કર્મશાસ્ત્ર અધ્યાત્મશાસ્ત્ર છે

અધ્યાત્મશાસ્ત્રનો ઉદ્દેશ્ય આત્મા સાથે સંબંધ ધરાવતા વિષયો પર વિચાર કરવાનો છે. તેથી તેને આત્માના પારમાર્થિક સ્વરૂપનું નિરૂપણ કરતાં પહેલાં તેના વ્યાવહારિક સ્વરૂપનું પણ કથન કરવું પડે છે. એવું ન કરવાથી એ પ્રશ્ન સહજ જ ઊઠે છે કે મનુષ્ય, પશુપક્ષી, સુખી-દુઃખી આદિ આત્માની દેખાતી અવસ્થાઓનું સ્વરૂપ બરાબર જાણ્યા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિના તેની પારનું સ્વરૂપ જાણવાની યોગ્યતા યા દષ્ટિ કોઈને કેવી રીતે પ્રાપ્ત થઈ શકે ? તેના સિવાય એ પ્રશ્ન પણ થાય છે કે દેખાતી વર્તમાન અવસ્થાઓ જ આત્માનો સ્વભાવ શા માટે નથી ? તેથી અધ્યાત્મશાસ્ત્ર માટે એ આવશ્યક છે કે તે પહેલાં આત્માના દેખાતા સ્વરૂપની ઉપપત્તિ દેખાડીને પછી આગળ વધે. આ જ કામ કર્મશાસ્ત્રે કર્યું છે. દેખાતી બધી અવસ્થાઓને કર્મજન્ય દર્શાવીને તે અવસ્થાઓથી આત્માના સ્વભાવની જુદાઈની તે સૂચના કરે છે. આ દૃષ્ટિએ કર્મશાસ્ત્ર અધ્યાત્મશાસ્ત્રનો જ એક અંશ છે. જો અધ્યાત્મશાસ્ત્રનો ઉદ્દેશ્ય આત્માના શુદ્ધ સ્વરૂપનું વર્ણન કરવાનો જ માનવામાં આવે તો પણ કર્મશાસ્ત્રને અધ્યાત્મશાસ્ત્રનું પ્રથમ સોપાન માનવું જ પડે છે. તેનું કારણ એ છે કે જ્યાં સુધી અનુભવમાં આવનારી વર્તમાન અવસ્થાઓ સાથે આત્માના સંબંધનો ખરો ખુલાસો ન થાય ત્યાં સુધી દૃષ્ટિ આગળ કેવી રીતે વધી શકે ? જ્યારે એ સમજાઈ જાય છે કે ઉપરનાં બધાં રૂપ માયિક યા વૈભવિક છે ત્યારે એની મેળે આપોઆપ જ જિજ્ઞાસા થાય છે કે આત્માનું સાચું સ્વરૂપ શું છે ? તે સમયે આત્માના કેવળ શુદ્ધ સ્વરૂપનું પ્રતિપાદન સાર્થક બને છે. પરમાત્માની સાથે આત્માનો સંબંધ દેખાડવો એ પણ અધ્યાત્મશાસ્ત્રનો વિષય છે. આ સંબંધમાં ઉપનિષદોમાં યા ગીતામાં જેવા વિચાર મળે છે તેવા જ કર્મશાસ્ત્રમાં પણ છે. કર્મશાસ્ત્ર કહે છે કે આત્મા એ જ પરમાત્મા છે - જીવ જ ઈશ્વર છે. આત્માનું પરમાત્મામાં મળી જવું એનો અર્થ એ છે કે આત્માનું પોતાના કર્માવૃત પરમાત્મભાવને વ્યક્ત કરીને પરમાત્મરૂપ બની જવું. જીવ પરમાત્માનો અંશ છે એમ કહેવાનો અર્થ કર્મશાસ્ત્રની દૃષ્ટિએ એ છે કે જીવમાં જેટલી જ્ઞાનકલા વ્યક્ત છે તે પરિપૂર્ણ કિન્તુ અવ્યક્ત (આવૃત) ચેતનાચન્દ્રિકાનો એક અંશ માત્ર છે. કર્મનું આવરણ દૂર થઈ જતાં ચેતના પરિપૂર્ણ રૂપમાં પ્રગટ થાય છે. તેને ઈશ્વરભાવ યા ઈશ્વરત્વની પ્રાપ્તિ સમજવી જોઈએ.

ધન, શરીર આદિ બાહ્ય વિભૂતિઓમાં આત્મબુદ્ધિ રાખવી અર્થાત્ જડમાં અહંત્વબુદ્ધિ રાખવી એ બાહ્ય દૃષ્ટિ છે. આ અભેદભ્રમને બહિરાત્મભાવ સિદ્ધ કરીને તેને છોડવાનો ઉપદેશ કર્મશાસ્ત્ર દે છે. જેમના સંસ્કાર કેવળ બહિરાત્મભાવમય બની ગયા હોય તેમને કર્મશાસ્ત્રનો ઉપદેશ ભલે ને રુચિકર ન હોય પરંતુ તેથી કર્મશાસ્ત્રના ઉપદેશની સચ્ચાઈમાં જરા પણ અન્તર પડી શકતું નથી.

શરીર અને આત્માના અભેદના ભ્રમને દૂર કરાવીને તેમના ભેદજ્ઞાનને (વિવેકખ્યાતિને) કર્મશાસ્ત્ર પ્રગટાવે છે. આ સમયથી અન્તર્દષ્ટિ ખૂલી જાય છે. અન્તર્દષ્ટિ દ્વારા પોતાનામાં વર્તમાન પરમાત્મભાવને જોવામાં આવે છે. પરમાત્મભાવને દેખીને તેને પૂર્ણપણે અનુભવમાં લાવવો એ જ જીવનું શિવ (બ્રહ્મ) થવું છે. આ બ્રહ્મભાવને વ્યક્ત કરાવવાનું કામ કંઈક આગવી નિરાળી રીતે જ કર્મશાસ્ત્રે પોતાના માથે લઈ રાખ્યું છે, કેમ કે તે અભેદભ્રમથી ભેદજ્ઞાનની તરફ ઝુકાવીને પછી સ્વાભાવિક અભેદધ્યાનની ઉચ્ચ ભૂમિકાની તરફ આત્માને ખેંચે છે. બસ તેનું કર્તવ્યક્ષેત્ર આટલું જ છે. સાથે સાથે જ યોગશાસ્ત્રના મુખ્ય પ્રતિપાદ્ય અંશનું વર્ણન પણ તેમાં મળી જાય છે. તેથી એ સ્પષ્ટ છે કે કર્મશાસ્ત્ર અનેક પ્રકારના આધ્યાત્મિક શાસ્ત્રીય વિચારોની ખાણ છે. તે જ તેનું મહત્ત્વ છે. ઘણા લોકોને પ્રકૃતિઓની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગણતરી, સંખ્યાની બહુલતા આદિના કારણે કર્મશાસ્ત્ર પર રુચિ નથી હોતી, પરંતુ તેમાં કર્મશાસ્ત્રનો શું દોષ ? ગણિત, પ્રદાર્થવિજ્ઞાન આદિ ગૂઢ અને રસપૂર્ણ વિષયો પર સ્થૂલદર્શી લોકોની દષ્ટિ જામતી નથી અને તેમને રસ પડતો નથી, એમાં તે વિષયોનો શું દોષ ? દોષ છે સમજનારની બુદ્ધિનો. કોઈ પણ વિષયના અભ્યાસીને તે વિષયમાં રસ ત્યારે જ પડે છે જ્યારે તે તે વિષયમાં તલ સુધી ઊતરે, તે વિષયના તલને સ્પર્શે.

## વિષયપ્રવેશ

કર્મશાસ્ત્ર જાણવાની ઇચ્છા રાખનારાઓ માટે એ આવશ્યક છે કે તેઓ 'કર્મ' શબ્દનો અર્થ, ભિન્ન ભિન્ન શાસ્ત્રોમાં પ્રયુક્ત તેના પર્યાય શબ્દો, કર્મનું સ્વરૂપ, આદિ નિમ્ન વિષયોથી પરિચિત થઈ જાય તથા આત્મતત્ત્વ સ્વતન્ત્ર છે તે પણ જાણી લે.

### (1) 'કર્મ' શબ્દના અર્થો

'કર્મ' શબ્દ લોકવ્યવહાર અને શાસ્ત્ર બન્નેમાં પ્રસિદ્ધ છે.

તેના અનેક અર્થો થાય છે. સામાન્ય લોકો પોતાના વ્યવહારમાં કામ, ધંધો, વ્યવસાયના અર્થમાં 'કર્મ' શબ્દનો પ્રયોગ કરે છે. શાસ્ત્રમાં તેની એક ગતિ નથી. ખાવું, પીવું, ચાલવું, કંપવું આદિ કોઈ પણ જાતના હલનચલન માટે - ભલે પછી તે જીવનું હોય કે જડનું હોય - 'કર્મ' શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે.

કર્મકાંડી મીમાંસક યજ્ઞ, યાગ આદિ ક્રિયાકલાપના અર્થમાં, સ્માર્ત વિદ્વાન બ્રાહ્મણ આદિ ચાર વર્ણોનાં તથા બ્રહ્મચર્ય આદિ ચાર આશ્રમોનાં નિયતકર્મના અર્થમાં, પૌરાણિકો વ્રત-નિયમ આદિ ધાર્મિક ક્રિયાઓના અર્થમાં, વૈયાકરણો કર્તા જેને પોતાની ક્રિયા દ્વારા પ્રાપ્ત કરવા ઇચ્છતો હોય તે વસ્તુના અર્થમાં અર્થાત્ જેના ઉપર કર્તાના વ્યાપારનું ફળ પડતું હોય તે વસ્તુના અર્થમાં, નૈયાયિકો ઉત્ક્ષેપણ આદિ પાંચ સાંકેતિક કર્મોના અર્થમાં 'કર્મ' શબ્દનો વ્યવહાર કરે છે. પરંતુ જૈન શાસ્ત્રમાં 'કર્મ' શબ્દથી બે અર્થ સમજવામાં આવે છે. પહેલો અર્થ છે રાગદ્વેષાત્મક પરિણામ જેને કષાય (ભાવકર્મ) કહેવામાં આવે છે. અને બીજો અર્થ છે કાર્મણ જાતિના પુદ્ગલવિશેષ જે કષાયના નિમિત્તથી આત્માની સાથે ચોંટેલા હોય છે અને દ્રવ્યકર્મ કહેવાય છે.

### (2) કર્મશબ્દના કેટલાક પર્યાય

જૈન દર્શનમાં જે અર્થ માટે 'કર્મ' શબ્દનો પ્રયોગ થાય છે તે અર્થ માટે અથવા તેની સાથે કંઈક મળતા આવતા અર્થ માટે જૈનેતર દર્શનોમાં આ શબ્દો મળે છે - માયા, અવિદ્યા, પ્રકૃતિ, અપૂર્વ, વાસના, આશય, ધર્માધર્મ, અદૃષ્ટ, સંસ્કાર, દૈવ, ભાગ્ય આદિ.

માયા, અવિદ્યા, પ્રકૃતિ આ ત્રણ શબ્દ વેદાન્ત દર્શનમાં મળે છે. તેમનો મૂળ અર્થ લગભગ તે જ છે જેને જૈન દર્શનમાં ભાવકર્મ કહે છે. 'અપૂર્વ' શબ્દ મીમાંસા દર્શનમાં મળે છે. 'વાસના' શબ્દ બૌદ્ધ દર્શનમાં પ્રસિદ્ધ છે, પરંતુ યોગદર્શનમાં પણ તેનો પ્રયોગ કરવામાં આવ્યો છે. 'આશય' શબ્દ ખાસ કરીને યોગ તથા સાંખ્ય દર્શનમાં મળે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્માધર્મ, અદૃષ્ટ અને સંસ્કાર આ શબ્દોનો પ્રયોગ બીજાં દર્શનોમાં પણ મળે છે, પરંતુ ખાસ કરીને ન્યાય તથા વૈશેષિક દર્શનમાં તેમનો પ્રયોગ થયેલો છે. દૈવ, ભાગ્ય, પુણ્ય-પાપ આદિ કેટલાય શબ્દો એવા છે જે બધાં દર્શનો માટે સાધારણ છે. જેટલાં દર્શન આત્મવાદી છે અને પુનર્જન્મને માને છે તેમને પુનર્જન્મની સિદ્ધિ યા ઉપપત્તિ માટે કર્મ માનવું જ પડે છે. ભલે ને તે દર્શનોની ભિન્ન ભિન્ન પ્રક્રિયાઓના કારણે યા ચેતનના સ્વરૂપ અંગેનો મતભેદ હોવાના કારણે કર્મનું સ્વરૂપ ઓછુંવત્તું જુદું જણાય, પરંતુ એમાં કોઈ સંદેહ નથી કે બધા આત્મવાદીઓએ માયા આદિ ઉપર્યુક્ત કોઈ ને કોઈ નામથી કર્મને અંગીકાર કર્યું જ છે.

## (3) કર્મનું સ્વરૂપ

મિથ્યાત્વ, કષાય આદિ કારણોથી જીવ દ્વારા જે કરાય છે તે જ 'કર્મ' કહેવાય છે. કર્મનું આ લક્ષણ ઉપર્યુક્ત ભાવકર્મ અને દ્રવ્યકર્મ બન્નેમાં ઘટે છે, કેમ કે ભાવકર્મ આત્માનો યા જીવનો વૈભાવિક પરિણામ છે, તેથી તેનો ઉપાદાનરૂપ કર્તા જીવ જ છે અને દ્રવ્યકર્મ જે કાર્મણજાતિના સૂક્ષ્મ પુદ્ગલોનો વિકાર છે તેનો પણ કર્તા નિમિત્તરૂપે જીવ જ છે. ભાવકર્મની ઉત્પત્તિમાં દ્રવ્યકર્મ નિમિત્ત છે અને દ્રવ્યકર્મની ઉત્પત્તિમાં ભાવકર્મ નિમિત્ત છે. આ રીતે તે બન્નેનો પરસ્પર બીજાંકુરની જેમ કાર્યકારણભાવ સંબંધ છે.

## (4) પુણ્ય-પાપની કસોટી

સામાન્ય જન કહે છે કે 'દાન, પૂજન, સેવા આદિ ક્રિયાઓ કરવાથી શુભ કર્મનો (પુણ્યનો) બંધ થાય છે અને કોઈને દુઃખ દેવું, બીજાની ઇચ્છાવિરુદ્ધ કામ કરવું આદિથી અશુભ કર્મનો (પાપનો) બંધ થાય છે.' પરંતુ પુણ્ય-પાપનો નિર્ણય કરવાની મુખ્ય કસોટી આ નથી, કેમ કે કોઈને દુઃખ પહોંચાડતો મનુષ્ય પણ પુણ્ય ઉપાર્જન કરી શકે છે. તેવી જ રીતે દાન-પૂજન આદિ કરનારો પણ પુણ્ય ઉપાર્જન ન કરીને કોઈ કોઈ વાર પાપ બાંધી લે છે. એક પરોપકારી ચિકિત્સક જ્યારે કોઈ પર શસ્ત્રક્રિયા કરે છે ત્યારે પેલા દરદીને પીડા અવશ્ય થાય છે, હિતૈષી માતાપિતા અણસમજુ બાળકને જ્યારે તેની ઇચ્છાવિરુદ્ધ ભણાવવા માટે પ્રયત્ન કરે છે ત્યારે તે બાળકને દુઃખ થાય છે, પરંતુ એટલાથી જ ન તો તે ચિકિત્સક અનુચિત કામ કરનારો મનાય છે કે ન તો હિતૈષી માતાપિતાને દોષી સમજવામાં આવે છે. એથી ઊલટું જ્યારે કોઈ ભોળા લોકોને ઠગવાના ઈરાદે કે કોઈ તુચ્છ આશયથી દાન-પૂજન આદિ ક્રિયાઓ કરે છે ત્યારે તે પુણ્યના બદલે પાપ બાંધે છે. તેથી પુણ્યબંધ યા પાપબંધની ખરી કસોટી કેવળ ઉપર જણાવેલી ક્રિયાઓ નથી પરંતુ તેની યથાર્થ કસોટી કર્તાનો આશય જ છે. સારા આશયથી જે કામ કરવામાં આવે છે તે પુણ્યનું નિમિત્ત બને છે અને બૂરા આશયથી જે કામ કરવામાં આવે છે તે પાપનું નિમિત્ત બને છે. પુણ્ય-પાપની આ કસોટી બધાને એકસરખી માન્ય છે, કેમ કે આ સિદ્ધાન્ત સર્વને સ્વીકાર્ય છે કે –

'यादृशी भावना यस्य सिद्धिर्भवति तादृशी ।'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (5) સાચી નિર્લેપતા

સામાન્ય લોકો એ સમજી લે છે કે અમુક કામ ન કરવાથી પોતાને પુણ્ય-પાપનો લેપ નહિ લાગે. તેથી તેઓ તે કામ કરવાનું છોડી દે છે, પરંતુ બહુધા તેમની માનસિક ક્રિયા છૂટતી નથી. તેથી તેઓ ઇચ્છા છતાં પણ પુણ્ય-પાપના લેપથી પોતાને બચાવી શકતા નથી. તેથી વિચારવું જોઈએ કે સાચી નિર્લેપતા શું છે ? લેપ (બન્ધ) માનસિક ક્ષોભને અર્થાત્ કષાયને કહેવામાં આવે છે. જો કષાય ન હોય તો ઉપર જણાવેલી કોઈ પણ ક્રિયા આત્માને બંધનમાં રાખવા માટે સમર્થ નથી. તેથી ઊલટું, જો કષાયનો વેગ અંદર વર્તમાન છે તો ઉપરથી હજાર પ્રયત્નો કરવામાં આવે તો પણ કોઈ પોતાને બંધનમાંથી છોડાવી શકતો નથી. કષાયરહિત વીતરાગ બધી જગાએ જલમાં કમલની જેમ નિર્લેપ રહે છે, પરંતુ કષાયવાળો આત્મા યોગનો સ્વાંગ રચીને પણ તલભાર શુદ્ધિ કરી શકતો નથી. તેથી કહેવાય છે કે આસક્તિ છોડીને જે કામ કરવામાં આવે છે તે બન્ધક બનતું નથી. કહેવાનો આશય એ છે કે સાચી નિર્લેપતા માનસિક ક્ષોભના ત્યાગમાં છે. આ જ શિક્ષા યા બોધ કર્મશાસ્ત્રમાંથી મળે છે અને આ વાત અન્યત્ર પણ કહેવામાં આવી છે-

मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः ।
बन्धाय विषयाऽऽसंगि मोक्षे निर्विषयं स्मृतम् ॥

- મૈત્ર્યુપનિષદ્

## (6) કર્મનું અનાદિત્વ

વિચારશીલ મનુષ્યના મનમાં પ્રશ્ન ઊઠે છે કે કર્મ સાદિ છે કે અનાદિ ? તેના ઉત્તરમાં જૈનદર્શનનું કહેવું છે કે કર્મ કર્મવ્યક્તિની અપેક્ષાએ સાદિ છે અને કર્મપ્રવાહની અપેક્ષાએ અનાદિ છે. એ તો સૌનો અનુભવ છે કે પ્રાણી સૂતા-જાગતા, ઊઠતા-બેસતા, હરતા-ફરતા કોઈ ને કોઈ જાતની હલનચલન ક્રિયા કરે જ છે. હલનચલનનું હોવું જ કર્મબંધનું મૂળ છે. તેથી એ સિદ્ધ છે કે કર્મ વ્યક્તિશઃ સાદિ જ છે. પરંતુ કર્મનો પ્રવાહ ક્યારે શરૂ થયો ? એને કોઈ દર્શાવી શકતું નથી. ભવિષ્યની જેમ ભૂતકાળનો વિસ્તાર અનન્ત છે. અનન્તનું વર્ણન અનાદિ યા અનન્ત શબ્દ સિવાય બીજી કોઈ રીતે કરવું અસંભવ છે. તેથી કર્મના પ્રવાહને અનાદિ કહ્યા વિના બીજી કોઈ ગતિ જ નથી. કેટલાક લોકો અનાદિત્વની અસ્પષ્ટ વ્યાખ્યાની ઉલઝનથી ગભરાઈને કર્મપ્રવાહને સાદિ દર્શાવવા લાગે છે, પરંતુ તેઓ પોતાની બુદ્ધિની અસ્થિરતાથી કલ્પિત દોષની આશંકા કરીને તેને દૂર કરવાના પ્રયત્નમાં એક મોટા દોષનો સ્વીકાર કરી લે છે. તે એ કે કર્મપ્રવાહ જો આદિમાન હોય તો પહેલાં જીવ અત્યન્ત શુદ્ધ-બુદ્ધ જ હોવો જોઈએ, તો પછી તેનું લિપ્ત થઈ જવાનું કારણ શું ? અને જો સર્વથા શુદ્ધ-બુદ્ધ જીવ પણ લિપ્ત થઈ જતો હોય તો મુક્ત થયેલા જીવ પણ કર્મલિપ્ત થશે, એવી સ્થિતિમાં મુક્તિને સુપ્ત સંસાર જ કહેવો જોઈએ. કર્મપ્રવાહના અનાદિત્વને અને સંસારમાં મુક્ત જીવના પુનઃ પાછા ન ફરવાને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બધાં પ્રતિષ્ઠિત દર્શનો માને છે, જેમ કે -

न कर्माऽविभागादिति चेन्नाऽनादित्वात् ॥35॥

उपपद्यते चाप्युपलभ्यते च ॥36॥ બ્રહ્મસૂત્ર, અ.2 પા.1.

अनावृत्तिः शब्दादनावृत्तिः शब्दात् ॥22॥ બ્રહ્મસૂત્ર, અ.4 પા.4

## (7) કર્મબન્ધનાં કારણ

જૈનદર્શનમાં મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ આ ચારને કર્મબન્ધનાં કારણો તરીકે દર્શાવવામાં આવેલ છે. તેમનો સંક્ષેપ પાછળનાં બે (કષાય અને યોગ) કારણોમાં કરાયેલો મળે છે. અધિક સંક્ષેપ કરીને કહેવું હોય તો કહી શકાય કે કષાય જ કર્મબન્ધનું કારણ છે. એમ તો કષાયના વિકારના અનેક પ્રકાર છે પરંતુ તે બધાનું સંક્ષેપમાં વર્ગીકરણ કરીને આધ્યાત્મિક વિદ્વાનોએ તેના રાગ અને દ્વેષ એ બે જ પ્રકારો માન્યા છે. કોઈ પણ માનસિક વિકાર હોય તો કાં તો તે રાગરૂપ (આસક્તિરૂપ) હોવાનો કાં તો તે દ્વેષરૂપ (તાપરૂપ) હોવાનો. એ પણ અનુભવસિદ્ધ છે કે સામાન્ય પ્રાણીઓની પ્રવૃત્તિ, ભલે ને ઉપરથી ગમે તેવી કેમ ન દેખાય પરંતુ તે કાં તો રાગમૂલક હોય છે કાં તો દ્વેષમૂલક હોય છે. એવી પ્રવૃત્તિ જ વિવિધ વાસનાઓનું કારણ હોય છે. પ્રાણી જાણી શકે કે ન જાણી શકે, પરંતુ તેની વાસનાત્મક સુક્ષ્મ સૃષ્ટિનું કારણ તેના રાગ અને દ્વેષ જ હોય છે. કરોળિયો પોતાની જ પ્રવૃત્તિ દ્વારા પોતે જ રચેલા જાળામાં ફસાય છે. જીવ પણ કર્મના જાળાને પોતાની જ બેસમજથી રચી લે છે. અજ્ઞાન, મિથ્યાજ્ઞાન આદિ જેમને કર્મનાં કારણ કહેવામાં આવે છે તે પણ રાગ-દ્વેષના સંબંધથી જ કર્મનાં કારણ છે. રાગની યા દ્વેષની માત્રા વધતાં જ જ્ઞાન વિપરીતરૂપમાં બદલાવા લાગે છે. તેથી શબ્દભેદ હોવા છતાં પણ કર્મબન્ધના કારણની બાબતમાં અન્ય આસ્તિક દર્શનોની સાથે જૈન દર્શનને કોઈ મતભેદ નથી. નૈયાયિક તથા વૈશેષિક દર્શનમાં મિથ્યાજ્ઞાનને, યોગદર્શનમાં પ્રકૃતિ-પુરુષના અભેદજ્ઞાનને અને વેદાન્ત આદિમાં અવિદ્યાને તથા જૈનદર્શનમાં મિથ્યાત્વને કર્મનું કારણ દર્શાવાયું છે, પરંતુ એ વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે કોઈને પણ કર્મનું કારણ કેમ ન કહેવામાં આવે પરંતુ જો તેમાં કર્મની બન્ધકતા (કર્મલેપ પેદા કરવાની શક્તિ) છે તો તે બન્ધકતા રાગ-દ્વેષના સંબંધથી જ છે. રાગ-દ્વેષની ન્યૂનતા યા તેમનો અભાવ થતાં જ અજ્ઞાનપણું (મિથ્યાત્વ) ઓછું થાય છે યા નાશ પામે છે. મહાભારતમાં શાન્તિપર્વમાં આવતા 'कर्मणा बध्यते जन्तुः' કથનમાં પણ 'કર્મ' શબ્દનો અભિપ્રાય રાગ-દ્વેષ જ છે.

## (8) કર્મથી છૂટવાના ઉપાય

હવે એ વિચાર કરવો જરૂરી છે કે કર્મપટલથી આવૃત પોતાના પરમાત્મભાવને જેઓ પ્રગટ કરવા ઇચ્છે છે તેમના માટે ક્યાં ક્યાં સાધનોની અપેક્ષા છે.

જૈન શાસ્ત્રમાં પરમ પુરુષાર્થ મોક્ષ પામવાનાં ત્રણ સાધનો દર્શાવ્યાં છે - (1) સમ્યગ્દર્શન, (2) સમ્યગ્જ્ઞાન અને (3) સમ્યગ્ચારિત્ર. ક્યાંક ક્યાંક જ્ઞાન અને ક્રિયા બેને જ મોક્ષનાં સાધન કહ્યાં છે. એવાં સ્થળોએ દર્શનને જ્ઞાનસ્વરૂપ અર્થાત્ જ્ઞાનનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિશેષ સમજીને તેને જુદું નથી ગણતા. પરંતુ પ્રશ્ન એ થાય છે કે વૈદિક દર્શનોમાં કર્મ, જ્ઞાન, યોગ અને ભક્તિ આ ચારેયને મોક્ષનાં સાધન માનવામાં આવ્યાં છે, તો પછી જૈનદર્શનમાં ત્રણ કે બે જ સાધન કેમ કહેવામાં આવ્યાં છે ? આનું સમાધાન આ પ્રમાણે છે - જૈન દર્શનમાં જે સમ્યક્ચારિત્રને સમ્યક્ક્રિયા કહ્યું છે તેમાં કર્મ અને યોગ બન્ને માર્ગોનો સમાવેશ થઈ જાય છે, કેમ કે સમ્યક્ચારિત્રમાં મનોનિગ્રહ, ઇન્દ્રિયજય, ચિત્તશુદ્ધિ, સમભાવ અને તેમના માટે કરવામાં આવતા ઉપાયોનો સમાવેશ થાય છે. મનોનિગ્રહ, ઇન્દ્રિજય આદિ સાત્ત્વિક યજ્ઞ જ કર્મમાર્ગ છે અને ચિત્તશુદ્ધિ તથા તેને માટે કરવામાં આવતી સત્પ્રવૃત્તિ જ યોગમાર્ગ છે. આ રીતે કર્મમાર્ગ અને યોગમાર્ગનું મિશ્રણ જ સમ્યક્ચારિત્ર છે. સમ્યગ્દર્શન જ ભક્તિમાર્ગ છે, કેમ કે ભક્તિમાં શ્રદ્ધાનો અંશ પ્રધાન છે અને સમ્યગ્દર્શન પણ શ્રદ્ધારૂપ જ છે. સમ્યગ્જ્ઞાન જ જ્ઞાનમાર્ગ છે. આ રીતે જૈનદર્શનમાં દર્શાવેલાં મોક્ષનાં ત્રણ સાધન અન્ય દર્શનોએ જણાવેલાં બધાં સાધનોનો સમુચ્ચય છે.

## (9) આત્મા સ્વતન્ત્ર તત્ત્વ છે

કર્મની બાબતમાં ઉપર જે કંઈ કહેવામાં આવ્યું છે તેની બરાબર સંગતિ ત્યારે થઈ શકે જ્યારે આત્માને જડથી અલગ તત્ત્વ માનવામાં આવે. આત્માનું સ્વતન્ત્ર અસ્તિત્વ નીચે જણાવેલાં સાત પ્રમાણોથી જાણી શકાય છે :

(ક) સ્વસંવેદનરૂપ સાધક પ્રમાણ, (ખ) બાધક પ્રમાણનો અભાવ, (ગ) નિષેધથી નિષેધકર્તાની સિદ્ધિ, (ઘ) તર્ક, (ઙ) શાસ્ત્ર અને મહાત્માઓનું પ્રામાણ્ય, (ચ) આધુનિક વિદ્વાનોની સમ્મતિ અને (છ) પુનર્જન્મ.

**(ક) સ્વસંવેદનરૂપ સાધક પ્રમાણ** - જો કે બધા દેહધારીઓ અજ્ઞાનના આવરણથી ઓછાવત્તા પ્રમાણમાં ઘેરાયેલા છે અને તેથી તેઓ પોતાના જ અસ્તિત્વ અંગે સંદેહ કરે છે તેમ છતાં જે સમયે તેમની બુદ્ધિ થોડી પણ સ્થિર થઈ જાય છે તે સમયે તેમને એ સ્ફુરણા થાય છે કે 'હું છું.' એવી સ્ફુરણા ક્યારેય થતી નથી કે 'હું નથી.' તેનાથી ઊલટું એવો પણ નિશ્ચય થાય છે કે 'હું નથી એ વાત જ નથી.' આ જ વાત શ્રી શંકરાચાર્યે પણ કહી છે - 'सर्वो ह्यात्माऽस्तित्वं प्रत्येति, न नाहमस्मीति ।' બ્રહ્મસૂત્ર-શાંકરભાષ્ય 1.1.1. આ નિશ્ચયને જ સ્વસંવેદન (આત્મનિશ્ચય) કહે છે.

**(ખ) બાધક પ્રમાણનો અભાવ** - એવું કોઈ પ્રમાણ નથી જે આત્માના અસ્તિત્વનો બાધ (નિષેધ) કરતું હોય. આના ઉપર કોઈને આ શંકા થાય કે મન અને ઇન્દ્રિયો દ્વારા આત્માનું ગ્રહણ ન થવું એ જ તેના અસ્તિત્વનો બાધ છે. પરંતુ આ શંકાનું સમાધાન સહજ છે. કોઈ વિષયનું બાધક પ્રમાણ તેને જ માનવામાં આવે છે જે તે વિષયને જાણવાની શક્તિ ધરાવતું હોય અને અન્ય સઘળી સામગ્રી મોજૂદ હોય તેમ છતાં પણ તે તેને ગ્રહણ ન કરી શકે. ઉદાહરણાર્થ, આંખ માટીના ઘડાને દેખી શકે છે પરંતુ જે સમયે પ્રકાશ, સમીપતા આદિ સામગ્રી મોજૂદ હોવા છતાં પણ તે માટીના ઘડાને ન દેખે તે સમયે તેને તે વિષયની બાધક સમજવી જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બધી જ ઇન્દ્રિયો ભૌતિક છે. તેમની ગ્રહણશક્તિ બહુ પરિમિત છે. તે ઇન્દ્રિયો ભૌતિક પદાર્થોમાંથી પણ સ્થૂળ નિકટવર્તી અને નિયત વિષયોને ઉપર-ઉપરથી જાણી શકે છે. સૂક્ષ્મદર્શક યન્ત્ર આદિ સાધનોની તે જ દશા છે. તે સાધનો આજ સુધી ભૌતિક પ્રદેશમાં જ કાર્યકારી સિદ્ધ થયાં છે. તેથી તેમનું અભૌતિક અર્થાત્ અમૂર્ત આત્માને ન જાણી શકવું એને બાધ ન કહી શકાય. મન ભૌતિક હોવા છતાં પણ ઇન્દ્રિયોનો દાસ બની જાય છે - એકની પાછળ એક એમ અનેક વિષયોમાં વાંદરાઓની જેમ દોડતું રહે છે - ત્યારે તેનામાં રાજસ અને તામસ વૃત્તિઓ પેદા થાય છે. સાત્ત્વિક ભાવ પ્રગટ થઈ શકતો નથી. આ જ વાત ગીતામાં (અધ્યાય બીજો શ્લોક 67) પણ કહેવામાં આવી છે-

इन्द्रियाणां हि चरतां यन्मनोऽनुविधीयते ।
तदस्य हरति प्रज्ञां वायुर्नावमिवाम्भसि ॥

તેથી ચંચળ મનમાં આત્માની સ્ફુરણા પણ થતી નથી. એ તો દેખીતી વાત છે કે પ્રતિબિમ્બ ગ્રહણ કરવાની શક્તિ જે દર્પણમાં વર્તમાન છે તે દર્પણ પણ જ્યારે મલિન થઈ જાય છે ત્યારે તેમાં કોઈ પણ વસ્તુનું પ્રતિબિમ્બ પડતું નથી, ઝિલાતું નથી. તેથી એ વાત સિદ્ધ છે કે બાહ્ય વિષયો પાછળ ભટકનારા અસ્થિર મનથી આત્માનું ગ્રહણ ન થવું એ આત્માના અસ્તિત્વનો બાધ નથી, પરંતુ તે તો મનની અશક્તિ માત્ર છે.

આ પ્રમાણે વિચાર કરવાથી એ પ્રમાણિત થાય છે કે મન, ઇન્દ્રિયો, સૂક્ષ્મદર્શક યન્ત્ર આદિ બધાં સાધનો ભૌતિક હોવાથી આત્માનો નિષેધ કરવાની શક્તિ તેમનામાં હોતી જ નથી.

**(ગ) નિષેધથી નિષેધકર્તાની સિદ્ધિ** - કેટલાક લોકો કહે છે કે અમને આત્માનો નિશ્ચય થતો નથી, ઊલટું ક્યારેક ક્યારેક તો આત્માના અભાવની સ્ફુરણા થઈ આવે છે કેમ કે કોઈક વખત મનમાં એવી કલ્પના થવા લાગે છે કે 'હું નથી' ઇત્યાદિ. પરંતુ તે લોકોએ જાણવું જોઈએ કે તેમની આ કલ્પના જ આત્માના અસ્તિત્વને સિદ્ધ કરે છે, કેમ કે જો આત્મા જ ન હોય તો આવી કલ્પનાનો પ્રાદુર્ભાવ કેવી રીતે થાય ? જે નિષેધ કરે છે તે પોતે જ આત્મા છે. આ વાતને શંકરાચાર્યે પોતાના બ્રહ્મસૂત્રભાષ્યમાં પણ કહી છે-

'य एव हि निराकर्ता तदेव हि तस्य स्वरूपम् ।' 2.3.1.7.

**(ઘ) તર્ક** - તર્ક પણ આત્માના સ્વતન્ત્ર અસ્તિત્વની પુષ્ટિ કરે છે. તે કહે છે કે જગતમાં બધા પદાર્થોનો વિરોધી કોઈ ને કોઈ દેખાય છે. અન્ધકારનો વિરોધી પ્રકાશ, ઉષ્ણતાની વિરોધી શીતળતા, સુખનું વિરોધી દુઃખ. આ જ રીતે જડ પદાર્થનું વિરોધી પણ કોઈ તત્ત્વ હોવું જોઈએ.[7] જે તત્ત્વ જડનું વિરોધી છે તે જ ચેતન યા આત્મા છે.

---

7. આ તર્ક નિર્મૂલ યા અપ્રમાણ નથી, ઊલટું આ જાતનો તર્ક શુદ્ધ બુદ્ધિનું ચિહ્ન છે. ભગવાન બુદ્ધે પણ પોતાના પૂર્વજન્મમાં અર્થાત્ સુમેધ નામના બ્રાહ્મણના જન્મમાં આવો જ તર્ક કર્યો હતો, જેમ કે 'यथा हि लोके दुक्खस्स पटिपक्खभूतं सुखं नाम अत्थि, एवं भवे सति तप्पटिपक्खेन विभवेनापि भवितब्बं यथा च उण्हे सति तस्स वूपसमभूतं सीतंऽपि अत्थि, एवं रागादीनं अग्गीनं वूपसमेन निब्बानेनाऽपि भवितब्बं ।'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આની સામે એવો તર્ક કરી શકાય કે 'જડ અને ચેતન એ બે સ્વતન્ત્ર વિરોધી તત્ત્વો માનવાં ઉચિત નથી, પરંતુ કોઈ એક જ પ્રકારના મૂળ પદાર્થમાં જડત્વ અને ચેતનત્વ બન્ને શક્તિઓ માનવી ઉચિત છે. જે સમયે ચેતનત્વશક્તિનો વિકાસ થવા લાગે છે - તેની અભિવ્યક્તિ થાય છે - તે સમયે જડત્વશક્તિનો તિરોભાવ હોય છે. બધાં ચેતનશક્તિવાળાં પ્રાણીઓ જડ પદાર્થના વિકાસનાં જ પરિણામો છે. તેઓ જડથી અલગ પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતાં નથી, પરંતુ જડત્વશક્તિનો તિરોભાવ થવાથી જીવધારીરૂપે દેખાવા માંડે છે.' આવું જ મન્તવ્ય હેગલ આદિ અનેક પશ્ચિમીય વિદ્વાનોનું પણ છે. પરંતુ આ પ્રતિકૂલ તર્કનું નિવારણ અશક્ય નથી.

એ તો જોવામાં આવે જ છે કે કોઈ વસ્તુમાં જ્યારે એક શક્તિનો પ્રાદુર્ભાવ થાય છે ત્યારે તે જ વસ્તુમાં બીજી વિરોધી શક્તિનો તિરોભાવ થઈ જાય છે. પરંતુ જે શક્તિ તિરોહિત થઈ જાય છે તે સદા માટે તિરોહિત થઈ જતી નથી પણ કોઈ વખતે અનુકૂળ નિમિત્ત મળતાં ફરી પાછો તેનો પ્રાદુર્ભાવ થઈ જાય છે. તેવી જ રીતે જે શક્તિ પ્રાદુર્ભૂત થઈ હોય છે તે પણ સદા માટે પ્રાદુર્ભૂત જ રહેતી નથી પરંતુ પ્રતિકૂળ નિમિત્ત મળતાં જ તેનો પાછો તિરોભાવ થઈ જાય છે. ઉદાહરણાર્થ, પાણીના અણુઓને લો. તેઓ ગરમી મળતાં જ વરાળના રૂપમાં પરિણત થઈ જાય છે, પછી શૈત્ય આદિ નિમિત્ત મળતાં જ પાણીના રૂપમાં વરસે છે અને અધિક શીતતા મળતાં દ્રવત્વનું રૂપ છોડીને બરફના રૂપમાં ઘનત્વને પામે છે.

આ જ રીતે જડત્વ-ચેતનત્વ બન્ને શક્તિઓને કોઈ એક મૂળ તત્ત્વગત માનવામાં આવે તો વિકાસવાદ જ ટકી શકશે નહિ કેમ કે ચેતનત્વશક્તિના વિકાસના કારણે આજ જેમને ચેતન (પ્રાણી) સમજવામાં આવે છે તેઓ જ બધાં જડત્વશક્તિનો વિકાસ થતાં પાછાં જડ થઈ જશે. જે પાષાણ આદિ પદાર્થ આજ જડરૂપમાં દેખાય છે તેઓ ક્યારેક ચેતન બની જશે અને ચેતનરૂપે દેખાતાં મનુષ્ય, પશુપક્ષી આદિ પ્રાણી ક્યારેક જડરૂપ પણ બની જશે. તેથી એક એક પદાર્થમાં જડત્વ અને ચેતનત્વ બન્ને વિરોધી શક્તિઓને ન માનતાં જડ અને ચેતન બે સ્વતન્ત્ર તત્ત્વોને જ માનવાં બરાબર છે.

**(ઙ) શાસ્ત્ર અને મહાત્માઓનું પ્રામાણ્ય** - અનેક પ્રાચીન શાસ્ત્ર પણ આત્માના સ્વતન્ત્ર અસ્તિત્વનું પ્રતિપાદન કરે છે. જે શાસ્ત્રકારોએ ઘણી શાન્તિ અને ગંભીરતા સાથે આત્માના વિષયમાં શોધ કરી છે તેમના શાસ્ત્રગત અનુભવને જો આપણે અનુભવ કર્યા વિના જ ચપળતાથી એમ જ હસી કાઢીએ તો એમાં ક્ષુદ્રતા કોની ? આજકાલ પણ અનેક મહાત્માઓ એવા જોવામાં આવે છે કે જેમણે પોતાનું જીવન પવિત્રતાપૂર્વક આત્માના વિચારમાં જ વિતાવ્યું છે. તેમના શુદ્ધ અનુભવને આપણે જો આપણા પોતાના ભ્રાન્ત અનુભવના બળ ઉપર ન માનીએ તો એમાં ન્યૂનતા આપણી જ છે. પ્રાચીન શાસ્ત્ર અને વર્તમાન અનુભવી મહાત્મા નિઃસ્વાર્થભાવથી આત્માના અસ્તિત્વને દર્શાવી રહ્યા છે.

**(ચ) આધુનિક વૈજ્ઞાનિકોની સમ્મતિ** - આજકાલ લોકો પ્રત્યેક વિષયનો ખુલાસો કરવા માટે બહુધા વૈજ્ઞાનિક વિદ્વાનોનો વિચાર જાણવા ઇચ્છે છે. એ સાચું છે કે અનેક પશ્ચિમીય ભૌતિકવિજ્ઞાનવિશારદો આત્માને માનતા નથી યા તેના અંગે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંદિગ્ધ છે. પરંતુ એવા પણ ધુરંધર વૈજ્ઞાનિકો છે કે જેમણે પોતાની આખી જિંદગી ભૌતિક સંશોધનમાં વિતાવી છે, તેમ છતાં તેમની દૃષ્ટિ ભૂતોથી પર એવા આત્મતત્ત્વ તરફ પણ ગઈ છે. તે વૈજ્ઞાનિકોમાંથી સર ઑલીવર લૉજ અને લૉર્ડ કેલવિનનાં નામો વૈજ્ઞાનિક જગતમાં મશહૂર છે. આ બન્ને વિદ્વાનો ચેતન તત્ત્વને જડ તત્ત્વથી જુદું માનવાના પક્ષમાં છે. તેમણે જડવાદીઓની યુક્તિઓનું ખૂબ સાવધાનીથી અને વિચારસરણીથી ખંડન કર્યું છે. તેમનું મન્તવ્ય છે કે ચેતનના સ્વતન્ત્ર અસ્તિત્વ વિના જીવધારીઓના દેહની વિલક્ષણ રચના કોઈ પણ રીતે બની શકે નહિ. તેઓ અન્ય ભૌતિકવાદીઓની જેમ મસ્તિષ્કને જ્ઞાનનું મૂળ સમજતા નથી, પરંતુ તેને તો જ્ઞાનના આવિર્ભાવનું સાધન માત્ર સમજે છે.[8]

ડૉ. જગદીશચન્દ્ર બોઝ, જેમણે આખાય વૈજ્ઞાનિક જગતમાં નામ કાઢ્યું છે તેમની શોધથી ત્યાં સુધીનો નિશ્ચય થઈ ગયો કે વનસ્પતિમાં પણ સ્મરણશક્તિ વિદ્યમાન છે. બોઝ મહાશયે પોતાના આવિષ્કારોથી સ્વતન્ત્ર આત્મતત્ત્વ માનવા માટે વૈજ્ઞાનિક જગતને મજબૂર કરી દીધું છે.

**(છ) પુનર્જન્મ** - નીચે અનેક પ્રશ્નો એવા છે કે જેમનું પૂરું સમાધાન પુનર્જન્મ માન્યા વિના થઈ શકતું નથી. ગર્ભના આરંભથી લઈને જન્મ સુધી બાળકને જે જે કષ્ટ ભોગવવાં પડે છે તે બધાં તે બાળકના કર્મનું ફળ છે કે તેના માતાપિતાના કર્મનું ફળ છે ? તે કષ્ટોને બાળકના આ જન્મના કર્મનું ફળ કહી શકાય નહિ, કેમ કે તેણે ગર્ભાવસ્થામાં તો સારું-બૂરું કંઈ પણ કામ કર્યું નથી. જો માતાપિતાના કર્મનું ફળ છે એમ કહીએ તો પણ અસંગત જણાય છે, કેમ કે માતાપિતા સારું કે બૂરું કંઈ પણ કરે તેનું ફળ કારણ વિના બાળકને શા માટે ભોગવવું પડે ? બાળક જે કંઈ સુખ-દુઃખ ભોગવે છે તે એમ જ કારણ વિના જ ભોગવે છે એમ માનવું એ તો અજ્ઞાનની પરાકાષ્ઠા છે, કેમ કે કારણ વિના કોઈ કાર્યનું હોવું અસંભવ છે. જો કહેવામાં આવે કે માતાપિતાના આહારવિહારની, વિચારવ્યવહારની અને શારીરિકમાનસિક અવસ્થાઓની અસર બાળક ઉપર ગર્ભાવસ્થાથી જ પડવી શરૂ થઈ જાય છે તો પણ એ પ્રશ્ન તો રહે છે જ કે બાળકને એવા માતાપિતાનો સંયોગ કેમ થયો ? અને એનું સમાધાન શું છે કે ક્યારેક ક્યારેક બાળકની યોગ્યતા માતાપિતાથી તદ્દન જુદા જ પ્રકારની હોય છે. એવાં અનેક ઉદાહરણો જોવામાં આવે છે કે માતાપિતા તદ્દન અભણ હોય છે અને તેમનો પુત્ર પૂરો શિક્ષિત બની જાય છે. વિશેષ તો શું ? ત્યાં સુધી જોવામાં આવે છે કે કોઈ કોઈ માતાપિતાની રુચિ જે વાત ઉપર બિલકુલ નથી હોતી તેમાં બાળક સિદ્ધહસ્ત બની જાય છે. તેનું કારણ કેવળ આસપાસની પરિસ્થિતિ જ માની શકાતી નથી, કેમકે સમાન પરિસ્થિતિ અને બરાબર દેખભાળ હોવા છતાં પણ અનેક વિદ્યાર્થીઓમાં વિચાર અને વ્યવહારની ભિન્નતા જોવામાં આવે છે. જો કહેવામાં આવે કે

8. આ બન્ને ચૈતન્યવાદીઓના વિચારની છાયા સંવત 1961ના જ્યેષ્ઠ મહિનાના તથા 1962ના માર્ગશીર્ષ મહિનાના અને 1965ના ભાદ્રપદ માસના 'વસન્ત' પત્રમાં પ્રકાશિત થઈ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પરિણામ બાળકના અદ્ભુત જ્ઞાનતંતુઓનું છે તો તેની સામે શંકા થાય છે કે દેહ માતાપિતાનાં શુક્રશોણિતથી બનેલો હોય છે, તો પછી તેમનામાં અવિદ્યમાન એવાં જ્ઞાનતંતુઓ બાળકના મસ્તિષ્કમાં ક્યાંથી આવ્યાં ? ક્યારેક ક્યારેક માતાપિતાના જેવી જ જ્ઞાનશક્તિ બાળકમાં દેખાય છે એ વાત સાચી, પરંતુ તેમાં પણ પ્રશ્ન એ થાય છે કે આવો સુયોગ બાળકને મળ્યો શા કારણે ? કોઈ કોઈ જગાએ એવું પણ જોવામાં આવ્યું છે કે માતાપિતાની યોગ્યતા બહુ જ ઉત્કૃષ્ટ હોય છે અને તેમના હજાર પ્રયત્નો છતાં પણ તેમનો પુત્ર ગમાર જ રહે છે.

એ તો સૌ જાણે છે કે એક સાથે જોડિયા તરીકે જન્મેલાં બે બાળકો પણ સમાન નથી હોતાં. માતાપિતાની દેખભાળ પણ બરાબર એકસરખી હોવા છતાં પણ એક સાધારણ જ રહે છે અને બીજું ઘણું આગળ નીકળી જાય છે. એકનો પિંડ રોગથી મુક્ત થતો નથી જ્યારે બીજો મોટા મોટા કુસ્તીબાજો સાથે બરાબરી કરે છે. એક દીર્ઘજીવી બને છે અને બીજો સેંકડો પ્રયત્ન કરવા છતાં પણ યમનો અતિથિ બની જાય છે. એકની ઈચ્છા સંયત હોય છે જ્યારે બીજાની અસંયત.

જે શક્તિ મહાવીરમાં, બુદ્ધમાં, શંકરાચાર્યમાં હતી તે તેમનાં માતાપિતાઓમાં ન હતી. હેમચન્દ્રાચાર્યની પ્રતિભાનું કારણ તેમનાં માતાપિતા નહિ માની શકાય. તેમના ગુરુ પણ તેમની પ્રતિભાનું મુખ્ય કારણ નથી, કેમ કે દેવચન્દ્રસૂરિના હેમચન્દ્રાચાર્ય સિવાય બીજા પણ શિષ્યો હતા, તો પછી શું કારણ છે કે બીજા શિષ્યોનાં નામ લોકો જાણતા સુધ્ધાં નથી જ્યારે હેમચન્દ્રાચાર્યનું નામ આટલું બધું પ્રસિદ્ધ છે. શ્રીમતી એની બિસેન્ટમાં જે વિશિષ્ટ શક્તિ દેખાય છે તે તેમનાં માતાપિતામાં ન હતી તેમ જ એની બિસેન્ટની પુત્રીમાં પણ નથી. વારુ, બીજાં પણ કેટલાંક ઉદાહરણોને જુઓ -

પ્રકાશની શોધ કરનાર ડૉ. યંગ બે વર્ષની ઉંમરે પુસ્તક બહુ સારી રીતે વાંચી શકતા હતા. ચાર વર્ષની ઉંમરે તેમણે બે વાર બાઈબલ વાંચી લીધું હતું. સાત વર્ષની ઉંમરે તેમણે ગણિતશાસ્ત્ર ભણવાનું શરૂ કર્યું હતું. અને તેર વર્ષની ઉંમરે તેમણે લેટિન, ગ્રીક, હિબ્રુ, ફ્રેંચ, ઇટાલિયન આદિ ભાષાઓ શીખી લીધી હતી. સર વિલિયમ રોવન હેમિલ્ટ એવી વિશિષ્ટ વ્યક્તિ હતા કે જેમણે ત્રણ વર્ષની ઉંમરે હિબ્રુ ભાષા શીખવાનો આરંભ કર્યો અને સાત વર્ષની ઉંમરે તો તે ભાષામાં એટલું તો નૈપુણ્ય પ્રાપ્ત કર્યું કે ડબ્લિનની ટ્રીનિટી કોલેજના એક ફેલોએ સ્વીકારવું પડ્યું કે કોલેજનાં ફેલોના પદના પ્રાર્થીઓમાં પણ તેમના જેટલું કોઈનું જ્ઞાન નથી અને તેર વર્ષની ઉંમરે તો તેમણે ઓછામાં ઓછી તેર ભાષાઓ ઉપર અધિકાર જમાવી લીધો હતો. ઈ.સ. 1892માં જન્મેલી એક કન્યા ઈ.સ. 1902માં અર્થાત્ દસ વર્ષની ઉંમરે એક નાટકમંડળમાં જોડાઈ હતી. તેણે તે ઉંમરે કેટલાંય નાટકો લખ્યાં હતાં. તેની માતાના કથન અનુસાર તે પાંચ વર્ષની ઉંમરે કેટલીય નાનીમોટી કવિતાઓની રચના કરતી હતી. તેણે લખેલી કેટલીક કવિતાઓ મહારાણી વિક્ટોરિયાની પાસે હતી. તે સમયે તે કન્યાનું અંગ્રેજી જ્ઞાન પણ આશ્ચર્યજનક હતું, તે કહેતી હતી કે 'હું અંગ્રેજી ભણી નથી, પરંતુ હું અંગ્રેજી જાણું છું.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉક્ત ઉદાહરણો પર ધ્યાન દેવાથી એ સ્પષ્ટ જણાય છે કે આ જન્મમાં જોવામાં આવતી બધી વિલક્ષણતાઓ ન તો વર્તમાન જન્મના કર્મનું જ પરિણામ છે, કે ન તો માતાપિતાના કેવળ સંસ્કારનું પરિણામ છે, કે ન તો કેવળ પરિસ્થિતિનું પરિણામ છે. તેથી આત્માના અસ્તિત્વની મર્યાદાને ગર્ભના આરંભ સમયથી પણ વધારે પાછળ માનવી જોઈએ. તે જ પૂર્વજન્મ છે. પૂર્વજન્મમાં ઇચ્છા યા પ્રવૃત્તિ દ્વારા જે સંસ્કાર સંચિત થયા હોય, તેમના આધારે ઉપર્યુક્ત શંકાઓ તથા વિલક્ષણતાઓનું સુસંગત સમાધાન થઈ જાય છે. જે યુક્તિથી એક પૂર્વજન્મ સિદ્ધ થયો તે જ યુક્તિના બળે અનેક પૂર્વજન્મોની પરંપરા સિદ્ધ થઈ જાય છે, કેમ કે અપરિમિત જ્ઞાનશક્તિ એક જન્મના અભ્યાસનું ફળ ન હોઈ શકે. આ પ્રમાણે આત્મા દેહથી જુદો અનાદિ સિદ્ધ થાય છે. અનાદિ તત્ત્વનો ક્યારેય નાશ થતો નથી એ સિદ્ધાન્તને બધા દાર્શનિકો સ્વીકારે છે. ગીતામાં પણ કહેવામાં આવ્યું છે - 'नासतो विद्यते भावो नाभावो विद्यते सतः ।' એટલું જ નહિ પણ વર્તમાન શરીરની પછી આત્માનું અસ્તિત્વ માન્યા વિના અનેક પ્રશ્નો ઊકલી શકતા જ નથી.

ઘણા મનુષ્યો એવા જોવામાં આવે છે કે તેઓ આ જીવનમાં તો પ્રામાણિક જીવન જીવે છે પરંતુ રહે છે ગરીબ અને એવા પણ જોવામાં આવે છે કે જેઓ ન્યાય, નીતિ અને ધર્મનું નામ સાંભળીને ચિડાય છે પરંતુ હોય છે બધી રીતે સુખી. એવી અનેક વ્યક્તિઓ મળી શકે છે જેઓ પોતે દોષી હોય છે પણ તેઓના દોષોનું અર્થાત્ અપરાધોનું ફળ ભોગવી રહ્યા છે બીજા. એક હત્યા કરે છે અને તેના દંડરૂપે ફાંસીએ લટકાવાય છે પકડવામાં આવેલા બીજાને. એક ચોરી કરે છે અને પકડવામાં આવે છે બીજાને. હવે આના ઉપર વિચાર કરવો જોઈએ કે જેમને પોતાની સારી યા બૂરી પ્રવૃત્તિનો બદલો આ જન્મમાં ન મળ્યો તેમની પ્રવૃત્તિ શું એમ જ વિફળ થઈ જશે ? એમ કહેવું કે પ્રવૃત્તિ વિફળ નથી થતી, જો કર્તાને ફળ ન મળ્યું તો પણ તેની અસર સમાજના યા દેશના અન્ય લોકોને તો થાય છે જ - એ પણ યોગ્ય નથી, કેમ કે મનુષ્ય જે કંઈ કરે છે તે બધું કંઈ બીજાઓ માટે કરતો નથી. રાતદિવસ પરોપકાર કરવામાં રત મહાત્માઓની પણ ઇચ્છા બીજાનું ભલું કરવાના નિમિત્તથી પોતાનું પરમાત્મત્વ પ્રગટ કરવાની જ હોય છે. વિશ્વની વ્યવસ્થામાં ઇચ્છાનું બહુ ઊંચું સ્થાન છે. આવી સ્થિતિમાં વર્તમાન દેહની સાથે ઇચ્છાના મૂળનો પણ નાશ માની લેવો યુક્તિસંગત નથી. મનુષ્ય પોતાના જીવનની આખરી ઘડી સુધી એવી જ કોશિશ કરતો રહે છે કે જેથી પોતાનું ભલું થાય. એવું નથી કે તેમ કરનારા બધા ભ્રાન્ત જ હોય છે. બહુ આગળ વધેલાં સ્થિરચિત્ત અને શાન્ત પ્રજ્ઞાવાન યોગી પણ આ જ વિચારથી પોતાના સાધનને સિદ્ધ કરવાની ચેષ્ટામાં લાગેલા હોય છે કે આ જન્મમાં નહિ તો બીજા જન્મમાં કોઈ સમયે અમે પરમાત્મભાવને પ્રગટ કરી જ લઈશું. આના સિવાય બધાનાં ચિત્તમાં આ સ્ફુરણા થયા કરે છે કે હું બરાબર કાયમ રહીશ. શરીરનો નાશ થયા પછી ચેતનનું અસ્તિત્વ જો ન માનવામાં આવે તો વ્યક્તિનો ઉદ્દેશ્ય કેટલો સંકુચિત બની જાય અને કાર્યક્ષેત્ર પણ કેટલું અલ્પ રહે ? બીજાના માટે જે કંઈ કરવામાં આવે તે પોતાના માટે કરવામાં આવતાં કામોની બરાબર હોઈ શકે જ નહિ. ચેતનની ઉત્તર મર્યાદાને વર્તમાન દેહના અંતિમ ક્ષણ સુધી જ માની લેવાથી વ્યક્તિને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોતાની મહત્ત્વાકાંક્ષા એક રીતે છોડી દેવી પડે છે. આ જન્મમાં નહિ તો આગલા જન્મમાં, પરંતુ હું મારો ઉદ્દેશ્ય અવશ્ય સિદ્ધ કરીશ - આ ભાવના મનુષ્યના હૃદયમાં જેટલું બળ પ્રગટાવી શકે છે તેટલું બળ બીજી કોઈ ભાવના પ્રગટાવી શકતી નથી. એ પણ નહિ કહી શકાય કે ઉક્ત ભાવના મિથ્યા છે, કેમ કે તેનો આવિર્ભાવ નૈસર્ગિક અને સર્વવિદિત છે. વિકાસવાદ ભલે ને ભૌતિક રચનાઓને જોઈને જડ તત્ત્વો પર ખડો કરવામાં આવ્યો હોય પરંતુ તેનો વિષય ચેતન પણ બની શકે છે. આ બધી વાતો ઉપર ધ્યાન દેવાથી એ માન્યા વિના સન્તોષ થતો નથી કે ચેતન એક સ્વતન્ત્ર તત્ત્વ છે. જાણતાં કે અજાણતાં જે સારાં કે ખરાબ કર્મ કરે છે તેને તે કર્મનું ફળ ભોગવવું જ પડે છે ને એ માટે તેને પુનર્જન્મના ચક્કરમાં ઘૂમવું પડે છે. બુદ્ધ ભગવાને પુનર્જન્મ માન્યો છે. પાકા નિરીશ્વરવાદી જર્મન પંડિત નિત્શે કર્મચક્રકૃત પુનર્જન્મને માને છે. આ પુનર્જન્મનો સ્વીકાર આત્માના સ્વતન્ત્ર અસ્તિત્વને માનવા માટે પ્રબળ પ્રમાણ છે.

## (10) કર્મતત્ત્વના વિષયમાં જૈનદર્શનની વિશેષતા

જૈનદર્શનમાં પ્રત્યેક કર્મની બધ્યમાન, સત્ અને ઉદયમાન એ ત્રણ અવસ્થાઓ માનવામાં આવી છે. તેમને ક્રમશઃ બન્ધ, સત્તા અને ઉદય કહે છે. જૈનેતર દર્શનોમાં પણ કર્મની તે અવસ્થાઓનું વર્ણન છે. તે દર્શનોમાં બધ્યમાન કર્મને 'ક્રિયમાણ', સત્કર્મને 'સંચિત' અને ઉદયમાન કર્મને 'પ્રારબ્ધ' કહ્યાં છે. પરંતુ જૈનશાસ્ત્રમાં જ્ઞાનાવરણીય આદિ રૂપે કર્મનું 8 તથા 148 ભેદોમાં વર્ગીકરણ કરવામાં આવ્યું છે અને તે ભેદો દ્વારા સંસારી આત્માની અનુભવસિદ્ધ ભિન્ન ભિન્ન અવસ્થાઓનો જેવો ખુલાસો કરવામાં આવ્યો છે તેવો કોઈ પણ જૈનેતર દર્શનમાં નથી. પાતંજલ દર્શનમાં કર્મના જાતિ, આયુ અને ભોગ એ ત્રણ જાતના વિપાક દર્શાવવામાં આવ્યા છે, પરંતુ જૈનદર્શનમાં કર્મ અંગે કરવામાં આવેલા વિચારની આગળ આ વર્ણન નામ માત્રનું છે.

આત્માની સાથે કર્મનો બન્ધ કેવી રીતે થાય છે ? કયાં કયાં કારણોથી થાય છે ? કયા કારણથી કર્મમાં કેવી શક્તિ પેદા થાય છે ? વધુમાં વધુ અને ઓછામાં ઓછા કેટલા સમય સુધી કર્મ આત્માને લાગેલું રહી શકે છે ? આત્માને લાગેલું કર્મ કેટલા સમય સુધી વિપાક દેવામાં અસમર્થ છે ? વિપાકનો નિયત સમય પણ બદલી શકાય છે કે નહિ ? જો બદલી શકાય છે તો તેના માટે કેવા આત્મપરિણામો આવશ્યક છે ? એક કર્મ અન્ય કર્મરૂપ ક્યારે બની શકે છે ? કર્મની બન્ધકાલીન તીવ્રમન્દ શક્તિઓ કેવી રીતે બદલી શકાય છે ? પછીથી વિપાક દેનાર કર્મને વહેલા જ કયારે અને કેવી રીતે ભોગવી શકાય છે ? કર્મ ગમે તેટલું બળવાન કેમ ન હોય, પરંતુ તેના વિપાકને શુદ્ધ આત્મિક પરિણામોથી કેવી રીતે રોકી દેવામાં આવે છે ? ક્યારેક ક્યારેક આત્માના સેંકડો પ્રયત્નો છતાં પણ કર્મ પોતાના વિપાકને ભોગવાવ્યા વિના છૂટતું નથી, કેમ ? આત્મા કેવી રીતે કર્મનો કર્તા છે અને કેવી રીતે કર્મનો ભોક્તા છે ? આટલું હોવા છતાં પણ વસ્તુતઃ આત્મામાં કર્મનું કર્તૃત્વ અને ભોક્તૃત્વ કેવી રીતે નથી ? સંક્લેશરૂપ પરિણામ પોતાની આકર્ષણશક્તિથી આત્મા ઉપર એક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકારની સૂક્ષ્મ રજનું પટલ કેવી રીતે નાખી દે છે ? આત્મા વીર્યશક્તિના આવિર્ભાવ દ્વારા આ સૂક્ષ્મ રજના પટલને કેવી રીતે ઉઠાવીને ફેંકી દે છે ? સ્વભાવતઃ શુદ્ધ આત્મા પણ કર્મના પ્રભાવે કેવી કેવી રીતે મલિન જેવો દેખાય છે ? અને બાહ્ય હજારો આવરણો હોવા છતાં પણ આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપથી ચ્યુત કેવી રીતે નથી થતો ? તે પોતાની ઉત્ક્રાન્તિના સમયે પૂર્વબદ્ધ તીવ્ર કર્મોને પણ કેવી રીતે દૂર કરી દે છે ? તે પોતામાં વર્તમાન પરમાત્મભાવને જોવા માટે જે સમયે ઉત્સુક થાય છે તે સમયે તેની અને અન્તરાયભૂત કર્મની વચ્ચે કેવું દ્વન્દ્વ (યુદ્ધ) થાય છે ? છેવટે વીર્યવાન આત્મા કયા પ્રકારનાં પરિણામોથી બળવાન કર્મોને નિર્બળ બનાવીને પોતાના પ્રગતિમાર્ગને નિષ્કંટક કરી દે છે ? આત્મમંદિરમાં વર્તમાન પરમાત્મદેવનો સાક્ષાત્કાર કરાવવામાં સહાયક પરિણામ જેમને 'અપૂર્વકરણ' અને 'અનિવૃત્તિકરણ' કહે છે તેમનું સ્વરૂપ કેવું છે ? જીવ પોતાની શુદ્ધ પરિણામતરંગમાલાના વૈદ્યુતિક યન્ત્રથી કર્મના પહાડોને કેવી રીતે ચૂર-ચૂર કરી દે છે ? ક્યારેક ક્યારેક ગુલાંટ મારીને કર્મ જ, જે થોડો વખત માટે દબાઈ ગયાં હોય છે તે જ, પ્રગતિશીલ આત્માને કેવી રીતે નીચે પાડી દે છે ? ક્યાં કયાં કર્મો બન્ધની અને ઉદયની અપેક્ષાએ પરસ્પર વિરોધી છે ? કયા કર્મનો બન્ધ કઈ અવસ્થામાં અવશ્યંભાવી છે અને કઈ અવસ્થામાં અનિયત છે ? ક્યા કર્મનો વિપાક કઈ દશા સુધી નિયત છે અને કઈ દશામાં અનિયત છે ? આત્મસંબદ્ધ અતીન્દ્રિય કર્મરજ કેવા પ્રકારની આકર્ષણશક્તિથી સ્થૂળ પુદ્ગલોને ખેંચ્યા કરે છે અને તેમના દ્વારા શરીર, મન, સૂક્ષ્મશરીર આદિનું નિર્માણ કર્યા કરે છે ? ઇત્યાદિ સંખ્યાતીત પ્રશ્નો જે કર્મ સાથે સંબંધ ધરાવે છે તેમનો સયુક્તિક, વિસ્તૃત અને વિશદ ખુલાસો જૈન કર્મસાહિત્ય સિવાય અન્ય કોઈ પણ દર્શનના સાહિત્ય દ્વારા કરી શકાતો નથી. આ જ કર્મતત્ત્વના વિષયમાં જૈન દર્શનની વિશેષતા છે.

## 'કર્મવિપાક' ગ્રન્થનો પરિચય

જગતમાં જેટલા પ્રતિષ્ઠિત સંપ્રદાયો (ધર્મસંસ્થાઓ) છે તે બધાના સાહિત્યને બે વિભાગોમાં વહેંચી શકાય – (1) તત્ત્વજ્ઞાન અને (2) આચાર અને ક્રિયા.

આ બે વિભાગો એકબીજાથી તદ્દન જ અલગ નથી. તેમનો સંબંધ તેવો જ છે જેવો શરીરમાં નેત્ર અને હાથપગ આદિ અન્ય અવયવોનો છે. જૈન સંપ્રદાયનું સાહિત્ય પણ તત્ત્વજ્ઞાન અને આચાર એ બે વિભાગોમાં વહેંચાયેલું છે. પ્રસ્તુત ગ્રન્થ પહેલા વિભાગ સાથે સંબંધ ધરાવે છે, અર્થાત્ તેમાં વિધિનિષેધાત્મક ક્રિયાનું વર્ણન નથી પરંતુ તેમાં તો તત્ત્વનું વર્ણન છે. એમ તો જૈનદર્શનમાં અનેક તત્ત્વો પર વિવિધ દૃષ્ટિએ વિચાર કરવામાં આવ્યો છે પરંતુ આ ગ્રન્થમાં તે બધાંનું વર્ણન નથી. તેમાં તો પ્રધાનપણે કર્મતત્ત્વનું વર્ણન છે. આત્મવાદી બધાં દર્શનો કોઈ ને કોઈ રૂપમાં કર્મને માને જ છે, પરંતુ જૈનદર્શન આ સંબંધમાં પોતાની અસાધારણ વિશેષતા ધરાવે છે અથવા તો કહો કે કર્મતત્ત્વના વિચારક્ષેત્રમાં જૈનદર્શનની બરાબરીનું કોઈ દર્શન નથી, તેથી આ ગ્રન્થને જૈનદર્શનની વિશેષતાનો યા જૈનદર્શનના વિચારણીય તત્ત્વનો ગ્રન્થ કહેવો ઉચિત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## વિશેષ પરિચય

આ ગ્રન્થનો અધિક પરિચય કરવા માટે તેનાં નામ, વિષય, વર્ણનક્રમ, રચનાનો મૂળ આધાર, પરિમાણ, ભાષા, કર્તા આદિ વાતો તરફ ધ્યાન આપવું જરૂરી છે.

**નામ** - આ ગ્રન્થનાં 'કર્મવિપાક' અને 'પ્રથમ કર્મગ્રન્થ' એ બે નામોમાંથી પહેલું નામ તો વિષયાનુરૂપ છે તથા તેનો ઉલ્લેખ ગ્રન્થકારે પોતે જ આદિમાં 'कम्मविवागं समासओ वुच्छं' તથા અન્તમાં 'इअ कम्मविवागोऽयं' આ કથનોથી સ્પષ્ટપણે કર્યો છે. પરંતુ બીજા નામનો ઉલ્લેખ ક્યાંય પણ કરવામાં આવ્યો નથી. આ નામ કેવળ એટલા માટે પ્રચલિત થઈ ગયું છે કેમ કે કર્મસ્તવ આદિ અન્ય કર્મવિષયક ગ્રન્થોથી આ ગ્રન્થ પહેલો છે, આ ગ્રન્થનો અભ્યાસ કર્યા વિના કર્મસ્તવ આદિ પછીના પ્રકરણોમાં પ્રવેશ જ થઈ શકતો નથી. આ બીજું નામ એટલું પ્રસિદ્ધ છે કે ભણનાર-ભણાવનાર તથા અન્ય લોકો પણ પ્રાયઃ આ બીજા નામથી જ વ્યવહાર કરે છે. 'પ્રથમ કર્મગ્રન્થ' આ પ્રચલિત નામે મૂળ નામને એટલે સુધી અપ્રચલિત કરી નાખ્યું છે કે 'કર્મવિપાક' કહેવામાં આવતાં ઘણા લોકો કહેનારનો આશય જ સમજી શકતા નથી. આ વાત કેવળ આ પ્રકરણની બાબતમાં જ નહિ પરંતુ કર્મસ્તવ આદિ અગ્રિમ પ્રકરણોની બાબતમાં પણ બરાબર લાગુ પડે છે. અર્થાત્ કર્મસ્તવ, બન્ધસ્વામિત્વ, ષડશીતિક, શતક અને સપ્તતિકા કહેતાં ક્રમશઃ બીજા, ત્રીજા, ચોથા, પાંચમા અને છઠ્ઠા પ્રકરણનો નિર્દેશ કરવામાં આવ્યો છે એમ બહુ ઓછા લોકો સમજશે. પરંતુ બીજો, ત્રીજો, ચોથો, પાંચમો અને છઠ્ઠો કર્મગ્રન્થ કહેતાં બધા લોકો કહેનારનો ભાવ સમજી જાય છે.

**વિષય** - આ ગ્રન્થનો વિષય કર્મતત્ત્વ છે, પરંતુ તેમાં કર્મ સાથે સંબંધ ધરાવતી અનેક વાતો ઉપર વિચાર ન કરતાં પ્રકૃતિઅંશ પર જ પ્રધાનપણે વિચાર કરવામાં આવ્યો છે, અર્થાત્ કર્મની બધી પ્રકૃતિઓના વિપાકનું જ તેમાં મુખ્યપણે વર્ણન કરવામાં આવ્યું છે. આ અભિપ્રાયથી જ તેનું નામ પણ 'કર્મવિપાક' રાખવામાં આવ્યું છે.

**વર્ણનક્રમ** - આ ગ્રન્થમાં સૌપ્રથમ એ દેખાડવામાં આવ્યું છે કે કર્મબન્ધ સ્વાભાવિક નથી પરંતુ સહેતુક છે. ત્યાર પછી કર્મનું સ્વરૂપ પૂરેપૂરું બતાવવા માટે તેને ચાર અંશોમાં વિભાજિત કરેલ છે - (1) પ્રકૃતિ, (2) સ્થિતિ, (3) રસ અને (4) પ્રદેશ. તે પછી આઠ પ્રકૃતિઓનાં નામ અને તેમના ઉત્તર ભેદોની સંખ્યા દર્શાવવામાં આવી છે. તદનન્તર જ્ઞાનાવરણીયકર્મના સ્વરૂપને દૃષ્ટાન્ત, કાર્ય અને કારણ દ્વારા દર્શાવવા માટે પ્રારંભમાં ગ્રન્થકારે જ્ઞાનનું નિરૂપણ કર્યું છે. જ્ઞાનના પાંચ ભેદોને અને તેમના અવાન્તર ભેદોને સંક્ષેપમાં પરંતુ તત્ત્વરૂપે દર્શાવ્યા છે. જ્ઞાનનું નિરૂપણ કરીને જ્ઞાનના આવરણભૂત કર્મનું દૃષ્ટાન્ત દ્વારા ઉદ્‌ઘાટન (ખુલાસો) કર્યું છે. ત્યાર બાદ દર્શનાવરણકર્મને દૃષ્ટાન્ત દ્વારા સમજાવ્યું છે. તે પછી તેના ભેદોને દર્શાવતી વખતે 'દર્શન' શબ્દનો અર્થ દર્શાવ્યો છે.

દર્શનાવરણીય કર્મના ભેદોમાં પાંચ પ્રકારની નિદ્રાઓનું સ્વરૂપ સંક્ષેપમાં પરંતુ ઘણી મનોરંજક રીતે વર્ણવવામાં આવ્યું છે. ત્યાર પછી ક્રમથી સુખદુઃખજનક વેદનીયકર્મ, સદ્વિશ્વાસ અને સચ્ચારિત્રનું પ્રતિબન્ધક મોહનીય કર્મ, અક્ષય જીવનનું વિરોધી આયુકર્મ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગતિ, જાતિ આદિ અનેક અવસ્થાઓનું જનક નામકર્મ, ઉચ્ચ-નીચગોત્રજનક ગોત્રકર્મ અને લાભ આદિમાં રુકાવટ ઊભી કરનાર અન્તરાયકર્મનું તથા તે પ્રત્યેક કર્મના ભેદોનું ટૂંકમાં પરંતુ અનુભવસિદ્ધ વર્ણન કરવામાં આવ્યું છે. છેવટે પ્રત્યેક કર્મના કારણને દર્શાવીને ગ્રન્થ સમાપ્ત કર્યો છે. આમ આ ગ્રન્થનો પ્રધાન વિષય કર્મનો વિપાક છે, તેમ છતાં પ્રસંગવશ તેમાં જે કંઈ કહેવામાં આવ્યું છે તે બધાને સંક્ષેપમાં પાંચ વિભાગોમાં વહેંચી શકાય - (1) પ્રત્યેક કર્મના પ્રકૃતિ આદિ ચાર અંશોનું કથન, (2) કર્મની મૂળ તથા ઉત્તર પ્રકૃતિઓ, (3) પાંચ પ્રકારના જ્ઞાન અને ચાર પ્રકારના દર્શનનું વર્ણન, (4) બધી પ્રકૃતિનાં કાર્યોનું દષ્ટાન્તપૂર્વક કથન અને (5) બધી પ્રકૃતિઓનાં કારણોનું કથન.

**આધાર** - એમ તો આ ગ્રન્થ કર્મપ્રકૃતિ, પંચસંગ્રહ આદિ પ્રાચીનતર ગ્રન્થોના આધારે રચવામાં આવ્યો છે પરંતુ તેનો સાક્ષાત્ આધાર પ્રાચીન કર્મવિપાક છે જે શ્રી ગર્ગ ઋષિએ રચેલ છે. પ્રાચીન કર્મગ્રન્થ 166 ગાથાપ્રમાણ હોવાથી પહેલવહેલા કર્મશાસ્ત્રમાં પ્રવેશ કરનારાઓ માટે બહુ વિસ્તૃત બની જાય છે, તેથી તેનો સંક્ષેપ કેવળ 61 ગાથાઓમાં કરી દેવામાં આવ્યો છે. આટલો સંક્ષેપ થવા છતાં પણ તેમાં પ્રાચીન કર્મવિપાકની કોઈ પણ ખાસ અને તાત્ત્વિક વાત છૂટી ગઈ નથી. એટલું જ નહિ, પરંતુ સંક્ષેપ કરવામાં ગ્રન્થકારે એટલે સુધી ધ્યાન રાખ્યું છે કે કોઈ અતિ ઉપયોગી નવીન વિષયો જેમનું વર્ણન પ્રાચીન કર્મવિપાકમાં નથી તેમને પણ આ ગ્રન્થમાં દાખલ કરી દીધા છે. ઉદાહરણાર્થ, શ્રુતજ્ઞાનના પર્યાય આદિ 20 ભેદ તથા આઠ કર્મપ્રકૃતિઓના બન્ધના હેતુ પ્રાચીન કર્મવિપાકમાં નથી પરંતુ આ ગ્રન્થમાં તેમનું વર્ણન છે. સંક્ષેપ કરવામાં ગ્રન્થકારે એ તત્ત્વ તરફ ધ્યાન આપ્યું છે કે જે એક વાતનું વર્ણન કરવાથી અન્ય વાતો પણ સમાનતાના કારણે સુગમતાથી સમજી શકાય ત્યાં તે વાતને જ દર્શાવવી, અન્ય વાતોને નહિ. આ આશયથી, પ્રાચીન કર્મવિપાકમાં જેમ પ્રત્યેક મૂલ યા ઉત્તર પ્રકૃતિનો વિપાક દર્શાવાયો છે તેમ આ ગ્રન્થમાં દર્શાવાયો નથી. પરંતુ આવશ્યક વક્તવ્યમાં કંઈ પણ ઓછું કરવામાં આવ્યું નથી. તેથી આ ગ્રન્થનો પ્રચાર સર્વસાધારણ થઈ ગયો છે. આને ભણનારા પ્રાચીન કર્મવિપાકને ટીકા-ટિપ્પણ વિના અનાયાસ સમજી શકે છે. આ ગ્રન્થ સંક્ષેપરૂપ હોવાથી બધાને મોઢે કરવાનું અને યાદ રાખવાનું ઘણું સહેલું પડે છે. તેથી પ્રાચીન કર્મવિપાક છપાઈ ગયા પછી પણ આ ગ્રન્થના આકર્ષણ અને માગમાં કોઈ પણ ઓછપ આવી નથી. આ કર્મવિપાક ગ્રન્થ કરતાં પ્રાચીન કર્મવિપાક ગ્રન્થ મોટો છે એ સાચું, પરંતુ તે પ્રાચીન કર્મવિપાક ગ્રન્થ પણ તેનાથીય વધુ પ્રાચીન ગ્રન્થનો સંક્ષેપ છે, આ વાત તેની આદિમાં આવતા 'वोच्छं कम्मविवागं गुरूवइट्ठं समासेण' વાક્યથી સ્પષ્ટ છે.

**ભાષા** - આ કર્મગ્રન્થ તથા તેની પછીના બીજા બધા કર્મગ્રન્થનું મૂળ પ્રાકૃત ભાષામાં છે. તેમની ટીકા સંસ્કૃતમાં છે. મૂળ ગાથાઓ એવી સુગમ ભાષામાં રચવામાં આવી છે કે વાચકોને થોડોઘણો સંસ્કૃતનો બોધ હોય અને તેમને પ્રાકૃતના કેટલાક નિયમો સમજાવી દેવામાં આવે તો તેઓ મૂળ ગાથાઓ ઉપરથી જ વિષયનું પરિજ્ઞાન કરી શકે છે. સંસ્કૃત ટીકા પણ ઘણી વિશદ ભાષામાં ખુલાસાઓ સાથે લખવામાં આવી છે જેથી જિજ્ઞાસુઓને વાંચવા-સમજવામાં બહુ જ સુગમતા રહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ગ્રન્થકારનું જીવન

**(1) સમય** - પ્રસ્તુત ગ્રન્થના કર્તા શ્રી દેવેન્દ્રસૂરિનો સમય વિક્રમની તેરમી શતાબ્દીનો અન્ત અને ચૌદમી શતાબ્દીનો આરંભ છે. તેમનો સ્વર્ગવાસ વિ.સં.1337માં થયાનો ઉલ્લેખ ગુર્વાવલીમાં[9] સ્પષ્ટ છે પરંતુ તેમનાં જન્મ, દીક્ષા, સૂરિપદ આદિના સમયનો ઉલ્લેખ ક્યાંય મળતો નથી, તેમ છતાં એવું જણાય છે કે 1285માં શ્રી જગચ્ચન્દ્રસૂરિએ તપાગચ્છની સ્થાપના કરી ત્યારે તે દીક્ષિત હશે કેમ કે ગચ્છસ્થાપના પછી શ્રી જગચ્ચન્દ્રસૂરિએ જ શ્રી દેવેન્દ્રસૂરિને અને વિજયચન્દ્રસૂરિને સૂરિપદ આપ્યાનું વર્ણન ગુર્વાવલીમાં[10] છે. એ તો માનવું જ પડે છે કે સૂરિપદ ગ્રહણ કરતી વખતે શ્રી દેવેન્દ્રસૂરિ વય, વિદ્યા અને સંયમમાં સ્થવિર હશે. અન્યથા આટલા ગુરુતર પદનો અને ખાસ કરીને નવીન પ્રતિષ્ઠિત કરવામાં આવેલા તપાગચ્છના નાયકત્વનો ભાર તેઓ કેવી રીતે સંભાળી શકે ?

તેમનું સૂરિપદ વિ.સં.1285 પછી થયું. સૂરિપદનો સમય આનુમાનિક વિ.સં.1300 માની લઈએ તો પણ કહી શકાય કે તપાગચ્છની સ્થાપનાના સમયે તેઓ નવદીક્ષિત હશે. તેમનું કુલ આયુષ્ય 50 કે 52 વર્ષનું માની લઈએ તો એ સિદ્ધ છે કે વિ.સં.1275 આસપાસ ક્યારેક તેમનો જન્મ થયો હશે. વિ.સં. 1302માં તેમણે ક્યારેક ઉજ્જયિનીમાં શ્રેષ્ઠિવર જિનચન્દ્રના પુત્ર વીરધવલને દીક્ષા આપી જે આગળ ઉપર વિદ્યાનન્દસૂરિ નામથી વિખ્યાત થયા. તે સમયે દેવેન્દ્રસૂરિની ઉંમર 25-27 વર્ષની માનવામાં આવે તો ઉક્ત અનુમાનની - 1275 આસપાસ ક્યારેક તેમનો જન્મ થયો હોવાના અનુમાનની પુષ્ટિ થાય છે. અસ્તુ. જન્મનો, દીક્ષાનો તથા સૂરિપદનો સમય નિશ્ચિત ન હોવા છતાં પણ એ વાતમાં કોઈ સંદેહ નથી કે તેઓ વિક્રમની તેરમી શતાબ્દીના અન્તમાં તથા ચૌદમી શતાબ્દીના આરંભમાં પોતાના અસ્તિત્વથી ભારતવર્ષની, અને ખાસ કરીને ગુજરાત તથા માલવાની શોભા વધારી રહ્યા હતા.

**(2) જન્મભૂમિ, જાતિ આદિ** - શ્રી દેવેન્દ્રસૂરિનો જન્મ કયા દેશમાં, કઈ જાતિમાં અને કયા પરિવારમાં થયો હતો એનું કોઈ પ્રમાણ આજ સુધી મળ્યું નથી. ગુર્વાવલીમાં[11] તેમના જીવનનું વૃત્તાન્ત છે પરંતુ તે બહુ જ સંક્ષિપ્ત છે. તેમાં સૂરિપદ ગ્રહણ કર્યા પછીની વાતોનો ઉલ્લેખ છે, અન્ય વાતોનો ઉલ્લેખ નથી. તેથી તેના આધારે તેમના જીવનના સંબંધમાં જ્યાં પણ જે ઉલ્લેખ થયો છે તે અધૂરો જ છે તેમ છતાં ગુજરાત અને માલવામાં તેમનો અધિક વિહાર એ અનુમાન તરફ દોરી જાય છે કે તે ગુજરાત યા માલવામાંથી કોઈ દેશમાં જન્મ્યા હશે. તેમની જાતિ, માતાપિતા અંગે તો સાધનના અભાવમાં કોઈ જાતના અનુમાનને અવકાશ જ નથી.

**(3) વિદ્વત્તા અને ચારિત્રતત્પરતા** - શ્રી દેવેન્દ્રસૂરિજી જૈનશાસ્ત્રના પૂરા વિદ્વાન હતા એમાં તો કોઈ સંદેહ નથી જ કેમ કે એ વાતની સાક્ષી તેમના ગ્રન્થો પૂરી રહ્યા છે. આજ સુધી તેમણે રચેલો એવો કોઈ ગ્રન્થ જોવામાં નથી આવ્યો કે જેમાં તેમણે સ્વતન્ત્રપણે ષડ્દર્શન પર પોતાના વિચાર પ્રગટ કર્યા હોય. પરંતુ ગુર્વાવલીના વર્ણનમાંથી જાણવા મળે કે તેઓ ષડ્દર્શનના માર્મિક વિદ્વાન હતા અને તેથી મન્ત્રીશ્વર વસ્તુપાળ તથા

9. જુઓ શ્લોક 174.
10. જુઓ શ્લોક 107.
11. જુઓ શ્લોક 107થી આગળ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અન્યાન્ય વિદ્વાન તેમના વ્યાખ્યાનમાં આવ્યા કરતા હતા. એવો કોઈ નિયમ નથી કે જે જે વિષયનો પંડિત હોય તે તેના ઉપર ગ્રન્થ લખે જ, કેટલાંક કારણોથી એવું ન પણ થઈ શકે. પરંતુ શ્રી દેવેન્દ્રસૂરિનું જૈનાગમવિષયક જ્ઞાન હૃદયસ્પર્શી હતું એ વાત અસંદિગ્ધ છે. તેમણે પાંચ કર્મગ્રન્થ - જે નવીન કર્મગ્રન્થના નામથી પ્રસિદ્ધ છે (અને જેમાંનો આ પહેલો કર્મગ્રન્થ છે) તે, સટીક રચ્યા છે. ટીકા એટલી વિશદ અને સપ્રમાણ છે કે તેને જોયા પછી પ્રાચીન કર્મગ્રન્થ યા તેની ટીકાઓ જોવાની જિજ્ઞાસા એક રીતે શાન્ત થઈ જાય છે. તેમણે સંસ્કૃત તથા પ્રાકૃત ભાષામાં રચેલા અનેક ગ્રન્થ એ વાતને સ્પષ્ટ સૂચવે છે કે તેઓ સંસ્કૃત તથા પ્રાકૃત ભાષાના પ્રખર પંડિત હતા.

શ્રી દેવેન્દ્રસૂરિ કેવળ વિદ્વાન જ ન હતા પરંતુ ચારિત્રધર્મમાં પણ ખૂબ દૃઢ હતા. તેના પ્રમાણમાં યા સમર્થનમાં એટલું જ કહેવું પર્યાપ્ત છે કે તે સમયે ક્રિયાશિથિલતાને જોઈને શ્રી જગચ્ચન્દ્રસૂરિએ મોટા પુરુષાર્થ અને નિઃસીમ ત્યાગથી જે ક્રિયોદ્ધાર કર્યો હતો તેનો નિર્વાહ શ્રી દેવેન્દ્રસૂરિએ જ કર્યો. જો કે શ્રી જગચ્ચન્દ્રસૂરિએ શ્રી દેવેન્દ્રસૂરિ તથા વિજયચન્દ્રસૂરિ બન્નેને આચાર્યપદ પર પ્રતિષ્ઠિત કર્યા હતા તેમ છતાં ગુરુએ આરંભેલા ક્રિયોદ્ધારના દુર્ધર કાર્યને શ્રી દેવચન્દ્રસૂરિ જ સંભાળી શક્યા. તત્કાલીન શિથિલાચાર્યોનો પ્રભાવ તેમના ઉપર જરા પણ પડ્યો નહિ. એનાથી ઊલટું, શ્રી વિજયચન્દ્રસૂરિ વિદ્વાન હોવા છતાં પણ પ્રમાદની ચુંગાલમાં ફસાઈ ગયા અને શિથિલાચારી બની ગયા.[12] પોતાના સહચારીને શિથિલ જોઈ સમજાવવા છતાં પણ તેમના ન સમજવાથી છેવટે શ્રી દેવચન્દ્રસૂરિએ પોતાની ક્રિયારુચિના કારણે તેમનાથી અલગ થઈ જવાનું પસંદ કર્યું. તેથી એ વાત ચોખ્ખી પ્રમાણિત થઈ જાય છે કે શ્રી દેવચન્દ્રસૂરિ અતિ દૃઢ મનવાળા અને ગુરુભક્ત હતા. તેમનું હૃદય એવું સંસ્કારી હતું કે તેમાં ગુણનું પ્રતિબિંબ તો શીઘ્ર પડી જતું હતું પરંતુ દોષનું પ્રતિબિંબ તો પડતું જ ન હતું, કેમ કે દસમી, અગિયારમી, બારમી અને તેરમી શતાબ્દીમાં જે શ્વેતામ્બર તથા દિગમ્બર સંપ્રદાયના અનેક અસાધારણ વિદ્વાનો થયા તેમની વિદ્વત્તા, ગ્રન્થનિર્માણપટુતા અને ચારિત્રપ્રિયતા આદિ ગુણોનો પ્રભાવ તો શ્રી દેવચન્દ્રસૂરિના હૃદય પર પડ્યો[13], પરંતુ તે સમયે જે અનેક શિથિલાચારીઓ હતા તેમની જરા સરખી પણ અસર તેમના ઉપર ન પડી.

શ્રી દેવેન્દ્રસૂરિ શુદ્ધક્રિયાપક્ષપાતી હોવાથી અનેક મુમુક્ષુ જે કલ્યાણાર્થી અને સંવિગ્નપાક્ષિક હતા તેઓ આવીને તેમની સાથે મળી ગયા હતા. આ રીતે તેમણે જ્ઞાનની જેમ જ ચારિત્રને પણ સ્થિર રાખવામાં અને ઉન્નત કરવામાં પોતાની શક્તિનો ઉપયોગ કર્યો હતો.

---

12. જુઓ ગુર્વાવલી શ્લોક 122થી તેમનું જીવનવૃત્ત.

13. ઉદાહરણાર્થ, જે દસમી શતાબ્દીમાં થયા હતા તે ગર્ગઋષિના કર્મવિપાકનો સંક્ષેપ તેમણે કર્યો છે. શ્રી નેમિચન્દ્ર સિદ્ધાન્તચક્રવર્તી, જે અગિયારમી શતાબ્દીમાં થયા હતા તેમના રચેલા ગોમ્મટસારમાંથી શ્રુતજ્ઞાનના પદશ્રુત આદિ વીસ ભેદો તેમણે પ્રથમ કર્મગ્રન્થમાં દાખલ કર્યા જે ભેદો શ્વેતામ્બરીય અન્ય ગ્રન્થોમાં આજ સુધી જોવામાં આવ્યા નથી. શ્રી મલયગિરિસૂરિ જે બારમી શતાબ્દીમાં થયા હતા તેમના ગ્રન્થનાં તો વાક્યોનાં વાક્યો તેમણે રચેલી ટીકા આદિમાં જોવામાં આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**(4) ગુરુ** - શ્રી દેવેન્દ્રસૂરિના ગુરુ હતા જગચ્ચન્દ્રસૂરિ જેમણે શ્રી દેવભદ્ર ઉપાધ્યાયની મદદથી ક્રિયોદ્ધારનું કાર્ય આરંભ્યું હતું. આ કાર્યમાં તેમણે પોતાની અસાધારણ ત્યાગવૃત્તિ દેખાડીને બીજાઓ માટે આદર્શ ઉપસ્થિત કર્યો હતો. તેમણે આજન્મ આયંબિલ વ્રતનો નિયમ લઈને ઘી, દૂધ આદિ માટે જૈનશાસ્ત્રમાં વપરાતા 'વિકૃતિ' શબ્દને યથાર્થ સિદ્ધ કર્યો. આ કઠિન તપસ્યાના કારણે વડગચ્છનું 'તપાગચ્છ' નામ પડ્યું અને તેઓ તપાગચ્છના આદિ સૂત્રધાર કહેવાયા. મન્ત્રીશ્વર વસ્તુપાલે ગચ્છપરિવર્તનના પ્રસંગે શ્રી જગચ્ચન્દ્રસૂરિની બહુ અર્ચાપૂજા કરી. શ્રી જગચ્ચન્દ્રસૂરિ કેવળ તપસ્વી જ ન હતા પરંતુ તે પ્રતિભાશાળી પણ હતા, કેમ કે ગુર્વાવલીમાં એવું વર્ણન છે કે તેમણે ચિત્તૌડની રાજધાની અઘાટ (અહડ) નગરમાં બત્રીસ દિગમ્બર વાદીઓની સાથે વાદ કર્યો હતો અને તેમાં તેઓ હીરાની જેમ અભેદ્ય રહ્યા હતા. આના પરિણામે ચિત્તૌડનરેશ તરફથી તેમને 'હીરલા'ની પદવી મળી હતી.[14] તેમની કઠિન તપસ્યા, શુદ્ધ બુદ્ધિ અને નિવરદ્ય ચારિત્ર માટે આ જ પ્રમાણ બસ છે કે તેમણે સ્થાપિત કરેલા તપાગચ્છની પાટ પર આજ સુધી એવા વિદ્વાન, ક્રિયાતત્પર અને શાસનપ્રભાવક આચાર્ય બરાબર થતા આવ્યા છે કે જેમની આગળ બાદશાહોએ, હિન્દુ નરપતિઓએ અને મોટા મોટા વિદ્વાનોએ શીશ નમાવ્યું છે.[15]

**(5) પરિવાર** - શ્રી દેવેન્દ્રસૂરિનો પરિવાર કેટલો મોટો હતો એનો સ્પષ્ટ ખુલાસો તો ક્યાંય જોવા મળતો નથી, પરંતુ એવો ઉલ્લેખ મળે છે કે અનેક સંવિગ્ન મુનિ તેમના આશ્રિત હતા.[16] ગુર્વાવલીમાં તેમના બે શિષ્યનો - શ્રી વિદ્યાનન્દ અને શ્રી ધર્મકીર્તિનો - ઉલ્લેખ છે. તે બન્ને શિષ્યો ભાઈઓ હતા. 'વિદ્યાનન્દ' નામ સૂરિપદ પછીનું છે. તેમણે 'વિદ્યાનન્દ' નામનું વ્યાકરણ રચ્યું છે. ધર્મકીર્તિ ઉપાધ્યાયે, જે સૂરિપદ પ્રાપ્ત કર્યા પછી 'ધર્મઘોષ' નામે પ્રસિદ્ધ થયા તેમણે, પણ કેટલાક ગ્રન્થોની રચના કરી છે. આ બન્ને શિષ્યો અન્ય શાસ્ત્રો ઉપરાંત જૈનશાસ્ત્રના સારા વિદ્વાન હતા. તેનું પ્રમાણ તેમના ગુરુ શ્રી દેવેન્દ્રસૂરિના કર્મગ્રન્થની વૃત્તિના અંતિમ શ્લોકમાંથી મળે છે. તેમણે લખ્યું છે કે 'મારી રચેલી આ ટીકાને શ્રી વિદ્યાનન્દ અને શ્રી ધર્મકીર્તિ એ બન્ને વિદ્વાનોએ શોધી છે.' તે બન્નેનું વિસ્તૃત વૃત્તાન્ત જૈનતત્ત્વાદર્શના બારમા પરિચ્છેદમાં આપવામાં આવ્યું છે.

**(6) ગ્રન્થ** - શ્રી દેવેન્દ્રસૂરિના કેટલાક ગ્રન્થોનાં, જેમનું અસ્તિત્વ જાણવા મળ્યું છે તેમનાં, નામો નીચે લખવામાં આવ્યાં છે -

(1) શ્રાદ્ધદિનકૃત્યસૂત્રવૃત્તિ, (2) સટીક પાંચ નવીન કર્મગ્રન્થ, (3) સિદ્ધપંચાશિકાસૂત્રવૃત્તિ, (4) ધર્મરત્નવૃત્તિ, (5) સુદર્શનચરિત્ર, (6) ચૈત્યવન્દનાદિભાષ્યત્રય, (7) વંદારુવૃત્તિ, (8) સિરિઉસહવદ્ધમાણપ્રમુખ સ્તવન, (9) સિદ્ધદણ્ડિકા અને (10) સારવૃત્તિદશા.

આમાંથી પ્રાયઃ ઘણા ગ્રન્થો જૈનધર્મ પ્રસારક સભા ભાવનગર, આત્માનન્દ સભા ભાવનગર, દેવચંદ લાલભાઈ પુસ્તકોદ્ધાર ફંડ સુરત તરફથી પ્રકાશિત થઈ ગયા છે.

●

14. આ બધું જાણવા માટે જુઓ ગુર્વાવલી શ્લોક 88થી આગળ.
15. જેમ કે શ્રી હીરવિજયસૂરિ, શ્રીમદ્ ન્યાયવિશારદ મહામહોપાધ્યાય યશોવિજયગણિ, શ્રીમદ્ ન્યાયામ્ભોનિધિ વિજયાનન્દસૂરિ આદિ.
16. જુઓ પદ્ય 153થી આગળ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## બીજું પ્રકરણ

# દ્વિતીયકર્મગ્રન્થપરિશીલન

### ગ્રન્થરચનાનો ઉદ્દેશ

(જેમ પ્રથમ કર્મગ્રન્થનું નામ 'કર્મવિપાક' છે તેમ દ્વિતીય કર્મગ્રન્થનું નામ 'કર્મસ્તવ' છે.) 'કર્મવિપાક' નામક પ્રથમ કર્મગ્રન્થમાં કર્મની મૂલ તથા ઉત્તર પ્રકૃતિઓનું વર્ણન કરવામાં આવ્યું છે. તેમાં બન્ધયોગ્ય, ઉદયયોગ્ય, ઉદીરણાયોગ્ય અને સત્તાયોગ્ય પ્રકૃતિઓની જુદી જુદી સંખ્યા પણ દર્શાવવામાં આવી છે. હવે તે પ્રકૃતિઓના બન્ધની, ઉદય-ઉદીરણાની અને સત્તાની યોગ્યતાને દર્શાવવાની આવશ્યકતા છે. તેથી આ આવશ્યકતાને પૂરી કરવાના ઉદ્દેશથી આ બીજા કર્મગ્રન્થની રચના કરવામાં આવી છે.

### વિષયવર્ણન શૈલી

સંસારી જીવ સંખ્યામાં અનન્ત છે. તેથી તેમનામાંથી એક વ્યક્તિનો નિર્દેશ કરીને તે બધાની બન્ધાદિ સંબંધી યોગ્યતાને દર્શાવવી અસંભવ છે. વળી, એક વ્યક્તિમાં પણ બન્ધાદિ સંબંધી યોગ્યતા સદા એકસરખી જ રહેતી નથી, કેમ કે પરિણામ અને વિચાર બદલાતા રહેવાના કારણે બન્ધાદિવિષયક યોગ્યતા પણ પ્રતિસમય બદલાયા કરે છે. તેથી આત્મદર્શી શાસ્ત્રકારોએ દેહધારી જીવોના ચૌદ વર્ગો કર્યા છે. આ વર્ગીકરણ તેમની આભ્યન્તર શુદ્ધિની ઉત્ક્રાન્તિ-અપક્રાન્તિના આધાર પર કરવામાં આવ્યું છે. આ વર્ગીકરણને શાસ્ત્રીય પરિભાષામાં ગુણસ્થાનક્રમ કહે છે. ગુણસ્થાનનો આ ક્રમ એવો છે કે જેથી ચૌદ વિભાગોમાં બધા દેહધારી જીવોનો સમાવેશ થઈ જાય છે, તેથી અનન્ત દેહધારીઓની બન્ધાદિ સંબંધી યોગ્યતાને ચૌદ વિભાગો દ્વારા દર્શાવવી સહજ બની જાય છે અને એક જીવવ્યક્તિની યોગ્યતાનું - જે પ્રતિસમય બદલાયા કરે છે તેનું - પણ પ્રદર્શન કોઈ ને કોઈ વિભાગ દ્વારા કરી શકાય છે. સંસારી જીવની આન્તરિક શુદ્ધિના તરતમભાવની પૂરી વૈજ્ઞાનિક તપાસ કરીને ગુણસ્થાનક્રમની રચના કરવામાં આવી છે. એનાથી એ દર્શાવવું યા સમજાવવું સરળ થઈ ગયું છે કે અમુક પ્રકારની આન્તરિક અશુદ્ધિવાળો યા શુદ્ધિવાળો જીવ આટલી જ પ્રકૃતિના બન્ધનો, ઉદય-ઉદીરણાનો અને સત્તાનો અધિકારી બની શકે છે. આ કર્મગ્રન્થમાં ઉક્ત ગુણસ્થાનક્રમના આધારે જ જીવોની બન્ધાદિ સંબંધી યોગ્યતાને દર્શાવવામાં આવી છે. આ જ આ ગ્રન્થની વિષયવર્ણનશૈલી છે.

### વિષયવિભાગ

આ ગ્રન્થના વિષયના મુખ્ય ચાર વિભાગ છે - (1) બન્ધાધિકાર, (2) ઉદયાધિકાર, (3) ઉદીરણાધિકાર અને (4) સત્તાધિકાર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બન્ધાધિકારમાં ગુણસ્થાનક્રમને લઈને પ્રત્યેક ગુણસ્થાનવર્તી જીવોની બન્ધયોગ્યતાને દર્શાવી છે. આ જ રીતે ઉદયાધિકારમાં તેમની ઉદય સંબંધી યોગ્યતાને, ઉદીરણાધિકારમાં ઉદીરણા સંબંધી યોગ્યતાને અને સત્તાધિકારમાં સત્તા સંબંધી યોગ્યતાને દર્શાવી છે. ઉક્ત ચાર અધિકારોની રચના જે વસ્તુ પર કરવામાં આવી છે તે વસ્તુના - ગુણસ્થાનક્રમના નામનો નિર્દેશ પણ ગ્રન્થના આરંભમાં જ કરી દીધો છે. તેથી આ ગ્રન્થનો વિષય પાંચ વિભાગોમાં વિભાજિત થઈ ગયો છે. સૌપ્રથમ ગુણસ્થાનક્રમનો નિર્દેશ અને પછી ક્રમશઃ પૂર્વોક્ત ચાર અધિકાર.

**'કર્મસ્તવ' નામ રાખવા પાછળનો આશય**

આધ્યાત્મિક વિદ્વાનોની દષ્ટિ બધી પ્રવૃત્તિઓમાં આત્માની તરફ રહે છે. તેઓ ભલે ને કોઈ પણ કામ યા પ્રવૃત્તિ કરે પરંતુ તે કરતી વખતે પોતાની સમક્ષ એક એવો આદર્શ સતત ઉપસ્થિત રાખે છે કે જેથી તેમની આધ્યાત્મિક મહત્ત્વાકાંક્ષા ઉપર જગતના આકર્ષણની જરા પણ અસર થતી નથી. તે લોકોને અટલ વિશ્વાસ હોય છે કે 'બરાબર લક્ષિત દિશા તરફ જે જહાજ ચાલે છે તે ઘણું કરીને વિઘ્ન-બાધાઓ-નો શિકાર બનતું નથી'. આ જ વિશ્વાસ કર્મગ્રન્થના રચનાર આચાર્યમાં પણ હતો, તેથી તેમણે ગ્રન્થરચનાવિષયક પ્રવૃત્તિ કરતી વખતે પણ મહાન આદર્શને પોતાની નજર સામે જ રાખવાનું ઇચ્છ્યું. ગ્રન્થકારની દષ્ટિમાં આદર્શ હતો ભગવાન મહાવીરનો. ભગવાન મહાવીરના જે કર્મક્ષયરૂપ અસાધારણ ગુણ પર ગ્રન્થકાર મુગ્ધ થયા હતા તે ગુણને તેમણે પોતાની કૃતિ દ્વારા દર્શાવવા ઇચ્છ્યો. તેથી પ્રસ્તુત ગ્રન્થની રચના તેમણે પોતાના આદર્શ ભગવાન મહાવીરની સ્તુતિના બહાને કરી છે. આ ગ્રન્થમાં મુખ્ય વર્ણન કર્મના બન્ધાદિનું છે. પરંતુ તે કરવામાં આવ્યું છે સ્તુતિના બહાને. તેથી પ્રસ્તુત ગ્રન્થનું અર્થાનુરૂપ નામ કર્મસ્તવ રાખવામાં આવ્યું છે.

**ગ્રન્થરચનાનો આધાર**

આ ગ્રન્થની રચના 'પ્રાચીન કર્મસ્તવ' નામના બીજા કર્મગ્રન્થના આધારે કરવામાં આવી છે. તેનો અને આનો વિષય એક જ છે. ભેદ એટલો જ છે કે આનું પરિમાણ પ્રાચીન ગ્રન્થથી અલ્પ છે. પ્રાચીનમાં 55 ગાથાઓ છે જ્યારે આમાં 34 ગાથાઓ છે. જે વાત પ્રાચીનમાં કંઈક વિસ્તારથી કહેવામાં આવી છે તેને આમાં પરિમિત શબ્દો દ્વારા કહી દીધી છે. જો કે વ્યવહારમાં પ્રાચીન કર્મગ્રન્થનું નામ 'કર્મસ્તવ' છે, પરંતુ તેની આરંભની ગાથાથી સ્પષ્ટ જણાય છે કે તેનું અસલ નામ તો 'બન્ધોદયસત્ત્વયુક્તસ્તવ' છે. જુઓ નીચે આપેલી પ્રસ્તુત ગાથા -

नमिऊण जिणवरिंदे तिहुयणवरनाणदंसणपईवे ।
बंधुदयसंतजुत्तं वोच्छामि थयं निसामेह ॥1॥

પ્રાચીનના આધારે રચવામાં આવેલા આ કર્મગ્રન્થનું 'કર્મસ્તવ' નામ કર્તાએ આ ગ્રન્થના કોઈ પણ ભાગમાં ઉલ્લેખ્યું નથી, તેમ છતાં તેનું નામ 'કર્મસ્તવ' હોવામાં કોઈ સંદેહ નથી કેમ કે આ કર્મગ્રન્થના કર્તા શ્રી દેવેન્દ્રસૂરિએ પોતે રચેલા ત્રીજા કર્મગ્રન્થના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अन्ते 'नेयं कम्मत्थयं सोउं' આ અંશ દ્વારા તે નામનું કથન કરી જ દીધું છે. 'स्तव' શબ્દની પહેલાં 'બન્ધોદયસત્ત્વ' યા 'કર્મ' કોઈ પણ શબ્દ રાખવામાં આવે, અર્થમાં કોઈ ફરક પડતો નથી. પરંતુ આ જગાએ આની ચર્ચા કેવળ એટલા માટે કરવામાં આવી છે કે પ્રાચીન બીજા કર્મગ્રન્થના અને ગોમ્મટસારના બીજા પ્રકરણના નામમાં કંઈ પણ ફરક નથી. આ નામની એકતા શ્વેતામ્બર-દિગમ્બર આચાર્યોના ગ્રન્થરચનાવિષયક પારસ્પરિક અનુકરણનું પૂરું પ્રમાણ છે. એ વાત ધ્યાન દેવા યોગ્ય છે કે નામ સર્વથા સમાન હોવા છતાં પણ ગોમ્મટસારમાં તો 'स्तव' શબ્દની વ્યાખ્યા તદ્દન વિલક્ષણ છે, પરંતુ પ્રાચીન દ્વિતીય કર્મગ્રન્થમાં તથા તેની ટીકામાં 'स्तव' શબ્દના તે વિલક્ષણ અર્થનું જરા પણ સૂચન નથી. તેથી એવું જણાય છે કે જો ગોમ્મટસારના બન્ધોદયસત્ત્વયુક્ત નામનો આશ્રય લઈને પ્રાચીન દ્વિતીય કર્મગ્રન્થનું તે નામ રાખવામાં આવ્યું હોત તો તેનો વિલક્ષણ અર્થ પણ તેમાં સ્થાન પામ્યો હોત. તેથી એવું લાગે છે કે પ્રાચીન દ્વિતીય કર્મગ્રન્થની રચના ગોમ્મટસારથી પહેલાં થઈ હશે. ગોમ્મટસારની રચનાનો સમય વિક્રમની અગિયારમી શતાબ્દી દર્શાવવામાં આવે છે, જ્યારે પ્રાચીન દ્વિતીય કર્મગ્રન્થની રચનાનો સમય તથા તેના કર્તાનું નામ વગેરે અજ્ઞાત છે. પરંતુ પ્રાચીન દ્વિતીય કર્મગ્રન્થની ટીકા રચનાર 'શ્રી ગોવિન્દાચાર્ય' છે જે પોતે શ્રી દેવનાગના શિષ્ય હતા. શ્રી ગોવિન્દાચાર્યનો સમય પણ સંદેહના પડ નીચે છુપાયેલો છે પરંતુ તેમણે રચેલી ટીકાની હસ્તપ્રત જે વિક્રમ સંવત 1277માં તાડપત્ર પર લખાયેલી છે તે મળે છે. તેથી નિશ્ચિત છે કે શ્રી ગોવિન્દાચાર્યનો સમય વિ.સં. 1277 પહેલાંનો હોવો જોઈએ. જો આ અનુમાનથી ટીકાકારનો સમય બારમી શતાબ્દી માનવામાં આવે તો પણ આ અનુમાન કરવામાં કોઈ આપત્તિ નથી કે મૂલ પ્રાચીન દ્વિતીય કર્મગ્રન્થની રચના તેનાથી સો-બસો વર્ષ પહેલાં જ થઈ હોવી જોઈએ. તેથી એ શક્ય છે કે કદાચ તે પ્રાચીન દ્વિતીય કર્મગ્રન્થનું જ નામ ગોમ્મટસારમાં લેવામાં આવ્યું હોય અને સ્વતન્ત્રતા દેખાડવા માટે 'स्तव' શબ્દની વ્યાખ્યા તદ્દન બદલી નાખવામાં આવી હોય. અસ્તુ, આ વિષયમાં કંઈ પણ નિશ્ચિત કરવું એ સાહસ છે. આ અનુમાનસૃષ્ટિ તો વર્તમાન લેખકોની શૈલીનું અનુકરણ માત્ર છે. આ નવીન દ્વિતીય કર્મગ્રન્થના પ્રણેતા શ્રી દેવચન્દ્રસૂરિના સમય આદિને પ્રથમ કર્મગ્રન્થની પ્રસ્તાવનામાંથી જાણી લેવાં.

### ગોમ્મટસારમાં 'स्तव' શબ્દનો સાંકેતિક અર્થ

આ કર્મગ્રન્થમાં ગુણસ્થાનને લઈને બન્ધ, ઉદય, ઉદીરણા અને સત્તાનો વિચાર કરવામાં આવ્યો છે, તેવી જ રીતે ગોમ્મટસારમાં પણ કરવામાં આવ્યો છે. આ કર્મગ્રન્થનું નામ તો 'કર્મસ્તવ' છે પરંતુ ગોમ્મટસારના તે પ્રકરણનું નામ 'બન્ધોદયસત્ત્વયુક્તસ્તવ' 'बन्धुदयसत्तजुत्तं ओघादेसे थवं वोच्छं' કથનથી સિદ્ધ છે (ગોમ્મટસાર, કર્મ. ગાથા 79). બન્ને નામોમાં કોઈ વિશેષ અન્તર નથી કેમ કે 'કર્મસ્તવ'માં જે 'કર્મ' શબ્દ છે તેની જગાએ 'બંધોદયસત્ત્વયુક્ત' શબ્દ રાખવામાં આવ્યો છે. પરંતુ 'स्तव' શબ્દ બન્ને નામોમાં સમાન હોવા છતાં પણ તેના અર્થમાં તદ્દન ભિન્નતા છે. 'કર્મસ્તવ'માં 'स्तव' શબ્દનો અર્થ સ્તુતિ છે જે સર્વત્ર પ્રસિદ્ધ જ છે, પરંતુ ગોમ્મટસારમાં 'स्तव' શબ્દનો સ્તુતિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ ન કરતાં ખાસ સાંકેતિક અર્થ કરવામાં આવ્યો છે. તેવી જ રીતે 'સ્તુતિ' શબ્દનો પણ પારિભાષિક અર્થ કર્યો છે જે બીજે ક્યાંય જોવા મળતો નથી, જેમ કે -

सयलंगेक्कंगेक्कंगहियार सवित्थरं ससंखेवं ।

वण्णणसत्थं थयथुइधम्मकहा होइ णियमेण ॥

- ગોમ્મટસાર કર્મ. ગાથા 88.

અર્થાત્ કોઈ વિષયનાં સમસ્ત અંગોનું સંક્ષેપ યા વિસ્તારથી વર્ણન કરનારું શાસ્ત્ર 'સ્તવ' કહેવાય છે, પરંતુ એક અંગનું સંક્ષેપ યા વિસ્તારથી વર્ણન કરનારું શાસ્ત્ર 'સ્તુતિ' કહેવાય છે જ્યારે એક અંગના કોઈ અધિકારનું વર્ણન જેમાં હોય તે શાસ્ત્ર 'ધર્મકથા' કહેવાય છે.

આમ વિષય અને નામકરણ બન્ને તુલ્યપ્રાય હોવા છતાં પણ નામાર્થમાં જે ભેદ મળે છે તે સંપ્રદાયભેદ તથા ગ્રન્થરચનાસંબંધી દેશ-કાળના ભેદનું પરિણામ જણાય છે.

**ગુણસ્થાનનું સંક્ષિપ્ત સામાન્યસ્વરૂપ**

આત્માની અવસ્થા કોઈક વખતે અજ્ઞાનપૂર્ણ હોય છે. તે અવસ્થા સૌથી પહેલી હોવાના કારણે નિકૃષ્ટ છે. તે અવસ્થામાંથી આત્મા પોતાના ચેતના, ચારિત્ર વગેરે સ્વાભાવિક ગુણોના વિકાસ માટે બહાર નીકળે છે અને ધીરે ધીરે તે શક્તિઓના વિકાસ અનુસાર ઉત્ક્રાન્તિ કરતો કરતો વિકાસની પૂર્ણકલાએ અર્થાત્ અન્તિમ હદે પહોંચી જાય છે. પહેલી નિકૃષ્ટ અવસ્થામાંથી નીકળીને વિકાસની સર્વોત્કૃષ્ટ ભૂમિકાને પામવી એ જ આત્માનું પરમ સાધ્ય છે. આ પરમસાધ્યની સિદ્ધિ થાય ત્યાં સુધી આત્માએ એક પછી બીજી, બીજી પછી ત્રીજી એવી ક્રમિક અનેક અવસ્થાઓમાંથી પસાર થવું પડે છે. આ અવસ્થાઓની શ્રેણિને 'વિકાસક્રમ' યા 'ઉત્ક્રાન્તિમાર્ગ' કહે છે અને જૈન શાસ્ત્રીય પરિભાષામાં તેને 'ગુણસ્થાનક્રમ' કહે છે. આ વિકાસક્રમના સમયમાં થનારી આત્માની ભિન્ન ભિન્ન અવસ્થાઓનો સંક્ષેપ ચૌદ ભાગોમાં કરી દેવામાં આવ્યો છે. આ ચૌદ ભાગ ગુણસ્થાનના નામે પ્રસિદ્ધ છે. દિગમ્બર સાહિત્યમાં 'ગુણસ્થાન'ના અર્થમાં સંક્ષેપ, ઓઘસામાન્ય, જીવસમાસ શબ્દોનો પ્રયોગ થયેલો દેખાય છે. ચૌદ ગુણસ્થાનોમાં પ્રથમની અપેક્ષાએ બીજામાં, બીજાની અપેક્ષાએ ત્રીજામાં એમ પૂર્વપૂર્વવર્તી ગુણસ્થાનની અપેક્ષાએ પરપરવર્તી ગુણસ્થાનોમાં વિકાસની માત્રા વધુ હોય છે. વિકાસની ન્યૂનાધિકતાનો નિર્ણય આત્મિક સ્થિરતાની ન્યૂનાધિક્તા ઉપર આધાર રાખે છે. સ્થિરતા, સમાધિ, અન્તર્દષ્ટિ, સ્વભાવરમણ, સ્વોન્મુખતા - આ બધા શબ્દોની મતલબ એક જ છે. સ્થિરતાનું તારતમ્ય દર્શનશક્તિ અને ચારિત્ર્યશક્તિની શુદ્ધિના તારતમ્ય પર નિર્ભર છે. દર્શનશક્તિનો જેટલો અધિક વિકાસ, તેની જેટલી અધિક નિર્મળતા તેટલો જ અધિક આવિર્ભાવ સદ્વિશ્વાસ, સદ્રુચિ, સદ્ભક્તિ, સત્શ્રદ્ધા યા સત્યાગ્રહનો સમજવો. દર્શનશક્તિના વિકાસ પછી ચારિત્રશક્તિના વિકાસનો ક્રમ આવે છે. જેટલો જેટલો ચારિત્રશક્તિનો અધિક વિકાસ તેટલો તેટલો અધિક આવિર્ભાવ ક્ષમા, સન્તોષ, ગાંભીર્ય, ઇન્દ્રિયજય આદિ ચારિત્રગુણોનો થાય છે. જેમ જેમ દર્શનશક્તિ અને ચારિત્રશક્તિની વિશુદ્ધિ વધતી જાય છે તેમ તેમ સ્થિરતાની માત્રા પણ વધતી જાય છે. દર્શનશક્તિ અને ચારિત્રશક્તિની વિશુદ્ધિનો વધારો-ઘટાડો તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શક્તિઓના પ્રતિબન્ધક (રોકનાર) સંસ્કારોની ન્યૂનતા-અધિકતા યા મન્દતા-તીવ્રતા પર આધાર રાખે છે. પ્રથમ ત્રણ ગુણસ્થાનોમાં દર્શનશક્તિ અને ચારિત્રશક્તિનો વિકાસ એટલા માટે થતો નથી કેમ કે તે ગુણસ્થાનોમાં તે શક્તિઓના પ્રતિબન્ધક સંસ્કારોની અધિકતા યા તીવ્રતા હોય છે. ચતુર્થ આદિ ગુણસ્થાનોમાં તે જ પ્રતિબન્ધક સંસ્કારો મન્દ યા ઓછા થઈ જાય છે, તેથી તે ગુણસ્થાનોમાં શક્તિઓના વિકાસનો આરંભ થઈ જાય છે.

આ પ્રતિબંધક (કાષાયિક) સંસ્કારોના સ્થૂળ દષ્ટિએ ચાર વિભાગો કર્યા છે. આ વિભાગો તે કાષાયિક સંસ્કારોની વિપાકશક્તિના તરતમભાવ પર આશ્રિત છે. આ ચારમાંથી પહેલા વિભાગને - જે દર્શનશક્તિનો પ્રતિબંધક છે તેને - દર્શનમોહ તથા અનન્તાનુબન્ધી કહે છે. બાકીના ત્રણ વિભાગ ચારિત્રશક્તિના પ્રતિબન્ધક છે. તેમને યથાક્રમે અપ્રત્યાખ્યાનાવરણ, પ્રત્યાખ્યાનાવરણ અને સંજ્વલન કહે છે. પ્રથમ વિભાગની તીવ્રતા ન્યૂનાધિક પ્રમાણમાં પ્રથમ ત્રણ ગુણસ્થાનોમાં (ભૂમિકાઓમાં) હોય છે. તેથી પ્રથમ ત્રણ ગુણસ્થાનોમાં દર્શનશક્તિના આવિર્ભાવનો સંભવ નથી. કષાયના ઉક્ત પ્રથમ વિભાગની અલ્પતા, મન્દતા યા અભાવ થતાં જ દર્શનશક્તિ વ્યક્ત થાય છે. આ સમયે આત્માની દષ્ટિ ખૂલી જાય છે. દષ્ટિના આ ઉન્મેષને વિવેકખ્યાતિ, ભેદજ્ઞાન, પ્રકૃતિ-પુરુષાન્યતાસાક્ષાત્કાર અને બ્રહ્મજ્ઞાન પણ કહે છે.

આ શુદ્ધ દષ્ટિ દ્વારા આત્મા જડ-ચેતનના ભેદને અસંદિગ્ધપણે જાણી લે છે. આ તેના વિકાસક્રમની ચોથી ભૂમિકા છે. આ ભૂમિકામાંથી તે અન્તર્દષ્ટિ બની જાય છે અને આત્મમન્દિરમાં રહેલા તાત્ત્વિક પરમાત્મસ્વરૂપને દેખે છે. પહેલી ત્રણ ભૂમિકાઓમાં દર્શનમોહ અને અનન્તાનુબન્ધી નામના કાષાયિક સંસ્કારોની પ્રબળતાના કારણે આત્મા પોતાના પરમાત્મભાવને દેખી શકતો નથી. તે સમયે તે બહિર્દષ્ટિ હોય છે. દર્શનમોહ આદિ સંસ્કારોના વેગના કારણે તે સમયે તેની દષ્ટિ એટલી અસ્થિર યા ચંચળ બની જાય છે કે જેથી તે પોતામાં જ રહેલા પરમાત્મસ્વરૂપને યા ઈશ્વરત્વને જોઈ શકતો નથી. ઈશ્વરત્વ પોતાની જ અંદર છે પરંતુ તે અત્યન્ત સૂક્ષ્મ છે, તેથી સ્થિર અને નિર્મલ દષ્ટિ દ્વારા જ તેનું દર્શન કરી શકાય છે. ચોથી ભૂમિકાને યા ચોથા ગુણસ્થાનને પરમાત્મભાવના યા ઈશ્વરત્વના દર્શનનું દ્વાર કહેવું જોઈએ. અને એટલી હદ સુધી પહોંચેલા આત્માને અન્તરાત્મા કહેવો જોઈએ. તેનાથી ઊલટું પહેલી ત્રણ ભૂમિકાઓમાં રહેલા આત્માને બહિરાત્મા કહેવો જોઈએ કેમ કે તે તે વખતે બાહ્ય વસ્તુઓમાં જ આત્મત્વની ભ્રાન્તિના કારણે આમતેમ દોડ્યા કરે છે. ચોથી ભૂમિકામાં દર્શનમોહ તથા અનન્તાનુબન્ધી સંસ્કારોનો વેગ તો રહેતો નથી પરંતુ ચારિત્રશક્તિના આવરણભૂત સંસ્કારોનો વેગ અવશ્ય હોય છે. તે આવરણભૂત સંસ્કારોમાંથી અપ્રત્યાખ્યાનાવરણ સંસ્કારોનો વેગ ચોથી ભૂમિકાથી આગળ નથી હોતો, તેથી પાંચમી ભૂમિકામાં ચારિત્રશક્તિનો પ્રાથમિક વિકાસ થાય છે, પરિણામે તે સમયે આત્મા ઇન્દ્રિયજય, યમનિયમ આદિને ઓછાવત્તા પ્રમાણમાં કરે છે - ઓછાવત્તા પ્રમાણમાં નિયમપાલન કરવા માટે સહિષ્ણુ બની જાય છે. પ્રત્યાખ્યાનાવરણ નામના કાષાયિક સંસ્કારોનો - જેમનો વેગ પાંચમી ભૂમિકાથી આગળ નથી તેમનો - પ્રભાવ ઘટતાં જ ચારિત્રશક્તિનો વિકાસ વળી પાછો વધે છે જેથી આત્મા બાહ્ય ભોગોથી નિવૃત્ત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થઈ પૂરો સંન્યાસી બની જાય છે. આ થઈ વિકાસની છઠ્ઠી ભૂમિકા. આ ભૂમિકામાં પણ ચારિત્રશક્તિનો વિપક્ષી (વિરોધી) 'સંજ્વલન' નામનો સંસ્કાર ક્યારેક ક્યારેક ઉધામો કરે છે જેથી ચારિત્રશક્તિનો વિકાસ દબાતો નથી પરંતુ ચારિત્રશક્તિની શુદ્ધિ યા સ્થિરતામાં એ પ્રકારનો અંતરાય આવે છે જે પ્રકારનો અંતરાય વાયુના વેગના કારણે દીપની જ્યોતિની સ્થિરતા અને અધિકતામાં આવે છે. આત્મા જ્યારે 'સંજ્વલન' નામના સંસ્કારોને દબાવી દે છે ત્યારે ઉત્ક્રાન્તિપથની સાતમી આદિ ભૂમિકાઓ વટાવીને અગિયારમી-બારમી ભૂમિકા સુધી પહોંચી જાય છે. બારમી ભૂમિકામાં દર્શનશક્તિ અને ચારિત્રશક્તિના વિપક્ષી સંસ્કાર સર્વથા નષ્ટ થઈ જાય છે જેના પરિણામે બન્ને શક્તિઓ પૂર્ણ વિકસિત થઈ જાય છે. તેમ છતાં તે અવસ્થામાં શરીરનો સંબંધ રહેવાના કારણે આત્માની સ્થિરતા પરિપૂર્ણ થઈ શકતી નથી. ચૌદમી ભૂમિકામાં તે સર્વથા પૂર્ણ બની જાય છે અને શરીરનો વિયોગ થયા પછી તે સ્થિરતા, તે ચારિત્રશક્તિ પોતાના યથાર્થ રૂપમાં વિકસિત થઈને સદા માટે એકસરખી રહે છે. આને મોક્ષ કહે છે. મોક્ષ ક્યાંક બહારથી નથી આવતો. તે આત્માની સમગ્ર શક્તિઓનું પરિપૂર્ણ વ્યક્ત થવું એ જ માત્ર છે -

मोक्षस्य न हि वासोऽस्ति न ग्रामान्तरमेव च ।
अज्ञान-हृदयग्रन्थिनाशो मोक्ष इति स्मृतः ॥

શિવગીતા, 13.32

આ જ વિકાસની પરાકાષ્ઠા છે, આ જ પરમાત્મભાવનો અભેદ છે, આ જ ચોથી ભૂમિકામાં (ગુણસ્થાનમાં) દેખેલ ઈશ્વરત્વ સાથેનું તાદાત્મ્ય છે, આ જ વેદાન્તીઓનો બ્રહ્મભાવ છે, આ જ જીવનું શિવ થવું છે, અને આ જ ઉત્ક્રાન્તિમાર્ગનું અન્તિમ સાધ્ય છે. આ સાધ્ય સુધી પહોંચવા માટે આત્માએ વિરોધી સંસ્કારો સાથે લડતા-ઝઘડતા, તેમને દબાવતા, ઉત્ક્રાન્તિમાર્ગની જે જે ભૂમિકાઓમાંથી પસાર થવું પડે છે તે ભૂમિકાઓના ક્રમને જ 'ગુણસ્થાનક્રમ' સમજવો જોઈએ. આ તો થયું ગુણસ્થાનોનું સામાન્ય સ્વરૂપ. તે બધાં ગુણસ્થાનોના વિશેષ સ્વરૂપને ઓછાવત્તા વિસ્તાર સાથે આ કર્મગ્રન્થની બીજી ગાથાની વ્યાખ્યામાં લખી દીધું છે.

●

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ત્રીજું પ્રકરણ
# તૃતીયકર્મગ્રન્થપરિશીલન

પ્રસ્તુત પ્રકરણગ્રન્થનું 'તૃતીય કર્મગ્રન્થ' નામ પ્રસિદ્ધ છે પરંતુ તેનું અસલ નામ 'બન્ધસ્વામિત્વ' છે.

**વિષય**

માર્ગણાઓમાં ગુણસ્થાનોને લઈને બન્ધસ્વામિત્વનું વર્ણન આ કર્મગ્રન્થમાં કરવામાં આવ્યું છે. અર્થાત્ કઈ કઈ માર્ગણામાં કેટલાં કેટલાં ગુણસ્થાનોનો સંભવ છે અને પ્રત્યેક માર્ગણાવર્તી જીવોની સામાન્યરૂપે તથા ગુણસ્થાનના વિભાગાનુસાર કર્મબન્ધ સંબંધી કેટલી યોગ્યતા છે એનું વર્ણન પ્રસ્તુત ગ્રન્થમાં કરવામાં આવ્યું છે.

**માર્ગણા, ગુણસ્થાન અને તેમનું પારસ્પરિક અન્તર**

**(ક) માર્ગણા** - સંસારમાં જીવરાશિ અનન્ત છે. બધા જીવોના બાહ્ય અને આન્તરિક જીવનની બનાવટમાં ભિન્નતા છે. શું ડિલ-ડોળ, શું ઇન્દ્રિયરચના, શું રૂપ-રંગ, શું ચાલ-ચલગત, શું વિચારશક્તિ, શું મનોબળ, શું વિકારજન્યભાવ કે શું ચારિત્ર - આ બધા વિષયોમાં જીવો એકબીજાથી ભિન્ન છે. આ ભેદવિસ્તાર કર્મજન્ય ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક ભાવો પર તથા સહજ પારિણામિક ભાવ પર આધારિત છે. ભિન્નતાની ગંભીરતા એટલી બધી છે કે આખું જગત ખુદ જ અજાયબઘર બની ગયું છે. આ અનન્ત ભિન્નતાઓને જ્ઞાનીઓએ સંક્ષેપમાં ચૌદ વિભાગોમાં વિભાજિત કરી છે. ચૌદ વિભાગોના પણ અવાન્તર વિભાગો કરવામાં આવ્યાં છે જે 62 છે. જીવોની બાહ્ય-આંતરિક જીવન સંબંધી અનન્ત ભિન્નતાઓના બુદ્ધિગમ્ય ઉક્ત વર્ગીકરણને શાસ્ત્રમાં 'માર્ગણા' કહે છે.

**(ખ) ગુણસ્થાન** - મોહનું પ્રગાઢતમ આવરણ એ જીવની નિકૃષ્ટતમ અવસ્થા છે. સંપૂર્ણ ચારિત્રશક્તિનો વિકાસ - નિર્મોહતા અને સ્થિરતાની પરાકાષ્ઠા - જીવની ઉચ્ચતમ અવસ્થા છે. નિકૃષ્ટતમ અવસ્થામાંથી નીકળીને ઉચ્ચતમ અવસ્થા સુધી પહોંચવા માટે જીવ મોહના પડદાને ક્રમશઃ દૂર કરે છે અને પોતાના સ્વાભાવિક ગુણોનો વિકાસ કરે છે. આ વિકાસમાર્ગમાં જીવને અનેક અવસ્થાઓ પાર કરવી પડે છે. જેમ થરમોમીટરની નળીના અંકો ઉષ્ણતાના પરિણામને દર્શાવે છે તેવી જ રીતે ઉક્ત અનેક અવસ્થાઓ જીવના આધ્યાત્મિક વિકાસની માત્રાને જણાવે છે. બીજા શબ્દોમાં, આ અવસ્થાઓને આધ્યાત્મિક વિકાસની પરિમાપક રેખાઓ કહેવી જોઈએ. વિકાસમાર્ગની ક્રમિક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવસ્થાઓને 'ગુણસ્થાન' કહે છે. આ ક્રમિક સંખ્યાતીત અવસ્થાઓને જ્ઞાનીઓએ સંક્ષેપમાં ચૌદ વિભાગોમાં વિભાજિત કરી છે. આ જ ચૌદ વિભાગ જૈન શાસ્ત્રમાં 'ચૌદ ગુણસ્થાન' કહેવાય છે.

વૈદિક સાહિત્યમાં આ જાતની આધ્યાત્મિક અવસ્થાઓનું વર્ણન છે. પાતંજલ યોગદર્શનમાં[1] આવી આધ્યાત્મિક ભૂમિકાઓનો મધુમતી, મધુપ્રતીકા, વિશોકા અને સંસ્કારશેષા નામોથી ઉલ્લેખ કરવામાં આવ્યો છે. યોગવાસિષ્ઠમાં[2] અજ્ઞાનની સાત અને જ્ઞાનની સાત એમ ચૌદ ચિત્તભૂમિકાઓનો વિચાર આધ્યાત્મિક વિકાસના આધારે બહુ વિસ્તારથી કરવામાં આવ્યો છે.

**(ગ) માર્ગણા અને ગુણસ્થાનોનું પારસ્પરિક અંતર** - માર્ગણાઓની કલ્પના કર્મપટલના તરતમભાવ પર આધારિત નથી પરંતુ જે શારીરિક, માનસિક અને આધ્યાત્મિક ભિન્નતાઓ જીવને ઘેરી વળેલી છે તે જ માર્ગણાઓની કલ્પનાનો આધાર છે. તેથી ઊલટું ગુણસ્થાનોની કલ્પના કર્મપટલના, ખાસ કરીને મોહનીય કર્મના, તરતમભાવ અને યોગ અર્થાત્ પ્રવૃત્તિ પર આધારિત છે.

માર્ગણાઓ જીવના વિકાસની સૂચક નથી પણ તેઓ તો જીવનાં સ્વાભાવિક તથા વૈભવિક રૂપોનું અનેક રીતે કરવામાં આવેલું પૃથક્કરણ છે. તેનાથી ઊલટું, ગુણસ્થાન જીવના વિકાસનાં સૂચક છે, તેઓ વિકાસની ક્રમિક અવસ્થાઓનું સંક્ષિપ્ત વર્ગીકરણ છે.

માર્ગણાઓ બધી સહભાવિની છે જ્યારે ગુણસ્થાનો ક્રમભાવી છે. આ કારણે પ્રત્યેક જીવમાં એક સાથે ચૌદે ચૌદ માર્ગણાઓ કોઈ ને કોઈ રીતે મળે છે, અર્થાત્ બધા સંસારી જીવો એક જ સમયે પ્રત્યેક માર્ગણામાં રહેલા મળે છે. તેનાથી ઊલટું, ગુણસ્થાન એક સમયમાં એક જીવમાં એક જ મળે છે - એક સમયમાં બધા જીવો કોઈ એક ગુણસ્થાનના અધિકારી નથી બની શકતા પરંતુ તે જીવોનો કેટલોક ભાગ જ એક સમયમાં એક ગુણસ્થાનનો અધિકારી હોય છે. આ વાતને આ રીતે પણ કહી શકાય કે એક જીવ એક સમયે કોઈ એક જ ગુણસ્થાનમાં રહેલો હોય છે પરંતુ એક જ જીવ એક જ સમયે ચૌદે ચૌદ માર્ગણામાં રહેલો હોય છે.

પૂર્વ પૂર્વનું ગુણસ્થાન છોડીને ઉત્તર ઉત્તર ગુણસ્થાનને પામવું એ આધ્યાત્મિક વિકાસને આગળ વધારવો ગણાય. પરંતુ પૂર્વ પૂર્વ માર્ગણાને છોડીને ઉત્તર ઉત્તર માર્ગણા ન તો પ્રાપ્ત કરી શકાય છે કે ન તો તેમનાથી આધ્યાત્મિક વિકાસ સિદ્ધ થાય છે. વિકાસની તેરમી ભૂમિકાએ (ગુણસ્થાને) પહોંચેલા જીવમાં - કૈવલ્ય પામેલા જીવમાં - પણ કષાય સિવાયની બધી માર્ગણાઓ હોય છે પરંતુ ગુણસ્થાન તો એકલું તેરમું જ હોય છે. અંતિમ ભૂમિકાને પ્રાપ્ત કરનાર જીવમાં પણ ત્રણ-ચારને છોડીને બધી માર્ગણાઓ હોય છે જે વિકાસની બાધક નથી પરંતુ ગુણસ્થાન તો એકલું ચૌદમું જ હોય છે.

1. પાદ 1 સૂ. 36; પાદ 3 સૂ. 48-49નું ભાષ્ય; પાદ1 સૂ.1ની ટીકા.
2. ઉત્પત્તિ પ્રકરણ, સર્ગ 117-118-126, નિર્વાણ 120-126.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પાછલા કર્મગ્રન્થો સાથે ત્રીજા કર્મગ્રન્થની સંગતિ

દુઃખ હેય છે કેમ કે કોઈ તેને ઈચ્છતું નથી. દુઃખનો સર્વથા નાશ ત્યારે જ થઈ શકે જ્યારે તેના મૂળ અસલ કારણનો નાશ કરવામાં આવે. દુઃખની અસલ જડ છે કર્મ (વાસના). તેથી કર્મનું વિશેષ પરિજ્ઞાન સૌએ કરવું જોઈએ, કેમ કે કર્મનું પરિજ્ઞાન કર્યા વિના ન તો કર્મથી છુટકારો પામી શકાય છે કે ન તો દુઃખથી. એટલે જ પ્રથમ કર્મગ્રન્થમાં કર્મના સ્વરૂપનું તથા કર્મના પ્રકારોનું બુદ્ધિગમ્ય વર્ણન કરવામાં આવ્યું છે.

કર્મના સ્વરૂપને અને કર્મના પ્રકારોને જાણ્યા પછી એ પ્રશ્ન થાય છે કે શું કદાગ્રહી-સત્યાગ્રહી, અજિતેન્દ્રિય-જિતેન્દ્રિય, અશાન્ત-શાન્ત, ચપલ-સ્થિર બધા જ પ્રકારના જીવો પોતપોતાના માનસક્ષેત્રમાં કર્મનાં બીજને એકસરખા પરિમાણમાં જ સંગ્રહ કરતા રહે છે અને તેમનાં ફળો ચાખતા રહે છે કે ન્યૂનાધિક પરિમાણમાં ? આ પ્રશ્નનો ઉત્તર બીજા કર્મગ્રન્થમાં આપ્યો છે. ગુણસ્થાન અનુસાર પ્રાણીઓના ચૌદ વિભાગ કરીને પ્રત્યેક વિભાગની કર્મવિષયક બન્ધ-ઉદય-ઉદીરણા-સત્તા સંબંધી યોગ્યતાનું વર્ણન કરવામાં આવ્યું છે. જેવી રીતે પ્રત્યેક ગુણસ્થાનવાળા અનેક શરીરધારીઓની કર્મબન્ધ આદિ સંબંધી યોગ્યતા બીજા કર્મગ્રન્થ દ્વારા જાણી શકાય છે તેવી જ રીતે એક શરીરધારીની કર્મબન્ધ આદિ સંબંધી યોગ્યતા જે ભિન્ન ભિન્ન સમયે આધ્યાત્મિક ઉત્કર્ષ તથા અપકર્ષ અનુસાર બદલાતી રહે છે તેનું જ્ઞાન પણ બીજા કર્મગ્રન્થ દ્વારા થઈ શકે છે. તેથી પ્રત્યેક વિચારશીલ પ્રાણી પોતાના કે અન્યના આધ્યાત્મિક વિકાસના પરિમાણનું જ્ઞાન કરીને એ જાણી શકે છે કે પોતાનામાં કે અન્યમાં કયા કયા પ્રકારનાં તથા કેટલાં કર્મનાં બન્ધ, ઉદય, ઉદીરણા અને સત્તાની યોગ્યતા છે.

ઉક્ત પ્રકારનું જ્ઞાન થયા પછી વળી પાછો પ્રશ્ન થાય છે કે શું સમાન ગુણસ્થાનવાળા ભિન્ન ભિન્ન ગતિના જીવો યા સમાન ગુણસ્થાનવાળા પરંતુ ન્યૂનાધિક ઇન્દ્રિયોવાળા જીવો કર્મબન્ધની સમાન યોગ્યતા ધરાવતા હોય છે કે અસમાન યોગ્યતા ? આ જ રીતે એ પ્રશ્ન પણ થાય છે કે શું સમાન ગુણસ્થાનવાળા સ્થાવર-જંગમ જીવોની કે સમાન ગુણસ્થાનવાળા પરંતુ ભિન્ન ભિન્ન યોગયુક્ત જીવોની કે સમાન ગુણસ્થાનવાળા ભિન્ન ભિન્ન લિંગ(વેદ)ધારી જીવોની કે સમાન ગુણસ્થાનવાળા પરંતુ વિભિન્ન કષાયવાળા જીવોની બન્ધયોગ્યતા એકસરખી હોય છે કે ન્યૂનાધિક ? આ જ રીતે જ્ઞાન, દર્શન, સંયમ આદિ ગુણોની દષ્ટિએ ભિન્ન ભિન્ન પ્રકારના પરંતુ ગુણસ્થાનની દૃષ્ટિએ સમાન પ્રકારના જીવોની બંધયોગ્યતા અંગે કેટલાય પ્રશ્નો ઊઠે છે. આ પ્રશ્નોના ઉત્તર ત્રીજા કર્મગ્રન્થમાં આપવામાં આવ્યા છે. આ ત્રીજા કર્મગ્રન્થમાં જીવોની ગતિ, ઇન્દ્રિય, કાય, યોગ, વેદ, કષાય આદિ ચૌદ અવસ્થાઓને લઈને ગુણસ્થાનક્રમથી યથાસંભવ બન્ધયોગ્યતા દર્શાવવામાં આવી છે જે આધ્યાત્મિક દૃષ્ટિવાળાઓએ બહુ મનન કરવા યોગ્ય છે.

## બીજા કર્મગ્રન્થના જ્ઞાનની અપેક્ષા

બીજા કર્મગ્રન્થમાં ગુણસ્થાનોને લઈને જીવોની કર્મબન્ધ સંબંધી યોગ્યતા દર્શાવી છે અને ત્રીજા કર્મગ્રન્થમાં માર્ગણાઓમાં પણ સામાન્યપણે બન્ધયોગ્યતા દર્શાવીને પછી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રત્યેક માર્ગણામાં યથાસંભવ ગુણસ્થાનોને લઈને તે દર્શાવવામાં આવી છે. તેથી ઉક્ત બન્ને કર્મગ્રન્થોનો વિષય ભિન્ન હોવા છતાં પણ તેમનો પરસ્પર એટલો ઘનિષ્ઠ સંબંધ છે કે જે બીજા કર્મગ્રન્થને બરાબર ન ભણી લે તે ત્રીજા કર્મગ્રન્થને ભણવાનો અધિકારી બની શકતો નથી જ. તેથી ત્રીજા કર્મકર્મગ્રન્થની પહેલાં બીજા કર્મગ્રન્થનું જ્ઞાન કરી લેવું જોઈએ.

**પ્રાચીન અને નવીન ત્રીજો કર્મગ્રન્થ**

તે બન્નેનો વિષય સમાન છે. નવીનની અપેક્ષાએ પ્રાચીનમાં વિષયવર્ણન કંઈક વિસ્તારથી કરવામાં આવ્યું છે, આ જ ભેદ છે. તેથી નવીનમાં જેટલો વિષય 25 ગાથાઓમાં વર્ણવવામાં આવ્યો છે તેટલો જ વિષય પ્રાચીનમાં 54 ગાથાઓમાં વર્ણવવામાં આવ્યો છે. ગ્રન્થકારે અભ્યાસીઓની સરળતા માટે નવીન કર્મગ્રન્થની રચનામાં એ ધ્યાનમાં રાખ્યું છે કે નિષ્પ્રયોજન શબ્દવિસ્તાર ન થાય અને વિષય પૂરો આવી જાય. તેથી ગતિ આદિમાર્ગણામાં ગુણસ્થાનોની સંખ્યાનો નિર્દેશ જેવી રીતે પ્રાચીન કર્મગ્રન્થમાં બન્ધસ્વામિત્વના કથનથી અલગ કરવામાં આવ્યો છે તેવી રીતે નવીન કર્મગ્રન્થમાં અલગ કરવામાં આવ્યો નથી, પરંતુ યથાસંભવ ગુણસ્થાનોને લઈને બન્ધસ્વામિત્વ દર્શાવવામાં આવ્યું છે જેથી તેમની સંખ્યાને અભ્યાસી પોતે પોતાની મેળે જ જાણી લે. નવીન કર્મગ્રન્થ છે સંક્ષિપ્ત પરંતુ તે એટલો પૂર્ણ છે કે તેનો અભ્યાસી થોડામાં જ વિષયને જાણીને પ્રાચીન બન્ધસ્વામિત્વને ટીકાટિપ્પણીની મદદ વિના જાણી શકે છે અને આ કારણે જ પઠનપાઠનમાં નવીન ત્રીજા કર્મગ્રન્થનો પ્રચાર છે.

**ગોમ્મટસાર સાથે તુલના**

ત્રીજા કર્મગ્રન્થનો વિષય ગોમ્મટસારના કર્મકાણ્ડમાં છે પણ તેની શૈલી કંઈક ભિન્ન છે. ઉપરાંત, ત્રીજા કર્મગ્રન્થમાં જે જે વિષય નથી અને બીજા કર્મગ્રન્થ સાથેના સંબંધની દષ્ટિએ જે જે વિષયનું વર્ણન કરવું અભ્યાસીઓ માટે લાભદાયક છે તે બધા વિષયોનું નિરૂપણ કર્મકાણ્ડમાં છે. ત્રીજા કર્મગ્રન્થમાં માર્ગણાઓમાં કેવળ બન્ધસ્વામિત્વ વર્ણવાયું છે પરંતુ કર્મકાણ્ડમાં બન્ધસ્વામિત્વ ઉપરાંત માર્ગણાઓને લઈને ઉદયસ્વામિત્વ, ઉદીરણાસ્વામિત્વ અને સત્તાસ્વામિત્વ પણ વર્ણવાયાં છે. [આના વિશેષ ખુલાસા માટે ત્રીજા કર્મગ્રન્થનું પરિશિષ્ટ (ક) નં. 1 જુઓ.] તેથી ત્રીજા કર્મગ્રન્થનો અભ્યાસ કરનારે તેને અવશ્ય જોવું જોઈએ. ત્રીજા કર્મગ્રન્થમાં ઉદયસ્વામિત્વ આદિનો વિચાર એટલા માટે કરવામાં આવ્યો લાગતો નથી કેમ કે બીજા અને ત્રીજા કર્મગ્રન્થને ભણ્યા પછી અભ્યાસી તેને પોતે પોતાની મેળે વિચારી લે. પરંતુ આજકાલ તૈયાર વિચારને બધા જાણી લે છે, પરંતુ સ્વતન્ત્ર વિચાર કરીને વિષયને જાણનારા બહુ ઓછા જોવામાં આવે છે. તેથી કર્મકાણ્ડની ઉક્ત વિશેષતાનો બધા ભણનારાઓએ લાભ ઉઠાવવો જોઈએ.

•

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ચોથું પ્રકરણ
# ચતુર્થકર્મગ્રન્થપરિશીલન

### નામ

પ્રસ્તુત પ્રકરણગ્રન્થનું 'ચોથો કર્મગ્રન્થ' એ નામ પ્રસિદ્ધ છે, પરંતુ તેનું અસલ નામ તો 'ષડશીતિક' છે. તે 'ચોથો કર્મગ્રન્થ' એટલા માટે કહેવાય છે કેમ કે છ કર્મગ્રન્થોમાં તેનો ક્રમ ચોથો છે. અને તેનું 'ષડશીતિક' નામ એટલા માટે નિયત છે કેમ કે તેમાં મૂળ ગાથાઓ છાશી છે. તે ઉપરાંત આ પ્રકરણગ્રન્થને 'સૂક્ષ્માર્થવિચાર' પણ કહે છે, તે એટલા માટે કે ગ્રન્થકારે ગ્રન્થના અન્તે 'સુહુમત્થવિયારો' શબ્દનો ઉલ્લેખ કર્યો છે. આ રીતે જોવાથી એ સ્પષ્ટ જણાય છે કે પ્રસ્તુત પ્રકરણગ્રન્થનાં ઉક્ત ત્રણ નામો અન્વર્થક અર્થાત્ સાર્થક છે.

જો કે ટબાવાળી જે પ્રતિને શ્રીયુત ભીમસી માણેકે 'નિર્ણયસાગર પ્રેસ, મુંબઈ'થી પ્રકાશિત કરેલ 'પ્રકરણ રત્નાકર ચતુર્થ ભાગ'માં છાપી છે તેમાં મૂલ ગાથાની સંખ્યા નવ્યાશી છે, પરંતુ તે પ્રકાશકની ભૂલ છે કેમ કે તેમાં જે ત્રણ ગાથાઓ બીજા, ત્રીજા અને ચોથા ક્રમ ઉપર મૂલના રૂપમાં છાપી છે તે વસ્તુતઃ મૂલની નથી પરંતુ પ્રસ્તુત પ્રકરણગ્રન્થના વિષયોનો સંગ્રહ કરતી ગાથાઓ છે. અર્થાત્ આ પ્રકરણગ્રન્થમાં મુખ્ય કયા કયા વિષયો છે અને પ્રત્યેક મુખ્ય વિષય સાથે સંબંધ ધરાવતા અન્ય કેટલા વિષયો છે એને દર્શાવતી તે ગાથાઓ છે. તેથી ગ્રન્થકારે ઉક્ત ત્રણ ગાથાઓ સ્વોપજ્ઞ ટીકામાં ઉદ્ધૃત કરી છે, મૂલની ગાથાઓ તરીકે લીધી નથી અને તેમના ઉપર ટીકા પણ નથી લખી.

### સંગતિ

પહેલા ત્રણ કર્મગ્રન્થોની સંગતિ સ્પષ્ટ છે. અર્થાત્ પહેલા કર્મગ્રન્થમાં મૂલ તથા ઉત્તર પ્રકૃતિઓની સંખ્યા અને તેમના વિપાકનું વર્ણન છે. બીજા કર્મગ્રન્થમાં પ્રત્યેક ગુણસ્થાનને લઈને તેમાં યથાસંભવ બંધ, ઉદય, ઉદીરણા અને સત્તાગત ઉત્તર પ્રકૃતિઓની સંખ્યા દર્શાવવામાં આવી છે અને ત્રીજા કર્મગ્રન્થમાં પ્રત્યેક માર્ગણાસ્થાનને લઈને તેમાં યથાસંભવ ગુણસ્થાનોના વિષયમાં ઉત્તર કર્મપ્રકૃતિઓના બન્ધસ્વામિત્વનું વર્ણન કરવામાં આવ્યું છે. ત્રીજા કર્મગ્રન્થમાં માર્ગણાસ્થાનોમાં ગુણસ્થાનોને લઈને બન્ધસ્વામિત્વનું વર્ણન કરવામાં આવ્યું છે એ વાત સાચી પરંતુ મૂળમાં ક્યાંય પણ આ વિષયમાં સ્વતન્ત્રરૂપે એ નથી જણાવવામાં આવ્યું કે કયા કયા માર્ગણાસ્થાનમાં કેટલા કેટલા અને કયા કયા ગુણસ્થાનોનો સંભવ છે.

તેથી ચોથા કર્મગ્રન્થમાં આ વિષયનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે અને ઉક્ત જિજ્ઞાસાની પૂર્તિ કરવામાં આવી છે. જેવી રીતે માર્ગણાસ્થાનોમાં ગુણસ્થાનોની જિજ્ઞાસા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થાય છે તેવી જ રીતે જીવસ્થાનોમાં ગુણસ્થાનોની અને ગુણસ્થાનોમાં જીવસ્થાનોની પણ જિજ્ઞાસા થાય છે. એટલું જ નહિ પણ જીવસ્થાનોમાં યોગ, ઉપયોગ આદિ અન્યાન્ય વિષયોની અને માર્ગણાસ્થાનોમાં જીવસ્થાન, યોગ, ઉપયોગ આદિ અન્યાન્ય વિષયોની તથા ગુણસ્થાનોમાં યોગ, ઉપયોગ આદિ અન્યાન્ય વિષયોની પણ જિજ્ઞાસા થાય છે. આ બધી જિજ્ઞાસાઓની પૂર્તિ કરવા માટે ચોથા કર્મગ્રન્થની રચના કરવામાં આવી છે. તેથી આ કર્મગ્રન્થમાં મુખ્યપણે જીવસ્થાન, માર્ગણાસ્થાન અને ગુણસ્થાન એ ત્રણ અધિકાર રાખવામાં આવ્યા છે અને પ્રત્યેક અધિકારમાં ક્રમશઃ આઠ, છ તથા દસ વિષયોનું વર્ણન કરવામાં આવ્યું છે જેમનો નિર્દેશ પહેલી ગાથાના ભાવાર્થમાં પૃષ્ઠ 2 પર તથા પાદટીપમાં સંગ્રહગાથાઓ દ્વારા કરવામાં આવ્યો છે. આ ઉપરાંત પ્રસંગવશ આ ગ્રન્થમાં ગ્રન્થકારે ભાવોનો અને સંખ્યાઓનો પણ વિચાર કર્યો છે.

આ પ્રશ્ન તો થઈ જ શકતો નથી કે ત્રીજા કર્મગ્રન્થની સંગતિ અનુસાર માર્ગણાસ્થાનોમાં માત્ર ગુણસ્થાનોનું પ્રતિપાદન કરવું આવશ્યક હોવા છતાં પણ જેવી રીતે અન્યાન્ય વિષયોનું આ ચતુર્થ કર્મગ્રન્થમાં અધિક વર્ણન કરવામાં આવ્યું છે તેવી જ રીતે બીજા પણ નવા નવા કેટલાય વિષયોનું વર્ણન આ ચતુર્થ કર્મગ્રન્થમાં કેમ કરવામાં નથી આવ્યું ? કેમ કે કોઈ પણ એક ગ્રન્થમાં બધા વિષયોનું વર્ણન અસંભવ છે. તેથી કેટલા અને કયા વિષયોનું કયા ક્રમે વર્ણન કરવું એ ગ્રન્થકારની ઇચ્છા પર નિર્ભર છે. અર્થાત્ એ બાબતમાં ગ્રન્થકાર સ્વતન્ત્ર છે. એ બાબતે નિયોગ-પર્યનુયોગ કરવાનો કોઈને અધિકાર નથી.

**પ્રાચીન અને નવીન ચતુર્થ કર્મગ્રન્થ**

'ષડશીતિક' એ મુખ્ય નામ બન્નેનું સમાન છે, કેમ કે ગાથાઓની સંખ્યા બન્નેમાં એકસરખી છાશી જ છે. પરંતુ નવીન ગ્રન્થકારે 'સૂક્ષ્માર્થવિચાર' એવું નામ આપ્યું છે અને પ્રાચીનની ટીકાના અન્તે ટીકાકારે પ્રાચીનનું નામ 'આગમિકવસ્તુવિચારસાર' આપ્યું છે. નવીનની જેમ પ્રાચીનમાં પણ મુખ્ય અધિકાર જીવસ્થાન, માર્ગણાસ્થાન અને ગુણસ્થાન એ ત્રણ જ છે. ગૌણ અધિકારો પણ જેમ નવીનમાં ક્રમશઃ આઠ, છ અને દસ છે તેમ પ્રાચીનમાં પણ તે પ્રમાણે તેટલા જ છે. ગાથાઓની સંખ્યા સરખી હોવા છતાં પણ નવીનમાં એ વિશેષતા છે કે તેમાં વર્ણનશૈલી સંક્ષિપ્ત કરીને ગ્રન્થકારે બે વધુ વિષયોનું વિસ્તારપૂર્વક વર્ણન કર્યું છે. પહેલો વિષય છે 'ભાવ' અને બીજો છે 'સંખ્યા'. આ બન્ને વિષયોનું સ્વરૂપ નવીનમાં સવિસ્તર નિરૂપાયું છે જ્યારે પ્રાચીનમાં તો બિલકુલ નથી. તે સિવાય પ્રાચીન અને નવીનનું વિષયસામ્ય અને ક્રમસામ્ય પૂરેપૂરું છે. પ્રાચીન પર ટીકા, ટિપ્પણી, વિવરણ, ઉદ્ધાર, ભાષ્ય આદિ વ્યાખ્યાઓ નવીનની અપેક્ષાએ અધિક છે. હા, નવીન પર ગુજરાતી ટબાઓ લખાયા છે જ્યારે પ્રાચીન પર ગુજરાતી ટબાઓ લખાયા નથી.

આ સંબંધમાં વિશેષ જાણકારી માટે અર્થાત્ પ્રાચીન અને નવીન પર કઈ કઈ વ્યાખ્યાઓ છે ? તે વ્યાખ્યાઓ કઈ કઈ ભાષામાં છે અને કોની રચનાઓ છે ? વગેરેની જાણકારી માટે પહેલા કર્મગ્રન્થના આરંભમાં કર્મવિષયક સાહિત્યનું આપવામાં આવેલું કોષ્ઠક જોઈ લેવું જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ચોથો કર્મગ્રન્થ અને આગમ, પંચસંગ્રહ તથા ગોમ્મટસાર**

જો કે ચોથા કર્મગ્રન્થનો કોઈ કોઈ વિષય (જેવો કે ગુણસ્થાન આદિ) વૈદિક તથા બૌદ્ધ સાહિત્યમાં નામાન્તર તથા પ્રકારાન્તરથી વર્ણવાયેલો મળે છે, તેમ છતાં ચોથા કર્મગ્રન્થની સમાન કોટિનો કોઈ ખાસ ગ્રન્થ ઉક્ત બન્ને સંપ્રદાયોના સાહિત્યમાં દેખાયો નથી.

જૈન સાહિત્ય શ્વેતામ્બર અને દિગમ્બર બે સંપ્રદાયોમાં વિભક્ત છે. શ્વેતામ્બર સંપ્રદાયના સાહિત્યમાં વિશિષ્ટ વિદ્વાનોની કૃતિરૂપ 'આગમ' અને 'પંચસંગ્રહ' એ પ્રાચીન ગ્રન્થો એવા છે જેમની અંદર ચોથા કર્મગ્રન્થનો સંપૂર્ણ વિષય મળે છે, અથવા તો કહો કે જેમના આધારે ચોથા કર્મગ્રન્થની રચના જ કરવામાં આવી છે.

જો કે ચોથા કર્મગ્રન્થમાં જેટલા વિષયો જે ક્રમમાં વર્ણવવામાં આવ્યા છે તે બધા તે જ ક્રમમાં કોઈ એક આગમ તથા પંચસંગ્રહના કોઈ એક ભાગમાં વર્ણવાયા નથી, તેમ છતાં ભિન્ન ભિન્ન આગમ અને પંચસંગ્રહના ભિન્ન ભિન્ન ભાગોમાં તેના બધા વિષયો લગભગ મળી જાય છે. ચોથા કર્મગ્રન્થનો કયો વિષય કયા આગમમાં અને પંચસંગ્રહના કયા ભાગમાં આવે છે એનું સૂચન પ્રસ્તુત અનુવાદમાં તે તે વિષયના પ્રસંગમાં ટિપ્પણીરૂપે યથાસંભવ કરી દીધું છે જેથી પ્રસ્તુત ગ્રન્થના અભ્યાસીઓને આગમ અને પંચસંગ્રહનાં કેટલાંક ઉપયુક્ત સ્થાનોની જાણકારી થાય તથા મતભેદ અને વિશેષતાઓનો પણ ખ્યાલ આવે.

પ્રસ્તુત કર્મગ્રન્થના અભ્યાસીઓ માટે આગમ અને પંચસંગ્રહનો પરિચય કરી લેવો લાભદાયક છે કેમ કે તે ગ્રન્થોના ગૌરવનું કારણ કેવળ તેમની પ્રાચીનતા જ નથી પરંતુ તેમની વિષયગંભીરતા તથા વિષયસ્ફુટતા પણ છે.

ગોમ્મટસાર દિગમ્બર સંપ્રદાયનો કર્મવિષયક એક પ્રતિષ્ઠિત ગ્રન્થ છે જે આજે ઉપલબ્ધ છે. જો કે તે શ્વેતામ્બરીય આગમ તથા પંચસંગ્રહની અપેક્ષાએ બહુ અર્વાચીન છે, તેમ છતાં તેમાં વિષયવર્ણન, વિષયવિભાગ અને પ્રત્યેક વિષયનાં લક્ષણ બહુ સ્ફુટ છે. ગોમ્મટસારના જીવકાણ્ડ અને કર્મકાણ્ડ એ બે મુખ્ય વિભાગ છે. ચોથા કર્મગ્રન્થનો વિષય જીવકાણ્ડમાં જ છે અને તે આનાથી બહુ મોટો છે. જો કે ચોથા કર્મગ્રન્થના બધા વિષયો પ્રાયઃ જીવકાણ્ડમાં વર્ણવાયેલ છે તેમ છતાં બન્નેની વર્ણનશૈલી ઘણા અંશોમાં ભિન્ન છે.

જીવકાંડમાં મુખ્ય વીસ પ્રરૂપણાઓ છે - (1) ગુણસ્થાન, (2) જીવસ્થાન, (3) પર્યાપ્તિ, (4) પ્રાણ, (5) સંજ્ઞા, (6-19) ચૌદ માર્ગણાઓ અને (20) ઉપયોગ. પ્રત્યેક પ્રરૂપણાનું તેમાં બહુ વિસ્તૃત અને વિશદ વર્ણન છે. અનેક ઠેકાણે ચોથા કર્મગ્રન્થ સાથે તેનો મતભેદ પણ છે.

એમાં સંદેહ નથી કે ચોથા કર્મગ્રન્થને ભણનારાઓ માટે જીવકાણ્ડ ખાસ વાંચવા લાયક વસ્તુ છે, કેમ કે તેનાથી અનેક વિશેષ વાતો જાણી શકાય છે. કર્મવિષયક અનેક વિશેષ વાતો જેમ શ્વેતામ્બરીય ગ્રન્થોમાં મળે છે તેમ અનેક વિશેષ વાતો દિગમ્બરીય ગ્રન્થોમાં પણ મળે છે. આ કારણે બન્ને સંપ્રદાયના વિશેષ જિજ્ઞાસુઓએ એકબીજાના સમાનવિષયક ગ્રન્થો અવશ્ય વાંચવા જોઈએ. આ આશયથી અનુવાદમાં તે તે વિષયનું સામ્ય અને વૈષમ્ય દર્શાવવા માટે ઠેકઠેકાણે ગોમ્મટસારના અનેક ઉપયુક્ત સ્થાનોને ઉદ્ધૃત અને નિર્દિષ્ટ કરવામાં આવ્યાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વિષયપ્રવેશ**

જિજ્ઞાસુઓ જ્યાં સુધી કોઈ પણ ગ્રન્થના પ્રતિપાદ્ય વિષયનો પરિચય કરી લેતા નથી ત્યાં સુધી તે ગ્રન્થમાં પ્રવૃત્ત થતા નથી. આ નિયમ અનુસાર પ્રસ્તુત ગ્રન્થના અધ્યયનમાં યોગ્ય અધિકારીઓને પ્રવૃત્ત કરવા માટે એ આવશ્યક છે કે શરૂઆતમાં પ્રસ્તુત ગ્રન્થના વિષયનો પરિચય કરાવવામાં આવે. આને 'વિષયપ્રવેશ' કહે છે.

વિષયનો પરિચય સામાન્ય અને વિશેષ એમ બે રીતે કરાવી શકાય :

(ક) ગ્રન્થની રચનાનું તાત્પર્ય શું છે, તેનો મુખ્ય વિષય ક્યો છે, તે કેટલા વિભાગોમાં વિભક્ત છે, પ્રત્યેક વિભાગ સાથે સંબંધ ધરાવતા અન્ય કેટલા અને કયા વિષયો છે, ઈત્યાદિનું વર્ણન કરીને ગ્રન્થના શબ્દાત્મક કલેવરની સાથે વિષયરૂપ આત્માના સંબંધનું સ્પષ્ટીકરણ કરી દેવું અર્થાત્ ગ્રન્થના પ્રધાન અને ગૌણ વિષયો કયા કયા છે તથા કયા ક્રમે તેમનું વર્ણન કરવામાં આવ્યું છે એનો નિર્દેશ કરી દેવો એ વિષયનો સામાન્ય પરિચય છે.

(ખ) લક્ષણ દ્વારા પ્રત્યેક વિષયનું સ્વરૂપ દર્શાવવું એ તેનો વિશેષ પરિચય છે.

પ્રસ્તુત ગ્રન્થના વિષયનો પરિચય તો તે તે વિષયના વર્ણનસ્થાનમાં યથાસંભવ મૂલમાં અથવા વિવેચનમાં કરાવી દીધો છે. તેથી અહીં વિષયનો સામાન્ય પરિચય કરાવવો જ આવશ્યક અને ઉપયુક્ત છે.

પ્રસ્તુત ગ્રન્થ રચવાનું તાત્પર્ય એ છે કે સાંસારિક જીવોની ભિન્ન ભિન્ન અવસ્થાઓનું વર્ણન કરીને એ દર્શાવવામાં આવે કે અમુક અમુક અવસ્થાઓ ઔપાધિક, વૈભાવિક અથવા કર્મકૃત હોવાથી અસ્થાયી તથા હેય છે, અને અમુક અમુક અવસ્થાઓ સ્વાભાવિક હોવાથી સ્થાયી તથા ઉપાદેય છે. તે ઉપરાંત એ પણ દર્શાવવું છે કે જીવનો સ્વભાવ પ્રાયઃ વિકાસ કરવાનો છે. તેથી તે પોતાના સ્વભાવ અનુસાર કેવી રીતે વિકાસ કરે છે અને તે દ્વારા ઔપાધિક અવસ્થાઓને ત્યાગીને કેવી રીતે સ્વાભાવિક શક્તિઓનો આવિર્ભાવ કરે છે.

આ ઉદ્દેશ્યને સિદ્ધ કરવા માટે પ્રસ્તુત ગ્રન્થમાં મુખ્યપણે પાંચ વિષયો વર્ણવાયા છે- (1) જીવસ્થાન, (2) માર્ગણાસ્થાન, (3) ગુણસ્થાન, (4) ભાવ અને (5) સંખ્યા.

આ પાંચમાંથી પ્રથમ મુખ્ય ત્રણ વિષયોની સાથે અન્ય વિષયોનું વર્ણન કરવામાં આવ્યું છે. જીવસ્થાનમાં (1) ગુણસ્થાન, (2) યોગ, (3) ઉપયોગ, (4) લેશ્યા, (5) બન્ધ, (6) ઉદય, (7) ઉદીરણા, અને (8) સત્તા આ આઠ વિષયોનું વર્ણન છે. માર્ગણાસ્થાનમાં (1) જીવસ્થાન, (2) ગુણસ્થાન, (3) યોગ, (4) ઉપયોગ (5) લેશ્યા અને (6) અલ્પબહુત્વ આ છ વિષયોનું વર્ણન છે. અને ગુણસ્થાનમાં (1) જીવસ્થાન, (2) યોગ, (3) ઉપયોગ, (4) લેશ્યા, (5) બન્ધહેતુ, (6) બન્ધ, (7) ઉદય, (8) ઉદીરણા, (9) સત્તા અને (10) અલ્પબહુત્વ આ દસ વિષયો વર્ણવાયા છે. છેલ્લા બે વિષયોનું વર્ણન અર્થાત્ ભાવ અને સંખ્યાનું વર્ણન અન્યાન્ય વિષયના વર્ણનથી મિશ્રિત નથી, અર્થાત્ તે બેને લઈને અન્ય કોઈ વિષયનું વર્ણન કરવામાં આવ્યું નથી.

આ રીતે જોઈએ તો પ્રસ્તુત ગ્રન્થના શબ્દાત્મક કલેવરના મુખ્ય પાંચ હિસ્સા થઈ જાય છે. પહેલો હિસ્સો બીજી ગાથાથી આઠમી ગાથા સુધીનો છે, જેમાં જીવસ્થાનનું મુખ્ય વર્ણન કરીને તેની સાથે સંબંધ ધરાવનાર ઉક્ત આઠ વિષયોનું વર્ણન કરવામાં આવ્યું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. બીજો હિસ્સો નવમી ગાથાથી ચુંમાળીસમી ગાથા સુધીનો છે, જેમાં મુખ્યપણે માર્ગણાસ્થાનને લઈને તેની સાથે સંબંધ ધરાવનાર છ વિષયોનું વર્ણન કરવામાં આવ્યું છે. ત્રીજો હિસ્સો પિસ્તાળીસમી ગાથાથી ત્રેસઠમી ગાથા સુધીનો છે, જેમાં મુખ્યપણે ગુણસ્થાનને લઈને તેના આશ્રયથી ઉક્ત દસ વિષયોનું વર્ણન કરવામાં આવ્યું છે. ચોથો હિસ્સો ચોસઠમી ગાથાથી સિત્તેરમી ગાથા સુધીનો છે, જેમાં કેવળ ભાવોનું જ વર્ણન છે. પાંચમો હિસ્સો ઈકોતેરમી ગાથાથી છાશીમી ગાથા સુધીનો છે, જેમાં કેવળ સંખ્યાનું જ વર્ણન છે. સંખ્યાના વર્ણનની સાથે જ ગ્રન્થ સમાપ્ત થાય છે.

જીવસ્થાન આદિ ઉક્ત મુખ્ય તથા ગૌણ વિષયોનું સ્વરૂપ પહેલી ગાથાના ભાવાર્થમાં લખી દીધું છે, તેથી પુનઃ અહીં લખવાની જરૂરત નથી, તેમ છતાં એ લખી જણાવવું આવશ્યક છે કે પ્રસ્તુત ગ્રન્થ રચવાનો ઉદ્દેશ્ય જે ઉપર જણાવ્યો છે તેની સિદ્ધિ જીવસ્થાન આદિ ઉક્ત વિષયોના વર્ણનથી કેવી રીતે થઈ શકે છે.

જીવસ્થાન, માર્ગણાસ્થાન, ગુણસ્થાન અને ભાવ એ સાંસારિક જીવોની વિવિધ અવસ્થાઓ છે. જીવસ્થાનના વર્ણનથી એ જાણી શકાય છે કે જીવસ્થાનરૂપ ચૌદ અવસ્થાઓ જાતિસાપેક્ષ છે અર્થાત્ શારીરિક રચનાના વિકાસ પર તેમજ ઇન્દ્રિયોની ન્યૂનાધિક સંખ્યા પર નિર્ભર છે. તેથી આ બધી ચૌદ અવસ્થાઓ કર્મકૃત યા વૈભવિક છે અને આ કારણે જ છેવટે હેય છે. માર્ગણાસ્થાનના બોધથી એ જ્ઞાન થઈ જાય છે કે બધી માર્ગણાઓ જીવની સ્વાભાવિક અવસ્થારૂપ નથી. કેવલજ્ઞાન, કેવલદર્શન, ક્ષાયિક સમ્યક્ત્વ, ક્ષાયિક ચારિત્ર અને અનાહારકત્વ સિવાયની બીજી બધી માર્ગણાઓ ઓછેવત્તે અંશે અસ્વાભાવિક છે. તેથી સ્વરૂપની પૂર્ણતાના ઇચ્છુક જીવો માટે છેવટે તે હેય છે. ગુણસ્થાનના પરિજ્ઞાનથી એ જ્ઞાત થઈ જાય છે કે ગુણસ્થાન એ તો આધ્યાત્મિક ઉત્ક્રાન્તિ કરતા આત્માની ઉત્તરોત્તર વિકાસસૂચક ભૂમિકાઓ છે. પૂર્વ પૂર્વ ભૂમિકાના સમયે ઉત્તર ઉત્તર ભૂમિકા ઉપાદેય હોવા છતાં પણ પરિપૂર્ણ વિકાસ થઈ જવાથી તે બધી ભૂમિકાઓ આપોઆપ છૂટી જાય છે. ભાવોની જાણકારીથી એ નિશ્ચય થઈ જાય છે કે ક્ષાયિક ભાવોને છોડીને બીજા બધા ભાવો, ભલે ને ઉત્ક્રાન્તિકાળમાં ઉપાદેય કેમ ન હોય, પણ છેવટે તો હેય જ છે. આ રીતે જીવનું સ્વાભાવિક સ્વરૂપ શું છે અને અસ્વાભાવિક રૂપ શું છે એનો વિવેક કરવા માટે જીવસ્થાન આદિ ઉક્ત વિચાર, જે પ્રસ્તુત ગ્રન્થમાં કરવામાં આવ્યો છે તે, આધ્યાત્મિક વિદ્યાના અભ્યાસીઓ માટે અત્યન્ત ઉપયોગી છે.

આધ્યાત્મિક ગ્રન્થ બે પ્રકારના છે. એક તો એવા છે જે ફક્ત આત્માના શુદ્ધ સ્વરૂપનું જ વર્ણન કરે છે, જ્યારે બીજા અશુદ્ધ તથા મિશ્રિત સ્વરૂપનું વર્ણન કરે છે. પ્રસ્તુત ગ્રન્થ બીજી કોટિનો છે. અધ્યાત્મવિદ્યાના પ્રાથમિક અને માધ્યમિક અભ્યાસીઓ માટે આ બીજી કોટિના ગ્રન્થો વિશેષ ઉપયોગી છે, કેમ કે તે અભ્યાસીઓની દૃષ્ટિ વ્યવહારપરાયણ હોવાના કારણે આવા ગ્રન્થો દ્વારા જ ક્રમશઃ કેવળ પારમાર્થિક સ્વરૂપગ્રાહિણી બનાવી શકાય.

આધ્યાત્મિક વિદ્યાના પ્રત્યેક અભ્યાસીની એ સ્વાભાવિક જિજ્ઞાસા હોય છે કે આત્મા કેવી રીતે અને કયા ક્રમે આધ્યાત્મિક વિકાસ કરે છે તથા આત્માને વિકાસના સમયગાળામાં કેવી કેવી અવસ્થાઓનો અનુભવ થાય છે. આ જિજ્ઞાસાની પૂર્તિની દૃષ્ટિએ જોઈએ તો અન્ય વિષયોની અપેક્ષાએ ગુણસ્થાનનું મહત્ત્વ અધિક છે. આ ખ્યાલથી અહીં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુણસ્થાનનું સ્વરૂપ કંઈક વિસ્તારથી આલેખવામાં આવે છે. સાથે સાથે એ પણ દર્શાવવામાં આવશે કે જૈનશાસ્ત્રની જેમ વૈદિક તથા બૌદ્ધ શાસ્ત્રમાં પણ આધ્યાત્મિક વિકાસનું કેવું વર્ણન છે. જો કે એવું કરવામાં કંઈક વિસ્તાર અવશ્ય થઈ જશે તેમ છતાં નીચે લખવામાં આવેલા વિચારથી જિજ્ઞાસુઓની જો થોડી પણ જ્ઞાનવૃદ્ધિ તથા રુચિશુદ્ધિ થઈ તો સમજવામાં આવશે કે આ વિચારલેખન અનુપયોગી નથી જ.

**ગુણસ્થાનનું વિશેષ સ્વરૂપ**

ગુણોનાં (આત્મશક્તિઓનાં) સ્થાનોને અર્થાત્ વિકાસની ક્રમિક અવસ્થાઓને ગુણસ્થાન કહે છે. જૈન શાસ્ત્રમાં ગુણસ્થાન એ પારિભાષિક શબ્દનો અર્થ આત્મિક શક્તિઓના આવિર્ભાવની - અર્થાત્ તે શક્તિઓની શુદ્ધ કાર્યરૂપમાં પરિણત થતા રહેવાની - તરતમભાવાપન્ન અવસ્થાઓ છે. આત્માનું વાસ્તવિક સ્વરૂપ શુદ્ધ ચેતનામય અને પૂર્ણાનન્દમય છે. પરંતુ તેના ઉપર જ્યાં સુધી તીવ્ર આવરણોનાં ગાઢ વાદળોની ઘટા છવાઈ હોય ત્યાં સુધી તેનું અસલ સ્વરૂપ દેખાતું નથી. પરંતુ આવરણો ક્રમશઃ શિથિલ યા નષ્ટ થતાં જ તેનું અસલ સ્વરૂપ પ્રકટ થાય છે. જ્યારે આવરણોની તીવ્રતા છેલ્લી હદની હોય ત્યારે આત્મા પ્રાથમિક અવસ્થામાં - અવિકસિત અવસ્થામાં પડ્યો રહે છે. અને જ્યારે આવરણ સાવ નાશ પામી જાય છે ત્યારે આત્મા ચરમ અવસ્થામાં શુદ્ધ સ્વરૂપની પૂર્ણતામાં વર્તતો થઈ જાય છે. જેમ જેમ આવરણોની તીવ્રતા ઓછી થતી જાય છે તેમ તેમ આત્મા પણ પ્રાથમિક અવસ્થા છોડીને ધીરે ધીરે શુદ્ધ સ્વરૂપને પામતો ચરમ અવસ્થા ભણી પ્રસ્થાન કરે છે. પ્રસ્થાન વખતે આ બે અવસ્થાઓની વચ્ચે તેને અનેક નીચી-ઊંચી અવસ્થાઓનો સામનો કરવો પડે છે. પ્રથમ અવસ્થાને અવિકાસની અથવા અધઃપતનની પરાકાષ્ઠા અને ચરમ અવસ્થાને વિકાસની યા ઉત્ક્રાન્તિની પરાકાષ્ઠા સમજવી જોઈએ. આ વિકાસક્રમની મધ્યવર્તિની બધી અવસ્થાઓને અપેક્ષાએ ઉચ્ચ પણ કહી શકીએ અને નીચ પણ અર્થાત્ મધ્યવર્તિની કોઈ પણ અવસ્થા પોતાની ઉપરની અવસ્થાની અપેક્ષાએ નીચ અને પોતાની નીચેની અવસ્થાની અપેક્ષાએ ઉચ્ચ કહી શકાય. વિકાસ ભણી અગ્રેસર થયેલો આત્મા વસ્તુતઃ ઉક્ત પ્રકારની સંખ્યાતીત આધ્યાત્મિક ભૂમિકાઓનો અનુભવ કરે છે. પરંતુ જૈન શાસ્ત્રમાં સંક્ષેપમાં વર્ગીકરણ કરીને તેમના ચૌદ વિભાગ કરવામાં આવ્યા છે જે 'ચૌદ ગુણસ્થાન' કહેવાય છે.

બધાં આવરણોમાં મોહનું આવરણ પ્રધાન છે. અર્થાત્ જ્યાં સુધી મોહ બળવાન અને તીવ્ર હોય ત્યાં સુધી બીજાં બધાં આવરણો બળવાન અને તીવ્ર જ રહે છે. તેનાથી ઊલટું, મોહ નિર્બળ થતાં જ અન્ય આવરણોની પણ તેવી જ દશા થઈ જાય છે. તેથી આત્માનો વિકાસ કરવામાં મુખ્ય બાધક મોહની પ્રબળતા અને મુખ્ય સહાયક મોહની નિર્બળતા સમજવી જોઈએ. આ કારણે ગુણસ્થાનોની કલ્પના અર્થાત્ વિકાસક્રમગત અવસ્થાઓની કલ્પના મોહશક્તિની ઉત્કટતા, મન્દતા તથા અભાવ પર આધાર રાખે છે.

મોહની પ્રધાન શક્તિઓ બે છે. તે બેમાંથી પહેલી શક્તિ આત્માને દર્શન અર્થાત્ સ્વરૂપ-પરરૂપનો નિર્ણય અથવા જડચેતનનો વિભાગ યા વિવેક કરવા દેતી નથી. અને બીજી શક્તિ આત્માને વિવેક પ્રાપ્ત કરી લીધા પછી પણ તદનુસાર પ્રવૃત્તિ અર્થાત્ અધ્યાસપરિણતિથી છૂટીને સ્વરૂપલાભ કરવા દેતી નથી. વ્યવહારમાં ડગલે ને પગલે એવું જોવામાં આવે છે કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોઈ વસ્તુનું યથાર્થ દર્શન યા બોધ કરી લીધા પછી જ તે વસ્તુને પામવાની કે ત્યાગવાની ચેષ્ટા કરવામાં આવે છે અને તે સફળ પણ થાય છે. આધ્યાત્મિક વિકાસગામી આત્માના માટે પણ મુખ્ય બે જ કાર્ય છે. પહેલું કાર્ય સ્વરૂપ તથા પરરૂપનું યથાર્થ દર્શન અથવા ભેદજ્ઞાન કરવું અને બીજું કાર્ય સ્વરૂપમાં સ્થિત રહેવું. આ બે કાર્યોમાંથી પહેલા કાર્યને રોકનારી મોહની શક્તિ જૈન શાસ્ત્રમાં 'દર્શનમોહ' કહેવાય છે અને બીજા કાર્યને રોકનારી મોહની શક્તિ 'ચારિત્રમોહ' કહેવાય છે. બીજી શક્તિ પહેલી શક્તિની અનુગામિની છે અર્થાત્ પહેલી શક્તિ પ્રબળ હોય ત્યાં સુધી બીજી શક્તિ ક્યારેય નિર્બળ નથી હોતી, અને પહેલી શક્તિ મન્દ, મન્દતર અને મન્દતમ થતાં જ બીજી શક્તિ પણ ક્રમશઃ તેવી જ રીતે મન્દ, મન્દતર અને મન્દતમ થવા લાગે છે. અથવા એમ કહો કે એક વાર આત્મા સ્વરૂપદર્શન કરી લે તો પછી તેને સ્વરૂપલાભ કરવાનો માર્ગ પ્રાપ્ત થઈ જ જાય છે.

અવિકસિત અથવા સર્વથા અધઃપતિત આત્માની અવસ્થા પ્રથમ ગુણસ્થાન છે. તેમાં મોહની ઉક્ત બન્ને શક્તિઓ પ્રબળ હોવાના કારણે આત્માની આધ્યાત્મિક સ્થિતિ સાવ નિકૃષ્ટ અર્થાત્ તદ્દન નીચ હોય છે. આ ભૂમિકાના સમયે આત્મા ભલે ને આધિભૌતિક ઉત્કર્ષ ગમે તેટલો કેમ ન કરી લે પરંતુ તેની પ્રવૃત્તિ તાત્ત્વિક લક્ષ્યથી સર્વથા શૂન્ય હોય છે. જેમ દિશાભ્રમવાળો મનુષ્ય પૂર્વદિશાને પશ્ચિમદિશા માનીને ગતિ કરે છે અને પોતાના ઇષ્ટ સ્થાને પહોંચી શકતો નથી, તેનો બધો શ્રમ વ્યર્થ જ જાય છે, તેમ પ્રથમ ભૂમિકાવાળો આત્મા પરરૂપને સ્વરૂપ સમજીને તેને પામવા માટે પ્રતિક્ષણ લાલાયિત રહે છે અને વિપરીત દર્શન યા મિથ્યાદષ્ટિના કારણે રાગ-દ્વેષના પ્રબળ ઘાનો શિકાર બનીને તાત્ત્વિક સુખથી વંચિત રહે છે. આ ભૂમિકાને જૈન શાસ્ત્રમાં 'બહિરાત્મભાવ' અથવા 'મિથ્યાદર્શન' કહેલ છે. આ ભૂમિકામાં જેટલા આત્માઓ રહેલા હોય છે તે બધાની આધ્યાત્મિક સ્થિતિ એકસરખી નથી હોતી. અર્થાત્ બધા ઉપર મોહની સામાન્યતઃ બન્ને શક્તિઓનું આધિપત્ય હોવા છતાં પણ તેમાં ઓછોવત્તો તરતમભાવ અવશ્ય હોય છે. કોઈના ઉપર મોહનો પ્રભાવ ગાઢતમ હોય છે, કોઈના પર ગાઢતર હોય છે અને કોઈના પર તેનાથી પણ ઓછો અર્થાત્ ગાઢ હોય છે. વિકાસ કરવો એ પ્રાયઃ આત્માનો સ્વભાવ છે. તેથી જાણતા કે અજાણતા જ્યારે તેના ઉપર મોહનો પ્રભાવ ઓછો થવા લાગે છે ત્યારે તે કંઈક વિકાસ તરફ અગ્રેસર થઈ જાય છે અને તીવ્રતમ રાગ-દ્વેષને કંઈક મન્દ કરતો કરતો મોહની પ્રથમ શક્તિને છિન્નભિન્ન કરવા યોગ્ય આત્મબળ પ્રકટ કરી દે છે. આ સ્થિતિને જૈન શાસ્ત્રમાં 'ગ્રન્થિભેદ' કહેલ છે.[1]

---

1. गंठित्ति सुदुब्भेओ कक्खडघणरूढगूढगंठि व्व ।
जीवस्स कम्मजणिओ घणरागद्दोसपरिणामो ॥1195॥
भिन्नम्मि तम्मि लाभो सम्मत्ताईण मोक्खहेऊणं ।
सो य दुल्लभो परिस्समचित्तविघायाइविग्घेहिं ॥1196॥
सो तत्थ परिस्सम्मई घोरमहासमरनिग्गयाइ व्व ।
विज्जा य सिद्धिकाले जह बहुविग्घा तथा सोवि ॥1197॥
– વિશેષાવશ્યકભાષ્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગ્રન્થિભેદનું કાર્ય ઘણું જ વિષમ છે, કઠિન છે. રાગ-દ્વેષની તીવ્રતમ વિષગ્રન્થિ એક વાર શિથિલ અને છિન્નભિન્ન થઈ જાય તો પછી બેડો પાર થઈ જ ગયો સમજવો, કેમ કે તે પછી મોહની પ્રધાન શક્તિ દર્શનમોહને શિથિલ થવામાં વાર લાગતી નથી અને દર્શનમોહ શિથિલ થયો કે તરત જ ચારિત્રમોહની શિથિલતાનો માર્ગ આપોઆપ ખુલી જાય છે. એક બાજુ રાગ-દ્વેષ પોતાના પૂર્ણ બળનો પ્રયોગ કરે છે તો બીજી બાજુ વિકાસોન્મુખ આત્મા પણ રાગ-દ્વેષના પ્રભાવને તોડી ઓછો કરવા માટે પોતાના વીર્યનો અર્થાત્ બળનો પ્રયોગ કરે છે. આ આધ્યાત્મિક યુદ્ધમાં એટલે કે માનસિક વિકાર અને આત્માની પ્રતિદ્વન્દ્વિતામાં ક્યારેક એક તો ક્યારેક બીજો જયલાભ કરે છે. અનેક આત્મા એવા પણ હોય છે જેઓ લગભગ ગ્રન્થિભેદ કરવા લાયક બળ પ્રકટ કરીને પણ છેવટે રાગ-દ્વેષના તીવ્ર પ્રહારોથી ઘવાઈને અને તેમનાથી હાર ખાઈને પોતાની મૂળ સ્થિતિમાં આવી જાય છે અને અનેક વાર પ્રયત્ન કરવા છતાં પણ રાગ-દ્વેષના ઉપર જય મેળવતા નથી. અનેક આત્મા એવા પણ હોય છે જે ન તો હાર ખાઈને પાછા પડે છે કે ન તો જય મેળવી શકે છે પરંતુ ચિરકાળ સુધી તે આધ્યાત્મિક યુદ્ધના મેદાનમાં જ પડ્યા રહે છે. કોઈ કોઈ આત્મા એવો પણ હોય છે જે પોતાની શક્તિનો યથોચિત પ્રયોગ કરીને તે આધ્યાત્મિક યુદ્ધમાં રાગ-દ્વેષ ઉપર વિજય મેળવી જ લે છે. કોઈ પણ માનસિક વિકારની પ્રતિદ્વન્દ્વિતામાં આ ત્રણ અવસ્થાઓનો અર્થાત્ ક્યારેક હારીને પાછા પડવાનો, ક્યારેક પ્રતિસ્પર્ધામાં સતત મચ્યા જ રહેવાનો અને ક્યારેક જયલાભ કરવાનો અનુભવ આપણને લગભગ નિત્ય થયા જ કરે છે. આ જ સંઘર્ષ કહેવાય છે. સંઘર્ષ વિકાસનું કારણ છે. વિદ્યા હોય, ધન હોય, કીર્તિ હોય કે કોઈ પણ લૌકિક વસ્તુ ઇષ્ટ હોય, તેને પ્રાપ્ત કરતી વખતે પણ અચાનક અનેક વિઘ્નો ઉપસ્થિત થાય છે અને તેમની સાથેના યુદ્ધમાં ઉક્ત પ્રકારની ત્રણે અવસ્થાઓનો અનુભવ પ્રાયઃ બધાને થતો રહે છે. કોઈ વિદ્યાર્થી, કોઈ ધનાર્થી કે કોઈ કીર્તિકાંક્ષી જ્યારે પોતાના ઇષ્ટને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે ત્યારે કાં તો તે અધવચ્ચે જ અનેક મુશ્કેલીઓને દેખીને પ્રયત્નને છોડી જ દે છે, કાં તો મુશ્કેલીઓને પાર કરીને ઇષ્ટપ્રાપ્તિના માર્ગની તરફ અગ્રેસર થાય છે. જે અગ્રેસર થાય છે તે મહા વિદ્વાન, મહા ધનવાન યા મહા કીર્તિશાલી બની જાય છે. મુશ્કેલીઓથી ડરીને પાછો ભાગે છે તે પામર, અજ્ઞાન, નિર્ધન યા કીર્તિહીન જ બનીને રહી જાય છે. અને જે ન તો મુશ્કેલીઓને જીતી શકે છે કે ન તો મુશ્કેલીઓથી હાર માનીને પાછો ભાગે છે તે સાધારણ સ્થિતિમાં પડ્યો રહે છે અને કોઈ ધ્યાન ખેંચે એવો ઉત્કર્ષલાભ કરતો નથી.

આ ભાવને સમજાવવા માટે શાસ્ત્રમાં ત્રણ પ્રવાસીઓનું[2] એક દૃષ્ટાન્ત આપવામાં

---

2. जह वा तिन्नि मणुस्सा जंतडविपहं सहावगमणेणं ।
वेलाइक्कमभीया तुरंति पत्ता य दो चोरा ॥
दट्ठुं मग्गतडत्थे ते एगो मग्गओ पडिनियत्तो ।
बितिओ गहिओ तइओ समइक्कंतुं पुरं पत्तो ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવ્યું છે. ત્રણ પ્રવાસીઓ ક્યાંક જઈ રહ્યા હતા. વચ્ચે ભયાનક જંગલમાં ચોરોને દેખતાં જ ત્રણમાંથી એક તો પાછો જ ભાગી ગયો. બીજો ચોરોના ડરથી ક્યાંય ભાગી તો ન ગયો પણ ચોરો વડે પકડાઈ ગયો. ત્રીજો તો અસાધારણ બળ અને કૌશલથી તે ચોરોને હરાવી આગળ વધ્યો. માનસિક વિકારોની સાથે આધ્યાત્મિક યુદ્ધ કરવામાં જે જય-પરાજય થાય છે તેનો ઓછોવત્તો ખ્યાલ ઉક્ત દૃષ્ટાન્તથી આવી શકે છે.

પ્રથમ ગુણસ્થાનમાં રહેનાર વિકાસગામી એવા અનેક આત્માઓ હોય છે જેમણે રાગ-દ્વેષના તીવ્રતમ વેગને થોડોક દબાવી રાખેલો હોય છે પરંતુ મોહની પ્રધાન શક્તિને અર્થાત્ દર્શનમોહને શિથિલ કર્યો હોતો નથી. તેથી તેઓ જો કે આધ્યાત્મિક લક્ષ્યના સર્વથા અનુકૂલગામી નથી હોતા તેમ છતાં તેમનો બોધ અને તેમનું ચરિત્ર અન્ય અવિકસિત આત્માઓની અપેક્ષાએ સારાં જ હોય છે. જો કે આવા આત્માઓની આધ્યાત્મિક દૃષ્ટિ સર્વથા આત્મોન્મુખ ન હોવાના કારણે વસ્તુતઃ મિથ્યા દૃષ્ટિ, વિપરીત દૃષ્ટિ યા અસત્

---

अडवी भवो मणूसा जीवा कम्मट्ठिई पहो दीहो ।
गंठी य भयट्ठाणं रागद्दोसा य दो चोरा ॥
भग्गो ठिइपरिवुड्ढी गहिओ पुण गंठिओ गओ तइओ ।
सम्मत्तपुरं एवं जोएज्जा तिण्णि करणाणि ॥

विशेषावश्यकभाष्य, 1211-1214 ગાથા

यथा जनास्त्रयः केऽपि महापुरं यियासवः ।
प्राप्ताः क्वचन कान्तारे स्थानं चौरैः भयंकरम् ॥
तत्र द्रुतं द्रुतं यान्तो ददृशुस्तस्करद्वयम् ।
तद्दृष्ट्वा त्वरितं पश्चादेको भीतः पलायितः ॥
गृहीतश्चापरस्ताभ्यामन्यस्त्ववगणय्य तौ ।
भयस्थानमतिक्रम्य पुरं प्राप पराक्रमी ॥
दृष्टान्तोपनयश्चात्र जना जीवा भवोऽटवी ।
पन्थाः कर्मस्थितिर्ग्रन्थि देशस्त्विह भयास्पदम् ॥
रागद्वेषौ तस्करौ द्वौ तद्भीतो वलितस्तु सः ।
ग्रन्थिं प्राप्यापि दुर्भावाद् यो ज्येष्ठस्थितिबन्धकः ॥
चौररुद्धस्तु स ज्ञेयस्तादृग् रागादिबाधितः ।
ग्रन्थिं भिनत्ति यो नैव न चापि वलते ततः ॥
स त्वभीष्टपुरं प्राप्तो योऽपूर्वकरणाद् द्रुतम् ।
रागद्वेषावपाकृत्य सम्यग्दर्शनमाप्तवान् ॥

લોકપ્રકાશ, સર્ગ 3, શ્લોક 619-625

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દૃષ્ટિ જ કહેવાય છે તેમ છતાં તે સદ્દૃષ્ટિ સમીપ લઈ જનારી હોવાના કારણે ઉપાદેય મનાઈ છે.[3]

બોધ, વીર્ય અને ચારિત્રના તરતમભાવની અપેક્ષાએ તે અસત્ દૃષ્ટિના ચાર ભેદ કરીને મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનની અવસ્થાનું સારું ચિત્ર શાસ્ત્રમાં આલેખવામાં આવ્યું છે. આ ચાર દૃષ્ટિઓમાં જે રહેલા હોય છે તેમને સદ્દૃષ્ટિ પ્રાપ્ત કરવામાં પછી વાર લાગતી નથી.

સદ્બોધ, સદ્વીર્ય અને સચ્ચારિત્રના તરતમભાવની અપેક્ષાએ સદ્દૃષ્ટિના[4] પણ શાસ્ત્રમાં ચાર વિભાગ કરવામાં આવ્યા છે જેમનામાં મિથ્યાદૃષ્ટિ છોડીને અથવા મોહની એક યા બન્ને શક્તિઓને જીતીને આગળ વધેલા બધા વિકસિત આત્માઓનો સમાવેશ થઈ જાય છે. અથવા બીજી રીતે એમ પણ સમજી શકાય કે જેનામાં આત્માનું સ્વરૂપ ભાસિત થયું હોય અને તેની પ્રાપ્તિ માટે જે મુખ્યપણે પ્રવૃત્ત હોય તે સદ્દૃષ્ટિ છે. તેનાથી ઊલટું, જેનામાં આત્માનું સ્વરૂપ યથાવત્ ભાસિત ન હોય અને તેની પ્રાપ્તિ માટે જે પ્રવૃત્ત ન હોય તે અસદ્દૃષ્ટિ છે. બોધ, વીર્ય અને ચારિત્રના તરતમભાવને લક્ષ્યમાં રાખીને શાસ્ત્રમાં બન્ને દૃષ્ટિઓના ચાર ચાર વિભાગ કરવામાં આવ્યા છે જેમનામાં બધા વિકાસગામી આત્માઓનો સમાવેશ થઈ જાય છે અને જેમનું વર્ણન વાંચવાથી આધ્યાત્મિક વિકાસનું ચિત્ર આંખોની સામે નાચવા લાગે છે.[5]

શારીરિક અને માનસિક દુઃખોની સંવેદનાના કારણે અજ્ઞાતરૂપે ગિરિ-નદી-પાષાણન્યાયે[6] જ્યારે આત્માનું આવરણ કંઈક શિથિલ થઈ જાય છે અને એ કારણે તેના

---

3. मिथ्यात्वे मन्दतां प्राप्ते मित्राद्या अपि दृष्टयः ।
मार्गाभिमुखभावेन कुर्वते मोक्षयोजनम् ॥31॥ - શ્રી યશોવિજયજીકૃત યોગાવતારદ્વાત્રિંશિકા.

4. सच्छ्रद्धासंगतो बोधो दृष्टिः सा चाष्टधोदिता ।
मित्रा तारा बला दीप्रा स्थिरा कान्ता प्रभा परा ॥
तृणगोमयकाष्ठाग्निकणदीपप्रभोपमा ।
रत्नताराऽर्कचन्द्राभा क्रमेणेक्ष्वादिसन्निभा ॥
आद्याश्चतस्रः सापायपाता मिथ्यादृशामिह ।
तत्त्वतो निरपायाश्च भिन्नग्रन्थेस्तथोत्तरा ॥ - યોગાવતારદ્વાત્રિંશિકા, શ્લોક 25,26,28.

5. આના માટે જુઓ શ્રી હરિભદ્રસૂરિકૃત યોગદૃષ્ટિસમુચ્ચય તથા ઉપાધ્યાય યશોવિજયજીકૃત 21 થી 24 સુધીની ચાર દ્વાત્રિંશિકાઓ.

6. यथाप्रवृत्तकरणं नन्वनाभोगरूपकम् ।
भवत्यनाभोगतश्च कथं कर्मक्षयोऽङ्गिनाम् ॥607॥
यथा मिथो घर्षणेन ग्रावाणोऽद्रिनदीगताः ।
स्युश्चित्राकृतयो ज्ञानशून्या अपि स्वभावतः ॥608॥
तथा यथाप्रवृत्तात् स्युरप्यनाभोगलक्षणात् ।
लघुस्थितिककर्माणो जन्तवोऽत्रान्तरेऽथ च ॥609॥ - લોકપ્રકાશ, સર્ગ 3.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુભવ તથા વીર્યોલ્લાસની માત્રા કંઈક વધે છે ત્યારે તે વિકાસગામી આત્માના પરિણામોની શુદ્ધિ અને કોમલતા કંઈક વધે છે. અને તેના ફળરૂપે તે આત્મા રાગદ્વેષની તીવ્રતમ અર્થાત્ દુર્ભેદ ગ્રન્થિને તોડવાની યોગ્યતા ઘણા અંશે પ્રાપ્ત કરી લે છે. આ અજ્ઞાનપૂર્વક દુઃખસંવેદનાજનિત અતિ અલ્પ આત્મશુદ્ધિને જૈન શાસ્ત્રમાં 'યથાપ્રવૃત્તિકરણ'[7] કહેલ છે. ત્યાર પછી જ્યારે એથીય કંઈક વધારે આત્મશુદ્ધિ તથા વીર્યોલ્લાસની માત્રા વધે છે ત્યારે રાગદ્વેષની પેલી દુર્ભેદ ગ્રન્થિનું ભેદન કરવામાં આવે છે. આ ગ્રન્થિભેદકારક આત્મશુદ્ધિને 'અપૂર્વકરણ'[8] કહે છે, કેમ કે આવું કરણ અર્થાત્ આવો પરિણામ[9] વિકાસગામી આત્માના માટે અપૂર્વ - પહેલવહેલો પ્રાપ્ત થયેલો છે. આના પછી આત્મશુદ્ધિ અને વીર્યોલ્લાસની માત્રા કંઈક અધિક વધે છે, ત્યારે આત્મા મોહની પ્રધાનભૂત શક્તિ ઉપર - દર્શનમોહ ઉપર અવશ્ય વિજય પ્રાપ્ત કરે છે. આ વિજયકારક આત્મશુદ્ધિને જૈનશાસ્ત્રમાં 'અનિવૃત્તિકરણ' કહેલ છે[10], કેમ કે આવી આત્મશુદ્ધિ થયા પછી આત્મા દર્શનમોહ ઉપર વિજય મેળવ્યા વિના રહેતો નથી અર્થાત્ પીછેહઠ કરતો નથી. ઉક્ત ત્રણ પ્રકારની આત્મશુદ્ધિઓમાં બીજી અર્થાત્ અપૂર્વકરણ નામની શુદ્ધિ જ અત્યન્ત દુર્લભ છે, કેમ કે રાગ-દ્વેષના તીવ્રતમ વેગને રોકવાનું અત્યન્ત કઠિન કામ એના દ્વારા કરવામાં આવે

---

7. આને દિગમ્બર સંપ્રદાયમાં 'અથાપ્રવૃત્તકરણ' કહે છે. તેના માટે જુઓ તત્ત્વાર્થરાજવાર્તિક 9.1.13.

8. तीव्रधारपर्शुकल्पाऽपूर्वाख्यकरणेन हि ।
आविष्कृत्य परं वीर्यं ग्रन्थिं भिन्दन्ति केचन ॥618॥ એજન.

9. परिणामविशेषोऽत्र करणं प्राणिनां मतम् ॥599॥ એજન.

10. अथानिवृत्तिकरणेनातिस्वच्छाशयात्मना ।
करोत्यन्तरकरणमन्तर्मुहूर्तसंमितम् ॥
कृते च तस्मिन् मिथ्यात्वमोहस्थितिर्द्विधा भवेत् ।
तत्राद्यान्तरकरणादधस्तन्यपरोर्ध्वगा ॥
तत्राद्यायां स्थितौ मिथ्यादृक् स तद्दलवेदनात् ।
अतीतायामथैतस्यां स्थितावन्तर्मुहूर्ततः ॥
प्राप्नोत्यन्तरकरणं तस्याद्यक्षण एव सः ।
सम्यक्त्वमौपशमिकमपौद्गलिकमाप्नुयात् ॥
यथा वनदवो दग्धेन्धनः प्राप्यातृणं स्थलम् ।
स्वयं विध्यायति तथा मिथ्यात्वोग्रदवानलः ॥
अवाप्यान्तरकरणं क्षिप्रं विध्यायति स्वयम् ।
तदौपशमिकं नाम सम्यकत्वं लभतेऽसुमान् ॥
- લોકપ્રકાશ, સર્ગ 3, શ્લોક 627-632.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે, જે સહેલું નથી. એક વાર આ કાર્યમાં સફળતા પ્રાપ્ત થયા પછી વિકાસગામી આત્માનું ઉપલી કોઈ ભૂમિકાથી પતન થાય તો પણ તે પુનઃ ક્યારેક ને ક્યારેક પોતાના લક્ષ્યને - આધ્યાત્મિક પૂર્ણ સ્વરૂપને પ્રાપ્ત કરી લે છે. આ આધ્યાત્મિક પરિસ્થિતિનું કંઈક સ્પષ્ટીકરણ અનુભવગત વ્યાવહારિક દૃષ્ટાન્ત દ્વારા કરી શકાય છે.

**પ્રથમ દૃષ્ટાન્ત** - એક એવું વસ્ત્ર હોય જેમાં મેલ ઉપરાંત ચીકાશ પણ લાગેલી હોય. તેના મેલને ઉપર ઉપરથી દૂર કરવાનું એટલું કઠિન અને શ્રમસાધ્ય નથી જેટલું કઠિન અને શ્રમસાધ્ય તેની ચીકાશ દૂર કરવાનું છે. જો ચીકાશ એક વાર દૂર થઈ જાય તો પછી બાકીનો મળ કાઢવામાં અથવા કોઈક કારણે ફરી લાગેલી રજને દૂર કરવામાં વિશેષ શ્રમ કરવો પડતો નથી અને વસ્ત્રને તેના અસલ સ્વરૂપમાં સહેલાઈથી લાવી શકાય છે. ઉપર ઉપરનો મેલ દૂર કરવા લગાવવું પડતું બળ સામાન્ય છે, તેના સદશ 'યથાપ્રવૃત્તિકરણ' છે. ચીકાશ દૂર કરવા માટે લગાવવું પડતું વિશેષ બળ અને કરવો પડતો વિશેષ શ્રમ તે બેના જેવું 'અપૂર્વકરણ' છે જે ચીકાશ સમાન રાગદ્વેષની તીવ્રતમ ગ્રન્થિને શિથિલ કરે છે. બાકી રહેલા મેલને અથવા ચીકાશ દૂર થઈ ગયા પછી ફરીને લાગેલી રજને ઓછી કરવા માટે કરવા પડતા બળપ્રયોગ સમાન 'અનિવૃત્તિકરણ' છે. ઉક્ત ત્રણ બળપ્રયોગોમાં પેલો ચીકાશ દૂર કરવાવાળો બળપ્રયોગ જ વિશિષ્ટ છે.

**બીજું દૃષ્ટાન્ત** - કોઈ એક રાજાએ આત્મરક્ષા માટે પોતાના અંગરક્ષકોને ત્રણ વિભાગોમાં વિભાજિત કર્યા હોય, જે ત્રણમાંથી બીજો વિભાગ બાકીના બે વિભાગો કરતાં વધારે બળવાન હોય, તો તે બીજા વિભાગને જીતવા માટે વિશેષ બળ લગાવવું પડે છે. તેવી જ રીતે દર્શનમોહને જીતતા પહેલાં તેના રક્ષક રાગદ્વેષના તીવ્ર સંસ્કારોને શિથિલ કરવા માટે વિકાસગામી આત્માને ત્રણ વાર બળપ્રયોગ કરવો પડે છે. તે ત્રણમાંથી બીજી વાર કરાતો બળપ્રયોગ જ મુખ્ય છે કેમ કે તેના દ્વારા જ રાગદ્વેષની અત્યન્ત તીવ્રતારૂપ ગ્રન્થિ ભેદાય છે. જેમ ઉક્ત ત્રણ દળોમાંથી બળવાન બીજા અંગરક્ષક દળને જીતી લેવાતાં પછી તે રાજાનો પરાજય કરવો સરળ થઈ જાય છે તેવી જ રીતે રાગદ્વેષની અતિતીવ્રતાને મિટાવી દીધા પછી દર્શનમોહ ઉપર વિજય મેળવવો સહેલો છે. દર્શનમોહને જીતતાં જ પહેલા ગુણસ્થાનની સમાપ્તિ થાય છે.

આવું થતાં જ વિકાસગામી આત્મા સ્વરૂપનું દર્શન કરી લે છે. અર્થાત્ તેની અત્યાર સુધી પરરૂપમાં સ્વરૂપની જે ભ્રાન્તિ હતી તે દૂર થઈ જાય છે. તેથી તેના પ્રયત્નની ગતિ ઊલટી ન રહેતાં સીધી થઈ જાય છે. અર્થાત્ તે વિવેકી બનીને કર્તવ્ય-અકર્તવ્યનો વાસ્તવિક વિભાગ કરી લે છે. આ દશાને જૈન શાસ્ત્રમાં 'અન્તરાત્મભાવ' કહે છે, કેમ કે આ સ્થિતિને પ્રાપ્ત કરીને વિકાસગામી આત્મા પોતાની અંદર વર્તમાન સૂક્ષ્મ અને સહજ શુદ્ધ પરમાત્મભાવને દેખવા લાગે છે, અર્થાત્ અન્તરાત્મભાવ એ આત્મમંદિરનું ગર્ભદ્વાર છે જેમાં પ્રવેશીને તે મંદિરમાં રહેલા પરમાત્મભાવરૂપ નિશ્ચય દેવનું દર્શન કરવામાં આવે છે.

આ દશા વિકાસક્રમની ચોથી ભૂમિકા અથવા ચોથું ગુણસ્થાન છે જેને પામીને આત્મા પહેલવહેલી વાર આધ્યાત્મિક શાન્તિનો અનુભવ કરે છે. આ ભૂમિકામાં આધ્યાત્મિક દૃષ્ટિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યથાર્થ (આત્મસ્વરૂપોન્મુખ) હોવાના કારણે વિપર્યાસરહિત હોય છે, જેને જૈન શાસ્ત્રમાં સમ્યક્ત્વ કહેલ છે.[11]

ચોથીથી આગળની પાંચમી આદિ બધી ભૂમિકાઓને સમ્યગ્દષ્ટિવાળી જ સમજવી જોઈએ, કેમ કે તેમનામાં ઉત્તરોત્તર વિકાસ તથા દષ્ટિની શુદ્ધિ વધુ ને વધુ થતી જાય છે. ચોથા ગુણસ્થાનમાં સ્વરૂપદર્શન કરવાથી આત્માને અપૂર્વ શાન્તિ મળે છે અને તેને વિશ્વાસ થઈ જાય છે કે હવે મારો સાધ્યવિષયક ભ્રમ દૂર થઈ ગયો અર્થાત્ અત્યાર સુધી જે પૌદ્ગલિક અને બાહ્ય સુખને હું ઝંખી રહ્યો હતો તે પરિણામવિરસ, અસ્થિર અને પરિમિત છે; પરિણામસુન્દર, સ્થિર અને અપરિમિત સુખ સ્વરૂપપ્રાપ્તિમાં જ છે. અને ત્યારે તે વિકાસગામી આત્મા સ્વરૂપસ્થિતિ માટે પ્રયત્ન કરવા લાગે છે.

મોહની પ્રધાન શક્તિને અર્થાત્ દર્શનમોહને શિથિલ કરીને સ્વરૂપદર્શન કરી લીધા પછી પણ જ્યાં સુધી તેની બીજી શક્તિને અર્થાત્ ચારિત્રમોહને શિથિલ ન કરવામાં આવે ત્યાં સુધી સ્વરૂપલાભ અથવા સ્વરૂપસ્થિતિ થઈ શકતી નથી. તેથી તે મોહની બીજી શક્તિને મન્દ કરવા માટે પ્રયાસ કરે છે. જ્યારે તે તે શક્તિને અંશતઃ શિથિલ કરી દે છે ત્યારે તેની વળી વધુ ઉત્ક્રાન્તિ થઈ જાય છે જેમાં અંશતઃ સ્વરૂપસ્થિરતા યા પરપરિણતિત્યાગ હોવાથી ચોથી ભૂમિકાની અપેક્ષાએ અધિક શાન્તિલાભ થાય છે. આ દેશવિરતિ નામનું પાંચમું ગુણસ્થાન છે.

આ ગુણસ્થાનમાં વિકાસગામી આત્માને એ વિચાર આવવા લાગે છે કે જો અલ્પવિરતિથી જ આટલો અધિક શાન્તિલાભ થયો તો પછી સર્વવિરતિથી અર્થાત્ જડ ભાવોના સર્વથા પરિહારથી કેટલો શાન્તિલાભ થશે ? આ વિચારથી પ્રેરિત થઈને અને પ્રાપ્ત આધ્યાત્મિક શાન્તિના અનુભવથી બળવાન બનીને તે વિકાસગામી આત્મા ચારિત્રમોહને અધિકાંશે શિથિલ કરીને પહેલાંની અપેક્ષાએ પણ અધિક સ્વરૂપસ્થિરતા યા સ્વરૂપલાભ પ્રાપ્ત કરવાની ચેષ્ટા કરે છે. આ ચેષ્ટામાં કૃતકૃત્ય થતાં જ તેને સર્વવિરતિ સંયમ પ્રાપ્ત થાય છે જેમાં પૌદ્ગલિક ભાવો પર મૂર્છા બિલકુલ રહેતી નથી અને તેનો બધો સમય સ્વરૂપની અભિવ્યક્તિ કરવાના કામમાં જ ખર્ચાય છે. આ સર્વવિરતિ નામનું છઠ્ઠું ગુણસ્થાન છે. આ છઠ્ઠા ગુણસ્થાનમાં આત્મકલ્યાણ ઉપરાંત લોકકલ્યાણની ભાવના અને તદનુકૂલ પ્રવૃત્તિ પણ થાય છે, પરંતુ ક્યારેક ક્યારેક ઓછીવત્તી માત્રામાં પ્રમાદ આવી જાય છે.

પાંચમા ગુણસ્થાનની અપેક્ષાએ આ છઠ્ઠા ગુણસ્થાનમાં સ્વરૂપની અભિવ્યક્તિ અધિક હોવાના કારણે જો કે વિકાસગામી આત્માને આધ્યાત્મિક શાન્તિ પહેલાં કરતાં અધિક જ મળે છે તેમ છતાં વચ્ચે વચ્ચે અનેક પ્રમાદ તેને શાન્તિના અનુભવમાં બાધા પહોંચાડે છે, તેને તે સહન કરી શકતો નથી. તેથી સર્વવિરતિજનિત શાન્તિની સાથે અપ્રમાદજનિત વિશિષ્ટ શાન્તિનો અનુભવ કરવાની પ્રબળ લાલસાથી પ્રેરિત થઈને તે વિકાસગામી આત્મા પ્રમાદનો

11. जिनोक्तादविपर्यस्ता सम्यग्दृष्टिर्निगद्यते ।
सम्यक्त्वशालिनां सा स्यात् तच्चैवं जायतेऽङ्गिनाम् ॥
– લોકપ્રકાશ, સર્ગ 3, શ્લોક 596.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાગ કરે છે અને સ્વરૂપની અભિવ્યક્તિને અનુકૂળ મનન-ચિન્તન સિવાય બીજા બધા વ્યાપારોનો ત્યાગ કરી દે છે. આ જ અપ્રમત્તસંયત નામનું સાતમું ગુણસ્થાન છે. તેમાં એક તરફ અપ્રમાદજન્ય ઉત્કટ સુખનો અનુભવ આત્માને તે જ સ્થિતિમાં ટકી રહેવા માટે ઉત્તેજિત કરે છે અને બીજી તરફ પ્રમાદજન્ય પૂર્વ વાસનાઓ તેને પોતાની તરફ ખેંચે છે. આ ખેંચતાણમાં વિકાસગામી આત્મા ક્યારેક પ્રમાદની તન્દ્રા અને ક્યારેક અપ્રમાદની જાગૃતિ અર્થાત્ છઠ્ઠા અને સાતમા ગુણસ્થાનમાં અનેક વાર આવતો-જતો રહે છે. વમળ યા વાતચક્રમાં ફસાયેલું તણખલું આમથી તેમ અને તેમથી આમ જેવી રીતે ચલાયમાન થતું રહે છે તેવી જ રીતે છઠ્ઠા અને સાતમા ગુણસ્થાનના સમયે વિકાસગામી આત્મા અનવસ્થિત બની જાય છે.

પ્રમાદ સાથે ચાલતા આ આન્તરિક યુદ્ધ વખતે વિકાસગામી આત્મા જો પોતાનું ચારિત્રબળ વિશેષ પ્રકાશિત કરે તો પછી તે પ્રમાદોને - પ્રલોભનોને પાર કરીને વિશેષ અપ્રમત અવસ્થા પ્રાપ્ત કરી લે છે. આ અવસ્થાને પામીને તે એવી શક્તિવૃદ્ધિની તૈયારી કરે છે કે જેનાથી શેષ રહેલા મોહબળનો નાશ કરી શકાય. મોહ સાથે થનાર ભાવી યુદ્ધ માટે કરવામાં આવતી તૈયારીની આ ભૂમિકાને આઠમું ગુણસ્થાન કહે છે.

પહેલાં ક્યારેય ન થયેલી એવી આત્મશુદ્ધિ આ ગુણસ્થાનમાં થઈ જાય છે જેનાથી કોઈ વિકાસગામી આત્મા તો મોહના સંસ્કારોના પ્રભાવને ક્રમશઃ દબાવતો આગળ વધે છે તથા છેવટે તેને તદ્દન જ ઉપશાન્ત કરી દે છે જ્યારે બીજો કોઈ વિશિષ્ટ આત્મશુદ્ધિવાળો વિકાસગામી આત્મા એવો પણ હોય છે જે મોહના સંસ્કારોને ક્રમશઃ જડમૂળથી ઉખાડતો આગળ વધે છે તથા છેવટે તે બધા સંસ્કારોને સર્વથા નિર્મૂળ જ કરી નાખે છે. આ રીતે આઠમા ગુણસ્થાનથી આગળ વધનારા અર્થાત્ અન્તરાત્મભાવના વિકાસ દ્વારા પરમાત્મભાવરૂપ સર્વોપરિ ભૂમિકાની નજીક પહોંચનારા આત્માઓ બે શ્રેણિઓમાં વિભક્ત થઈ જાય છે.

એક શ્રેણિવાળા તો એવા હોય છે કે જેઓ મોહને એક વાર સર્વથા દબાવી તો દે છે પણ તેને નિર્મૂળ નથી કરી શકતા. તેથી જેવી રીતે કોઈ બંધ ડબા જેવા પાત્રમાં ભરેલી વરાળ ક્યારેક પોતાના વેગથી તે પાત્રને ઉડાડી લઈ ભાગે છે યા નીચે પાડી દે છે અથવા જેવી રીતે રાખ નીચે દબાયેલો અગ્નિ હવાનું ઝકોરું લાગતાં જ પોતાનું કાર્ય કરવા લાગી જાય છે અથવા જેવી રીતે પાણીની હેઠે બેઠેલી મટોડી થોડોક ક્ષોભ પામતાં જ ઉપર આવીને પાણીને ગંદુ કરી નાખે છે તેવી જ રીતે પહેલાં દબાયેલો પણ મોહ આન્તરિક યુદ્ધમાં થાકી ગયેલા તે પ્રથમ શ્રેણિવાળા આત્માઓને પોતાના વેગથી નીચે પાડી દે છે. એક વાર સર્વથા દબાઈ જવા છતાં પણ મોહ જે ભૂમિકા ઉપરથી આત્માને હરાવીને નીચે પાડી દે છે તે જ અગિયારમું ગુણસ્થાન છે. મોહને ક્રમશઃ દબાવતા દબાવતા સર્વથા દબાવી દેવા સુધીમાં ઉત્તરોત્તર અધિકાધિક વિશુદ્ધિવાળી બે ભૂમિકાઓ અવશ્ય પ્રાપ્ત કરવી પડે છે જે નવમું અને દસમું ગુણસ્થાન કહેવાય છે. અગિયારમું ગુણસ્થાન અધઃપતનનું સ્થાન છે, કેમકે તેને પ્રાપ્ત કરનાર આત્મા આગળ વધ્યા વિના એક વાર તો અવશ્ય નીચે પડે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બીજી શ્રેણિવાળા આત્માઓ મોહને ક્રમશઃ નિર્મૂળ કરતા કરતા છેવટે તેને સર્વથા નિર્મૂળ કરી નાખે છે. સર્વથા નિર્મૂળ કરવાની જે ઉચ્ચ ભૂમિકા છે તે જ બારમું ગુણસ્થાન છે. આ ગુણસ્થાન પ્રાપ્ત કરવા સુધીમાં અર્થાત્ મોહને સર્વથા નિર્મૂળ કરતા પહેલાં વચ્ચે નવમું અને દસમું ગુણસ્થાન પ્રાપ્ત કરવું પડે છે. આમ જોવા જઈએ તો પહેલી શ્રેણિવાળા હોય કે બીજી શ્રેણિવાળા હોય પરંતુ તે બધાને નવમું અને દસમું ગુણસ્થાન પ્રાપ્ત કરવું જ પડે છે. બન્ને શ્રેણિવાળાઓ વચ્ચે અન્તર એટલું જ હોય છે કે પ્રથમ શ્રેણિવાળાઓની અપેક્ષાએ બીજી શ્રેણિવાળાઓમાં આત્મશુદ્ધિ અને આત્મબળ વિશિષ્ટ પ્રકારનાં હોય છે, જેમ એક જ શ્રેણિ યા ધોરણમાં ભણતા વિદ્યાર્થીઓ પણ બે પ્રકારના હોય છે. એક પ્રકારના વિદ્યાર્થીઓ તો એવા હોય છે કે જેઓ કોશિશ કરવા છતાં પણ પ્રથમ પ્રયત્ને પોતાની પરીક્ષામાં પાસ થઈ આગળ જઈ શકતા નથી. પરંતુ બીજા પ્રકારના વિદ્યાર્થીઓ પોતાની યોગ્યતાના બળે બધી મુશ્કેલીઓ પાર કરીને તે કઠિનતમ પરીક્ષાને પ્રથમ પ્રયત્ને જ બેધડક પાસ કરી જ લે છે. તે બન્ને દળો વચ્ચેના આ અન્તરનું કારણ તેમની આન્તરિક યોગ્યતાની ન્યૂનાધિકતા છે. તેવી જ રીતે નવમા અને દસમા ગુણસ્થાનને પ્રાપ્ત કરનાર ઉક્ત બન્ને શ્રેણિગામી આત્માઓની આધ્યાત્મિક વિશુદ્ધિ ન્યૂનાધિક હોય છે, જેના કારણે એક શ્રેણિવાળા તો દસમા ગુણસ્થાનને પ્રાપ્ત કરીને અગિયારમા ગુણસ્થાનમાં મોહથી હાર પામીને નીચે પડે છે જ્યારે બીજી શ્રેણિવાળા દસમા ગુણસ્થાનને પાર કરીને એટલું બધું આત્મબળ પ્રકટ કરે છે કે છેવટે તેઓ મોહનો સર્વથા ક્ષય યા નાશ કરીને બારમા ગુણસ્થાનને પ્રાપ્ત કરી જ લે છે.

જેમ અગિયારમું ગુણસ્થાન પુનરાવૃત્તિનું છે, તેમ બારમું ગુણસ્થાન અપુનરાવૃત્તિનું છે. અર્થાત્ અગિયારમા ગુણસ્થાનને પામનાર આત્મા એક વાર તો તેમાંથી અવશ્ય પતન પામે છે જ. પરંતુ બારમા ગુણસ્થાનને પામનાર આત્મા કદાપિ પતન પામતો નથી, ઊલટું ઉપર જ ચડે છે. કોઈ એક પરીક્ષામાં પાસ ન થનારો વિદ્યાર્થી જેવી રીતે પરિશ્રમ અને એકાગ્રતાથી યોગ્યતા વધારીને પછી તે પરીક્ષાને પાસ કરી લે છે તેવી જ રીતે એક વાર મોહથી હાર પામનાર આત્મા પણ અપ્રમત્તભાવ અને આત્મબળની અધિકતાથી પછી મોહને અવશ્ય ક્ષીણ કરી નાખે છે. ઉક્ત બન્ને શ્રેણિવાળા આત્માઓની તરતમભાવાપન્ન આધ્યાત્મિક વિશુદ્ધિ જાણે કે પરમાત્મભાવરૂપ સર્વોચ્ચ ભૂમિકા પર ચડવાની બે સીડીઓ છે, જેમાંની એકને જૈન શાસ્ત્રમાં 'ઉપશમશ્રેણિ' અને બીજીને 'ક્ષપકશ્રેણિ' કહી છે. પહેલી કેટલેક ઊંચે ચડાવીને પાડનારી છે જ્યારે બીજી ઊંચે ને ઊંચે ચડાવનારી જ છે. પહેલી શ્રેણિ ઉપરથી પડનારો આધ્યાત્મિક અધઃપતન દ્વારા ભલે ને પ્રથમ ગુણસ્થાન સુધી નીચે કેમ ન જતો રહે પરંતુ તેની તે અધઃપતિત સ્થિતિ કાયમ રહેતી નથી. ક્યારેક ને ક્યારેક પાછો તે બમણા બળથી અને બમણી સાવધાનીથી સજ્જ થઈને મોહશત્રુનો સામનો કરે છે અને છેવટે બીજી શ્રેણિની યોગ્યતા પ્રાપ્ત કરીને મોહનો સર્વથા ક્ષય કરી નાખે છે. વ્યવહારમાં અર્થાત્ આધિભૌતિક ક્ષેત્રમાં પણ એ જોવામાં આવે છે કે જે એક વાર હાર ખાય છે તે પૂરી તૈયારી કરીને હરાવનાર શત્રુને પછી હરાવી શકે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરમાત્મભાવનું સ્વરાજ્ય પ્રાપ્ત કરવામાં મુખ્ય બાધક મોહ જ છે જેને નષ્ટ કરવાનું અન્તરાત્મભાવના વિશિષ્ટ વિકાસ પર નિર્ભર છે. મોહનો સર્વથા નાશ થયો કે તરત જ જૈન શાસ્ત્રમાં 'ઘાતિકર્મ' કહેવાતાં અન્ય આવરણો, પ્રધાન સેનાપતિ મરાતાં અનુગામી સૈનિકો એક સાથે આમતેમ વિખરાઈ જાય તેમ, વિખરાઈ જાય છે. પછી વિલંબ શાનો, વિકાસગામી આત્મા તરત જ પરમાત્મભાવનું પૂર્ણ આધ્યાત્મિક સ્વરાજ્ય પ્રાપ્ત કરીને અર્થાત્ સચ્ચિદાનન્દ સ્વરૂપને પૂર્ણપણે વ્યક્ત કરીને નિરતિશય જ્ઞાન, ચારિત્ર આદિનો લાભ પામે છે તથા અનિર્વચનીય સ્વાભાવિક સુખનો અનુભવ કરે છે. જેમ પૂર્ણિમાની રાતે નિરભ્ર ચન્દ્રની સંપૂર્ણ કળાઓ પ્રકાશમાન થાય છે તેવી જ રીતે તે સમયે આત્માની ચેતના આદિ બધી જ મુખ્ય શક્તિઓ પૂર્ણ વિકસિત થઈ જાય છે. આ ભૂમિકાને જૈન શાસ્ત્રમાં તેરમું ગુણસ્થાન કહે છે.

આ ગુણસ્થાનમાં આત્મા ચિરકાળ સુધી રહ્યા પછી દગ્ધરજ્જુ સમાન શેષ આવરણોને અર્થાત્ અપ્રધાનભૂત અઘાતિ કર્મોને ઉડાડી ફેંકી દેવા માટે સૂક્ષ્મક્રિયાપ્રતિપાતિ શુક્લધ્યાનરૂપ પવનનો આશરો લઈને માનસિક, વાચિક અને કાયિક વ્યાપારોને સર્વથા રોકી દે છે. આ જ આધ્યાત્મિક વિકાસની પરાકાષ્ઠા અર્થાત્ ચૌદમું ગુણસ્થાન છે. તેમાં આત્મા સમુચ્છિન્નક્રિયાપ્રતિપાતિ શુક્લધ્યાન દ્વારા સુમેરુના જેવી નિષ્પ્રકમ્પ સ્થિતિને પ્રાપ્ત કરીને છેવટે શરીરત્યાગપૂર્વક વ્યવહાર અને પરમાર્થ દૃષ્ટિએ લોકોત્તર સ્થાનને પ્રાપ્ત કરે છે. આ જ નિર્ગુણ બ્રહ્મસ્થિતિ છે[12], આ જ સર્વાંગીણ પૂર્ણતા છે, આ જ પૂર્ણ કૃતકૃત્યતા છે, આ જ પરમ પુરુષાર્થની અન્તિમ સિદ્ધિ છે અને આ જ અપુનરાવૃત્તિસ્થાન છે, કેમ કે સંસારનું એક માત્ર કારણ જે મોહ છે તેના બધા સંસ્કારોનો નિઃશેષ નાશ થઈ જવાના કારણે હવે ઉપાધિનો સંભવ જ નથી.

આ વાત થઈ પહેલાથી ચૌદમા ગુણસ્થાન સુધીના બાર ગુણસ્થાનોની, તેમાં બીજા અને ત્રીજા ગુણસ્થાનની વાત છૂટી ગઈ છે. તે બે ગુણસ્થાનોની વાત નીચે પ્રમાણે છે : સમ્યક્ત્વ અથવા તત્ત્વજ્ઞાનવાળી ઉપરની ચોથી વગેરે ભૂમિકાઓના રાજમાર્ગથી ચ્યુત થઈને જ્યારે કોઈ આત્મા તત્ત્વજ્ઞાનશૂન્ય અથવા મિથ્યાદૃષ્ટિવાળી પ્રથમ ભૂમિકાના ઉન્માર્ગ તરફ ઝૂકે છે ત્યારે વચમાં તે અધઃપતનોન્મુખ આત્માની જે કંઈ અવસ્થા થાય છે તે જ બીજું ગુણસ્થાન છે. જો કે આ ગુણસ્થાનમાં પ્રથમ ગુણસ્થાનની અપેક્ષાએ આત્મશુદ્ધિ અવશ્ય કંઈક અધિક હોય છે, તેથી આ ગુણસ્થાનનો ક્રમ પહેલા ગુણસ્થાન પછી રાખવામાં આવ્યો છે, તેમ છતાં એ વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે આ ગુણસ્થાનને ઉત્ક્રાન્તિસ્થાન ન કહી શકાય, કેમ કે પ્રથમ ગુણસ્થાનને છોડીને ઉત્ક્રાન્તિ કરનારો આત્મા આ બીજા સ્થાનને સીધેસીધું પ્રાપ્ત કરી શકતો નથી પરંતુ ઉપરના ગુણસ્થાનથી પતન પામતો આત્મા

12. योगसंन्यासतस्त्यागी योगानप्यखिलान् त्यजेत् ।
इत्येवं निर्गुणं ब्रह्म परोक्तमुपपद्यते ॥7॥
वस्तुतस्तु गुणैः पूर्णमनन्तैर्भासते स्वतः ।
रूपं व्यक्तात्मनः साधोर्निरभ्रस्य विधोरिव ॥8॥ - જ્ઞાનસાર. ત્યાગાષ્ટક.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ તેનો અધિકારી બને છે. અધઃપતન મોહના ઉદ્રેકથી થાય છે. તેથી આ ગુણસ્થાનના સમયે મોહની તીવ્ર કાષાયિક શક્તિનો આવિર્ભાવ હોય છે. ખીર આદિ મિષ્ટ ભોજન કર્યા પછી જો વમન થઈ જાય તો મુખમાં એક જાતનો વિલક્ષણ સ્વાદ અર્થાત્ ન અતિ મધુર ન અતિ અમ્લ જેવો અનુભવાય છે. તેવી જ રીતે બીજા ગુણસ્થાનના સમયે આધ્યાત્મિક સ્થિતિ વિલક્ષણ હોય છે, કેમકે તે વખતે આત્મા ન તો તત્ત્વજ્ઞાનની નિશ્ચિત ભૂમિકા ઉપર છે કે ન તો તત્ત્વજ્ઞાનશૂન્યની નિશ્ચિત ભૂમિકા પર છે. અથવા જેમ કોઈ વ્યક્તિ ચડવાની સીડી ઉપરથી લપસીને જ્યાં સુધી જમીન પર પડી સ્થિર થતો નથી ત્યાં સુધી વચમાં એક વિલક્ષણ અવસ્થાનો અનુભવ કરે છે તેવી જ રીતે સમ્યક્ત્વથી ચ્યુત થઈને મિથ્યાત્વ પ્રાપ્ત કરવા સુધીમાં અર્થાત્ વચમાં આત્મા એક વિલક્ષણ આધ્યાત્મિક અવસ્થાનો અનુભવ કરે છે. આ વાત આપણા આ વ્યાવહારિક અનુભવથી પણ પ્રસિદ્ધ છે કે જ્યારે કોઈ નિશ્ચિત ઉન્નત અવસ્થામાંથી પડીને કોઈ નિશ્ચિત અવનત અવસ્થા પ્રાપ્ત કરવામાં આવે છે ત્યારે વચમાં એક વિલક્ષણ પરિસ્થિતિ ખડી થાય છે.

ત્રીજું ગુણસ્થાન આત્માની તે મિશ્રિત અવસ્થાનું નામ છે જેમાં ન તો કેવળ સમ્યક્ દૃષ્ટિ હોય છે કે ન તો કેવળ મિથ્યા દૃષ્ટિ હોય છે, પરંતુ આત્મા તેમાં દોલાયમાન આધ્યાત્મિક સ્થિતિવાળો બની જાય છે. તેથી તેની બુદ્ધિ સ્વાધીન ન હોવાના કારણે સંદેહશીલ હોય છે અર્થાત્ તેની સમક્ષ જે કંઈ આવ્યું તે બધું તેને સત્ય લાગે છે. ન તો તે તત્ત્વને એકાન્ત અતત્ત્વરૂપે જ જાણે છે કે ન તો તે તત્ત્વ-અતત્ત્વનો વાસ્તવિક પૂર્ણ વિવેક કરી શકે છે.

કોઈ ઉત્ક્રાન્તિ કરતો આત્મા પ્રથમ ગુણસ્થાનથી નીકળીને સીધો જ ત્રીજા ગુણસ્થાનને પ્રાપ્ત કરે છે અને કોઈ અવક્રાન્તિ કરતો આત્મા પણ ચતુર્થ આદિ ગુણસ્થાનથી નીચે પડીને ત્રીજા ગુણસ્થાનને પ્રાપ્ત કરે છે. આ રીતે ઉત્ક્રાન્તિ કરતા અને અવક્રાન્તિ કરતા એમ બન્ને પ્રકારના આત્માઓનું આશ્રયસ્થાન આ ત્રીજું ગુણસ્થાન છે. બીજા ગુણસ્થાનથી ત્રીજા ગુણસ્થાનની આ જ વિશેષતા છે.

ઉપર આત્માની જે ચૌદ અવસ્થાઓનો વિચાર કર્યો છે તેમનું તથા તેમની અન્તર્ગત અવાન્તર અવસ્થાઓનું બહુ સંક્ષેપમાં વર્ગીકરણ કરીને શાસ્ત્રમાં શરીરધારી આત્માની ફક્ત ત્રણ અવસ્થાઓ દર્શાવી છે - (1) બહિરાત્મઅવસ્થા (2) અન્તરાત્મઅવસ્થા અને (3) પરમાત્મઅવસ્થા.

પહેલી અવસ્થામાં આત્માનું વાસ્તવિક અર્થાત્ વિશુદ્ધ રૂપ અત્યન્ત આછન્ન રહે છે, જેના કારણે આત્મા મિથ્યાધ્યાસવાળો બનીને પૌદ્ગલિક વિલાસોને જ સર્વસ્વ માની લે છે અને તેમની પ્રાપ્તિ માટે સંપૂર્ણ શક્તિનો વ્યય કરે છે.

બીજી અવસ્થામાં આત્માનું વાસ્તવિક સ્વરૂપ પૂર્ણપણે તો પ્રકટ થતું નથી પરંતુ તેના ઉપરનું આવરણ ગાઢ ન હોતાં શિથિલ, શિથિલતર, શિથિલતમ બની જાય છે, જેના કારણે તેની દૃષ્ટિ પૌદ્ગલિક વિલાસો તરફથી પાછી વળીને શુદ્ધ સ્વરૂપની તરફ લાગી જાય છે. તેથી તેની દૃષ્ટિમાં શરીર આદિની જીર્ણતા યા નવીનતા એ પોતાની જીર્ણતા યા નવીનતા નથી. આ બીજી અવસ્થા જ ત્રીજી અવસ્થાનું દૃઢ સોપાન છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રીજી અવસ્થામાં આત્માનું વાસ્તવિક સ્વરૂપ પ્રકટ થઈ જાય છે અર્થાત્ તેના ઉપરનાં ગાઢ આવરણો તદ્દન વિલીન થઈ જાય છે.

પહેલું, બીજું અને ત્રીજું ગુણસ્થાન બહિરાત્મઅવસ્થાનું ચિત્રણ છે. ચોથાથી બારમા સુધીનાં ગુણસ્થાન અન્તરાત્મઅવસ્થાનું દિગ્દર્શન છે અને તેરમું તથા ચૌદમું ગુણસ્થાન પરમાત્મઅવસ્થાનું વર્ણન[13] છે.

આત્માનો સ્વભાવ જ્ઞાનમય છે, તેથી તે ભલે ને ગમે તે ગુણસ્થાનમાં હોય પરંતુ ધ્યાનથી ક્યારેય મુક્ત નથી હોતો. ધ્યાનના સામાન્યપણે (1) શુભ અને (2) અશુભ એવા બે વિભાગ અને વિશેષપણે (1) આર્ત, (2) રૌદ્ર (3) ધર્મ અને (4) શુક્લ એવા ચાર વિભાગ શાસ્ત્રમાં કરવામાં આવ્યા છે.[14] ચારમાંથી પહેલાં બે અશુભ છે અને પછીનાં બે શુભ છે. પૌદ્ગલિક દૃષ્ટિની પ્રધાનતા વખતે અથવા આત્મવિસ્મૃતિ વખતે જે ધ્યાન થાય છે તે અશુભ છે, અને પૌદ્ગલિક દૃષ્ટિની ગૌણતા અને આત્માનુસન્ધાનદશામાં જે ધ્યાન થાય છે તે શુભ છે. અશુભ ધ્યાન સંસારનું કારણ છે અને શુભ ધ્યાન મોક્ષનું કારણ છે. પહેલાં ત્રણ ગુણસ્થાનોમાં આર્ત અને રૌદ્ર એ બે ધ્યાન જ તરતમભાવે મળે છે. ચોથા અને પાંચમા ગુણસ્થાનમાં ઉક્ત બે ધ્યાનો ઉપરાંત સમ્યક્ત્વના પ્રભાવે ધર્મધ્યાન પણ થાય છે. છઠ્ઠા ગુણસ્થાનમાં આર્ત અને ધર્મ એ બે ધ્યાનો જ હોય છે. સાતમા ગુણસ્થાનમાં ફક્ત ધર્મધ્યાન હોય છે. આઠમાથી બારમા સુધીનાં પાંચ ગુણસ્થાનોમાં ધર્મ અને શુક્લ એ બે ધ્યાનો હોય છે. તેરમા અને ચૌદમા ગુણસ્થાનમાં ફક્ત શુક્લધ્યાન હોય છે.[15]

ગુણસ્થાનોમાં પ્રાપ્ત થતાં ધ્યાનોનાં ઉક્ત વર્ણન ઉપરથી તથા ગુણસ્થાનોમાં કરવામાં આવેલ બહિરાત્મભાવ આદિ પૂર્વોક્ત વિભાગ ઉપરથી પ્રત્યેક મનુષ્ય સામાન્યપણે જાણી શકે છે કે પોતે કયા ગુણસ્થાનનો અધિકારી છે. આવું જ્ઞાન યોગ્ય અધિકારીની નૈસર્ગિક મહત્ત્વાકાંક્ષાને ઉપરના ગુણસ્થાનો માટે ઉત્તેજિત કરે છે.

---

13. अन्ये तु मिथ्यादर्शनादिभावपरिणतो बाह्यात्मा, सम्यग्दर्शनादिपरिणतस्त्वन्तरात्मा, केवलज्ञानादिपरिणतस्तु परमात्मा । तत्राद्यगुणस्थानत्रये बाह्यात्मा, ततः परं क्षीणमोहगुणस्थानं यावदन्तरात्मा, ततः परं तु परमात्मेति । तथा व्यक्त्या बाह्यात्मा, शक्त्या परमात्मान्तरात्मा च । व्यक्त्यान्तरात्मा तु शक्त्या परमात्मा अनुभूतपूर्वनयेन च बाह्यात्मा; व्यक्त्या परमात्मा अनुभूतपूर्वनयेनैव बाह्यात्मान्तरात्मा च । - અધ્યાત્મમતપરીક્ષા, ગાથા 125.

    बाह्यात्मा चान्तरात्मा च परमात्मेति च त्रयः ।
    कायाधिष्ठायकध्येयाः प्रसिद्धा योगवाङ्मये ॥17॥
    अन्ये मिथ्यात्वसम्यक्त्वकेवलज्ञानभागिनः ।
    मिश्रे च क्षीणमोहे च विश्रान्तास्ते त्वयोगिनः ॥18॥ - યોગાવતારદ્વાત્રિંશિકા

14. आर्तरौद्रधर्मशुक्लानि । તત્ત્વાર્થસૂત્ર, 9.29.
15. આના માટે જુઓ તત્ત્વાર્થસૂત્ર 9.35-40. ધ્યાનશતક, ગાથા 63-64 તથા આવશ્યકહારિભદ્રી ટીકા પૃ.602. આ વિષયમાં તત્ત્વાર્થનાં ઉક્ત સૂત્રો ઉપરનું રાજવાર્તિક ખાસ જોવાલાયક છે, કેમ કે તેમાં શ્વેતામ્બર ગ્રન્થોથી થોડોક મતભેદ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**દર્શનાન્તર સાથે જૈન દર્શનનું સામ્ય**

જે દર્શનો આસ્તિક છે અર્થાત્ આત્મા, તેનો પુનર્જન્મ, તેની વિકાસશીલતા તથા મોક્ષયોગ્યતાને માનનારાં છે તે બધાં દર્શનોમાં કોઈ ને કોઈ રૂપમાં આત્માના ક્રમિક વિકાસનો વિચાર મળવો સ્વાભાવિક છે. તેથી આર્યાવર્તનાં જૈન, વૈદિક અને બૌદ્ધ આ ત્રણ પ્રાચીન દર્શનોમાં ઉક્ત પ્રકારનો વિચાર મળે છે. આ વિચાર જૈન દર્શનમાં ગુણસ્થાનના નામે, વૈદિક દર્શનમાં ભૂમિકાઓના નામે અને બૌદ્ધ દર્શનમાં અવસ્થાઓના નામે પ્રસિદ્ધ છે. ગુણસ્થાનનો વિચાર જેવો જૈન દર્શનમાં સૂક્ષ્મ તથા વિસ્તૃત છે તેવો અન્ય દર્શનોમાં નથી, તેમ છતાં ઉક્ત ત્રણે દર્શનોની તે વિચારની બાબતમાં ઘણી સમાનતા છે. અર્થાત્ સંકેત, વર્ણનશૈલી આદિની ભિન્નતા હોવા છતાં પણ વસ્તુતત્ત્વની બાબતમાં ત્રણે દર્શનોનો ભેદ નહિવત્ છે. વૈદિક દર્શનના યોગવાસિષ્ઠ, પાતંજલ યોગ આદિ ગ્રન્થોમાં આત્માની ભૂમિકાઓનો સારો વિચાર છે.

(1) જૈન શાસ્ત્રમાં મિથ્યાદષ્ટિ કે બહિરાત્માના નામથી અજ્ઞાની જીવનું લક્ષણ દર્શાવ્યું છે કે જે અનાત્મામાં અર્થાત્ આત્મભિન્ન જડ તત્ત્વમાં આત્મબુદ્ધિ કરે છે તે મિથ્યાદષ્ટિ યા બહિરાત્મા[16] છે. યોગવાસિષ્ઠમાં[17] તથા પાતંજલ યોગસૂત્રમાં[18] અજ્ઞાની જીવનું તે જ લક્ષણ છે. જૈન શાસ્ત્રમાં મિથ્યાત્વમોહનું સંસારબુદ્ધિ અને દુઃખરૂપ ફળ વર્ણવાયું છે.[19] તે જ વાત યોગવાસિષ્ઠના નિર્વાણપ્રકરણમાં અજ્ઞાનના ફળરૂપથી કહી

---

16. तत्र मिथ्यादर्शनोदयवशीकृतो मिथ्यादृष्टिः । – તત્ત્વાર્થરાજવાર્તિક 9.1.12.
आत्मधिया समुपात्तकायादिः कीर्त्यतेऽत्र बहिरात्मा ।
कायादेः समधिष्ठायको भवत्यन्तरात्मा तु ॥7॥ – યોગશાસ્ત્ર, પ્રકાશ 12.
निर्मलस्फटिकस्येव सहजं रूपमात्मनः ।
अध्यस्तोपाधिसंबद्धो जडस्तत्र विमुह्यति ॥6॥ – જ્ઞાનસાર, મોહાષ્ટક.
नित्यशुच्यात्मताख्यातिरनित्याशुच्यनात्मसु ।
अविद्या तत्त्वधीर्विद्या योगाचार्यैः प्रकीर्तिता ॥1॥ – જ્ઞાનસાર, વિદ્યાષ્ટક.
भ्रमवाटी बहिर्दृष्टिर्भ्रमच्छाया तदीक्षणम् ।
अभ्रान्तस्तत्त्वदृष्टिस्तु नास्यां शेते सुखाशया ॥2॥ – જ્ઞાનાસાર, તત્ત્વદષ્ટિ અષ્ટક.
17. यस्याज्ञानात्मनो ज्ञस्य देह एवात्मभावना ।
उदितेति रुषैवाक्षरिपवोऽभिभवन्ति तम् ॥3॥ – નિર્વાણપ્રકરણ, પૂર્વાર્ધ, સર્ગ 6.
18. अनित्याशुचिदुःखानात्मसु नित्यशुचिसुखात्मख्यातिरविद्या ।
– પાતંજલ યોગસૂત્ર, સાધનપાદ, સૂત્ર 5.
19. समुदायावयवयोर्बन्धहेतुत्वं वाक्यपरिसमाप्तेर्वैचित्र्यात् । – તત્ત્વાર્થરાજવાર્તિક, 9.1.31.
विकल्पचषकैरात्मा पीतमोहासवो ह्ययम् ।
भवोच्चतालमुत्तालप्रपञ्चमधितिष्ठति ॥5॥ – જ્ઞાનસાર, મોહાષ્ટક.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે.[20] (2) યોગવાસિષ્ઠના નિર્વાણપ્રકરણના પૂર્વાર્ધમાં અવિદ્યાથી તૃષ્ણા અને તૃષ્ણાથી દુઃખાનુભવ તથા વિદ્યાથી અવિદ્યાનો નાશ[21] એમ જે ક્રમ જેવો વર્ણવાયો છે તે જ ક્રમ જૈન શાસ્ત્રમાં મિથ્યાજ્ઞાન અને સમ્યક્જ્ઞાનના નિરૂપણ દ્વારા પદે પદે તેવો જ વર્ણવાયો છે. (3) યોગવાસિષ્ઠના ઉક્ત પ્રકરણમાં[22] જ અવિદ્યાનો વિદ્યાથી અને વિદ્યાનો વિચારથી જે નાશ દર્શાવ્યો છે તે જૈન શાસ્ત્રમાં મનાયેલ મતિજ્ઞાન આદિ ક્ષાયોપશમિક જ્ઞાનથી મિથ્યાજ્ઞાનના નાશ અને ક્ષાયિક જ્ઞાનથી ક્ષાયોપશમિક જ્ઞાનના નાશ સમાન છે. (4) જૈન શાસ્ત્રમાં મુખ્યપણે મોહને જ બન્ધનો અર્થાત્ સંસારનો હેતુ માનવામાં આવ્યો છે. યોગવાસિષ્ઠમાં[23] આ જ વાત બીજા રૂપે કહેવામાં આવી છે. તેમાં દશ્યના અસ્તિત્વને બન્ધનું કારણ કહ્યું છે. તેનું તાત્પર્ય છે કે દશ્યનું અભિમાન યા અધ્યાસ બન્ધનું કારણ છે. (5) જેમ જૈન શાસ્ત્રમાં ગ્રન્થિભેદનું વર્ણન છે તેવી જ રીતે યોગવાસિષ્ઠમાં[24] પણ

---

20. अज्ञानात् प्रसृता यस्माज्जगत्पर्णपरम्पराः ।
यस्मिंस्तिष्ठन्ति राजन्ते विशन्ति विलसन्ति च ॥53॥
आपातमात्रमधुरत्वमनर्थसत्त्वम्
आद्यन्तवत्त्वमखिलस्थितिभङ्गुरत्वम् ।
अज्ञानशाखिन इति प्रसृतानि राम
नानाकृतीनि विपुलानि फलानि तानि ॥61॥ પૂર્વાર્ધ, સર્ગ 6.

21. जन्मपर्वाहिना रन्ध्रा विनाशच्छिद्रचञ्चुरा ।
भोगाभोगरसापूर्णा विचारैकघुणक्षता ॥11॥ સર્ગ 8.

22. मिथःस्वान्ते तयोरन्तश्छायातपनयोरिव ।
अविद्यायां विलीनायां क्षीणे द्वे एव कल्पने ॥23॥
एते राघव लीयेते अत्राप्यं परिशिष्यते ।
अविद्यासंक्षयात् क्षीणो विद्यापक्षोऽपि राघव ॥24॥ સર્ગ 9.

23. अविद्यासंसृतिर्बन्धो माया मोहो महत्तमः ।
कल्पितानीति नामानि यस्याः सकलवेदिभिः ॥20॥
द्रष्टुर्दृश्यस्य सत्ताऽङ्गबन्ध इत्यभिधीयते ।
द्रष्टा दृश्यबलाद् बद्धो दृश्याभावे विमुच्यते ॥22॥ ઉત્પત્તિપ્ર. સર્ગ 1.
तस्मात् चित्तविकल्पस्थपिशाचो बालकं यथा ।
विनिहन्त्येवमेषान्तर्द्रष्टारं दृश्यरूपिका ॥38॥ ઉત્પત્તિપ્ર. સર્ગ 3.

24. ज्ञप्तिर्हि ग्रन्थिविच्छेदस्तस्मिन् सति हि मुक्तता ।
मृगतृष्णाम्बुबुद्ध्यादिशान्तिमात्रात्मकस्त्वसौ ॥23॥ ઉત્પત્તિપ્રકરણ, સર્ગ ।18.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. (6) વૈદિક ગ્રન્થોમાં વર્ણન છે કે માયાના સંસર્ગથી બ્રહ્મ સંકલ્પ-વિકલ્પાત્મક ઐન્દ્રજાલિક સૃષ્ટિ રચે છે, તથા સ્થાવરજંગમાત્મક જગતનો નાશ કલ્પના અન્તે થાય છ,[25] ઇત્યાદિ. આ વૈદિક વાતોની સંગતિ જૈન શાસ્ત્ર અનુસાર આ પ્રમાણે કરી શકાય - આત્માનું અવ્યવહારરાશિમાંથી વ્યવહારરાશિમાં આવવું એ જ બ્રહ્મનું જીવત્વને ધારણ કરવું છે. ક્રમશઃ સૂક્ષ્મ તથા સ્થૂલ મન દ્વારા સંજ્ઞિત્વ પ્રાપ્ત કરીને સંકલ્પજાલમાં આત્માએ વિચરણ કરવું એ જ સંકલ્પ-વિકલ્પાત્મક ઐન્દ્રજાલિક સૃષ્ટિ છે. શુદ્ધ આત્મસ્વરૂપ વ્યક્ત થતાં સાંસારિક પર્યાયોનો નાશ થવો એ જ કલ્પના અન્તે સ્થાવરજંગમાત્મક જગતનો નાશ છે. આત્મા પોતાની સત્તાને ભૂલીને જડસત્તાને સ્વસત્તા માને છે, આ વસ્તુ જ અહંત્વ-મમત્વભાવનારૂપ મોહના ઉદયનું તેમજ બન્ધનું કારણ છે. આ જ અહંત્વમમત્વભાવના વૈદિક વર્ણનશૈલી અનુસાર બન્ધહેતુભૂત દશ્યસત્તા છે. ઉત્પત્તિ, વૃદ્ધિ, વિકાશ, સ્વર્ગ, નરક આદિ જે જીવની અવસ્થાઓ વૈદિક ગ્રન્થમાં વર્ણવવામાં આવી છે[26] તે અવસ્થાઓ જ જૈનદષ્ટિ અનુસાર વ્યવહારરાશિગત જીવના પર્યાયો છે. (7) યોગવાસિષ્ઠમાં[27] સ્વરૂપસ્થિતિને જ્ઞાનીનું અને સ્વરૂપભ્રંશને અજ્ઞાનીનું લક્ષણ માન્યું છે. જૈન શાસ્ત્રમાં પણ સમ્યગ્જ્ઞાનીનું અને મિથ્યાદષ્ટિનું ક્રમશઃ આ જ સ્વરૂપ દર્શાવ્યું છે.[28] (8) યોગવાસિષ્ઠમાં[29] સમ્યક્જ્ઞાનનું જે લક્ષણ છે તે જૈન

---

25. तत्स्वयं स्वैरमेवाशु संकल्पयति नित्यशः ।
तेनेत्थमिन्द्रजालश्रीर्विततेयं वितन्यते ॥16॥
यदिदं दृश्यते सर्वं जगत्स्थावरजङ्गमम् ।
तत् सुषुप्ताविव स्वप्नः कल्पान्ते प्रविनश्यति ॥10॥
स तथाभूत एवात्मा स्वयमन्य इवोल्लसन् ।
जीवतामुपयातीव भाविनाम्ना कदर्थिताम् ॥13॥ ઉત્પત્તિપ્ર. સર્ગ 1.
26. उत्पद्यते यो जगति स एव किल वर्धते ।
स एव मोक्षमाप्नोति स्वर्गं वा नरकं च वा ॥7॥ ઉત્પત્તિપ્ર. સર્ગ 1.
27. स्वरूपावस्थितिर्मुक्तिस्तद्भ्रंशोऽहंत्ववेदनम् ।
एतत् संक्षेपतः प्रोक्तं तज्ज्ञत्वाज्ञत्वलक्षणम् ॥5॥ ઉત્પત્તિપ્ર. સર્ગ 117.
28. अहं ममेति मन्त्रोऽयं मोहस्य जगदान्ध्यकृत् ।
अयमेव हि नञ्पूर्वः प्रतिमन्त्रोऽपि मोहजित् ॥1॥ જ્ઞાનસાર, મોહાષ્ટક.
स्वभावलाभसंस्कारकारणं ज्ञानमिष्यते ।
ध्यान्ध्यमात्रमतस्त्वन्यत्तथा चोक्तं महात्मना ॥ જ્ઞાનસાર, જ્ઞાનાષ્ટક.
29. अनाद्यन्तावभासात्मा परमात्मेह विद्यते ।
इत्येको निश्चयः स्फारः सम्यग्ज्ञानं विदुर्बुधाः ॥2॥ ઉપશમપ્ર. સર્ગ 79.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાસ્ત્રને અનુકૂળ છે. (9) જૈન શાસ્ત્રમાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ સ્વભાવ અને બાહ્ય નિમિત્ત એમ બે રીતે થતી દર્શાવી છે.[30] યોગવાસિષ્ઠમાં પણ જ્ઞાનપ્રાપ્તિનો તેવો જ ક્રમ સૂચવાયો છે.[31] (10) જૈનશાસ્ત્રનાં ચૌદ ગુણસ્થાનોના સ્થાને ચૌદ ભૂમિકાઓનું વર્ણન યોગવાસિષ્ઠમાં[32] બહુ રુચિકર અને વિસ્તૃત છે. સાત ભૂમિકાઓ અજ્ઞાનની અને સાત જ્ઞાનની દર્શાવી છે જે જૈન પરિભાષા અનુસાર ક્રમશઃ મિથ્યાત્વની અને સમ્યક્ત્વની

---

30. तन्निसर्गादधिगाद् वा । તત્ત્વાર્થસૂત્ર, 1.3.

31. एकस्तावद्गुरुप्रोक्तादनुष्ठानाच्छनैः शनैः ।
जन्मना जन्मभिर्वापि सिद्धिदः समुदाहृतः ॥3॥
द्वितीयस्त्वात्मनैवाशु किञ्चिद्व्युत्पन्नचेतसा ।
भवति ज्ञानसंप्राप्तिराकाशफलपातवत् ॥4॥ ઉપશમપ્ર. સર્ગ 7.

32. अज्ञानभूः सप्तपदा ज्ञभूः सप्तपदैव हि ।
पदान्तराण्यसंख्यानि भवन्त्यन्यान्यथैतयोः ॥2॥
तत्रारोपितमज्ञानं तस्य भूमीरिमाः शृणु ।
बीजजाग्रत्तथाजाग्रत् महाजाग्रत्तथैव च ॥11॥
जाग्रत्स्वप्नस्तथा स्वप्नः स्वप्नजाग्रत्सुषुप्तकम् ।
इति सप्तविधो मोहः पुनरेव परस्परम् ॥12॥
श्लिष्टो भवत्यनेकाख्यः शृणु लक्षणमस्य च ।
प्रथमे चेतनं यत्स्यादनाख्यं निर्मलं चितः ॥13॥
भविष्यच्चित्तजीवादिनामशब्दार्थभाजनम् ।
बीजरूपं स्थितं जाग्रत् बीजजागत्तदुच्यते ॥14॥
एषा ज्ञप्तेर्नवावस्था त्वं जाग्रत्संसृतिं शृणु ।
नवप्रसूतस्य परादयं चाहमिदं मम ॥15॥
इति यः प्रत्ययः स्वस्थस्तज्जाग्रत्प्रागभावनात् ।
अयं सोऽहमिदं तन्म इति जन्मान्तरोदितः ॥16॥
पीवरः प्रत्ययः प्रोक्तो महाजाग्रदिति स्फुटम् ।
अरूढमथवा रूढं सर्वथा तन्मयात्मकम् ॥17॥
यज्जाग्रतो मनोराज्यं जाग्रत्स्वप्नः स उच्यते ।
द्विचन्द्रशुक्तिकारूप्यमृगतृष्णादिभेदतः ॥18॥
अभ्यासात् प्राप्य जाग्रत्त्वं स्वप्नोऽनिकविधो भवेत् ।
अल्पकालं मया दृष्टमेवं नो सत्यमिप्यपि ॥19॥
निद्राकालानुभूतेऽर्थे निद्रान्ते प्रत्ययो हि यः ।
स स्वप्नः कथितस्तस्य महाजाग्रत्स्थितेर्हृदि ॥20॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવસ્થાની સૂચક છે. (11) યોગવાસિષ્ઠમાં તત્ત્વજ્ઞ, સમદષ્ટિ, પૂર્ણાશય અને મુક્ત પુરુષનું જે વર્ણન[33] છે તે જૈનસંકેતાનુસાર ચતુર્થ આદિ ગુણસ્થાનમાં રહેલા આત્માને

---

चिरसंदर्शनाभावादप्रफुल्लबृहद् वपुः ।
स्वप्नो जाग्रत्तयारूढो महाजाग्रत्पदं गतः ॥21॥
अक्षते वा क्षते देहे स्वप्नजाग्रन्मतं हि तत् ।
षडवस्थापरित्यागे जडा जीवस्य या स्थितिः ॥22॥
भविष्यदुःखबोधाढ्या सौषुप्ती सोच्यते गतिः ।
एते तस्यामवस्थायां तृणलोष्ठशिलादयः ॥23॥
पदार्थाः संस्थिताः सर्वे परमाणुप्रमाणिनः ।
सप्तावस्था इति प्रोक्ता मयाऽज्ञानस्य राघव ॥24॥ ઉત્પત્તિપ્રકરણ, સર્ગ 117.
ज्ञानभूमिः शुभेच्छाख्या प्रथमा सुमदाहृता ।
विचारणा द्वितीया तु तृतीया तनुमानसा ॥5॥
सत्त्वापत्तिश्चतुर्थी स्यात् ततो संसक्तिनामिका ।
पदार्थाभावना षष्ठी सप्तमी तुर्यगा स्मृता ॥6॥
आसामन्ते स्थिता मुक्तिस्तस्यां भूयो न शोच्यते ।
एतासां भूमिकानां त्वमिदं निर्वचनं शृणु ॥7॥
स्थितः किं मूढ एवास्मि प्रेक्ष्येऽहं शास्त्रसज्जनैः ।
वैराग्यपूर्वमिच्छेति शुभेच्छेत्युच्यते बुधैः ॥8॥
शास्त्रसज्जनसंपर्कवैराग्याभ्यासपूर्वकम् ।
सदाचारप्रवृत्तिर्या प्रोच्यते सा विचारणा ॥9॥
विचारणाशुभेच्छाभ्यामिन्द्रियार्थेष्वसक्तता ।
यत्र सा तनुताभावात् प्रोच्यते तनुमानसा ॥10॥
भूमिकात्रितयाभ्यासाच्चित्तेऽर्थे विरतेर्वशात् ।
सत्यात्मनि स्थितिः शुद्धे सत्त्वापत्तिरुदाहृता ॥11॥
दशाचतुष्टयाभ्यासादसंसर्गफलेन च ।
रूढसत्त्वचमत्कारात् प्रोक्ता संसक्तिनामिका ॥12॥
भूमिकापञ्चकाभ्यासात् स्वात्मारामतया दृढम् ।
आभ्यन्तराणां बाह्यानां पदार्थानामभावनात् ॥13॥
परप्रयुक्तेन चिरं प्रयत्नेनार्थभावनात् ।
पदार्थाभावना नाम्नी षष्ठी संजायते गतिः ॥14॥
भूमिषट्कचिराभ्यासाद् भेदस्यानुपलम्भतः ।
यत्स्वभावैकनिष्ठत्वं सा ज्ञेया तुर्यगा गतिः ॥15॥ ઉત્પતિપ્ર. સર્ગ 118.

33. યોગવા. નિર્વાણપ્ર. સર્ગ 170, નિર્વાણપ્ર. સર્ગ 119, સ્થિતિપ્ર. સર્ગ 75, નિર્વાણપ્ર. સર્ગ 199.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લાગુ પડે છે. જૈન શાસ્ત્રમાં જ્ઞાનના મહત્ત્વનું જે વર્ણન છે[34] તે જ યોગવાસિષ્ઠમાં

34. जागर्ति ज्ञानदृष्टिश्चेत् तृष्णा कृष्णाऽहिजाङ्गुली ।
पूर्णानन्दस्य तत् किं स्याद् दैन्यवृश्चिकवेदना ॥4॥ જ્ઞાનસાર, પૂર્ણતાષ્ટક.
अस्ति चेद् ग्रन्थिभिद् ज्ञानं किं चित्रैस्तन्त्रयन्त्रणैः ।
प्रदीपाः क्कोपयुज्यन्ते तमोघ्नी दृष्टिरेव चेत् ॥6॥
मिथ्यात्वशैलपक्षच्छिद् ज्ञानदम्भोलिशोभितः ।
निर्भयः शक्रवद् योगी नन्दत्यानन्दनन्दने ॥7॥
पीयूषमसमुद्रोत्थं रसायनमनौषधम् ।
अनन्यापेक्षमैश्वर्यं ज्ञानमाहुर्मनीषिणः ॥8॥ જ્ઞાનસાર, જ્ઞાનાષ્ટક.
संसारे निवसन् स्वार्थसज्जः कज्जलवेश्मनि ।
लिप्यते निखिलो लोको ज्ञानसिद्धो न लिप्यते ॥1॥
नाहं पुद्गलभावानां कर्ता कारयिता च न ।
नानुमन्तापि चेत्यात्मज्ञानवान् लिप्यते कथम् ॥2॥
लिप्यते पुद्गलस्कन्धो न लिप्ये पुद्गलैरहम् ।
चित्रव्योमाञ्जनेनेव ध्यायन्निति न लिप्यते ॥3॥
लिप्तताज्ञानसंपातप्रतिघाताय केवलम् ।
निर्लेपज्ञानमग्नस्य क्रिया सर्वोपयुज्यते ॥4॥
तपःश्रुतादिना मत्तः क्रियावानपि लिप्यते ।
भावनाज्ञानसंपन्नो निष्क्रियोऽपि न लिप्यते ॥5॥ જ્ઞાનસાર, નિર્લેપાષ્ટક.
छिन्दन्ति ज्ञानदात्रेण स्पृहाविषलतां बुधाः ।
मुखशोषं च मूर्च्छां च दैन्यं यच्छति यत्फलम् ॥3॥ જ્ઞાનસાર, નિઃસ્પૃહાષ્ટક.
मिथो युक्तपदार्थानामसंक्रमचमत्क्रिया ।
चिन्मात्रपरिणामेन विदुषैवानुभूयते ॥7॥
अविद्यातिमिरध्वंसे दृशा विद्याञ्जनस्पृशा ।
पश्यन्ति परमात्मानमात्मन्येव हि योगिनः ॥8॥ જ્ઞાનસાર, વિદ્યાષ્ટક.
भवसौख्येन किं भूरिभयज्वलनभस्मनाम् ।
सदा भयोज्झितं ज्ञानसुखमेव विशिष्यते ॥2॥
न गोप्यं क्वापि नारोप्यं हेयं देयं च न क्वचित् ।
क्व भयेन मुनेः स्थेयं ज्ञेयं ज्ञानेन पश्यतः ॥3॥
एकं ब्रह्मास्त्रमादाय निघ्नन्मोहचमूं मुनिः ।
बिभेति नैव संग्रामशीर्षस्थ इव नागराट् ॥4॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રજ્ઞામાહાત્મ્યના નામથી ઉલ્લિખિત છે.[35]

मयूरी ज्ञानदृष्टिश्चेत् प्रसर्पति मनोवने ।
वेष्टनं भयसर्पाणां न तदाऽऽनन्दचन्दने ॥5॥
कृतमोहास्त्रवैफल्यं ज्ञानवर्म बिभर्ति यः ।
क्व भीतस्तस्य क्व वा भङ्गः कर्मसंगरकेलिषु ॥6॥
तूलवल्लघवो मूढा भ्रमन्त्यभ्रे भयानिलैः ।
नैकं रोमापि तैर्ज्ञानगरिष्ठानां तु कम्पते ॥7॥
चित्ते परिणतं यस्य चारित्रमकुतोभयम् ।
अखण्डज्ञानराज्यस्य तस्य साधोः कुतो भयम् ॥8॥ જ્ઞાનસાર, નિર્ભયાષ્ટક.
अदृष्टार्थे तु धावन्तः शास्त्रदीपं विना जडाः ।
प्राप्नुवन्ति परं खेदं प्रस्खलन्तः पदे पदे ॥5॥
अज्ञानाहिमहामन्त्रं स्वाच्छन्द्यज्वरलंघनम् ।
धर्मारामसुधाकुल्यां शास्त्रमाहुर्महर्षयः ॥7॥
शास्त्रोक्ताचारकर्ता च शास्त्रज्ञः शास्त्रदेशकः ।
शास्त्रैकदृग् महायोगी प्राप्नोति परमं पदम् ॥8॥ જ્ઞાનસાર, શાસ્ત્રાષ્ટક.
ज्ञानमेव बुधाः प्राहुः कर्मणां तापनात् तपः ।
तदाभ्यन्तरमेवेष्टं बाह्यं तदुपबृंहकम् ॥1॥
आनुस्रोतसिकी वृत्तिर्बालानां सुखशीलता ।
प्रातिस्रोतसिकी वृत्तिर्ज्ञानिनां परमं तपः ॥2॥
सदुपायप्रवृत्तानामुपेयमधुरत्वतः ।
ज्ञानिनां नित्यमानन्दवृद्धिरेव तपस्विनाम् ॥4॥ જ્ઞાનસાર, તપોષ્ટક.

35. न तद्गुरोर्न शास्त्रार्थान्न पुण्यात् प्राप्यते पदम् ।
यत्साधुसङ्गाभ्युदिताद्विचारविशदाद्धृदः ॥17॥
सुन्दर्या निजया बुद्ध्या प्रज्ञयैव वयस्यया ।
पदमासाद्यते राम न नाम क्रिययाऽन्यया ॥18॥
यस्योज्ज्वलति तीक्ष्णाग्रा पूर्वापरविचारिणी ।
प्रज्ञादीपशिखा जातु जाड्यान्ध्यं तं न बाधते ॥19॥
दुरुत्तरा या विपदो दुःखकल्लोलसंकुलाः ।
तीर्यते प्रज्ञया ताभ्यो नावाऽपद्भ्यो महामते ॥20॥
प्रज्ञाविरहितं मूढमापदल्पापि बाधते ।
पेलवाचानिलकला सारहीनमिवोलपम् ॥21॥
प्रज्ञावानसहोऽपि कार्यान्तमधिगच्छति ।
दुष्प्रज्ञः कार्यमासाद्य प्रधानमपि नश्यति ॥23॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

शास्त्रसज्जनसंसर्गैः प्रज्ञां पूर्वं विवर्धयेत् ।
सेकसंरक्षणारम्भैः फलप्राप्तौ लतामिव ॥24॥
प्रज्ञाबलबृहन्मूलः काले सत्कार्यपादपः ।
फलं फलत्यतिस्वादु भासोर्बिम्बमिवैन्दवम् ॥25॥
य एव यत्नः क्रियते बाह्यार्थोपार्जने जनैः ।
स एव यत्नः कर्तव्यः पूर्वं प्रज्ञाविवर्धने ॥26॥
सीमान्तं सर्वदुःखानामापदां कोशमुत्तमम् ।
बीजं संसारवृक्षाणां प्रज्ञामान्द्यं विनाशयेत् ॥27॥
स्वर्गाद्यद्यच्च पातालाद्राज्याद्यत्समवाप्यते ।
तत्समासाद्यते सर्वं प्रज्ञाकोशान्महात्मना ॥28॥
प्रज्ञयोत्तीर्यते भीमात्तस्मात्संसारसागरात् ।
न दानैर्न च वा तीर्थैस्तपसा न च राघव ॥29॥
यत्प्राप्ताः संपदं दैवीमपि भूमिचरा नराः ।
प्रज्ञापुण्यलतायास्तत्फलं स्वादु समुत्थितम् ॥30॥
प्रज्ञया नखरालूनमत्तवारणयूथपाः ।
जम्बुकैर्विजिताः सिंहाः सिंहैर्हरिणका इव ॥31॥
सामान्यैरपि भूपत्वं प्राप्तं प्रज्ञावशान्नरैः ।
स्वर्गापवर्गयोग्यत्वं प्राज्ञस्यैवेह दृश्यते ॥32॥
प्रज्ञया वादिनः सर्वे स्वविकल्पविलासिनः ।
जयन्ति सुभटप्रख्यान्नरानप्यतिभीरवः ॥33॥
चिन्तामणिरियं प्रज्ञा हृत्कोशस्था विवेकिनः ।
फलं कल्पलतेवैषा चिन्तितं सम्प्रयच्छति ॥34॥
भव्यस्तरति संसारं प्रज्ञयापोह्यतेऽधमः ।
शिक्षितः पारमाप्नोति नावा नाप्नोत्यशिक्षितः ॥35॥
धीः सम्यग्योजिता पारमसम्यग्योजिताऽऽपदम् ।
नरं नयति संसारे भ्रमन्ती नौरिवार्णवे ॥36॥
विवेकिनमसंमूढं प्राज्ञमाशागणोत्थिताः ।
दोषा न परिबाधन्ते सन्नद्धमिव सायकाः ॥37॥
प्रज्ञयेह जगत्सर्वं सम्यगेवाङ्ग दृश्यते ।
सम्यग्दर्शनमायान्ति नापदो न च संपदः ॥38॥
पिधानं परमार्कस्य जडात्मा विततोऽसितः ।
अहंकाराम्बुदो मत्तः प्रज्ञावातेन बाध्यते ॥39॥

ઉપશમપ્રકરણ, પ્રજ્ઞામાહાત્મ્ય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## યોગસંબંધી વિચાર

ગુણસ્થાન અને યોગના વિચારમાં શું અન્તર છે ? ગુણસ્થાનના અર્થાત્ અજ્ઞાન તથા જ્ઞાનની ભૂમિકાઓના વર્ણનથી જાણવા મળે છે કે આત્માનો આધ્યાત્મિક વિકાસ કયા ક્રમે થાય છે અને યોગના વર્ણનથી એ જાણવા મળે છે કે મોક્ષનું સાધન કયું છે ? અર્થાત્ ગુણસ્થાનમાં આધ્યાત્મિક વિકાસના ક્રમનો વિચાર મુખ્ય છે અને યોગમાં મોક્ષના સાધનનો વિચાર મુખ્ય છે. આમ બન્નેનાં મુખ્ય પ્રતિપાદ્ય તત્ત્વો ભિન્ન ભિન્ન હોવા છતાં પણ એકના વિચારમાં બીજાની છાયા અવશ્ય આવી જાય છે, કેમ કે કોઈ પણ આત્મા મોક્ષના અન્તિમ અર્થાત્ અનન્તર યા અવ્યવહિત સાધનને પ્રથમ જ પ્રાપ્ત નથી કરી શકતો કિન્તુ વિકાસના ક્રમાનુસાર ઉત્તરોત્તર સંભવિત સાધનોને સોપાનપરંપરાની જેમ પ્રાપ્ત કરતો છેવટે ચરમ સાધનને પ્રાપ્ત કરે છે. તેથી યોગના મોક્ષસાધનવિષયક વિચારમાં આધ્યાત્મિક વિકાસના ક્રમની છાયા આવી જ જાય છે. તેવી જ રીતે આધ્યાત્મિક વિકાસ ક્યા ક્રમે થાય છે એનો વિચાર કરતી વખતે આત્માના શુદ્ધ, શુદ્ધતર, શુદ્ધતમ પરિણામો જે મોક્ષના સાધનભૂત છે તેમની છાયા આવી જ જાય છે. તેથી ગુણસ્થાનના વર્ણનપ્રસંગે યોગનું સ્વરૂપ સંક્ષેપમાં દર્શાવી દેવું અપ્રાસંગિક નથી.

યોગ કોને કહે છે ? આત્માનો જે ધર્મવ્યાપાર મોક્ષનો મુખ્ય હેતુ હોય અર્થાત્ ઉપાદાનકારણ હોય તથા વિલંબ વિના ફળ દેનાર હોય તેને યોગ કહે છે.[36] આવો વ્યાપાર પ્રણિધાન આદિ શુભ ભાવ યા શુભભાવપૂર્વક કરવામાં આવતી ક્રિયા છે.[37] પાતંજલ દર્શનમાં ચિત્તની વૃત્તિઓના નિરોધને યોગ કહ્યો છે.[38] તેની પણ તે જ મતલબ છે, અર્થાત્ એવો નિરોધ મોક્ષનું મુખ્ય કારણ છે, કેમ કે તેની સાથે કારણ અને કાર્યરૂપે શુભ ભાવનો અવશ્ય સંબંધ હોય છે.

## યોગનો આરંભ ક્યારથી થયો ગણાય ?

આત્મા અનાદિકાળથી જન્મમૃત્યુના પ્રવાહમાં પડેલો છે અને તેમાં અનેક જાતના વ્યાપારો કરતો રહે છે. તેથી પ્રશ્ન એ પેદા થાય છે કે તેના વ્યાપારને ક્યારથી યોગસ્વરૂપ માનવામાં આવે ? આનો ઉત્તર શાસ્ત્રમાં[39] એ આપવામાં આવ્યો છે કે જ્યાં સુધી આત્મા મિથ્યાત્વથી વ્યાપ્ત બુદ્ધિવાળો અને તેથી દિઙ્મૂઢની જેમ ઊલટી દિશામાં ગતિ કરનારો અર્થાત્ આસ્થાથી - લક્ષ્યથી ભ્રષ્ટ હોય ત્યાં સુધી તેનો વ્યાપાર પ્રણિધાન આદિ શુભયોગ

---

36. मोक्षेण योजनादेव योगो ह्यत्र निरुच्यते ।
लक्षणं तेन तन्मुख्यहेतुव्यापारतास्य तु ॥1॥ યોગલક્ષણદ્વાત્રિંશિકા.

37. प्रणिधानं प्रवृत्तिश्च तथा विघ्नजयस्त्रिधा ।
सिद्धिश्च विनियोगश्च एते कर्मशुभाशयाः ॥10॥
एतैराशययोगैस्तु विना धर्माय न क्रिया ।
प्रत्युत प्रत्यपायाय लोभक्रोधक्रिया तथा ॥16॥ એજન.

38. योगश्चित्तवृत्तिनिरोधः । પાતંજલયોગસૂત્ર, પાદ 1 સૂત્ર 2.

39. मुख्यत्वं चान्तरङ्गत्वात् फलाक्षेपाच्च दर्शितम् ।
चरमे पुद्गलावर्ते यत एतस्य संभवः ॥2॥
न सन्मार्गाभिमुख्यं स्यादावर्तेषु परेषु तु ।
मिथ्यात्वाच्छन्नबुद्धीनां दिङ्मूढानामिवाङ्गिनाम् ॥3॥ યોગલક્ષણદ્વાત્રિંશિકા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રહિત હોવાના કારણે યોગ કહી શકાતો નથી. તેનાથી ઊલટું જ્યારથી મિથ્યાત્વનું તિમિર ઓછું થવાના કારણે આત્માની ભ્રાન્તિ દૂર થવા લાગે છે અને તેની ગતિ સીધી અર્થાત્ સન્માર્ગાભિમુખ થઈ જાય છે ત્યારથી તેના વ્યાપારને પ્રણિધાન આદિ શુભભાવ સહિત હોવાના કારણે 'યોગ' સંજ્ઞા આપી શકાય છે. સારાંશ એ કે આત્માના સાંસારિક કાળના બે હિસ્સા થઈ જાય છે. એક ચરમપુદ્ગલપરાવર્ત અને બીજો અચરમપુદ્ગલપરાવર્ત કહેવાય છે. ચરમપુદ્ગલપરાવર્ત અનાદિ સાંસારિક કાળનો છેવટનો અને બહુ નાનો અંશ છે.[40] અચરમપુદ્ગલપરાવર્ત તેનો બહુ જ મોટો ભાગ છે, કેમ કે ચરમપુદ્ગલપરાવર્તને બાદ કર્યા પછીનો બાકી રહેતો અનાદિ સાંસારિક કાળ, જે અનન્તકાલચક્રપરિમાણ છે તે બધો અચરમપુદ્ગલપરાવર્ત કહેવાય છે. આત્માનો સાંસારિક કાળ જ્યારે ચરમપુદ્ગલાવર્ત જેટલો બાકી રહે છે ત્યારે તેના ઉપરથી મિથ્યાત્વમોહનું આવરણ દૂર થવા લાગે છે. તેથી તેનાં પરિણામો નિર્મળ થવા લાગે છે અને ક્રિયા પણ નિર્મળ ભાવપૂર્વક થાય છે. આવી ક્રિયાથી ભાવશુદ્ધિ વળી વધુ થાય છે. આ પ્રમાણે ઉત્તરોત્તર ભાવશુદ્ધિ વધતી જવાના કારણે ચરમપુદ્ગલપરાવર્તકાલીન ધર્મવ્યાપારને યોગ કહેલ છે. અચરમપુદ્ગલપરાવર્તકાલીન વ્યાપાર ન તો શુભભાવપૂર્વક થાય છે કે ન તો શુભભાવનું કારણ બને છે. તેથી તે પરંપરાથી પણ મોક્ષને અનુકૂળ ન હોવાના કારણે યોગ કહેવાતો નથી. પાતંજલ યોગદર્શનમાં પણ અનાદિ સાંસારિક કાળના નિવૃત્તાધિકાર પ્રકૃતિ અને અનિવૃત્તાધિકાર પ્રકૃતિ એવા બે ભેદ દર્શાવ્યા છે જે જૈન શાસ્ત્રના ચરમ અને અચરમ પુદ્ગલપરાવર્તના સમાનાર્થક[41] છે.

### યોગના ભેદ અને તેમનો આધાર

જૈન શાસ્ત્રમાં[42] (1) અધ્યાત્મ, (2) ભાવના, (3) ધ્યાન, (4) સમતા અને (5) વૃત્તિસંક્ષય એવા પાંચ ભેદ યોગના કરવામાં આવ્યા છે. પાતંજલ યોગદર્શનમાં (1) સંપ્રજ્ઞાત અને (2) અસંપ્રજ્ઞાત એવા બે ભેદ છે.[43] જે મોક્ષનું સાક્ષાત્ અર્થાત્ અવ્યવહિત કારણ હોય એટલે કે જેની પ્રાપ્તિ બાદ તરત જ મોક્ષ થાય તેને જ યથાર્થપણે યોગ કહી શકાય. આવો યોગ જૈન શાસ્ત્રના સંકેતાનુસાર વૃત્તિસંક્ષય છે અને પાંતજલ યોગદર્શનના સંકેતાનુસાર અસંપ્રજ્ઞાત જ છે. તેથી જ એ પ્રશ્ન થાય છે કે યોગના જે આટલા ભેદો કરવામાં આવે છે તેમનો આધાર કયો છે ? તેનો ઉત્તર એ છે કે અલબત્ત વૃત્તિસંક્ષય અથવા અસંપ્રજ્ઞાત જ મોક્ષનું સાક્ષાત્ કારણ હોવાથી વાસ્તવિક રીતે યોગ છે, તેમ છતાં તે યોગ કોઈ વિકાસગામી આત્માને પહેલેથી જ પ્રાપ્ત થઈ જતો નથી. પરંતુ તેના પહેલાં વિકાસક્રમ અનુસાર એવા અનેક આંતરિક ધર્મવ્યાપારો કરવા પડે છે જે ઉત્તરોત્તર વિકાસને

40. चरमावर्तिनो जन्तोः सिद्धेरासन्नता ध्रुवम् ।
भूयांसोऽमी व्यतिक्रान्तास्तेष्वेको बिन्दुरम्बुधौ ॥28॥ મુક્ત્યદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા.

41. योजनाद् योग इत्युक्तो मोक्षेण मुनिसत्तमैः ।
स निवृत्ताधिकारायां प्रकृतौ लेशतो ध्रुवः ॥14॥ અપુનર્બન્ધદ્વાત્રિંશિકા.

42. अध्यात्मं भावना ध्यानं समता वृत्तिसंक्षयः ।
योगः पञ्चविधः प्रोक्तो योगमार्गविशारदैः ॥1॥ યોગભેદદ્વાત્રિંશિકા.

43. જુઓ પ્રથમ પાદનાં સૂત્ર 17 અને 18.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વધારનારા અને છેવટે પેલા વાસ્તવિક યોગ સુધી પહોંચાડનારા હોય છે. તે બધા ધર્મવ્યાપારો યોગનાં કારણ હોવાથી અર્થાત્ વૃત્તિસંક્ષય યા અસંપ્રજ્ઞાત યોગનાં સાક્ષાત્ અથવા પરંપરાથી હેતુ હોવાથી યોગ કહેવાય છે. સારાંશ એ કે યોગના ભેદોનો આધાર વિકાસનો ક્રમ છે. જો વિકાસ ક્રમિક ન હોતાં એક જ વારમાં પૂર્ણતઃ યોગ પ્રાપ્ત થઈ જતો હોત તો યોગના ભેદો કરવામાં આવ્યા ન હોત. તેથી વૃત્તિસંક્ષય જે મોક્ષનું સાક્ષાત્ કારણ છે તેને પ્રધાન યોગ સમજવો જોઈએ અને તેના પહેલાંના જે અનેક ધર્મવ્યાપરોને યોગકોટિમાં ગણવામાં આવે છે તેમને પ્રધાન યોગનાં કારણો હોવાથી યોગ કહેવામાં આવે છે. આ બધા વ્યાપારોની સમષ્ટિને પાતંજલ યોગદર્શનમાં સંપ્રજ્ઞાત કહેલ છે અને જૈન શાસ્ત્રમાં શુદ્ધિના તરતમભાવ અનુસાર તે સમષ્ટિના અધ્યાત્મ આદિ ચાર ભેદ કરવામાં આવ્યા છે. વૃત્તિસંક્ષયનાં સાક્ષાત્ યા પરંપરાથી કારણ બનનારા વ્યાપારોને જ્યારે યોગ કહ્યો છે ત્યારે એ પ્રશ્ન પેદા થાય છે કે તે પૂર્વભાવી વ્યાપારોને ક્યારથી લેવા જોઈએ. પરંતુ તેનો ઉત્તર પહેલાં જ આપી દીધો છે કે ચરમપુદ્ગલપરાવર્તકાળથી જે વ્યાપારો કરાય છે તે જ યોગકોટિમાં ગણાવા જોઈએ. તેનું કારણ એ કે સહકારી નિમિત્ત મળતાં જ તે બધા વ્યાપારો મોક્ષને અનુકૂળ અર્થાત્ ધર્મવ્યાપારો બની જાય છે. તેનાથી ઊલટું કેટલાંયે સહકારી કારણો કેમ ન મળે પરંતુ અચરમપુદ્ગલપરાવર્તકાલીન વ્યાપારો મોક્ષને અનુકૂળ બનતા જ નથી.

**યોગના ઉપાયો અને ગુણસ્થાનોમાં યોગાવતાર**

પાતંજલ યોગદર્શનમાં (1) અભ્યાસ અને (2) વૈરાગ્ય એ બે ઉપાયો યોગના દર્શાવ્યા છે. તેમાં વૈરાગ્યના પણ પર અને અપર રૂપે બે ભેદ કહ્યા છે.[44] યોગનું કારણ હોવાથી વૈરાગ્યને યોગ માનીને જૈન શાસ્ત્રમાં અપરવૈરાગ્યને અતાત્ત્વિક ધર્મસંન્યાસ અને પરવૈરાગ્યને તાત્ત્વિક ધર્મસંન્યાસ યોગ કહેલ છે.[45] જૈન શાસ્ત્રમાં યોગનો આરંભ પૂર્વસેવાથી મનાયો છે.[46] પૂર્વસેવાથી અધ્યાત્મ, અધ્યાત્મથી ભાવના, ભાવનાથી ધ્યાન તથા સમતા, ધ્યાન તથા સમતાથી વૃત્તિસંક્ષય અને વૃત્તિસંક્ષયથી મોક્ષ પ્રાપ્ત થાય છે. તેથી વૃત્તિસંક્ષય જ મુખ્ય યોગ છે અને પૂર્વસેવાથી લઈને સમતા સુધીનો બધો ધર્મવ્યાપાર સાક્ષાત્ અથવા પરંપરાથી યોગનો ઉપાયમાત્ર છે.[47] અપુનર્બન્ધકને, અર્થાત્ જે મિથ્યાત્વને ત્યજી દેવા તત્પર અને સમ્યક્ત્વપ્રાપ્તિ તરફ અભિમુખ હોય છે તેને, પૂર્વસેવા તાત્ત્વિકરૂપવાળી હોય છે જ્યારે સકૃદ્બન્ધક, દ્વિર્બન્ધક આદિને પૂર્વસેવા અતાત્ત્વિક હોય છે. અધ્યાત્મ અને

44. જુઓ પાદ 1નાં સૂત્રો 12, 15 અને 16.

45. विषयदोषदर्शनजनितभयात् धर्मसंन्यासलक्षणं प्रथमम्, स तत्त्वचिन्तया विषयौदासीन्येन जनितं द्वितीयापूर्वकरणभावितात्त्विकधर्मसंन्यासलक्षणं द्वितीयं वैराग्यं यत्र क्षायोपशमिका धर्मा अपि क्षीयन्ते क्षायिकाश्चोत्पद्यन्त इत्यस्माकं सिद्धान्तः ।

શ્રી યશોવિજયજીકૃત પાતંજલદર્શનવૃત્તિ પાદ 10 સૂત્ર 16.

46. पूर्वसेवा तु योगस्य गुरुदेवादिपूजनम् ।
सदाचारस्तपो मुक्त्यद्वेषश्चेति प्रकीर्तिता ॥1॥ પૂર્વસેવાદ્વાત્રિંશિકા.

47. उपायत्वेऽत्र पूर्वेषामन्त्य एवावशिष्यते ।
तत्पञ्चमगुणस्थानादुपायोऽर्वागिति स्थितिः ॥31॥ યોગભેદદ્વાત્રિંશિકા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવના અપુનર્બન્ધક તથા સમ્યગ્દષ્ટિને વ્યવહારનયથી તાત્ત્વિક અને દેશવિરતિ તથા સર્વવિરતિને નિશ્ચયનયથી તાત્ત્વિક હોય છે. અપ્રમત્ત, સર્વવિરતિ આદિ ગુણસ્થાનોમાં ધ્યાન તથા સમતા ઉત્તરોત્તર તાત્ત્વિકરૂપે હોય છે. વૃત્તિસંક્ષય તેરમા અને ચૌદમા ગુણસ્થાનમાં હોય છે.[48] સમ્પ્રજ્ઞાતયોગ અધ્યાત્મથી લઈને ધ્યાન સુધીના ચારેય ભેદરૂપ છે અને અસંપ્રજ્ઞાતયોગ વૃત્તિસંક્ષયરૂપ છે. તેથી ચોથાથી બારમા ગુણસ્થાન સુધીમાં સમ્પ્રજ્ઞાતયોગ અને તેરમા-ચૌદમા ગુણસ્થાનમાં અસમ્પ્રજ્ઞાતયોગ સમજવો જોઈએ.[49]

## પૂર્વસેવા આદિ શબ્દોની વ્યાખ્યા

(1) ગુરુ, દેવ આદિ પૂજ્યવર્ગનું પૂજન, સદાચાર, તપ અને મુક્તિ પ્રત્યે અદ્વેષ એ 'પૂર્વસેવા' કહેવાય છે. (2) ઉચિત પ્રવૃત્તિરૂપ અણુવ્રત-મહાવ્રતયુક્ત બનીને મૈત્રી આદિ ભાવનાપૂર્વક શાસ્ત્રાનુસાર તત્ત્વચિન્તન કરવું એ 'અધ્યાત્મ' છે.[50] (3) અધ્યાત્મનો બુદ્ધિસંગત અધિકાધિક અભ્યાસ જ 'ભાવના' છે.[51] (4) અન્ય વિષયના સંચારથી રહિત એવો કોઈ એક વિષયનો ધારાવાહી પ્રશસ્ત સૂક્ષ્મબોધ એ 'ધ્યાન' છે.[52] (5) અવિદ્યા વડે કલ્પિત જે અનિષ્ટ વસ્તુઓ છે તેમનામાં વિવેકપૂર્વક તત્ત્વબુદ્ધિ કરવી અર્થાત્ ઇષ્ટત્વ-અનિષ્ટત્વની ભાવના છોડીને ઉપેક્ષા ધારણ કરવી એ 'સમતા' છે.[53] (6) મન અને

---

48. शुक्लपक्षेन्दुवत् प्रायो वर्धमानगुणः स्मृतः ।
भवाभिनन्ददोषाणामपुनर्बन्धको व्यये ॥1॥
अस्यैव पूर्वसेवोक्ता मुख्याऽन्यस्योपचारतः ।
अस्यावस्थान्तरं मार्गपतिताभिमुखौ पुनः ॥2॥ અપુનર્બન્ધકદ્વાત્રિંશિકા.
अपुनर्बन्धकस्यायं व्यवहारेण तात्त्विकः ।
अध्यात्मभावनारूपो निश्चयेनोत्तरस्य तु ॥14॥
सकृदावर्तनादीनामतात्त्विक उदाहृतः ।
प्रत्यपायफलप्रायस्तथा वेषादिमात्रतः ॥15॥
शुद्ध्यपेक्षा यथायोगं चारित्रवत एव च ।
हन्त ध्यानादिको योगस्तात्त्विकः प्रविजृम्भते ॥16॥ યોગવિવેકદ્વાત્રિંશિકા.

49. संप्रज्ञातोऽवतरति ध्यानभेदेऽत्र तत्त्वतः ।
तात्त्विकी च समापत्तिर्नात्मनो भाव्यतां विना ॥15॥
असम्प्रज्ञातनामा तु संमतो वृत्तिसंक्षयः ।
सर्वतोऽस्मादकरणनियमः पापगोचरः ॥21॥ યોગાવતારદ્વાત્રિંશિકા.

50. औचित्याद्व्रतयुक्तस्य वचनात् तत्त्वचिन्तनम् ।
मैत्र्यादिभावसंयुक्तमध्यात्मं तद्विदो विदुः ॥2॥ યોગભેદદ્વાત્રિંશિકા.

51. अभ्यासो वृद्धिमानस्य भावना बुद्धिसंगतः ।
निवृत्तिरशुभाभ्यासाद्भाववृद्धिश्च तत्फलम् ॥9॥ એજન.

52. उपयोगे विजातीयप्रत्ययाव्यवधानभाक् ।
शुभैकप्रत्ययो ध्यानं सूक्ष्माभोगसमन्वितम् ॥11॥ એજન.

53. व्यवहारकुदृष्ट्योच्चैरिष्टानिष्टेषु वस्तुषु ।
कल्पितेषु विवेकेन तत्त्वधीः समतोच्यते ॥22॥ એજન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શરીરના સંયોગથી ઉત્પન્ન થતી વિકલ્પરૂપ તથા ચેષ્ટારૂપ વૃત્તિઓનો નિર્મૂળ નાશ કરવો એ 'વૃત્તિસંક્ષય' છે.[54] ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ પોતાની પાતંજલસૂત્રવૃત્તિમાં 'વૃત્તિસંક્ષય' શબ્દની ઉક્ત વ્યાખ્યાની અપેક્ષાએ અધિક વિસ્તૃત વ્યાખ્યા કરી છે. તેમાં વૃત્તિના અર્થાત્ કર્મસંયોગની યોગ્યતાના સંક્ષય-હ્રાસને, જે ગ્રન્થિભેદથી શરૂ થઈને ચૌદમા ગુણસ્થાનમાં સમાપ્ત થાય છે તેને, વૃત્તિસંક્ષય કહ્યો છે અને શુક્લધ્યાનના પ્રથમ બે ભેદોમાં સમ્પ્રજ્ઞાતનો તથા અન્તિમ બે ભેદોમાં અસંપ્રજ્ઞાતનો સમાવેશ કર્યો છે.[55]

### યોગજન્ય વિભૂતિઓ

યોગના કારણે ઉત્પન્ન થતી જ્ઞાન, મનોબલ, વચનબલ, શરીરબલ આદિ સાથે સંબંધ ધરાવતી અનેક વિભૂતિઓનું વર્ણન પાતંજલદર્શનમાં છે.[56] જૈન શાસ્ત્રમાં વૈક્રિયલબ્ધિ, આહારકલબ્ધિ, અવધિજ્ઞાન, મનઃપર્યાયજ્ઞાન આદિ સિદ્ધિઓ વર્ણવવામાં આવી છે,[57] જે યોગનાં જ ફળ છે.

### બૌદ્ધ મન્તવ્ય

બૌદ્ધદર્શનમાં પણ આત્માની સંસાર, મોક્ષ આદિ અવસ્થાઓ માનવામાં આવી છે. તેથી તેમાં આધ્યાત્મિક ક્રમિક વિકાસનું વર્ણન હોવું સ્વાભાવિક છે. સ્વરૂપોન્મુખ બનવાની સ્થિતિથી લઈને સ્વરૂપની પરાકાષ્ઠા પ્રાપ્ત કરી લેવા સુધીની સ્થિતિનું વર્ણન બૌદ્ધ ગ્રન્થોમાં છે,[58] જે પાંચ વિભાગોમાં વિભાજિત છે. તેમનાં નામ આ પ્રમાણે છે - (1) ધર્માનુસારી, (2) સોતાપન્ન, (3) સકદાગામી, (4) અનાગામી અને (5) અરહા. (1) આ પાંચમાંથી 'ધર્માનુસારી' યા 'શ્રદ્ધાનુસારી' તે કહેવાય છે જે નિર્વાણમાર્ગની અર્થાત્ મોક્ષમાર્ગની અભિમુખ હોય પણ તેને પ્રાપ્ત ન કર્યો હોય. તેને જૈન શાસ્ત્રમાં 'માર્ગાનુસારી' કહ્યો છે, અને તેના પાંત્રીસ ગુણો દર્શાવ્યા છે.[59] (2) મોક્ષમાર્ગને પામેલા આત્માઓના વિકાસની ન્યૂનાધિકતાના કારણે સોતાપન્ન આદિ ચાર વિભાગ છે. જે આત્મા અવિનિપાત, ધર્મનિયત અને સંબોધિપરાયણ હોય તેને સોતાપન્ન કહે છે. સોતાપન્ન આત્મા સાતમા જન્મમાં અવશ્ય નિર્વાણ પામે છે. (3) સકદાગામી તેને કહે છે જે એક જ વાર આ લોકમાં જન્મ લઈને મોક્ષે જવાનો હોય. (4) જે આ લોકમાં જન્મ ન લેતાં બ્રહ્મલોકથી સીધો જ મોક્ષે જવાનો હોય તે 'અનાગામી' કહેવાય છે. (5) જે આસ્રવોનો સંપૂર્ણ ક્ષય કરીને કૃતકૃત્ય થઈ જાય છે તેને અરહા કહે છે.[60]

---

54. विकल्पस्पन्दरूपाणां वृत्तीनामन्यजन्मनाम् ।
अपुनर्भावतो रोधः प्रोच्यते वृत्तिसंक्षयः ॥25॥ એજન.
55. 'द्विविधोऽप्ययमध्यात्मभावनाध्यानसमतावृत्तिसंक्षयभेदेन
पञ्चधोक्तस्य योगस्य पञ्चमभेदेऽवतरति' इत्यादि । પાદ 1 સૂત્ર 18
56. જુઓ ત્રીજો વિભૂતિપાદ.
57. જુઓ આવશ્યકનિર્યુક્તિ ગાથા 69 અને 70.
58. જુઓ પ્રો.સિ.વિ. રાજવાડે દ્વારા સંપાદિત મરાઠીભાષાન્તરિત મજ્ઝિમનિકાય - સૂ.6 પે.2, સૂ.22 પે.15, સુ.34 પે.4, સૂ.48 પે.10.
59. જુઓ શ્રીહેમચન્દ્રાચાર્યકૃત યોગશાસ્ત્ર, પ્રકાશ 1.
60. જુઓ પ્રો. રાજવાડે દ્વારા સંપાદિત મરાઠીભાષાન્તરિત દીઘનિકાય, પૃ.176 ટિપ્પણી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્માનુસારી આદિ ઉક્ત પાંચ અવસ્થાઓનું વર્ણન મજ્‌ઝિમનિકાયમાં બહુ સ્પષ્ટપણે કરવામાં આવ્યું છે. તેમાં વર્ણન કરવામાં આવ્યું છે કે જેવી રીતે તત્કાલજાત વત્સ, કંઈક મોટો પણ દુર્બલ વત્સ, પ્રૌઢ વત્સ, હળને જોતવા લાયક બળવાન બળદ અને પૂર્ણ વૃષભ ઉત્તરોત્તર અલ્પ અલ્પ શ્રમથી ગંગા નદીનો ત્રાંસો પ્રવાહ પાર કરે છે તેવી જ રીતે ધર્માનુસારી આદિ ઉક્ત પાંચ પ્રકારના આત્માઓ પણ મારના અર્થાત્ કામના વેગને ઉત્તરોત્તર અલ્પ અલ્પ શ્રમથી જીતી શકે છે.[61]

બૌદ્ધ શાસ્ત્રમાં દસ સંયોજનાઓને અર્થાત્ બંધનોને વર્ણવવામાં આવ્યાં છે.[62] તેમાં પાંચ 'ઓરંભાગીય' અને પાંચ 'ઉડ્ઢંભાગીય' કહેવાય છે. પહેલી ત્રણ સંયોજનાઓનો ક્ષય થતાં સોતાપન્નઅવસ્થા પ્રાપ્ત થાય છે. તે પછી રાગ, દ્વેષ અને મોહ શિથિલ થતાં સકદાગામીઅવસ્થા પ્રાપ્ત થાય છે. પાંચ ઓરંભાગીય સંયોજનાઓનો નાશ થતાં ઔપપત્તિક અનાવૃત્તિધર્મા અર્થાત્ અનાગામી અવસ્થા પ્રાપ્ત થાય છે અને દસે દસ સંયોજનાઓનો નાશ થઈ જતાં અરહા પદ મળે છે. આ વર્ણન જૈનશાસ્ત્રગત કર્મપ્રકૃતિઓના ક્ષયના વર્ણન જેવું છે. સોતાપન્ન આદિ ઉક્ત ચાર અવસ્થાઓનો વિચાર ચોથાથી લઈને ચૌદમા સુધીનાં ગુણસ્થાનોના વિચાર સાથે મળતો આવે છે અથવા એમ કહો કે ઉક્ત ચાર અવસ્થાઓ ચતુર્થ આદિ ગુણસ્થાનોનો સંક્ષેપમાત્ર છે.

જેમ જૈનશાસ્ત્રમાં લબ્ધિનું તથા યોગદર્શનમાં યોગવિભૂતિનું વર્ણન છે તેમ બૌદ્ધશાસ્ત્રમાં પણ આધ્યાત્મિક વિકાસકાલીન સિદ્ધિઓનું વર્ણન છે જે સિદ્ધિઓને તેમાં 'અભિજ્ઞા' કહે છે. આવી અભિજ્ઞાઓ છ છે, તેમનામાંથી પાંચને લૌકિક અને એકને લોકોત્તર કહી છે.[63]

બૌદ્ધશાસ્ત્રમાં બોધિસત્ત્વનું જે લક્ષણ છે[64] તે જ જૈનશાસ્ત્ર અનુસાર સમ્યગ્દષ્ટિનું લક્ષણ છે. જે સમ્યગ્દષ્ટિ હોય છે તે જો ગૃહસ્થના આરંભ-સમારંભ આદિ કાર્યોમાં પ્રવૃત્ત થાય છે તો પણ તેની વૃત્તિ તપ્તલોહપદન્યાસવત્ અર્થાત્ તપાવેલ લોઢા ઉપર મૂકવામાં આવતા પગ સમાન સકમ્પ યા પાપભીરુ હોય છે. બૌદ્ધશાસ્ત્રમાં પણ બોધિસત્ત્વનું એવું જ સ્વરૂપ માનીને તેને કાયપાતી અર્થાત્ શરીરમાત્રથી (ચિત્તથી નહિ) સાંસારિક પ્રવૃત્તિમાં પડનારો કહ્યો છે.[65] તે ચિત્તપાતી નથી હોતો.

---

61. જુઓ પૃષ્ઠ 156.
62. (1) સક્કાયદિટ્ઠિ, (2) વિચિકિચ્છા, (3) સીલબ્બત પરાભાસ, (4) કામરાગ, (5) પટીઘ, (6) રૂપરાગ, (7) અરૂપરાગ, (8) માન, (9) ઉદ્ધચ્ચ અન (10) અવિજ્જા. મરાઠીભાષાન્તરિત દીઘનિકાય, પૃ. 175 ટિપ્પણી.
63. જુઓ મરાઠીભાષાન્તરિત મજ્‌ઝિમનિકાય, પૃ. 156.
64. कायपातिन एवेह बोधिसत्त्वाः परोदितम् ।
    न चित्तपातिनस्तावदेतदत्रापि युक्तिमत् ॥271॥ યોગબિન્દુ.
65. एवं च यत्परैरुक्तं बोधिसत्त्वस्य लक्षणम् ।
    विचार्यमाणं सन्नीत्या तदप्यत्रोपपद्यते ॥10॥
    तप्तलोहपदन्यासतुल्या वृत्तिः क्वचिद्यदि ।
    इत्युक्तेः कायपात्येव चित्तपाती न स स्मृतः ॥11॥ સમ્યગ્દષ્ટિદ્વાત્રિંશિકા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# કેટલાક પારિભાષિક શબ્દો

## (1) 'લેશ્યા'

લેશ્યાના દ્રવ્યલેશ્યા અને ભાવલેશ્યા એમ બે ભેદ કરવામાં આવ્યા છે.

દ્રવ્યલેશ્યા પુદ્ગલવિશેષાત્મક છે. તેના સ્વરૂપ અંગે મુખ્યપણે ત્રણ મત છે - (1) કર્મવર્ગણાનિષ્પન્ન, (2) કર્મનિષ્યન્દ અને (3) યોગપરિણામ.

પહેલો મત એ માને છે કે લેશ્યાદ્રવ્યો કર્મવર્ગણાથી બને છે તેમ છતાં પણ તે આઠ કર્મોથી ભિન્ન જ છે, કાર્મણશરીરની જેમ. આ મત ઉત્તરાધ્યયન અધ્યયન 34ની ટીકા પૃ. 650 પર ઉલ્લિખિત છે.

બીજા મતનો આશય એ છે કે લેશ્યાદ્રવ્ય કર્મનિષ્યન્દરૂપ (બધ્યમાન કર્મના પ્રવાહરૂપ) છે. ચૌદમા ગુણસ્થાનમાં કર્મ હોવા છતાં પણ તેનો નિષ્યન્દ ન હોવાથી લેશ્યાના અભાવની ઉપપત્તિ થઈ જાય છે. આ મત ઉક્ત પૃષ્ઠ પર જ નિર્દિષ્ટ છે જેને ટીકાકાર વાદિવેતાલ શ્રી શાન્તિસૂરિએ 'गुरवस्तु व्याचक्षते' કહીને લખ્યો છે.

ત્રીજો મત શ્રી હરિભદ્રસૂરિ આદિનો છે. આ મતનો આશય મલયગિરિજીએ પન્નવણાના 17મા પદની ટીકામાં પૃ. 330 ઉપર સ્પષ્ટપણે દર્શાવ્યો છે. તેઓ લેશ્યાદ્રવ્યને યોગવર્ગણા અન્તર્ગત સ્વતન્ત્ર દ્રવ્ય માને છે. ઉપાધ્યાય વિનયવિજયજીએ પોતાના આગમદોહનરૂપ લોકપ્રકાશમાં (સર્ગ 3, શ્લોક 285) આ મતને જ ગ્રાહ્ય ઠરાવ્યો છે.

ભાવલેશ્યા આત્માનો પરિણામ વિશેષ છે જે સંક્લેશ અને યોગથી અનુગત છે. સંક્લેશના તીવ્ર, તીવ્રતર, તીવ્રતમ, મન્દ, મન્દતર, મન્દતમ આદિ અનેક ભેદ હોવાથી વસ્તુતઃ ભાવલેશ્યા અસંખ્ય પ્રકારની છે. તેમ છતાં સંક્ષેપમાં છ વિભાગ કરીને શાસ્ત્રમાં તેનું સ્વરૂપ દર્શાવ્યું છે. જુઓ ચોથા કર્મગ્રન્થની 13મી ગાથા. છ ભેદોનું સ્વરૂપ સમજવા માટે શાસ્ત્રમાં નીચે લખેલાં બે દષ્ટાન્તો આપ્યાં છે.

**પ્રથમ દૃષ્ટાન્ત :** છ પુરુષો ચાલતા ચાલતા જતા હતા. તેમને જાંબુ ખાવાનું મન થયું. એટલામાં તેમણે જાંબુડાનું વૃક્ષ જોયું. તેમનામાંથી એક પુરુષ બોલ્યો, 'લો, જાંબુડાનું વૃક્ષ તો આવી ગયું. હવે ફળો માટે ઉપર ચડવાના બદલે ફળોથી લચી પડેલી શાખાઓવાળા આ વૃક્ષને કાપીને નીચે પાડવું જ સારું.'

આ સાંભળી બીજાએ કહ્યું, 'વૃક્ષ કાપવાથી શો લાભ. કેવળ શાખાઓને કાપી નાખો.'

ત્રીજા પુરુષે કહ્યું, 'તે પણ ઠીક નથી, નાની નાની ડાળીઓને કાપી લેવાથી તો આપણું કામ થઈ શકે છે.'

ચોથાએ કહ્યું, 'નાની ડાળીઓ પણ શા માટે કાપવી ? ફળોના ગુચ્છાઓને તોડી લો.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાંચમો બોલ્યો, 'ગુચ્છાઓનું શું પ્રયોજન ? તેમનામાંથી કેટલાંક ફળોને જ લઈ લેવાં એ સારું.'

અન્તમાં છઠ્ઠા પુરુષે કહ્યું, ' આ બધા વિચાર નિરર્થક છે કેમ કે આપણે જે જોઈએ છે તે ફળો તો નીચે પડેલાં છે, શું તેમનાથી આપણું પ્રયોજન સિદ્ધ થઈ શકતું નથી ?'

**બીજું દૃષ્ટાન્ત :** છ પુરુષો ધન લૂંટવાના ઈરાદે જઈ રહ્યા હતા. રસ્તામાં એક ગામે પહોંચીને તેમનામાંના એકે કહ્યું, 'આ ગામને છિન્નભિન્ન કરી નાખો. મનુષ્ય, પશુ, પંખી જે કોઈ મળે તેમને મારો અને ધન લૂંટી લો.'

આ સાંભળી બીજો બોલ્યો, 'પશુ, પક્ષી વગેરેને શા માટે મારવાં ? કેવળ વિરોધ કરનારા મનુષ્યોને જ મારો.'

ત્રીજાએ કહ્યું, 'બિચારી સ્ત્રીઓની હત્યા શા માટે કરવી ? પુરુષોને જ મારો.'

ચોથાએ કહ્યું, 'બધા પુરુષોને નહિ પરંતુ જે સશસ્ત્ર હોય તેમને જ મારો.'

પાંચમો બોલ્યો, 'જે સશસ્ત્ર પુરુષો વિરોધ ન કરે તેમને શા માટે મારવા ?'

છેવટે છઠ્ઠાએ કહ્યું, 'કોઈને મારવાથી શો લાભ ? જે કોઈ રીતે ધનનું અપહરણ કરી શકાય તે રીતે તેને ઉઠાવી લઈ લો અને કોઈને મારો નહિ. એક તો ધન લૂંટવું અને ઉપરથી તેના માલિકોને મારવા એ સારું નથી.'

આ બન્ને દૃષ્ટાન્તો દ્વારા લેશ્યાઓનું સ્વરૂપ સ્પષ્ટ જ્ઞાત થાય છે. પ્રત્યેક દૃષ્ટાન્તના છ છ પુરુષોમાં પૂર્વ પૂર્વ પુરુષનાં પરિણામોની અપેક્ષાએ ઉત્તર ઉત્તર પુરુષનાં પરિણામો શુભ, શુભતર અને શુભતમ જણાય છે. ઉત્તર ઉત્તર પુરુષનાં પરિણામોમાં સંક્લેશની ન્યૂનતા અને મૃદુતાની અધિકતા મળે છે. પ્રથમ પુરુષના પરિણામને 'કૃષ્ણલેશ્યા', બીજાના પરિણામને 'નીલલેશ્યા', આ રીતે ક્રમથી છઠ્ઠા પુરુષના પરિણામને 'શુક્લલેશ્યા' સમજવી જોઈએ. આવશ્યકહારિભદ્રીવૃત્તિ, પૃ. 245/1 તથા લોકપ્રકાશ, સર્ગ 3 શ્લોક 363-380.

લેશ્યાદ્રવ્યના સ્વરૂપ સંબંધી ઉક્ત ત્રણે મતો અનુસાર તેરમા ગુણસ્થાન સુધી ભાવલેશ્યાનો સદ્ભાવ સમજવો જોઈએ. આ સિદ્ધાન્ત ગોમ્મટસારના જીવકાણ્ડને પણ માન્ય છે, કેમ કે તેમાં યોગપ્રવૃત્તિને લેશ્યા કહી છે, જેમ કે -

अयदोत्ति छलेस्साओ सुहतियलेस्सा दु देसविरदतिये ।
तत्तो सुक्का लेस्सा अजोगिठाणं अलेस्सं तु ॥1॥

સર્વાર્થસિદ્ધિમાં અને ગોમ્મટસારના અન્ય સ્થાનમાં કષાયોદયઅનુરંજિત યોગપ્રવૃત્તિને 'લેશ્યા' કહી છે. જો કે આ કથનથી દસમા ગુણસ્થાન સુધી જ લેશ્યાનું અસ્તિત્વ મળે છે પરંતુ આ કથન અપેક્ષાકૃત હોવાના કારણે પૂર્વ કથનથી વિરુદ્ધ નથી. પૂર્વ કથનમાં કેવળ પ્રકૃતિબંધ અને પ્રદેશબંધનાં નિમિત્તભૂત પરિણામો લેશ્યારૂપે વિવક્ષિત છે. અને આ કથનમાં સ્થિતિ, અનુભાગ આદિ ચારે બંધોનાં નિમિત્તભૂત પરિણામો લેશ્યારૂપે વિવક્ષિત છે, કેવળ પ્રકૃતિબંધ અને પ્રદેશબંધનાં નિમિત્તભૂત પરિણામો જ નહિ, જેમકે - 'भावलेश्या कषायोदयरञ्जिता योगप्रवृत्तिरिति कृत्वा औदयिकीत्युच्यते ।' સર્વાર્થસિદ્ધિ, 2.6.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जोगपऊत्ती लेस्सा कसायउदयाणुरंजिया होइ ।

तत्तो दोण्णं कज्जं बंधचउक्कं समुद्दिट्टं ॥489॥ જીવકાંડ.

દ્રવ્યલેશ્યાનાં વર્ણ, ગન્ધ આદિનો વિચાર તથા ભાવલેશ્યાનાં લક્ષણ આદિનો વિચાર ઉત્તરાધ્યયનના ચોત્રીસમા અધ્યયનમાં છે. તેના માટે પ્રજ્ઞાપનાનું લેશ્યાપદ, આવશ્યક, લોકપ્રકાશ આદિ આકરગ્રન્થો શ્વેતામ્બર સાહિત્યમાં છે. ઉક્ત બે દષ્ટાન્તોમાંથી પહેલું દષ્ટાન્ત જીવકાણ્ડ ગાથા 506-507 માં છે. લેશ્યાની કેટલીક વિશેષ વાતો જાણવા માટે જીવકાણ્ડનો લેશ્યા માર્ગણાધિકાર (ગાથા 488-555) જોવા જેવો છે.

જીવોના આન્તરિક ભાવોની મલિનતા તથા પવિત્રતાના તરતમભાવની સૂચક લેશ્યાનો વિચાર જેવો જૈન શાસ્ત્રમાં છે કંઈક તેના સમાન છ જાતિઓનો વિભાગ મંખલિપુત્ર ગોસાલના મતમાં છે જે કર્મની શુદ્ધિ-અશુદ્ધિને લઈને કૃષ્ણ, નીલ, વગેરે છ વર્ણોના આધારે કરવામાં આવ્યો છે. તેનું વર્ણન દીઘનિકાયના સામઞ્ઞફલસુત્તમાં છે.

મહાભારતના 12, 286માં પણ છ જીવવર્ણો આપવામાં આવ્યા છે જે ઉક્ત વિચારને મળતા આવે છે. પાતંજલ યોગદર્શન 4.7માં પણ આવી કલ્પના છે કેમ કે તેમાં કર્મના ચાર વિભાગ કરીને જીવોના ભાવોની શુદ્ધિ-અશુદ્ધિનું પૃથક્કરણ કરવામાં આવ્યું છે. તેના માટે જુઓ દીઘનિકાયનું મરાઠી ભાષાન્તર, પૃ. 59.

## (2) 'પંચેન્દ્રિય'

જીવના એકેન્દ્રિય આદિ જે પાંચ ભેદ કરવામાં આવ્યા છે, તે દ્રવ્યેન્દ્રિયના આધારે કરવામાં આવ્યા છે કેમ કે ભાવેન્દ્રિયો તો બધા જ સંસારી જીવોને પાંચે પાંચ હોય છે, જેમ કે -

अहवा पडुच्च लद्धिंदियं पि पंचेंदिया सव्वे ॥2999॥ વિશેષાવશ્યક

અર્થાત્ લબ્ધીન્દ્રિયની અપેક્ષાએ બધા સંસારી જીવો પંચેન્દ્રિય છે.

पंचेंदिउ व्व बउलो नरो व्व सव्वविसओवलंभाओ । વિશેષાવશ્યક, 3001.

અર્થાત્ બધા વિષયોનું જ્ઞાન કરવાની યોગ્યતાના કારણે બકુલવૃક્ષ મનુષ્યની જેમ પાંચ ઇન્દ્રિયોવાળું છે.

એ સાચું કે દ્વીન્દ્રિય આદિની ભાવેન્દ્રિય એકેન્દ્રિય આદિની ભાવેન્દ્રિય કરતાં ઉત્તરોત્તર વ્યક્ત-વ્યક્તતર જ હોય છે. પરંતુ એમાં તો કોઈ સંદેહ જ નથી કે જેમને પૂરી પાંચ દ્રવ્યેન્દ્રિયો નથી તેમને પણ ભાવેન્દ્રિયો તો બધી જ હોય છે. આ વાત આધુનિક વિજ્ઞાનથી પણ પ્રમાણિત છે. ડો.જગદીશચન્દ્ર બસુની શોધે વનસ્પતિમાં સ્મરણશક્તિનું અસ્તિત્વ સિદ્ધ કર્યું છે. સ્મરણ, જે માનસશક્તિનું કાર્ય છે તે, જો એકેન્દ્રિયમાં પ્રાપ્ત થતું હોય તો પછી એકેન્દ્રિયમાં અન્ય ઇન્દ્રિયોનું, જે મનથી નીચેની શ્રેણિની મનાય છે તેમનું, અસ્તિત્વ હોવામાં કોઈ બાધા નથી. ઇન્દ્રિયના અંગે પ્રાચીન કાળમાં વિશેષદર્શી મહાત્માઓએ બહુ વિચાર કર્યો છે જે અનેક જૈન ગ્રન્થોમાં મળે છે. તેનો કંઈક અંશ આ પ્રમાણે છે - ઇન્દ્રિયો બે પ્રકારની છે - દ્રવ્યરૂપ અને ભાવરૂપ. દ્રવ્યેન્દ્રિય પુદ્ગલજન્ય હોવાથી જડ છે પરંતુ ભાવેન્દ્રિય જ્ઞાનરૂપ છે કેમ કે તે ચેતનાશક્તિનો પર્યાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્રવ્યેન્દ્રિય, અંગોપાંગ અને નિર્માણ નામકર્મના ઉદયથી જન્ય છે. તેના બે ભેદ છે - નિર્વૃત્તિ અને ઉપકરણ.

ઇન્દ્રિયના આકારનું નામ 'નિર્વૃત્તિ' છે. નિર્વૃત્તિના પણ બાહ્ય અને આભ્યંતર બે ભેદ છે. ઇન્દ્રિયના બાહ્ય આકારને બાહ્યનિર્વૃત્તિ કહે છે અને અંદરના આકારને આભ્યંતરનિર્વૃત્તિ કહે છે. બાહ્ય ભાગ તલવાર સમાન છે અને આભ્યન્તર ભાગ તલવારની તેજ ધાર સમાન છે જે અત્યન્ત સ્વચ્છ પરમાણુઓનો બનેલો હોય છે. આભ્યન્તર નિર્વૃત્તિનું આ પુદ્ગલમય સ્વરૂપ પ્રજ્ઞાપના સૂત્રના ઇન્દ્રિયપદની ટીકા (પૃ. 294/1) અનુસાર છે. આચારાંગવૃત્તિ પૃ. 104માં તેનું સ્વરૂપ ચેતનામય દર્શાવ્યું છે.

આકારના સંબંધમાં એ વાત જાણવી જોઈએ કે ત્વચાની આકૃતિ અનેક પ્રકારની હોય છે પરંતુ તેના બાહ્ય અને આભ્યંતર આકારમાં ભેદ નથી. કોઈ પણ પ્રાણીની ત્વચાનો જેવો બાહ્ય આકાર હોય છે તેવો જ આભ્યન્તર આકાર હોય છે. પરંતુ અન્ય ઇન્દ્રિયોની બાબતમાં એવું નથી - ત્વચાને છોડીને બીજી બધી ઇન્દ્રિયોના આભ્યન્તર આકારો બાહ્ય આકારોને મળતા આવતા નથી. બધી જાતિના પ્રાણીઓની સજાતીય ઇન્દ્રિયોના આભ્યન્તર આકારો એકસરખા માનવામાં આવ્યા છે, જેમ કે કાનનો આભ્યન્તર આકાર કદમ્બપુષ્પ જેવો, આંખનો મસૂરના દાણા જેવો, નાકનો અતિમુક્તકના ફૂલ જેવો અને જીભનો છરા જેવો. પરંતુ બાહ્ય આકાર બધી જાતિઓમાં જુદો જુદો જોવામાં આવે છે. ઉદાહરણાર્થ, મનુષ્ય, હાથી, ઘોડા, બળદ, બિલાડી, ઉંદર આદિનાં કાન, આંખ, નાક, જીભને જુઓ.

આભ્યન્તરનિર્વૃત્તિની વિષયગ્રહણશક્તિને ઉપકરણેન્દ્રિય કહે છે.

ભાવેન્દ્રિય બે પ્રકારની છે - લબ્ધિરૂપ અને ઉપયોગરૂપ.

મતિજ્ઞાનાવરણના ક્ષયોપશમને - ચેતનશક્તિની વિશેષ યોગ્યતાને - લબ્ધિરૂપ ભાવેન્દ્રિય કહે છે. આ લબ્ધિરૂપ ભાવેન્દ્રિય અનુસાર આત્માની વિષયગ્રહણમાં જે પ્રવૃત્તિ થાય છે તેને ઉપયોગરૂપ ભાવેન્દ્રિય કહે છે.

આ વિષયને વિસ્તારપૂર્વક જાણવા માટે પ્રજ્ઞાપનાનું પંદરમું પદ પૃ. 293, તત્ત્વાર્થના અધ્યાય બીજાનાં સૂત્ર 17 અન 18 વૃત્તિ સાથે, વિશેષાવશ્યકભાષ્ય ગાથા 2993-3003 તથા લોકપ્રકાશ સર્ગ 3 શ્લોક 464થી આગળ - આ બધું જોવું જોઈએ.

## (3) સંજ્ઞા

સંજ્ઞાનો અર્થ આભોગ (માનસિક ક્રિયાવિશેષ) છે. તેના બે ભેદ છે - જ્ઞાન અને અનુભવ.

મતિ, શ્રુત આદિ પાંચ પ્રકારનાં જ્ઞાનો 'જ્ઞાનસંજ્ઞા' છે.

અનુભવસંજ્ઞાના સોળ ભેદ છે - (1) આહાર, (2) ભય, (3) મૈથુન, (4) પરિગ્રહ, (5) ક્રોધ, (6) માન, (7) માયા, (8) લોભ, (9) ઓઘ, (10) લોક, (11) મોહ, (12) ધર્મ, (13) સુખ, (14) દુઃખ (15) જુગુપ્સા અને (16) શોક. આચારાંગનિર્યુક્તિ ગાથા 38-39માં તો અનુભવસંજ્ઞાના સોળ ભેદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવામાં આવ્યા છે, પરંતુ ભગવતી શતક 7 ઉદ્દેશક 8માં તથા પ્રજ્ઞાપનાના આઠમા પદમાં આ સોળમાંના પહેલા દસ ભેદો જ નિર્દિષ્ટ છે.

આ સંજ્ઞાઓ બધા જીવોમાં ન્યૂનાધિક પ્રમાણમાં મળે છે. તેથી તે સંજ્ઞી-અસંજ્ઞીવ્યવહારની નિયામક નથી. શાસ્ત્રમાં સંજ્ઞી-અસંજ્ઞીનો જે ભેદ છે તે અન્ય સંજ્ઞાઓની અપેક્ષાએ છે. એકેન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય સુધીના જીવોમાં ચૈતન્યનો વિકાસ ક્રમશઃ અધિકાધિક છે. આ વિકાસના તરતમભાવને સમજાવવા માટે શાસ્ત્રમાં તેના સ્થૂળ રીતે ચાર વિભાગ કરવામાં આવ્યા છે :

(1) પહેલા વિભાગમાં જ્ઞાનનો અત્યન્ત અલ્પ વિકાસ વિવક્ષિત છે. આ વિકાસ એટલો તો અલ્પ છે કે આ વિકાસથી યુક્ત જીવો મૂર્છિતની જેમ ચેષ્ટારહિત હોય છે. આ અવ્યક્તતર ચૈતન્યને 'ઓઘસંજ્ઞા' કહેવામાં આવેલ છે. એકેન્દ્રિય જીવો ઓઘસંજ્ઞાવાળા જ હોય છે.

(2) બીજા વિભાગમાં વિકાસની એટલી માત્રા વિવક્ષિત છે કે જેથી કેટલાક ભૂતકાળનું - સુદીર્ઘ ભૂતકાળનું નહિ - સ્મરણ કરી શકાય છે અને જેના કારણે ઇષ્ટ વિષયોમાં પ્રવૃત્તિ અને અનિષ્ટ વિષયોમાંથી નિવૃત્તિ થાય છે. આ પ્રવૃત્તિ-નિવૃત્તિકારી જ્ઞાનને 'હેતુવાદોપદેશિકી સંજ્ઞા' કહેલ છે. દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય અને સમ્મૂર્છિમ પંચેન્દ્રિય જીવ હેતુવાદોપદેશિકીસંજ્ઞાવાળા હોય છે.

(3) ત્રીજા વિભાગમાં એટલો વિકાસ વિવક્ષિત છે જેથી સુદીર્ઘ ભૂતકાળમાં અનુભવેલા વિષયોનું સ્મરણ અને સ્મરણ દ્વારા વર્તમાનકાળનાં કર્તવ્યોનો નિશ્ચય કરવામાં આવે છે. આ જ્ઞાન વિશિષ્ટ મનની સહાયતાથી થાય છે. આ જ્ઞાનને 'દીર્ઘકાલોપદેશિકી સંજ્ઞા' કહેલ છે. દેવ, નારક અને ગર્ભજ મનુષ્ય-તિર્યંચ દીર્ઘકાલોપદેશિકી સંજ્ઞાવાળા હોય છે.

(4) ચોથા વિભાગમાં વિશિષ્ટ શ્રુતજ્ઞાન વિવક્ષિત છે. આ જ્ઞાન એટલું શુદ્ધ હોય છે કે સમ્યક્ત્વીઓ સિવાય અન્ય જીવોમાં તેનો સંભવ નથી. આ વિશુદ્ધ જ્ઞાનને 'દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા' કહેલ છે.

શાસ્ત્રમાં જ્યાં ક્યાંય પણ સંજ્ઞી-અસંજ્ઞીનો ઉલ્લેખ છે ત્યાં બધી જગાએ અસંજ્ઞીનો અર્થ ઓઘસંજ્ઞાવાળા અને હેતુવાદોપદેશિકીસંજ્ઞાવાળા જીવો છે. અને સંજ્ઞીનો અર્થ તે બધી જગાએ દીર્ઘકાલોપદેશિકીસંજ્ઞાવાળા જીવો છે.

આ વિષયનો વિશેષ વિચાર તત્ત્વાર્થ અધ્યાય બીજો સૂત્ર 25 વૃત્તિ, નન્દી સૂત્ર 39, વિશેષાવશ્યક ગાથા 504-526 અને લોકપ્રકાશ સર્ગ 3 શ્લોક 442-463માં છે.

સંજ્ઞી-અસંજ્ઞીના વ્યવહારની બાબતમાં દિગમ્બર સંપ્રદાયમાં શ્વેતામ્બર સંપ્રદાયની અપેક્ષાએ થોડોક ભેદ છે. દિગમ્બર સંપ્રદાયમાં ગર્ભજતિર્યંચોને સંજ્ઞીમાત્ર માન્યા નથી પરંતુ સંજ્ઞી તથા અસંજ્ઞી માન્યા છે. તેવી જ રીતે સંમૂર્ચ્છિમતિર્યંચને એકલા અસંજ્ઞી માન્યા નથી પરંતુ સંજ્ઞી-અસંજ્ઞી ઉભયરૂપ માન્યા છે. (જીવકાણ્ડ ગાથા 79). આ ઉપરાંત એ વાત પણ ધ્યાન દેવા યોગ્ય છે કે શ્વેતામ્બર ગ્રન્થોમાં હેતુવાદોપદેશિકી આદિ જે ત્રણ સંજ્ઞાઓનું વર્ણન છે તેમનો વિચાર દિગમ્બરીય પ્રસિદ્ધ ગ્રન્થોમાં દેખાતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(4) અપર્યાપ્ત

(ક) અપર્યાપ્તના બે પ્રકાર છે - (1) લબ્ધિઅપર્યાપ્ત અને (2) કરણઅપર્યાપ્ત. તેવી જ રીતે (ખ) પર્યાપ્તના પણ બે ભેદ છે - (1) લબ્ધિપર્યાપ્ત અને (2) કરણપર્યાપ્ત.

(ક) 1 - જે જીવો અપર્યાપ્તનામકર્મના ઉદયના કારણે એવી શક્તિવાળા હોય કે જેથી સ્વયોગ્ય પ્રાપ્તિઓને પૂર્ણ કર્યા વિના જ મરી જાય તે લબ્ધિઅપર્યાપ્ત છે.

2 - પરંતુ કરણઅપર્યાપ્તની બાબતમાં એવી વાત નથી, તેઓ પર્યાપ્તનામકર્મના પણ ઉદયવાળા હોય છે. અર્થાત્ ભલે પર્યાપ્તનામકર્મનો ઉદય હો કે અપર્યાપ્તનામ કર્મનો પરંતુ જ્યાં સુધી કરણોની (શરીર, ઇન્દ્રિય આદિ પર્યાપ્તિઓની) સમાપ્તિ ન થાય ત્યાં સુધી તે જીવો 'કરણઅપર્યાપ્ત' કહેવાય છે.

(ખ) 1 - જેમને પર્યાપ્તનામકર્મનો ઉદય હોય અને એનાથી જે સ્વયોગ્ય પર્યાપ્તિઓને પૂર્ણ કર્યા પછી જ મરે તે જીવો લબ્ધિપર્યાપ્ત છે.

2 - કરણપર્યાપ્તો માટે એ નિયમ નથી કે તેઓ સ્વયોગ્ય પર્યાપ્તિઓને પૂર્ણ કરીને જ મરે. જે લબ્ધિઅપર્યાપ્ત છે તે પણ કરણપર્યાપ્ત હોય છે જ, કેમ કે આહારપર્યાપ્તિ બની ચૂક્યા પછી ઓછામાં ઓછી શરીરપર્યાપ્તિ તો બની જાય છે, ત્યારથી તે જીવો કરણપર્યાપ્ત મનાય છે. એ નિયમ તો છે જ કે લબ્ધિઅપર્યાપ્ત પણ ઓછામાં ઓછી આહાર, શરીર અને ઇન્દ્રિય એ ત્રણ પર્યાપ્તિઓને પૂર્ણ કર્યા વિના મરતા નથી. આ નિયમના અંગે શ્રીમલયગિરિજીએ નન્દીસૂત્રની ટીકા પૃ. 105માં આ પ્રમાણે લખ્યું છે - यस्मादागामिभवायुर्बध्वा म्रियन्ते सर्व एव देहिनः तच्चाहारशरीरेन्द्रियपर्याप्तिपर्याप्तानामेव बध्यते इति। અર્થાત્ બધા પ્રાણી આગલા ભવનું આયુ બાંધીને જ મરે છે, બાંધ્યા વિના મરતાં નથી. આયુ ત્યારે બાંધી શકાય છે જ્યારે આહાર, શરીર અને ઇન્દ્રિય એ ત્રણ પર્યાપ્તિઓ પૂર્ણ બની ચૂકી હોય.

આ વાતનો ખુલાસો શ્રીવિનયવિજયજીએ લોકપ્રકાશ સર્ગ 3 શ્લોક 31માં આ પ્રમાણે કર્યો છે - જે જીવ લબ્ધિઅપર્યાપ્ત છે તે પણ પહેલી ત્રણ પર્યાપ્તિઓને પૂર્ણ કરીને જ અગ્રિમ ભવની આયુ બાંધે છે. અન્તર્મુહૂર્ત સુધી આયુબન્ધ કરીને પછી તેના જઘન્ય અબાધાકાલને, જે અન્તર્મુહૂર્તનો મનાયો છે તેને, વિતાવે છે; ત્યાર પછી મરીને તે ગત્યન્તરમાં જઈ શકે છે. જે અગ્રિમ આયુને બાંધતો નથી અને તેના અબાધાકાળને પૂરો કરતો નથી તે મરી જ શકતો નથી.

દિગમ્બર સાહિત્યમાં 'કરણઅપર્યાપ્ત'ના બદલે 'નિર્વૃત્તિઅપર્યાપ્ત' શબ્દ મળે છે. અર્થમાં પણ થોડોક ફરક છે. 'નિવૃત્તિ' શબ્દનો અર્થ શરીર જ કરવામાં આવ્યો છે. તેથી શરીરપર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી જ દિગમ્બર સાહિત્ય જીવને નિર્વૃત્તિઅપર્યાપ્ત કહે છે. શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પછી દિગમ્બર સાહિત્ય નિર્વૃત્તિઅપર્યાપ્તનો વ્યવહાર કરવાની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંમતિ દેતું નથી, જેમ કે -

पज्जत्तस्स य उदये णियणियपज्जत्तिणिट्ठिदो होदि ।

जाव सरीरमपुण्णं णिव्वत्तिअपुण्णगो ताव ।।120।। જીવકાણ્ડ

સારાંશ એ કે દિગમ્બર સાહિત્યમાં પર્યાપ્તનામકર્મના ઉદયવાળો જ શરીરપર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી 'નિર્વૃત્તિઅપર્યાપ્ત' શબ્દ દ્વારા અભિમત છે.

પરંતુ શ્વેતામ્બર સાહિત્યમાં 'કરણ' શબ્દનો 'શરીર, ઇન્દ્રિય આદિ પર્યાપ્તિઓ' એટલો અર્થ કરાયેલો મળે છે, જેમ કે 'करणानि शरीराक्षादीनि' લોકપ્રકાશ સર્ગ 3 શ્લોક 10. તેથી શ્વેતામ્બર સંપ્રદાય અનુસાર જેણે શરીરપર્યાપ્તિ પૂર્ણ કરી છે પરંતુ ઇન્દ્રિયપર્યાપ્તિ પૂર્ણ નથી કરી તેને પણ કરણપર્યાપ્ત કહી શકાય છે. અર્થાત્ શરીરરૂપ કરણ પૂર્ણ કરવાથી 'કરણપર્યાપ્ત' અને ઇન્દ્રિયરૂપ કરણ પૂર્ણ ન કરવાથી 'કરણઅપર્યાપ્ત' કહી શકાય છે. આમ શ્વેતામ્બર સંપ્રદાયની દૃષ્ટિએ શરીરપર્યાપ્તિથી લઈને મનઃપર્યાપ્તિ સુધી પૂર્વ પર્વ પર્યાપ્તિ પૂર્ણ થતાં 'કરણપર્યાપ્ત' અને ઉત્તરોત્તર પર્યાપ્તિ પૂર્ણ ન થવાથી 'કરણઅપર્યાપ્ત' કહી શકીએ છીએ. પરંતુ જ્યારે જીવ સ્વયોગ્ય બધી જ પર્યાપ્તિઓને પૂર્ણ કરી લે ત્યારે તેને 'કરણઅપર્યાપ્ત' ન કહી શકાય.

**કાર્યપર્યાપ્તિનું સ્વરૂપ** - પર્યાપ્તિ તે શક્તિ છે જેના દ્વારા જીવ આહાર, શ્વાસોચ્છ્વાસ આદિના યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે અને ગૃહીત પુદ્ગલોને આહાર આદિ રૂપમાં પરિણત કરે છે. આવી શક્તિ જીવમાં પુદ્ગલોના ઉપચયથી બને છે. અર્થાત્ જેવી રીતે પેટના અંદરના ભાગમાં વર્તમાન પુદ્ગલોમાં એક જાતની શક્તિ હોય છે જેનાથી ખાધેલો આહાર ભિન્ન ભિન્ન રૂપમાં બદલાઈ જાય છે તેવી જ રીતે જન્મસ્થાનને પ્રાપ્ત કરનાર જીવના દ્વારા ગૃહીત પુદ્ગલોથી એવી શક્તિ બની જાય છે કે આહાર આદિ પુદ્ગલોને ખલ-રસ આદિ રૂપમાં પરિવર્તિત કરી નાખે છે. આ શક્તિ જ પર્યાપ્તિ છે. પર્યાપ્તિજનક પુદ્ગલોમાંથી કેટલાક તો એવા હોય છે જે જન્મસ્થાનમાં આવેલા જીવ દ્વારા પ્રથમ સમયમાં જ ગૃહીત થઈને પૂર્વગૃહીત પુદ્ગલોના સંસર્ગથી તદ્રૂપ બની જાય છે.

કાર્યભેદના આધારે પર્યાપ્તિના છ ભેદ છે - (1) આહારપર્યાપ્તિ, (2) શરીરપર્યાપ્તિ, (3) ઇન્દ્રિયપર્યાપ્તિ, (4) શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિ, (5) ભાષાપર્યાપ્તિ અને (6) મનઃપર્યાપ્તિ. તેમની વ્યાખ્યા પ્રથમ કર્મગ્રન્થની ઓગણપચાસમી ગાથાના ભાવાર્થમાં (પૃ. 97) જોઈ લેવી જોઈએ.

આ છ પર્યાપ્તિઓમાંથી પહેલી ચાર પર્યાપ્તિઓના અધિકારી જીવો એકેન્દ્રિય જ છે. દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય અને અસંજ્ઞિપંચેન્દ્રિય જીવો મનઃપર્યાપ્તિ સિવાય બાકીની પાંચ પર્યાપ્તિઓના અધિકારી છે. સંજ્ઞિપંચેન્દ્રિય જીવો છએ છ પર્યાપ્તિઓના અધિકારી છે. આ વિષયની ગાથા શ્રીજિનભદ્રગણિ ક્ષમાશ્રમણકૃત બૃહત્સંગ્રહણીમાં છે-

आहारसरीरिंदियपज्जत्ती आणपाणभासमणो ।

चत्तारि पंच छप्पि य एगिंदियविगलसंनीणं ।।349।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ જ ગાથા ગોમ્મટસારના જીવકાણ્ડમાં 118મા ક્રમમાં આવે છે. પ્રસ્તુત વિષયનું વિશેષ સ્વરૂપ જાણવા માટે આ સ્થાનો જોવા જેવાં છે - નન્દી પૃ. 104-105, પંચસંગ્રહ દ્વા.1 ગાથા 5 વૃત્તિ, લોકપ્રકાશ સર્ગ 3 શ્લોક 7-42 તથા ગોમ્મટસારનો જીવકાણ્ડ પર્યાપ્તિ અધિકાર ગાથા 117-127.

## (5) ઉપયોગનો સહ-ક્રમભાવ

છદ્મસ્થનો ઉપયોગ ક્રમભાવી છે, એમાં કોઈ મતભેદ નથી. પરંતુ કેવલીના ઉપયોગ અંગે મુખ્ય ત્રણ પક્ષ છે :

(1) સિદ્ધાન્તપક્ષ કેવલજ્ઞાન અને કેવલદર્શનને ક્રમભાવી માને છે.

(2) બીજો પક્ષ કેવલજ્ઞાન અને કેવલદર્શન ઉભય ઉપયોગ ઉપયોગને સહભાવી માને છે. તેના પોષક શ્રી મલ્લવાદી તાર્કિક આદિ છે.

(3) ત્રીજો પક્ષ ઉભય ઉપયોગોનો ભેદ ન સ્વીકારીને તેમનું ઐક્ય માને છે. આ પક્ષના સ્થાપક સિદ્ધસેન દિવાકર છે.

ત્રણે પક્ષોની કેટલીક મુખ્ય મુખ્ય દલીલો ક્રમશઃ નીચે આપવામાં આવે છે :

(1) (ક) સિદ્ધાન્તમાં (ભગવતી શતક 18 અને 25ના છઠ્ઠા ઉદ્દેશકો, તથા પ્રજ્ઞાપનાનું ત્રીસમું પદ) જ્ઞાન અને દર્શન બન્નેનું અલગ અલગ કથન છે તથા તેમનું ક્રમભાવિત્વ સ્પષ્ટ વર્ણવવામાં આવ્યું છે. (ખ) નિર્યુક્તિમાં (આવશ્યકનિર્યુક્તિ ગાથા 977-979) કેવલજ્ઞાન અને કેવલદર્શન બન્નેનું ભિન્ન ભિન્ન લક્ષણ આપ્યું છે, તેમના દ્વારા સર્વવિષયક જ્ઞાન અને દર્શન થવાની વાત કરી છે અને યુગપત્ બે ઉપયોગોનો નિષેધ સ્પષ્ટ દર્શાવ્યો છે. (ગ) કેવલજ્ઞાન અને કેવલદર્શનનાં બે જુદાં આવરણોનું અને ઉપયોગોની બાર સંખ્યાનું શાસ્ત્રમાં (પ્રજ્ઞાપના 29, પૃ. 525/1 આદિ) ઠેકઠેકાણે વર્ણન છે. (ઘ) કેવલજ્ઞાન અને કેવલદર્શન અનન્ત કહેવાય છે તે તો લબ્ધિની અપેક્ષાએ, ઉપયોગની અપેક્ષાએ નહિ. ઉપયોગની અપેક્ષાએ તો તેમની સ્થિતિ એક સમયની છે, કેમ કે ઉપયોગની અપેક્ષાએ અનન્તતા શાસ્ત્રમાં ક્યાંય પણ પ્રતિપાદિત નથી. (ઙ) ઉપયોગોનો સ્વભાવ જ એવો છે કે તેઓ ક્રમશઃ પ્રવૃત્ત થાય છે. તેથી કેવલજ્ઞાન અને કેવલદર્શનને ક્રમભાવી અંને અલગ અલગ માનવાં જોઈએ.

(2) (ક) આવરણક્ષયરૂપ નિમિત્ત અને સામાન્યવિશેષાત્મક વિષય સમકાલીન હોવાથી કેવલજ્ઞાન અને કેવલદર્શન યુગપત્ થાય છે. (ખ) છાદ્મસ્થિક ઉપયોગોમાં કાર્યકારણભાવ યા પરસ્પર પ્રતિબન્ધ્ય-પ્રતિબંધકભાવ ઘટી શકે છે, ક્ષાયિક ઉપયોગોમાં તે ઘટતા નથી કેમ કે બોધસ્વભાવ શાશ્વત આત્મા જ્યારે નિરાવરણ હોય ત્યારે તેના બન્ને ક્ષાયિક ઉપયોગો નિરન્તર જ હોવા જોઈએ. (ગ) કેવલજ્ઞાન અને કેવલદર્શનની સાદિ-અપર્યવસિતતા, જે શાસ્ત્રમાં કહી છે તે, પણ યુગપત્પક્ષમાં જ ઘટી શકે છે કેમ કે આ પક્ષમાં બન્ને ઉપયોગ યુગપત્ અને નિરન્તર થતા રહે છે. તેથી દ્રવ્યાર્થિકનયથી ઉપયોગદ્વયના પ્રવાહને અપર્યવસિત (અનન્ત) કહી શકાય. (ઘ) કેવલજ્ઞાન અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેવલદર્શન અંગે સિદ્ધાન્તમાં જ્યાં ક્યાંય પણ જે કંઈ કહેવામાં આવ્યું છે તે બધું બન્નેના વ્યક્તિભેદનું સાધક છે, ક્રમભાવિત્વનું સાધક નથી. તેથી બન્ને ઉપયોગોને સહભાવી માનવા જોઈએ.

(3) (ક) જેમ સામગ્રી મળતાં એક જ્ઞાનપર્યાયમાં અનેક ઘટપટાદિ વિષયો ભાસિત થાય છે તેમ આવરણક્ષય, વિષય આદિ સામગ્રી મળતાં એક જ કેવલઉપયોગ પદાર્થોના સામાન્યવિશેષ ઉભય સ્વરૂપને જાણી શકે છે. (ખ) જેમ કેવલજ્ઞાન વખતે મતિજ્ઞાનાવરણાદિનો અભાવ હોવા છતાં પણ મતિ આદિ જ્ઞાનોને કેવલજ્ઞાનથી અલગ નથી માનવામાં આવતાં તેમ કેવલદર્શનાવરણનો ક્ષય થવા છતાં પણ કેવલદર્શનને કેવલજ્ઞાનથી અલગ માનવું ઉચિત નથી. (ગ) વિષય અને ક્ષયોપશમની વિભિન્નતાના કારણે છાદ્મસ્થિક જ્ઞાન અને દર્શનમાં પરસ્પર ભેદ માની શકાય પરંતુ અનન્તવિષયકતા અને ક્ષાયિકભાવ સમાન હોવાથી કેવલજ્ઞાન અને કેવલદર્શનમાં કોઈ પણ જાતનો ભેદ માની શકાતો નથી. (ઘ) જો કેવલદર્શનને કેવલજ્ઞાનથી અલગ માનવામાં આવે તો તે સામાન્યમાત્રને વિષય કરનારું હોવાથી અલ્પવિષયક સિદ્ધ થશે જેથી તેનું શાસ્ત્રકથિત અનન્તવિષયકત્વ ઘટી શકશે નહિ. (ङ) કેવલીનું ભાષણ કેવલજ્ઞાન-કેવલદર્શનપૂર્વક હોય છે એ શાસ્ત્રકથન અભેદપક્ષમાં જ પૂરેપૂરું ઘટી શકે છે. (ચ) આવરણભેદ કથંચિત્ છે. અર્થાત્ વસ્તુતઃ આવરણ એક હોવા છતાં પણ કાર્યભેદ અને ઉપાધિભેદની અપેક્ષાએ તેનો ભેદ સમજવો જોઈએ, તેથી એક જ ઉપયોગવ્યક્તિમાં જ્ઞાનત્વ-દર્શનત્વ બે ધર્મો અલગ-અલગ માનવા જોઈએ. જ્ઞાન અને દર્શન બે ઉપયોગો અલગ અલગ માનવા ઉચિત નથી. તેથી જ જ્ઞાન અને દર્શન બે શબ્દો પર્યાયમાત્ર (એકાર્થવાચી) છે.

ઉપાધ્યાય શ્રીયશોવિજયજીએ પોતાના જ્ઞાનબિન્દુમાં (પૃ. 164/1) નયદૃષ્ટિએ ત્રણે પક્ષોનો સમન્વય કર્યો છે - સિદ્ધાન્તપક્ષ શુદ્ધ ઋજુસૂત્રનયની અપેક્ષાએ, શ્રી મલ્લવાદીજીનો પક્ષ વ્યવહારનયની અપેક્ષાએ અને શ્રી સિદ્ધસેન દિવાકરનો પક્ષ સંગ્રહનયની અપેક્ષાએ જાણવો જોઈએ. આ વિષયનું સવિસ્તર વર્ણન સન્મતિતર્ક, ગોમ્મટસારજીવકાણ્ડ ગાથા 3થી આગળ, વિશેષાવશ્યકભાષ્ય ગાથા 3088-3135, શ્રી હરિભદ્રસૂરિકૃત ધર્મસંગ્રહણી ગાથા 1336-1359, શ્રી સિદ્ધસેનગણિકૃત તત્ત્વાર્થટીકા 1.31, શ્રીમલયગિરિનન્દીવૃત્તિ પૃ. 134-138 અને જ્ઞાનબિન્દુ પૃ. 154-164માંથી જાણી લેવું જોઈએ.

દિગમ્બર સંપ્રદાયમાં ઉપર જણાવેલા ત્રણ પક્ષોમાંથી બીજો પક્ષ અર્થાત્ યુગપત્ ઉપયોગદ્વયનો પક્ષ જ પ્રસિદ્ધ છે -

जुगवं वट्टइ णाणं केवलणाणिस्स दंसणं च तहा ।
दिणयरपयासतापं जह वट्टइ तह मुणेयव्वं ॥160॥ નિયમસાર.

सिद्धाणं सिद्धगई केवलणाणं च दंसणं खयियं ।
सम्मत्तमणाहारं उवजोगाणक्कमपउत्ती ॥730॥ જીવકાણ્ડ.

दंसणपुव्वं णाणं छदमत्थाणं ण दोण्णि उवउग्गा ।
जुगवं जम्हा केवलिणाहे जुगवं तु ते दो वि ॥44॥ દ્રવ્યસંગ્રહ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (6) એકેન્દ્રિયમાં શ્રુતજ્ઞાન

એકેન્દ્રિયમાં ત્રણ ઉપયોગો માનવામાં આવ્યા છે. તેથી શંકા થાય છે કે સ્પર્શનેન્દ્રિયમતિજ્ઞાનાવરણકર્મનો ક્ષયોપશમ થવાથી એકેન્દ્રિય જીવોમાં માતિઉપયોગ માનવો ઠીક છે પરંતુ ભાષાલબ્ધિ (બોલવાની શક્તિ) તથા શ્રવણલબ્ધિ (સાંભળવાની શક્તિ) ન હોવાના કારણે તે જીવોમાં શ્રુતઉપયોગ કેવી રીતે માની શકાય કેમ કે શાસ્ત્રમાં ભાષાલબ્ધિ અને શ્રવણલબ્ધિ ધરાવનારાઓને જ શ્રુતજ્ઞાન હોય છે એમ મનાયું છે, જેમકે -

भावसुयं भासासायलद्धिणा जुज्जए न इयरस्स ।
भासाभिमुहस्स जयं सोऊण य जं हविज्जाहि ॥102॥ વિશેષાવશ્યક.

બોલવાની અને સાંભળવાની શક્તિવાળાઓને જ ભાવશ્રુત હોઈ શકે છે, બીજાઓને નહિ કેમ કે 'શ્રુતજ્ઞાન' તે જ્ઞાનને કહેવામાં આવે છે જે બોલવાની ઇચ્છાવાળાને યા વચન સાંભળનારને થાય છે.

આનું સમાધાન એ છે કે સ્પર્શનેન્દ્રિય સિવાય અન્ય દ્રવ્ય(બાહ્ય) ઇન્દ્રિયો ન હોવા છતાં પણ વૃક્ષાદિ જીવોમાં પાંચ ભાવેન્દ્રિયજન્ય જ્ઞાનોનું હોવું જેમ શાસ્ત્રસમ્મત છે તેમ બોલવા અને સાંભળવાની શક્તિ ન હોવા છતાં પણ એકેન્દ્રિય જીવોમાં ભાવશ્રુત જ્ઞાનનું હોવું શાસ્ત્રસમ્મત છે.

जह सुहुमं भाविंदियनाणं दव्विंदियावरोहे वि ।
तह दव्वसुयाभावे भावसुयं पत्थिवाईणं ॥104॥ વિશેષાવશ્યક.

જેવી રીતે દ્રવ્યેન્દ્રિયોના અભાવમાં ભાવેન્દ્રિયજન્ય સૂક્ષ્મ જ્ઞાન થાય છે તેવી રીતે દ્રવ્યશ્રુતનાં ભાષા આદિ બાહ્ય નિમિત્તોના અભાવમાં પણ પૃથ્વીકાયિક આદિ જીવોને અલ્પ ભાવશ્રુત થાય છે. એ સાચું કે બીજા જીવોને જેવું સ્પષ્ટ જ્ઞાન થાય છે તેવું સ્પષ્ટ જ્ઞાન એકેન્દ્રિય જીવોને થતું નથી. શાસ્ત્રમાં એકેન્દ્રિય જીવોને આહારનો અભિલાષ માન્યો છે એ જ તેમનામાં અસ્પષ્ટ જ્ઞાન માનવામાં હેતુ છે. આહારનો અભિલાષ ક્ષુધાવેદનીયકર્મના ઉદયથી થનારો આત્માનો પરિણામવિશેષ (અધ્યવસાય) છે, જેમ કે 'आहारसंज्ञा आहाराभिलाषः क्षुद्वेदनीयोदयप्रभवः खल्वात्मपरिणाम इति । આવશ્યકહારિભદ્રીવૃત્તિ પૃ. 580. આ અભિલાષરૂપ અધ્યવસાયમાં 'મને અમુક વસ્તુ મળે તો સારું' એ જાતનો શબ્દ અને અર્થનો વિકલ્પ થાય છે. જે અધ્યવસાય વિકલ્પ સહિત થાય છે તે જ શ્રુતજ્ઞાન કહેવાય છે, જુઓ નીચેની ગાથા -

इंदियमणोनिमित्तं जं विण्णाणं सुयाणुसारेणं ।
निययत्थुत्तिसमत्थं तं भावसुयं मई सेसं ॥100॥ વિશેષાવશ્યક.

અર્થાત્ ઇન્દ્રિય અને મનના નિમિત્તથી ઉત્પન્ન થનારું જ્ઞાન, જે નિયત અર્થનું કથન કરવામાં સમર્થ શ્રુતાનુસારી (શબ્દ તથા અર્થના વિકલ્પથી યુક્ત) છે તેને ભાવશ્રુત તથા તેનાથી ભિન્ન જ્ઞાનને મતિજ્ઞાન સમજવું જોઈએ. હવે જો એકેન્દ્રિય જીવોમાં શ્રુતોપયોગ ન માનવામાં આવે તો તેમનામાં આહારનો અભિલાષ, જે શાસ્ત્રસમ્મત છે તે, કેવી રીતે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઘટી શકશે ? તેથી બોલવાની અને સાંભળવાની શક્તિ ન હોવા છતાં પણ તેમનામાં અત્યન્ત સૂક્ષ્મ શ્રુતોપયોગ અવશ્ય માનવો જ જોઈએ.

ભાષાલબ્ધિ તથા શ્રવણલબ્ધિ ધરાવનારા જીવોને જ ભાવશ્રુત હોય છે, બીજાઓને નહિ, આ શાસ્ત્રકથનનું તાત્પર્ય એટલું જ છે કે ઉક્ત પ્રકારની શક્તિવાળા જીવોને સ્પષ્ટ ભાવશ્રુત થાય છે અને બીજાઓને અસ્પષ્ટ.

## (7) યોગમાર્ગણા

ત્રણ યોગોનાં બાહ્ય અને આભ્યન્તર કારણો દેખાડીને તેમની વ્યાખ્યા રાજવાર્તિકમાં બહુ જ સ્પષ્ટ કરવામાં આવી છે. તેનો સારાંશ નીચે આપીએ છીએ :

(1) બાહ્ય અને આભ્યન્તર કારણોથી થતો જે મનનાભિમુખ આત્માનો પ્રદેશપરિસ્પન્દ તે મનોયોગ છે. તેનું બાહ્ય કારણ મનોવર્ગણાનું આલંબન છે અને આભ્યન્તર કારણ વીર્યાન્તરાયકર્મનો ક્ષયક્ષયોપશમ તથા નોઇન્દ્રિયાવરણકર્મનો ક્ષયક્ષયોપશમ (મનોલબ્ધિ) છે.

(2) બાહ્ય અને આભ્યન્તર કારણોથી જન્ય, આત્માનો ભાષાભિમુખ પ્રદેશપરિસ્પન્દ જ વચનયોગ છે. તેનું બાહ્ય કારણ પુદ્ગલવિપાકી શરીરનામકર્મના ઉદયથી થનાર વચનવર્ગણાનું આલંબન છે અને આભ્યન્તર કારણ વીર્યાન્તરાયકર્મનો ક્ષયક્ષયોપશમ તથા મતિજ્ઞાનાવરણ અને અક્ષરશ્રુતજ્ઞાનાવરણ આદિ કર્મનો ક્ષયક્ષયોપશમ (વચનલબ્ધિ) છે.

(3) બાહ્ય અને આભ્યન્તર કારણોથી જન્ય, ગમનાદિવિષયક આત્માનો પ્રદેશપરિસ્પન્દ કાયયોગ છે. તેનું બાહ્ય કારણ કોઈ ને કોઈ પ્રકારની શરીરવર્ગણાનું આલંબન છે અને આભ્યન્તર કારણ વીર્યાન્તરાયકર્મનો ક્ષયક્ષયોપશમ છે.

જો કે તેરમા અને ચૌદમા એ બન્ને ગુણસ્થાનોના સમયમાં વીર્યાન્તરાયકર્મના ક્ષયરૂપ આભ્યન્તર કારણ સમાન જ છે પરંતુ વર્ગણાલમ્બનરૂપ બાહ્ય કારણ સમાન નથી અર્થાત્ તે તેરમા ગુણસ્થાનના સમયમાં હોય છે પણ ચૌદમા ગુણસ્થાનના સમયમાં હોતું નથી. તેથી તેરમા ગુણસ્થાનમાં યોગવિધિ હોય છે, ચૌદમામાં હોતી નથી. આના માટે જુઓ તત્ત્વાર્થરાજવાર્તિક 6.1.10.

**યોગના વિષયમાં શંકા-સમાધાન** - (1) એક શંકા એ થાય છે કે મનોયોગ અને વચનયોગ બન્ને કાયયોગ જ છે, કેમ કે આ બન્નેના યોગો વખતે શરીરનો વ્યાપાર અવશ્ય થતો જ હોય છે અને આ બે યોગોના આલંબનભૂત મનોદ્રવ્ય અને ભાષાદ્રવ્યનું ગ્રહણ પણ કોઈ ને કોઈ જાતના શારીરિક યોગથી જ થાય છે.

આનું સમાધાન એ જ છે કે મનોયોગ તથા વચનયોગ એ બન્ને કાયયોગથી જુદા નથી પણ કાયયોગવિશેષ જ છે. જે કાયયોગ મનન કરવામાં સહાયક બને છે તે જ તે વખતે મનોયોગ મનાયો છે. અને જે કાયયોગ ભાષા બોલવામાં સહકારી બને છે તે જ તે વખતે વચનયોગ મનાયો છે. સારાંશ એ કે વ્યવહાર માટે જ કાયયોગના ત્રણ ભેદો કરવામાં આવ્યા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(2) બીજી શંકા એ પણ થાય છે કે ઉપર જણાવેલી રીતે તો શ્વાસોચ્છ્વાસમાં સહાયક બનનારા કાયયોગને 'શ્વાસોચ્છ્વાસયોગ' કહેવો જોઈએ અને આમ ત્રણના બદલે ચાર યોગ માનવા જોઈએ.

આનું સમાધાન એ આપવામાં આવ્યું છે કે વ્યવહારમાં જેમ ભાષાનું અને મનનું વિશિષ્ટ પ્રયોજન જણાય છે તેમ શ્વાસોચ્છ્વાસનું જણાતું નથી. અર્થાત્ શ્વાસોચ્છ્વાસ અને શરીરના પ્રયોજનો એવાં ભિન્ન નથી જેવાં શરીર અને મન-વચનનાં છે. આ કારણે ત્રણ જ યોગ માનવામાં આવ્યા છે. આ વિષયના વિશેષ વિચાર માટે વિશેષાવશ્યકભાષ્ય ગાથા 356-364 તથા લોકપ્રકાશ સર્ગ 3 શ્લોક 1354-1355ની વચ્ચેનો ગદ્યભાગ જોવો જોઈએ.

**દ્રવ્યમન, દ્રવ્યવચન અને શરીરનું સ્વરૂપ** - (1) જે પુદ્ગલો મન બનવાને યોગ્ય હોય છે, જેમને શાસ્ત્રમાં મનોવર્ગણા કહે છે, તેઓ જ્યારે મનરૂપે પરિણત થાય છે - વિચાર કરવામાં સહાયક બની શકે એવી સ્થિતિને પામે છે - ત્યારે તેમને મન કહે છે. શરીરમાં દ્રવ્યમનને રહેવાનું કોઈ ખાસ સ્થાન તથા તેનો નિયત આકાર શ્વેતામ્બર ગ્રન્થોમાં નથી. શ્વેતામ્બર સંપ્રદાય અનુસાર દ્રવ્યમનને શરીરવ્યાપી અને શરીરાકાર સમજવું જોઈએ. દિગમ્બર સંપ્રદાયમાં તેનું સ્થાન હૃદય મનાયું છે તથા તેનો આકાર કમલના જેવો મનાયો છે.

(2) વચનરૂપમાં પરિણત એક પ્રકારના પુદ્ગલો જેમને ભાષાવર્ગણા કહે છે તેઓ જ વચન કહેવાય છે.

(3) જેના દ્વારા હરવુંફરવું, ખાવુંપીવું આદિ થઈ શકે છે, જે સુખદુઃખ ભોગવવાનું સ્થાન છે અને જે ઔદારિક, વૈક્રિય, આદિ વર્ગણાઓથી બને છે તે શરીર કહેવાય છે.

## (8) સમ્યક્ત્વ

તેનું સ્વરૂપ વિશેષ પ્રકારથી જાણવા માટે નિમ્નલિખિત કેટલીક વાતોનો વિચાર કરવો ઉપયોગી છે :

(1) સમ્યક્ત્વ સહેતુક છે યા નિર્હેતુક ?

(2) ક્ષાયોપશમિક આદિ ભેદોનો આધાર શું છે ?

(3) ઔપશમિક સમ્યક્ત્વ અને ક્ષાયોપશમિક સમ્યક્ત્વ વચ્ચેનું અન્તર તથા ક્ષાયિક સમ્યક્ત્વની વિશેષતા.

(4) શંકા-સમાધાન, વિપાકોદય અને પ્રદેશોદયનું સ્વરૂપ.

(5) ક્ષયોપશમ અને ઉપશમની વ્યાખ્યા તથા તેનો ખુલાસાવાર વિચાર.

(1) સમ્યક્ત્વપરિણામ સહેતુક છે કે નિર્હેતુક છે ? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે તેને નિર્હેતુક ન માની શકાય કેમ કે જે વસ્તુ નિર્હેતુક હોય તે સર્વ કાલમાં સર્વ સ્થળે એકસરખી જ હોવી જોઈએ અથવા તો તેનો અભાવ હોવો જોઈએ. સમ્યક્ત્વપરિણામ ન તો બધામાં સમાન છે અને ન તો તેનો અભાવ છે. તેથી તેને સહેતુક જ માનવો જોઈએ. સહેતુક માની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લેતાં એ પ્રશ્ન થાય છે કે તેનો નિયત હેતુ કયો છે ? પ્રવચનશ્રવણ, ભગવત્પૂજન આદિ જે જે બાહ્ય નિમિત્ત મનાય છે તે બધાં તો સમ્યક્ત્વના નિયત કારણો હોઈ શકે જ નહિ કેમ કે આ બાહ્ય નિમિત્તો હોવા છતાં પણ અભવ્યોની જેમ અનેક ભવ્યોને સમ્યક્ત્વપ્રાપ્તિ થતી નથી. પરંતુ તેનો ઉત્તર એટલો જ છે કે સમ્યક્ત્વપરિણામ પ્રકટ થવામાં નિયત કારણ જીવનો તથાવિધ ભવ્યત્વ નામનો અનાદિ પારિણામિક સ્વભાવવિશેષ જ છે. જ્યારે આ પારિણામિક ભવ્યત્વનો પરિપાક થાય છે ત્યારે સમ્યક્ત્વલાભ થાય છે. ભવ્યત્વપરિણામ સાધ્ય રોગ જેવો છે. કોઈ સાધ્ય રોગ સ્વયમેવ (બાહ્ય ઉપાય વિના જ) શાન્ત થઈ જાય છે. કોઈ સાધ્ય રોગને શાન્ત થવા માટે વૈદ્યના ઉપચારની આવશ્યકતા છે અને કોઈ સાધ્ય રોગ એવો પણ હોય છે જે ઘણા દિવસો પછી મટે છે. ભવ્યત્વસ્વભાવ એવો જ છે. અનેક જીવોનું ભવ્યત્વ બાહ્ય નિમિત્ત વિના જ પરિપાક પામે છે. એવા પણ જીવો છે જેમના ભવ્યત્વસ્વભાવનો પરિપાક થવા માટે શાસ્ત્રશ્રવણ આદિ બાહ્ય નિમિત્તોની જરૂરત પડે છે. અને અનેક જીવોનો ભવ્યત્વપરિણામ દીર્ઘકાલ વ્યતીત થયા પછી પોતાની મેળે જ પરિપાક પામે છે. શાસ્ત્રશ્રવણ, અર્હત્પૂજન આદિ જે બાહ્ય નિમિત્ત છે તે સહકારીમાત્ર છે. તેમના દ્વારા ક્યારેક ક્યારેક ભવ્યત્વનો પરિપાક થવામાં મદદ મળે છે, તેથી વ્યવહારમાં તેઓ સમ્યક્ત્વનાં કારણો મનાયાં છે અને તેમના આલંબનની આવશ્યકતા દર્શાવવામાં આવે છે. પરંતુ નિશ્ચયદષ્ટિએ તથાવિધભવ્યત્વના વિપાકને જ સમ્યક્ત્વનું અવ્યભિચારી (નિશ્ચિત) કારણ માનવું જોઈએ. આનાથી શાસ્ત્રશ્રવણ, પ્રતિમાપૂજન આદિ બાહ્ય ક્રિયાઓની અનૈકાન્તિકતાનો, જે અધિકારીભેદ પર અવલંબિત છે તેનો, ખુલાસો થઈ જાય છે. આ જ ભાવ ભગવાન્ ઉમાસ્વાતિએ 'तन्निसर्गादधिगमाद्वा' તત્વાર્થસૂત્ર 1.3માં પ્રકટ કર્યો છે. અને આ જ વાત પંચસંગ્રહ દ્વાર 1 ગાથા 8ની મલયગિરિટીકામાં પણ છે.

(2) સમ્યક્ત્વ ગુણ પ્રકટ થવાનાં આભ્યન્તર કારણોની જે વિવિધતા છે તે જ ક્ષાયોપશમિક આદિ ભેદોનો આધાર છે - અનન્તાનુબન્ધિચતુષ્ક અને દર્શનમોહનીયત્રિક આ સાત પ્રકૃતિઓનો ક્ષયોપશમ એ ક્ષાયોપશમિકસમ્યક્ત્વનું કારણ છે, ઉપશમ ઔપશમિકસમ્યક્ત્વનું કારણ છે અને ક્ષય ક્ષાયિકસમ્યક્ત્વનું કારણ છે. તથા સમ્યક્ત્વથી ચ્યુત કરી મિથ્યાત્વ તરફ ઝુકાવનાર અનન્તાનુબન્ધી કષાયોનો ઉદય સાસાદનસમ્યક્ત્વનું કારણ છે અને મિશ્રમોહનીયનો ઉદય મિશ્રસમ્યક્ત્વનું કારણ છે. ઔપશમિકસમ્યક્ત્વમાં કાલલબ્ધિ આદિ અન્ય કયાં કયાં નિમિત્તો અપેક્ષિત છે અને તે કઈ કઈ ગતિમાં કયાં કયાં કારણોથી થાય છે એનું વિશેષ વર્ણન તથા ક્ષાયિક અને ક્ષાયોપશમિક સમ્યક્ત્વનું વર્ણન ક્રમશઃ તત્ત્વાર્થસૂત્ર અધ્યાય 2 સૂત્ર 3ના પહેલા અને બીજા રાજવાર્તિકમાં તથા સૂત્ર 4 અને 5ના સાતમા રાજવાર્તિકમાં છે.

(3) ઔપશમિકસમ્યક્ત્વ વખતે દર્શનમોહનીયનો કોઈ પ્રકારનો ઉદય નથી હોતો પરંતુ ક્ષાયોપશમિકસમ્યક્ત્વ વખતે સમ્યક્ત્વમોહનીયનો વિપાકોદય અને મિથ્યાત્વ-મોહનીયનો પ્રદેશોદય હોય છે. આ ભિન્નતાના કારણે શાસ્ત્રમાં ઔપશમિકસમ્યક્ત્વને ભાવસમ્યક્ત્વ અને ક્ષાયોપશમિકસમ્યક્ત્વને દ્રવ્યસમ્યક્ત્વ કહેલ છે. આ બન્ને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમ્યક્ત્વોથી ક્ષાયિકસમ્યક્ત્વ વિશિષ્ટ છે કેમ કે તે સ્થાયી છે જ્યારે પેલા બેય અસ્થાયી છે.

(4) એક શંકા એ થાય છે કે મોહનીયકર્મ ઘાતિકર્મ છે. તે સમ્યક્ત્વ અને ચારિત્રપર્યાયનો નાશ કરે છે, તો પછી સમ્યક્ત્વમોહનીયના વિપાકોદય અને મિથ્યાત્વમોહનીયના પ્રદેશોદય વખતે સમ્યક્ત્વપરિણામ વ્યક્ત કેવી રીતે થઈ શકે ? આનું સમાધાન એ છે કે સમ્યક્ત્વમોહનીય મોહનીયકર્મ છે એ વાત સાચી પરંતુ તેના દલિકો વિશુદ્ધ હોય છે કેમ કે શુદ્ધ અધ્યવસાયથી જ્યારે મિથ્યાત્વમોહનીયકર્મના દલિકોનો સર્વઘાતી રસ નષ્ટ થઈ જાય છે ત્યારે તે જ એકસ્થાન રસવાળા અને દ્વિસ્થાન અતિમન્દ રસવાળા દલિકો સમ્યક્ત્વમોહનીય કહેવાય છે. જેમ કાચ આદિ પારદર્શક વસ્તુઓ નેત્રના દર્શનકાર્યમાં રુકાવટ નથી નાખતી તેમ મિથ્યાત્વમોહનીયના શુદ્ધ દલિકોનો વિપાકોદય સમ્યક્ત્વપરિણામના આવિર્ભાવમાં વિઘ્નરૂપ બનતા નથી. હવે રહી મિથ્યાત્વના પ્રદેશોદયની વાત. તે પણ સમ્યક્ત્વપરિણામનો પ્રતિબન્ધક નથી બનતો, કેમ કે નીરસ દલિકોનો જ પ્રદેશોદય થાય છે. જો જે દલિકો મન્દ રસવાળા છે તેમનો વિપાકોદય પણ ગુણનો ઘાત નથી કરતો તો નીરસ દલિકોના પ્રદેશોદયથી તો ગુણનો ઘાત થવાની સંભાવના જ નથી. જુઓ પંચસંગ્રહ દ્વાર 1 ગત 15મી ગાથાની ટીકામાં અગિયારમાં ગુણસ્થાનની વ્યાખ્યા.

(5) ક્ષયોપશમજન્ય પર્યાય ક્ષાયોપશમિક કહેવાય છે. અને ઉપશમજન્ય પર્યાય ઔપશમિક કહેવાય છે. તેથી કોઈ પણ ક્ષાયોપશમિક અને ઔપશમિક ભાવનું યથાર્થ જ્ઞાન કરવા માટે પહેલાં ક્ષયોપશમ અને ઉપશમનું જ સ્વરૂપ જાણી લેવું આવશ્યક છે. તેથી તેમનું સ્વરૂપ શાસ્ત્રીય પ્રક્રિયા અનુસાર નીચે લખીએ છીએ.

**(a) ક્ષયોપશમ** - ક્ષયોપશમ શબ્દમાં બે પદ છે ક્ષય અને ઉપશમ. ક્ષયોપશમ શબ્દનો અર્થ કર્મનો ક્ષય અને ઉપશમ બન્ને છે. ક્ષયનો અર્થ છે આત્માથી કર્મનો વિશિષ્ટ સંબંધ છૂટી જવો અને ઉપશમનો અર્થ છે કર્મે પોતાના સ્વરૂપમાં આત્મા સાથે સંલગ્ન રહીને પણ તેના ઉપર અસર ન પાડવી. આ તો થયો સામાન્ય અર્થ. પરંતુ તેનો પારિભાષિક અર્થ કંઈક અધિક છે. બન્ધાવલિકા પૂર્ણ થઈ જતાં કોઈ વિવક્ષિત કર્મનો જ્યારે ક્ષયોપશમ શરૂ થાય છે ત્યારે વિવક્ષિત વર્તમાન સમયથી આવલિકા સુધીના દલિકોનો, જેમને ઉદયાવલિકાપ્રાપ્ત યા ઉદીર્ણ દલિકો કહે છે તેમનો, તો પ્રદેશોદય અને વિપાકોદય દ્વારા ક્ષય (અભાવ) થતો રહે છે અને જે દલિકો વિવક્ષિત વર્તમાન સમયથી આવલિકા સુધીમાં ઉદય પામવા યોગ્ય નથી - જેમને ઉદયાવલિકાબહિર્ભૂત યા અનુદીર્ણ દલિકો કહે છે - તેમનો ઉપશમ (વિપાકોદયની યોગ્યતાનો અભાવ યા તીવ્ર રસમાંથી મન્દ રસમાં પરિણમન) થઈ જાય છે, જેથી તે દલિકો પોતાની ઉદયાવલિકાને પામતાં જ પ્રદેશોદય યા મન્દ વિપાકોદય દ્વારા ક્ષીણ થઈ જાય છે અર્થાત્ આત્મા ઉપર પોતાનું ફળ પ્રકટ કરી શકતા નથી યા તો ઓછું પ્રકટ કરે છે.

આ રીતે આવલિકા સુધીના ઉદયપ્રાપ્ત કર્મદલિકોનો પ્રદેશોદય અને વિપાકોદય દ્વારા ક્ષય થવાથી અને આવલિકા પછીના ઉદય પામવા યોગ્ય કર્મદલિકોની વિપાકોદય સંબંધી યોગ્યતાનો અભાવ થવાથી યા તીવ્ર રસનું મન્દ રસમાં પરિણમન થતું રહેતું હોવાથી કર્મનો ક્ષયોપશમ થયો કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ક્ષયોપશમયોગ્ય કર્મ** - ક્ષયોપશમ બધાં કર્મોનો થતો નથી, કેવળ ઘાતિકર્મોનો જ થાય છે. ઘાતિકર્મના બે ભેદ છે - દેશઘાતી અને સર્વઘાતી. બન્નેના ક્ષયોપશમમાં કંઈક ભિન્નતા છે.

(ક) જ્યારે દેશઘાતિકર્મનો ક્ષયોપશમ પ્રવૃત્ત થાય છે ત્યારે તેના મન્દરસયુક્ત કેટલાક દલિકોનો વિપાકોદય સાથે સાથે જ રહે છે. વિપાકોદયપ્રાપ્ત દલિક અલ્પરસયુક્ત હોવાથી સ્વાવાર્ય ગુણનો ઘાત કરી શકતા નથી, તેથી એવો સિદ્ધાન્ત મનાયો છે કે દેશઘાતિકર્મના ક્ષયોપશમ વખતે વિપાકોદય હોવો વિરુદ્ધ નથી, અર્થાત્ તે ક્ષયોપશમના કાર્યને - સ્વાવાર્ય ગુણના વિકાસને - રોકી શકતો નથી. પરંતુ એ વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે દેશઘાતિકર્મના વિપાકોદયમિશ્રિત ક્ષયોપશમ વખતે તેનો સર્વઘાતિરસયુક્ત કોઈ પણ દલિક ઉદયમાન હોતો નથી. તેથી આ સિદ્ધાન્ત માની લેવામાં આવ્યો છે કે જ્યારે સર્વઘાતિરસ શુદ્ધ અધ્યવસાયથી દેશઘાતિરસમાં પરિણત થઈ જાય છે ત્યારે અર્થાત્ દેશઘાતિસ્પર્ધકના જ વિપાકોદયકાળમાં ક્ષયોપશમ અવશ્ય પ્રવૃત્ત થાય છે.

ઘાતિકર્મની પચ્ચીસ પ્રકૃતિઓ દેશઘાતિની છે જેમનામાંથી મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અચક્ષુર્દર્શનાવરણ અને પાંચ અન્તરાય આ આઠ પ્રકૃતિઓનો ક્ષયોપશમ તો સદાયથી જ પ્રવૃત્ત છે કેમ કે આવાર્ય મતિજ્ઞાન આદિ પર્યાય અનાદિકાળથી ક્ષાયોપશમિક રૂપમાં રહે જ છે. તેથી એ માનવું જોઈએ કે ઉક્ત આઠ પ્રકૃતિઓના દેશઘાતિરસસ્પર્ધકોનો જ ઉદય થાય છે, સર્વઘાતિરસસ્પર્ધકોનો ઉદય ક્યારેય થતો નથી.

અવધિજ્ઞાનાવરણ, મનઃપર્યાયજ્ઞાનાવરણ, ચક્ષુર્દર્શનાવરણ અને અવધિદર્શનાવરણ આ ચાર પ્રકૃતિઓનો ક્ષયોપશમ કાદાચિત્ક (અનિયત) છે, અર્થાત્ જ્યારે તેમના સર્વઘાતિરસસ્પર્ધકો દેશઘાતિરૂપે પરિણત થઈ જાય છે ત્યારે જ તેમનો ક્ષયોપશમ થાય છે અને જ્યારે સર્વઘાતિરસસ્પર્ધકો ઉદયમાન થાય છે ત્યારે અવધિજ્ઞાન આદિનો ઘાત જ થાય છે. ઉક્ત ચાર પ્રકૃતિઓનો ક્ષયોપશમ પણ દેશઘાતિરસસ્પર્ધકોના વિપાકોદયથી મિશ્રિત જ સમજવો જોઈએ.

ઉક્ત બાર સિવાયની તેર (ચાર સંજ્વલન અને નવ નોકષાય) પ્રકૃતિઓ જે મોહનીયની છે તે અધ્રુવોદયિની છે. તેથી જ્યારે તેમનો ક્ષયોપશમ પ્રદેશોદયમાત્રથી યુક્ત હોય છે ત્યારે તો તે પ્રકૃતિઓ સ્વાવાર્ય ગુણનો લેશમાત્ર પણ ઘાત નથી કરતી અને દેશઘાતિની જ મનાય છે, પરંતુ જ્યારે તેમનો ક્ષયોપશમ વિપાકોદયથી મિશ્રિત હોય છે ત્યારે તે પ્રકૃતિઓ સ્વાવાર્ય ગુણનો કંઈક ઘાત કરે છે અને દેશઘાતિની કહેવાય છે.

(ખ) ઘાતિકર્મની વીસ પ્રકૃતિઓ સર્વઘાતિની છે. તે વીસમાંથી કેવલજ્ઞાનાવરણ અને કેવલદર્શનાવરણ આ બેનો તો ક્ષયોપશમ થતો જ નથી કેમ કે તેમના દલિક ક્યારેય દેશઘાતિરસયુક્ત બનતા જ નથી અને તેમના વિપાકોદયને રોકી શકાતો નથી. બાકીની અઢાર પ્રકૃતિઓ એવી છે જેમનો ક્ષયોપશમ થઈ શકે છે, પરંતુ એ વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે દેશઘાતિની પ્રકૃતિઓના ક્ષયોપશમ વખતે જેમ વિપાકોદય હોય છે તેમ આ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અઢાર સર્વઘાતિની પ્રકૃતિઓના ક્ષયોપશમ વખતે વિપાકોદય હોતો નથી, અર્થાત્ આ અઢાર કર્મપ્રકૃતિઓનો ક્ષયોપશમ ત્યારે જ સંભવે છે જ્યારે તેમનો પ્રદેશોદય જ હોય. તેથી એ સિદ્ધાન્ત માનવામાં આવ્યો છે કે 'વિપાકોદયવતી પ્રકૃતિઓનો ક્ષયોપશમ જો થાય છે તો તે દેશઘાતિનીનો જ થાય છે, સર્વઘાતિનીનો થતો નથી.'

તેથી જ ઉક્ત અઢાર પ્રકૃતિઓ વિપાકોદયના નિરોધને યોગ્ય માનવામાં આવી છે કેમ કે તેમના આવાર્ય ગુણોનું ક્ષાયોપશમિક સ્વરૂપમાં વ્યક્ત થવું મનાયું છે, જે વિપાકોદયના નિરોધ વિના ઘટી શકતું નથી.

**(b) ઉપશમ** - ક્ષયોપશમની વ્યાખ્યામાં 'ઉપશમ' શબ્દનો અર્થ કરવામાં આવ્યો છે તેનાથી ઔપશમિકના 'ઉપશમ' શબ્દનો અર્થ કંઈક ઉદાર છે. અર્થાત્ ક્ષયોપશમના ઉપશમ શબ્દનો અર્થ માત્ર વિપાકોદયસંબંધિની યોગ્યતાનો અભાવ યા તીવ્ર રસનું મન્દ રસમાં પરિણમન એટલો જ છે, જ્યારે ઔપશમિકના ઉપશમ શબ્દનો અર્થ પ્રદેશોદય અને વિપાકોદય બન્નેનો અભાવ છે કેમ કે ક્ષયોપશમમાં કર્મનો ક્ષય પણ ચાલુ રહે છે જે ઓછામાં ઓછું પ્રદેશોદય વિના તો થઈ શકતો જ નથી પરંતુ ઉપશમમાં એ વાત નથી. જ્યારે કર્મનો ઉપશમ થાય છે ત્યારથી જ તેનો ક્ષય અટકી જાય છે, તેથી તેને પ્રદેશોદય થાય એની આવશ્યકતા જ નથી રહેતી. આ કારણે ઉપશમઅવસ્થા ત્યારે જ મનાય છે જ્યારે અન્તરકરણ થાય છે. અન્તરકરણના અન્તર્મુહૂર્તમાં ઉદય પ્રાપ્ત કરવા યોગ્ય દલિકોમાંથી કેટલાક તો પહેલાં જ ભોગવી લેવાય છે અને કેટલાક પછી ઉદય પ્રાપ્ત કરવા યોગ્ય બનાવી દેવાય છે, અર્થાત્ અન્તરકરણમાં વેદ્ય દલિકોનો અભાવ હોય છે.

તેથી જ ક્ષયોપશમ અને ઉપશમની સંક્ષિપ્ત વ્યાખ્યા આટલી જ કરવામાં આવે છે કે ક્ષયોપશમ વખતે પ્રદેશોદય યા મન્દ વિપાકોદય હોય છે પરંતુ ઉપશમ વખતે તે પણ નથી હોતો. એ નિયમ યાદ રાખવો જોઈએ કે ઉપશમ પણ ઘાતિકર્મોનો જ થઈ શકે છે, અને તે પણ બધાં ઘાતિકર્મોનો નહિ પણ કેવળ મોહનીયનો જ. આનો અર્થ એ કે પ્રદેશ અને વિપાક બન્ને પ્રકારનો ઉદય જો રોકી શકાતો હોય તો તે મોહનીયકર્મનો જ રોકી શકાય છે. આના માટે જુઓ નન્દી સૂત્ર 8ની ટીકા (પૃ. 77), કમ્મપયડીની શ્રી યશોવિજયજીકૃત ટીકા પૃ. 13, પંચસંગ્રહ દ્વાર 1 ગાથા 29ની મલયગિરિની વ્યાખ્યા. સમ્યક્ત્વ સ્વરૂપ, ઉત્પત્તિ અને ભેદ-પ્રભેદ આદિના સવિસ્તર વિચાર માટે જુઓ લોકપ્રકાશ સર્ગ 3 શ્લોક પૃ. 596-700.

## (9) અચક્ષુર્દર્શનનો સંભવ

અઢાર માર્ગણાઓમાં અચક્ષુર્દર્શન પરિગણિત છે. તેથી તેમાં પણ ચૌદ જીવસ્થાનો સમજવા જોઈએ. પરંતુ તેના ઉપર પ્રશ્ન ઊઠે છે કે અચક્ષુર્દર્શનમાં જે અપર્યાપ્ત જીવસ્થાનો મનાય છે તે શું અપર્યાપ્ત અવસ્થામાં ઇન્દ્રિયપર્યાપ્તિ પૂર્ણ થયા પછી અચક્ષુર્દર્શન થાય છે એમ માનીને મનાય છે કે પછી ઇન્દ્રિયપર્યાપ્તિ પૂર્ણ થયા પહેલાં પણ અચક્ષુર્દર્શન થાય છે એમ માનીને મનાય છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જો પ્રથમ પક્ષ માનવામાં આવે તો તે ઠીક છે કેમ કે ઇન્દ્રિયપર્યાપ્તિ પૂર્ણ થયા પછી અપર્યાપ્તઅવસ્થામાં જ ચક્ષુરિન્દ્રિય દ્વારા સામાન્ય બોધ માનીને જેમ ચક્ષુર્દર્શનમાં ત્રણ અપર્યાપ્ત જીવસ્થાનો ચોથા કર્મગ્રન્થની 17મી ગાથામાં મતાન્તરથી દર્શાવ્યાં છે તેવી જ રીતે ઇન્દ્રિયપર્યાપ્તિ પૂર્ણ થયા પછી અપર્યાપ્તઅવસ્થામાં ચક્ષુર્ભિન્ન ઇન્દ્રિય દ્વારા સામાન્ય બોધ માનીને અચક્ષુર્દર્શનમાં સાત અપર્યાપ્ત જીવસ્થાનો ઘટાવી શકાય છે.

પરંતુ શ્રી જયસોમસૂરિએ આ ગાથાના પોતાના ટબામાં ઇન્દ્રિયપર્યાપ્તિ પૂર્ણ થયા પહેલાં પણ અચક્ષુદર્શન માનીને તેમાં અપર્યાપ્ત જીવસ્થાનો માન્યાં છે, અને સિદ્ધાન્તના આધારે દર્શાવ્યું છે કે વિગ્રહગતિ અને કાર્મણયોગમાં અવધિદર્શનરહિત જીવને અચક્ષુર્દર્શન થાય છે. આ પક્ષમાં પ્રશ્ન એ થાય છે કે ઇન્દ્રિપર્યાપ્તિ પૂર્ણ થયા પહેલાં દ્રવ્યેન્દ્રિય ન હોવાથી અચક્ષુર્દર્શન કેવી રીતે માનવું ? આ પ્રશ્નનો ઉત્તર બે રીતે આપી શકાય છે :

(1) દ્રવ્યેન્દ્રિય હોય ત્યારે દ્રવ્ય અને ભાવ ઉભય ઇન્દ્રિયજન્ય ઉપયોગ અને દ્રવ્યેન્દ્રિયનો અભાવ હોય ત્યારે કેવળ ભાવેન્દ્રિયજન્ય ઉપયોગ આમ બે પ્રકારનો ઉપયોગ છે. વિગ્રહગતિમાં અને ઇન્દ્રિયપર્યાપ્તિ પૂર્ણ થયા પહેલાં પહેલા પ્રકારનો ઉપયોગ થઈ શકતો નથી પરંતુ બીજા પ્રકારનો દર્શનાત્મક સામાન્ય ઉપયોગ માની શકાય છે. આવું માનવામાં તત્ત્વાર્થસૂત્ર અધ્યાય 2ના સૂત્ર 9 ઉપરની વૃત્તિનું આ કથન પ્રમાણ છે - 'अथवेन्द्रियनिरपेक्षमेव तत्कस्यचिद्भवेद् यतः पृष्ठत उपसर्पन्तं सर्पं बुद्धयैवेन्द्रियव्यापारनिरपेक्षं पश्यतीति।' સારાંશ એ કે ઇન્દ્રિયપર્યાપ્તિ પૂર્ણ થયા પહેલાં ઉપયોગાત્મક અચક્ષુર્દર્શન માનીને સમાધાન કરી શકાય છે.

(2) વિગ્રહગતિમાં અને ઇન્દ્રિયપર્યાપ્તિ પૂર્ણ થયા પહેલાં અચક્ષુર્દર્શન માનવામાં આવે છે તે તો શક્તિરૂપે જ અર્થાત્ ક્ષયોપશમરૂપે જ, ઉપયોગરૂપે નહિ. આ સમાધાન પ્રાચીન ચતુર્થ કર્મગ્રન્થની 49મી ગાથાની ટીકાના નીચે જણાવેલા ઉલ્લેખના આધારે આપવામાં આવ્યું છે - 'त्रयाणामप्यचक्षुर्दर्शनं तस्यानाहारकावस्थायामपि लब्धिमाश्रित्याभ्युपगमात्।

**પ્રશ્ન** - ઇન્દ્રિયપર્યાપ્તિ પૂર્ણ થયા પહેલાં જેમ ઉપયોગરૂપ યા ક્ષયોપશમરૂપ અચક્ષુર્દર્શન માનવામાં આવે છે તો તેવી જ રીતે ચક્ષુર્દર્શન કેમ માનવામાં નથી આવતું ?

**ઉત્તર** - ચક્ષુર્દર્શન નેત્રરૂપ વિશેષઇન્દ્રિયજન્ય દર્શનને કહે છે. આવું દર્શન તે જ સમયે માનવામાં આવે છે કે જ્યારે દ્રવ્યચક્ષુ હોય. તેથી જ ચક્ષુર્દર્શનને ઇન્દ્રિયપર્યાપ્તિ પૂર્ણ થયા પછી જ માનવામાં આવ્યું છે. અચક્ષુર્દર્શન કોઈ એક ઇન્દ્રિજન્ય સામાન્ય ઉપયોગને કહેવામાં નથી આવતું પરંતુ નેત્રભિન્ન કોઈ પણ દ્રવ્યેન્દ્રિયથી થનાર, દ્રવ્યમનથી થનાર કે દ્રવ્યેન્દ્રિય તથા દ્રવ્યમનના અભાવમાં ક્ષયોપશમમાત્રથી થનાર સામાન્ય ઉપયોગને કહેવામાં આવે છે. તેથી અચક્ષુર્દર્શનને ઇન્દ્રિયપર્યાપ્તિ પૂર્ણ થયા પહેલાં અને પછી બન્ને અવસ્થામાં માનેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (10) અનાહારક

અનાહારક જીવો બે પ્રકારના હોય છે - છદ્મસ્થ અને વીતરાગ. વીતરાગ જીવોમાં જે અશરીરી (મુક્ત) છે તે બધા સદા અનાહારક છે, પરંતુ જે વીતરાગ જીવો શરીરધારી છે તેઓ કેવલિસમુદ્ઘાતના ત્રીજા ચોથા અને પાંચમા સમયમાં જ અનાહારક હોય છે. છદ્મસ્થ જીવો અનાહારક ત્યારે જ હોય છે જ્યારે તેઓ વિગ્રહગતિમાં વર્તમાન હોય.

જન્માન્તર ગ્રહણ કરવા માટે જીવને પૂર્વસ્થાન છોડીને બીજા સ્થાનમાં જવું પડે છે. બીજું સ્થાન પહેલા સ્થાનથી વિશ્રેણિપતિત (વક્રરેખામાં) હોય ત્યારે જીવને વક્રગતિ કરવી પડે છે. વક્રગતિ બાબતે અહીં ત્રણ વાતો પર વિચાર કરવામાં આવે છે : (1) વિગ્રહગતિમાં વિગ્રહ (વળાંક)ની સંખ્યા, (2) વક્રગતિના કાળનું પરિમાણ અને (3) વક્રગતિમાં અનાહારકત્વનું કાલમાન.

(1) કોઈ ઉત્પત્તિસ્થાન એવું હોય છે કે જ્યાં જીવ એક વળાંક લઈને પહોંચી જાય છે, કોઈ સ્થાને પહોંચવા માટે તેને બે વળાંક લેવા પડે છે અને કોઈ સ્થાને પહોંચવા માટે ત્રણ વળાંક પણ લેવા પડે છે. નવું ઉત્પત્તિસ્થાન પૂર્વસ્થાનથી ગમે તેટલું વિશ્રેણિપતિત કેમ ન હોય પરંતુ જીવ ત્રણ વળાંકમાં તો અવશ્ય જ ત્યાં પહોંચી જાય છે.

આ વિષયમાં દિગમ્બર સાહિત્યમાં વિચારભેદ જણાતો નથી કેમ કે 'विग्रहवती च संसारिणः प्राक् चतुर्भ्यः' તત્ત્વાર્થ 2.29 આ સૂત્રની સર્વાર્થસિદ્ધિટીકામાં શ્રી પૂજ્યપાદસ્વામીએ વધુમાં વધુ ત્રણ વળાંકવાળી ગતિનો જ ઉલ્લેખ કર્યો છે. તથા 'एकं द्वौ त्रीन् वाऽनाहारकः ।' તત્ત્વાર્થ 2.30 આ સૂત્રના છઠ્ઠા રાજવાર્તિકમાં ભટ્ટારક અકલંકદેવે પણ વધુમાં વધુ ત્રણ વિગ્રહવતી ગતિનું જ સમર્થન કર્યું છે. નેમિચન્દ્ર સિદ્ધાન્તચક્રવર્તી પણ ગોમ્મટસારના જીવકાંડની 669મી ગાથામાં ઉક્ત મતનો જ નિર્દેશ કરે છે.

શ્વેતામ્બર ગ્રન્થોમાં આ વિષય પર મતમતાન્તર મળે છે. તત્ત્વાર્થસૂત્ર 2.29-30માં તથા શ્વેતામ્બરપ્રસિદ્ધ તત્ત્વાર્થભાષ્યમાં ભગવાન ઉમાસ્વાતિએ તેમ જ તે ભાષ્યની ટીકામાં શ્રીસિદ્ધસેનગણિએ ત્રણ વિગ્રહવાળી ગતિનો ઉલ્લેખ કર્યો છે અને સાથે સાથે જ ચાર વિગ્રહવાળી ગતિનો અન્ય મત પણ દર્શાવ્યો છે. આ મતાન્તરનો ઉલ્લેખ બૃહત્સંગ્રહણીની 325મી ગાથામાં અને શ્રી ભગવતી શતક 7 ઉદ્દેશક 1ની તથા શતક 14 ઉદ્દેશક 1ની ટીકામાં પણ છે. પરંતુ આ મતાન્તરનો જ્યાં પણ ઉલ્લેખ છે ત્યાં બધી જગાએ એ જ લખ્યું છે કે ચતુર્વિગ્રહગતિનો નિર્દેશ કોઈ પણ મૂલ સૂત્રમાં નથી. તેથી એવું જણાય છે કે આવી ગતિ કરનારા જીવો જ બહુ જ થોડા છે. ઉક્ત સૂત્રોના ભાષ્યમાં તો એ સ્પષ્ટ લખ્યું છે કે ત્રિવિગ્રહથી વધુ વિગ્રહવાળી ગતિનો સંભવ જ નથી.

'अविग्रहा एकविग्रहा द्विविग्रहा त्रिविग्रहा इत्येताश्चतुस्समयपराश्चतुर्विधा गतयो भवन्ति, परतो न सम्भवन्ति ।' ભાષ્યના આ કથનથી તથા દિગમ્બર ગ્રન્થોમાં વધુમાં વધુ ત્રિવિગ્રહા ગતિનો જ નિર્દેશ મળતો હોવાથી અને ભગવતીટીકા આદિમાં જ્યાં પણ ચતુર્વિગ્રહગતિનો અન્ય મત ઉલ્લેખાયો છે ત્યાં બધી જગાએ તેની અલ્પતા દેખાતી હોવાના કારણે વધુમાં વધુ ત્રણ વિગ્રહવાળી ગતિનો જ પક્ષ બહુમાન્ય સમજવો જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(2) વક્રગતિના કાલપરિમાણની બાબતમાં એ નિયમ છે કે વક્રગતિના સમયોની સંખ્યા વળાંકોની (વિગ્રહોની) સંખ્યા જે હોય તેનાથી એક અધિક જ હોય છે. અર્થાત્ જે ગતિમાં એક વળાંક હોય તે ગતિનું કાલમાન બે સમયોનું, તેવી જ રીતે દ્વિવિગ્રહગતિનું કાલમાન ત્રણ સમયોનું અને ત્રિવિગ્રહગતિનું કાલમાન ચાર સમયોનું છે. આ નિયમની બાબતમાં શ્વેતામ્બરો અને દિગમ્બરો વચ્ચે કોઈ મતભેદ નથી. હા, ઉપર ચતુર્વિગ્રહગતિના મતાન્તરનો ઉલ્લેખ કર્યો છે, તે અનુસાર તે ગતિનું કાલમાન પાંચ સમયોનું દર્શાવ્યું છે.

(3) વિગ્રહગતિમાં અનાહારકત્વના કાલમાનનો વિચાર વ્યવહાર અને નિશ્ચય બન્ને દૃષ્ટિએ થયેલો મળે છે. વ્યવહારવાદીઓનો અભિપ્રાય એ છે કે પૂર્વશરીર છોડતી વખતે વક્રગતિનો જે પ્રથમ સમય છે તેમાં પૂર્વશરીરયોગ્ય કેટલાક પુદ્ગલ લોમાહાર દ્વારા ગ્રહણ કરાય છે. બૃહત્સંગ્રહણી ગાથા 326 તથા તેની ટીકા અને લોકપ્રકાશ સર્ગ 3 શ્લોક 1107થી આગળ જુઓ. પરંતુ નિશ્ચયવાદીઓનો અભિપ્રાય એ છે કે પૂર્વશરીર છૂટવાના સમયમાં અર્થાત્ વક્રગતિના પ્રથમ સમયમાં ન તો પૂર્વશરીરનો સંબંધ છે અને ન તો નવા શરીરનો સંબંધ છે કારણ કે તે તો બન્યું જ નથી. તેથી તે પ્રથમ સમયમાં કોઈપણ પ્રકારના આહારનો સંભવ નથી. જુઓ લોકપ્રકાશ સર્ગ ૩ શ્લોક ૧૧૧૫થી આગળ. વ્યવહારવાદી હોય કે નિશ્ચયવાદી હોય, બન્નેય આ વાતને તો બરાબર માને છે કે વક્રગતિના અંતિમ સમયમાં, જ્યારે જીવ નવીન સ્થાનમાં ઉત્પન્ન થાય છે ત્યારે, આહારગ્રહણ અવશ્ય થાય છે. વ્યવહાર નય અનુસાર અનાહારકત્વનું કાલમાન આ પ્રમાણે સમજવું જોઈએ - જેની કાલમર્યાદા બે સમયની છે તે એક વિગ્રહવાળી ગતિના બન્ને સમયમાં જીવ આહારક જ હોય છે કેમ કે પ્રથમ સમયમાં પૂર્વશરીરયોગ્ય લોમાહારનું ગ્રહણ કરવામાં આવે છે અને બીજા સમયમાં નવીનશરીરયોગ્ય આહારનું ગ્રહણ કરવામાં આવે છે. બે વિગ્રહવાળી ગતિ જે ત્રણ સમયની હોય છે અને ત્રણ વિગ્રહવાળી ગતિ જે ચાર સમયની હોય છે તેમાં પ્રથમ અને અંતિમ સમયમાં આહારકત્વ હોવા છતાં પણ વચ્ચેના સમયોમાં અનાહારક અવસ્થા મળે છે. અર્થાત્ દ્વિવિગ્રહા ગતિની મધ્યમાં એક સમય સુધી અને ત્રિવિગ્રહા ગતિમાં પ્રથમ અને અન્તિમ સમયને છોડી વચ્ચેના બે સમય સુધી અનાહારક સ્થિતિ હોય છે. વ્યવહારનયનો એ મત કે વિગ્રહની સંખ્યાની અપેક્ષાએ અનાહારકત્વના સમયની સંખ્યા એક ઓછી જ હોય છે તત્ત્વાર્થસૂત્ર 2.31માં તથા તેના ભાષ્યમાં અને ટીકામાં નિર્દિષ્ટ છે. સાથે સાથે જ ટીકામાં વ્યવહારનય અનુસાર ઉપર્યુક્ત પાંચ સમયના પરિમાણવાળી ચતુર્વિગ્રહવતી ગતિના મતાન્તરને લઈને ત્રણ સમયનું અનાહારકત્વ પણ દર્શાવવામાં આવ્યું છે. સારાંશ એ કે વ્યવહારનયની અપેક્ષાએ ત્રણ સમયનું અનાહારકત્વ ચતુર્વિગ્રહવતી ગતિના મતાન્તરમાં જ ઘટી શકે છે, અન્યથા ઘટતું નથી. નિશ્ચયદૃષ્ટિ અનુસાર એ વાત નથી. તેના અનુસાર તો જેટલા વિગ્રહ તેટલા જ સમયો અનાહારકત્વના હોય છે. તેથી તે દૃષ્ટિ અનુસાર એક વિગ્રહવાળી વક્રગતિમાં એક સમય, બે વિગ્રહવાળી વક્રગતિમાં બે સમયો અને ત્રણ વિગ્રહવાળી વક્રગતિમાં ત્રણ સમયો અનાહારકત્વના સમજવા જોઈએ. આ વાત દિગમ્બરપ્રસિદ્ધ તત્ત્વાર્થસૂત્ર 2.30 સૂત્રમાં તથા તે ઉપરની સર્વાર્થસિદ્ધિ અને રાજવાર્તિક ટીકાઓમાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્વેતામ્બર ગ્રન્થોમાં ચતુર્વિગ્રહવતી ગતિના મતાન્તરનો ઉલ્લેખ છે, તેને લઈને નિશ્ચયદષ્ટિએ વિચાર કરવામાં આવે તો અનાહારકત્વના ચાર સમયો પણ કહી શકાય

સારાંશ એ કે શ્વેતામ્બરીય તત્ત્વાર્થભાષ્ય આદિમાં એક કે બે સમયના અનાહારકત્વનો જે ઉલ્લેખ છે તે વ્યવહારદષ્ટિએ છે અને દિગમ્બરીય તત્ત્વાર્થ આદિ ગ્રન્થોમાં એક, બે કે ત્રણ સમયના અનાહારકત્વનો જે ઉલ્લેખ છે તે નિશ્ચયદષ્ટિએ છે. તેથી અનાહારકત્વના કાલમાનની બાબતમાં બન્ને સંપ્રદાયોમાં વાસ્તવિક વિરોધને અવકાશ જ નથી.

પ્રસંગવશ એ વાત જાણવા યોગ્ય છે કે પૂર્વશરીરનો પરિત્યાગ, પરભવના આયુનો ઉદય અને ગતિ (ઋજુ કે વક્ર) આ ત્રણેય એક જ સમયમાં યુગપત્ થાય છે. વિગ્રહગતિના બીજા સમયમાં પરભવના આયુના ઉદયનું જે કથન છે તે તો સ્થૂલ વ્યવહારનયની અપેક્ષાએ - પૂર્વભવનો અન્તિમ સમય જેમાં જીવ વિગ્રહગતિની અભિમુખ બને છે તેને ઉપચારથી વિગ્રહગતિનો પ્રથમ સમય માનીને - સમજવું જોઈએ. જુઓ બૃહત્સંગ્રહણી ગાથા 325 ઉપર મલયગિરિટીકા.

## (11) અવધિદર્શન

અવધિદર્શન અને ગુણસ્થાનનો સંબંધ વિચારવાના સમયે મુખ્યપણે બે વાતો જાણવાની છે - (1) પક્ષભેદ અને (2) તેનું તાત્પર્ય.

**(1) પક્ષભેદ** - પ્રસ્તુત વિષયમાં મુખ્ય બે પક્ષ છે :

(ક) કાર્મગ્રન્થિક અને (ખ) સૈદ્ધાન્તિક.

(ક) કાર્મગ્રન્થિકપક્ષ પણ બે છે. તે બેમાંથી પહેલો પક્ષ ચોથા આદિ નવ ગુણસ્થાનોમાં અવધિદર્શન માને છે. આ પક્ષ પ્રાચીન ચતુર્થ કર્મગ્રન્થની 29મી ગાથામાં નિર્દિષ્ટ છે, આ પક્ષ પહેલાં ત્રણ ગુણસ્થાનોમાં અજ્ઞાન માનનારા કાર્મગ્રન્થિકોને માન્ય છે. બીજો પક્ષ ત્રીજા આદિ દસ ગુણસ્થાનોમાં અવધિદર્શન માને છે. આ પક્ષ ચોથા કર્મગ્રન્થની 48મી ગાથામાં તથા પ્રાચીન ચતુર્થ કર્મગ્રંથની 70 અને 71 ગાથાઓમાં નિર્દિષ્ટ છે, આ પક્ષ પહેલાં બે ગુણસ્થાનો સુધી અજ્ઞાન માનનારા કાર્મગ્રન્થિકોને માન્ય છે. આ બન્ને પક્ષો ગોમ્મટસારના જીવકાણ્ડની 690મી અને 704મી ગાથાઓમાં છે. તે બે પક્ષોમાંથી પ્રથમ પક્ષ તત્ત્વાર્થસૂત્ર 1.8મા સૂત્રની સર્વાર્થસિદ્ધિટીકામાં પણ છે. તે આ પ્રમાણે છે - 'अवधिदर्शने असंयतसम्यग्दृष्ट्यादीनि क्षीणकषायान्तानि ।'

(ખ) સૈદ્ધાન્તિક પક્ષ તદ્દન ભિન્ન છે. તે પ્રથમ આદિ બાર ગુણસ્થાનોમાં અવધિદર્શન માને છે, આ વાત ભગવતીસૂત્રથી જાણવા મળે છે. આ પક્ષને શ્રીમલયગિરિસૂરિએ પંચસંગ્રહ દ્વાર 1 ગાથા 31મીની પોતાની ટીકામાં તથા પ્રાચીન ચતુર્થ કર્મગ્રન્થની 29મી ગાથાની ટીકામાં સ્પષ્ટપણે દર્શાવ્યો છે.

'ओहिदंसणअणागारोवउत्ता णं भंते ! किं नाणी अन्नाणी ? गोयमा ! णाणी वि अन्नाणी वि । जइ नाणी ते अत्थेगइआ तिण्णाणी, अत्थेगइआ चउणाणी । जे तिण्णाणी, ते आभिणिबोहियणाणी सुयणाणी ओहिणाणी । जे चउणाणी ते आभिणिबोहियणाणी सुयणाणी ओहिणाणी मणपज्जवणाणी । जे अण्णाणी ते णियमा मइअण्णाणी सुयअण्णाणी विभंगनाणी ।

ભગવતીસૂત્ર શતક 8 ઉદ્દેશક 2.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**(2) ઉક્ત પક્ષોનું તાત્પર્ય -**

(ક) પહેલા ત્રણ ગુણસ્થાનોમાં અજ્ઞાન માનનારા અને પહેલા બે ગુણસ્થાનોમાં અજ્ઞાન માનનારા એમ બન્ને પ્રકારના કાર્મગ્રન્થિક વિદ્વાનો અવધિજ્ઞાનથી અવધિદર્શનને અલગ માને છે પરંતુ વિભંગજ્ઞાનથી અવધિદર્શનને અલગ માનતા નથી. તેઓ કહે છે કે વિશેષ અવધિઉપયોગથી સામાન્ય અવધિઉપયોગ ભિન્ન છે, તેથી જેમ અવધિઉપયોગવાળા સમ્યક્ત્વીમાં અવધિજ્ઞાન અને અવધિદર્શન બન્ને અલગ અલગ છે તેવી રીતે અવધિ ઉપયોગવાળા અજ્ઞાનીમાં પણ વિભંગજ્ઞાન અને અવધિદર્શન વસ્તુતઃ ભિન્ન છે એ ખરું તેમ છતાં વિભંગજ્ઞાન અને અવધિદર્શન એ બન્નેના પારસ્પરિક ભેદની અવિવક્ષામાત્ર છે. ભેદ વિવક્ષિત ન રાખવાનું કારણ બન્નેનું સાદૃશ્યમાત્ર છે. અર્થાત્ જેમ વિભંગજ્ઞાન વિષયનો યથાર્થ નિશ્ચય નથી કરી શકતું તેવી જ રીતે અવધિદર્શન સામાન્યરૂપ હોવાના કારણે વિષયનો નિશ્ચય નથી કરી શકતું.

આ અભેદવિવક્ષાના કારણે પહેલા મત અનુસાર ચોથા આદિ નવ ગુણસ્થાનોમાં અને બીજા મત અનુસાર ત્રીજા આદિ દસ ગુણસ્થાનોમાં અવધિદર્શન છે એમ સમજવું જોઈએ.

(ખ) સૈદ્ધાન્તિક વિદ્વાનો વિભંગજ્ઞાન અને અવધિદર્શન બન્નેના ભેદની વિવક્ષા કરે છે, અભેદની વિવક્ષા કરતા નથી. આ કારણે તેઓ વિભંગજ્ઞાનીમાં અવધિદર્શન માને છે. તેમના મતે કેવળ પહેલા ગુણસ્થાનમાં વિભંગજ્ઞાનનો સંભવ છે, બીજા આદિ ગુણસ્થાનોમાં નથી. તેથી તેઓ બીજા આદિ અગિયાર ગુણસ્થાનોમાં અવધિજ્ઞાન સાથે અને પહેલા ગુણસ્થાનમાં વિભંગજ્ઞાન સાથે અવધિદર્શનનું સાહચર્ય માનીને પહેલા બાર ગુણસ્થાનોમાં અવધિદર્શન માને છે. અવધિજ્ઞાનીના અને વિભંગજ્ઞાનીના દર્શનમાં નિરાકારતા અંશ સમાન જ છે. તેથી વિભંગજ્ઞાનીના દર્શનની 'વિભંગદર્શન' એવી અલગ સંજ્ઞા ન રાખતાં 'અવધિદર્શન' જ સંજ્ઞા રાખી છે.

સારાંશ એ કે કાર્મગ્રન્થિક પક્ષ વિભંગજ્ઞાન અને અવધિદર્શન એ બેના ભેદની વિવક્ષા કરતો નથી જ્યારે સૈદ્ધાન્તિક પક્ષ કરે છે. લોકપ્રકાશ સર્ગ 3 શ્લોક 1057થી આગળ. આ મતભેદનો ઉલ્લેખ વિશેષણવતી ગ્રન્થમાં શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે કર્યો છે જેની સૂચના પ્રજ્ઞાપના પદ 18ની વૃત્તિ (કલકત્તા) પૃ. 566 ઉપર છે.

**(12) આહારક - કેવલજ્ઞાનીના આહાર પર વિચાર**

તેરમા ગુણસ્થાનના સમયે આહારકત્વનો અંગીકાર ચોથા કર્મગ્રન્થમાં (પૃ. 86) અને દિગમ્બર ગ્રન્થોમાં છે. જુઓ તત્ત્વાર્થસૂત્ર 1.8ની સર્વાર્થસિદ્ધિ - 'आहारानुवादेन आहारकेषु मिथ्यादृष्ट्यादीनि सयोगकेवल्यन्तानि ।' તેવી જ રીતે ગોમ્મટસારના જીવકાણ્ડની 665મી અને 697મી ગાથાઓ પણ જોવા જેવી છે.

ઉક્ત ગુણસ્થાનમાં અસાતવેદનીયનો ઉદય પણ બન્ને સંપ્રદાયના ગ્રન્થોમાં (બીજો કર્મગ્રન્થ ગાથા 22; કર્મકાણ્ડ ગાથા 271) માનવામાં આવ્યો છે. આ જ રીતે તે સમયે આહારસંજ્ઞા ન હોવા છતાં પણ કાર્મણશરીરનામકર્મના ઉદયના કારણે કર્મપુદ્ગલોના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગ્રહણની જેમ ઔદારિકશરીરનામકર્મના ઉદયના કારણે ઔદારિકપુદ્ગલોનું ગ્રહણ દિગમ્બર ગ્રન્થમાં (લબ્ધિસાર ગાથા 614) પણ સ્વીકારાયું છે. આહારકત્વની વ્યાખ્યા ગોમ્મટસારમાં એટલી બધી સ્પષ્ટ છે કે કેવલી દ્વારા ઔદારિક, ભાષા અને મનોવર્ગણાના પુદ્ગલો ગ્રહણ કરાય છે એ બાબતમાં કોઈ પણ સંદેહ રહેતો નથી (જીવકાણ્ડ ગાથા 663-664). ઔદારિક પુદ્ગલોનું નિરન્તર ગ્રહણ પણ એક જાતનો આહાર છે જે 'લોમાહાર' કહેવાય છે. આ આહાર લેવાય ત્યાં સુધી શરીરનો નિર્વાહ અને તેના અભાવમાં શરીરનો અનિર્વાહ, અર્થાત્ યોગપ્રવૃત્તિ પર્યન્ત ઔદારિક પુદ્ગલોનું ગ્રહણ અન્વય-વ્યતિરેકથી સિદ્ધ છે. આ રીતે કેવલજ્ઞાનીમાં આહારકત્વ, તેના કારણભૂત અસાતવેદનીયનો ઉદય અને ઔદારિક પુદ્ગલોનું ગ્રહણ બન્ને સંપ્રદાયોમાં સમાનપણે માન્ય છે. બન્ને સંપ્રદાયોની આ વિચારસમાનતા એટલી બધી છે કે તેની આગળ કવલાહારનો પ્રશ્ન વિચારશીલોની દૃષ્ટિમાં આપોઆપ ઊકલી જાય છે.

કેવલજ્ઞાની કવલાહાર ગ્રહણ નથી કરતા એવું માનનારા પણ કેવલજ્ઞાની અન્ય સૂક્ષ્મ ઔદારિક પુદ્ગલોને ગ્રહણ કરે છે એ તો નિર્વિવાદ માને જ છે. જેમના મતમાં કેવલજ્ઞાની કવલાહાર ગ્રહણ કરે છે તેમના મતે પણ તે સ્થૂલ ઔદારિક પુદ્ગલો સિવાય બીજું કંઈ જ નથી. આમ કવલાહાર માનનાર - ન માનનાર ઉભયના મતમાં કેવલજ્ઞાની દ્વારા કોઈ ને કોઈ પ્રકારના ઔદારિક પુદ્ગલોનું ગ્રહણ કરાવું તે સમાન છે. આવી પરિસ્થિતિમાં કવલાહારના પ્રશ્નને વિરોધનું સાધન બનાવવું અર્થહીન છે.

## (13) 'દૃષ્ટિવાદ' - સ્ત્રીને દૃષ્ટિવાદનો અનધિકાર

**[સ્ત્રીપુરુષસમાનતા-]** વ્યવહાર અને શાસ્ત્ર એ બન્ને શારીરિક અને આધ્યાત્મિક વિકાસમાં સ્ત્રીને પુરુષના સમાન સિદ્ધ કરે છે. કુમારી તારાબાઈનું શારીરિક બળમાં પ્રો. રામમૂર્તિથી ઊતરતા ન હોવું, વિદુષી એની બીસેન્ટનું વિચારશક્તિ અને વક્તૃત્વશક્તિમાં અન્ય કોઈ વિચારક વક્તા પુરુષથી ઊતરતા ન હોવું અને વિદુષી સરોજિની નાયડૂનું કવિત્વશક્તિમાં કોઈ પ્રસિદ્ધ કવિપુરુષથી ઊતરતા ન હોવું એ એ વાતનું પ્રમાણ છે કે સમાન સાધન અને અવસર મળે તો સ્ત્રી પણ પુરુષ જેટલી યોગ્યતા પ્રાપ્ત કરી શકે છે. શ્વેતામ્બર આચાર્યોએ સ્ત્રીને પુરુષના સમાન યોગ્ય માનીને તેને કૈવલ્ય અને મોક્ષની અર્થાત્ શારીરિક અને આધ્યાત્મિક પૂર્ણ વિકાસની અધિકારિણી સિદ્ધ કરી છે. તેના માટે જુઓ પ્રજ્ઞાપના સૂત્ર 7 પૃષ્ઠ 18, નન્દીસૂત્ર 21 પૃષ્ઠ 130.

આ વિષયમાં મતભેદ ધરાવનાર, દિગમ્બર આચાર્યોને અંગે ઘણું બધું લખાયું છે. તેના માટે જુઓ નન્દીટીકા પૃ. 131-133, પ્રજ્ઞાપનાટીકા પૃ. 20-22, શાસ્ત્રવાર્તાસમુચ્ચયટીકા પૃ. 425-430.

આલંકારિક પંડિત રાજશેખરે મધ્યસ્થભાવપૂર્વક સ્ત્રીજાતિને પુરુષજાતિતુલ્ય દર્શાવી છે - 'पुरुषवत् योषितोऽपि कवीभवेयुः । संस्कारो ह्यात्मनि समवैति, न स्त्रैणं पौरुषं वा विभागमपेक्षते । श्रूयन्ते दृश्यन्ते च राजपुत्र्यो महामात्यदुहितरो गणिकाः कौतुकिभार्याश्च शास्त्रप्रतिबुद्धाः कवयश्च ।' કાવ્યમીમાંસા અધ્યાય 10.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[સ્ત્રીપુરુષસમાનતા ન માનવામાં વિરોધ -] સ્ત્રીને દૃષ્ટિવાદનું અધ્યયન કરવાનો જે નિષેધ કરવામાં આવ્યો છે એમાં બે રીતે વિરોધ આવે છે - (1) તર્કદૃષ્ટિએ અને (2) શાસ્ત્રોક્ત મર્યાદાથી.

(1) એક તરફ સ્ત્રીને કેવલજ્ઞાન અને મોક્ષ સુધીની અધિકારિણી માનવી અને બીજી તરફ તેને દૃષ્ટિવાદના અધ્યયન માટે - શ્રુતજ્ઞાનવિશેષ માટે - અયોગ્ય દર્શાવવી એ તો એના જેવું વિરુદ્ધ જણાય છે કે કોઈને રત્ન સોંપીને કહેવું કે તું તો કોડીની પણ રક્ષા કરવા શક્ત નથી.

(2) દૃષ્ટિવાદના અધ્યયનનો નિષેધ કરવાથી શાસ્ત્રકથિત કાર્યકારણભાવની મર્યાદા પણ બાધિત થઈ જાય છે. તે આ પ્રમાણે - શુક્લધ્યાનના પ્રથમ બે પાદ પ્રાપ્ત કર્યા વિના કેવલજ્ઞાન પ્રાપ્ત થતું નથી, અને 'પૂર્વો'ના જ્ઞાન વિના શુક્લધ્યાનના પ્રથમ બે પાદ પ્રાપ્ત થતાં નથી, અને 'પૂર્વો' તો દૃષ્ટિવાદનો એક ભાગ છે. આ મર્યાદા શાસ્ત્રમાં નિર્વિવાદ સ્વીકૃત છે - 'शुक्ले चाद्ये पूर्वविदः' તત્વાર્થસૂત્ર 9.39.

આ કારણે દૃષ્ટિવાદના અધ્યયનની અનધિકારિણી સ્ત્રીને કેવલજ્ઞાનની અધિકારિણી માની લેવામાં સ્પષ્ટ વિરોધ જણાય છે.

દૃષ્ટિવાદના અનધિકારનાં કારણો બાબતે બે પક્ષ છે -

(ક) પહેલો પક્ષ શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ આદિનો છે. આ પક્ષમાં સ્ત્રીમાં તુચ્છત્વ, અભિમાન, ઇન્દ્રિયચાંચલ્ય, મતિમાન્દ્ય આદિ માનસિક દોષો દર્શાવીને તેને દૃષ્ટિવાદના અધ્યયનનો નિષેધ કરવામાં આવ્યો છે. તેના માટે જુઓ વિશેષાવશ્યકભાષ્ય 552મી ગાથા.

(ખ) બીજો પક્ષ શ્રી હરિભદ્રસૂરિ આદિનો છે. આ પક્ષમાં અશુદ્ધિરૂપ શારીરિક દોષ દેખાડીને તેનો નિષેધ કરવામાં આવ્યો છે, જેમ કે 'कथं द्वादशाङ्गप्रतिषेधः । तथाविधविग्रहे ततो दोषात् । લલિતવિસ્તરા, પૃ. 211.

[નયદૃષ્ટિએ વિરોધનો પરિહાર -] દૃષ્ટિવાદના અનધિકારના કારણે સ્ત્રીને કેવલજ્ઞાનની પ્રાપ્તિમાં જે કાર્યકારણભાવનો વિરોધ જણાય છે તે વસ્તુતઃ વિરોધ નથી કેમ કે શાસ્ત્ર સ્ત્રીમાં દૃષ્ટિવાદના અર્થજ્ઞાનની યોગ્યતા માને છે, નિષેધ તો કેવળ શાબ્દિક અધ્યયનનો જ છે. 'श्रेणिपरिणतौ तु कालगर्भवद् भावतो भावोऽविरुद्ध एव ।' લલિતવિસ્તરા તથા તેની શ્રી મુનિચન્દ્રસૂરિકૃત પંજિકા પૃ. 111. તપ, ભાવના આદિથી જ્યારે જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ તીવ્ર થઈ જાય છે ત્યારે સ્ત્રી શાબ્દિક અધ્યયન વિના જ દૃષ્ટિવાદનું સંપૂર્ણ અર્થજ્ઞાન કરી લે છે અને શુક્લધ્યાનનાં બે પાદ પ્રાપ્ત કરીને કેવળજ્ઞાનને પણ પામે છે. 'यदि च शास्त्रयोगागम्यसामर्थ्ययोगावसेयभावेष्वतिसूक्ष्मेष्वपि तेषां विशिष्टक्षयोपशमप्रभवप्रभावयोगात् पूर्वधरस्येव बोधातिरेकसद्भावादाद्यशुक्लध्यानद्वयप्राप्तेः केवलावाप्तिक्रमेण मुक्तिप्राप्तिरिति न दोषः, अध्ययनमन्तरेणापि भावतः पूर्ववित्त्वसंभवात्, इति विभाव्यते, तदा निर्ग्रन्थीनामप्येवं द्वितयसंभवे दोषाभावात् । શાસ્ત્રવાર્તા. પૃ. 426.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવો કોઈ જ નિયમ નથી કે ગુરુમુખથી શાબ્દિક અધ્યયન કર્યા વિના અર્થજ્ઞાન થાય જ નહિ. અનેક લોકો એવા જોવામાં આવે છે કે જેઓ કોઈ પાસે ભણ્યા વિના જ મનન-ચિન્તન દ્વારા પોતાના અભીષ્ટ વિષયનું ઊંડું જ્ઞાન પ્રાપ્ત કરી લે છે.

હવે રહ્યો શાબ્દિક અધ્યયનનો નિષેધ. તેના ઉપર અનેક તર્કવિતર્કો ઉત્પન્ન થાય છે, જેમ કે - જેનામાં અર્થજ્ઞાનની યોગ્યતા માનવામાં આવે તેને કેવળ શાબ્દિક અધ્યયન માટે અયોગ્ય દર્શાવવાનું શું સંગત છે ? શબ્દ તો અર્થજ્ઞાનનું સાધનમાત્ર છે. તપ, ભાવના આદિ અન્ય સાધનોથી જે અર્થજ્ઞાન સંપાદન કરી શકે તે તે જ્ઞાનને શબ્દ દ્વારા સંપાદન કરવા માટે અયોગ્ય છે એમ કહેવું ક્યાં સુધી સંગત છે ? શાબ્દિક અધ્યયનના નિષેધ માટે તુચ્છત્વ, અભિમાન આદિ જે માનસિક દોષો દર્શાવવામાં આવે છે તે શું પુરુષજાતિમાં નથી હોતા ? જો વિશિષ્ટ પુરુષોમાં ઉક્ત દોષોનો અભાવ હોવાના કારણે પુરુષસામાન્ય માટે શાબ્દિક અધ્યયનનો નિષેધ કર્યો નથી તો શું વિશિષ્ટ પુરુષતુલ્ય વિશિષ્ટ સ્ત્રીઓનો સંભવ નથી ? જો સંભવ નથી તો સ્ત્રીમોક્ષનું વર્ણન શા માટે કરવામાં આવે છે ? શાબ્દિક અધ્યયન માટે શારીરિક દોષોની સંભાવના કરવામાં આવી છે, તે શું બધી સ્ત્રીઓને લાગુ પડે છે ? જો કેટલીક સ્ત્રીઓને લાગુ પડે છે તો શું કેટલાક પુરુષોમાં પણ શારીરિક અશુદ્ધિની સંભાવના નથી ? જો પરિસ્થિતિ આવી છે તો પછી પુરુષજાતિને છોડીને સ્ત્રીજાતિને માટે શાબ્દિક અધ્યયનનો નિષેધ કયા અભિપ્રાયથી કરવામાં આવ્યો છે ? આ તર્કોના અંગે સંક્ષેપમાં એટલું જ કહેવાનું છે કે માનસિક યા શારીરિક દોષ દેખાડીને શાબ્દિક અધ્યયનનો જે નિષેધ કરવામાં આવ્યો છે તે પ્રાયિક જણાય છે અર્થાત્ વિશિષ્ટ સ્ત્રીઓ માટે અધ્યયનનો નિષેધ નથી. આના સમર્થનમાં આ કહી શકાય કે જો વિશિષ્ટ સ્ત્રી દૃષ્ટિવાદનું અર્થજ્ઞાન, વીતરાગભાવ, કેવલજ્ઞાન અને મોક્ષ પણ પ્રાપ્ત કરવા સમર્થ થઈ શકે છે તો પછી તેમનામાં માનસિક દોષોની સંભાવના જ ક્યાં રહી ? તથા વૃદ્ધ, અપ્રમત્ત અને પરમપવિત્ર આચારવાળી સ્ત્રીઓમાં શારીરિક અશુદ્ધિ કેવી રીતે દર્શાવી શકાય ? જેમને દૃષ્ટિવાદના અધ્યયન માટે યોગ્ય સમજવામાં આવે છે તે પુરુષો પણ, જેવા કે સ્થૂલભદ્ર, દુર્બલિક પુષ્યમિત્ર આદિ, તુચ્છત્વ, સ્મૃતિદોષ આદિ કારણોના લીધે દૃષ્ટિવાદની રક્ષા ન કરી શક્યા. 'तेण चिंतियं भगिणीणं इड्ढिं दरिसेमि त्ति सीहरूवं विउव्वइ' આવશ્યકવૃત્તિ પૃ. 698. 'ततो आयरिएहिं दुब्बलियपुस्समित्तो तस्स वायणायरिओ दिण्णो, ततो सो कइवि दिवसे वायणं दाऊण आयरियमुवट्ठितो भणइ मम वायणं देंतस्स नासति, जं च सण्णायघरे नाणुप्पेहियं, अतो मम अज्झरंतस्स नवमं पुव्वं नासिहिति ताहे आयरिया चिंतेति - जइ ताव एयस्स परममेहाविस्स एवं झरंतस्स नासइ अन्नस्स चिरनट्ठं चेव ।' આવશ્યકવૃત્તિ પૃ. 308.

વસ્તુસ્થિતિ આવી હોવા છતાં પણ સ્ત્રીઓને જ અધ્યયનનો નિષેધ શા માટે કરવામાં આવ્યો ? આ પ્રશ્નનો ઉત્તર બે રીતે આપી શકાય - (1) સમાન સામગ્રી મળવા છતાં પણ પુરુષોના મુકાબલે સ્ત્રીઓનું ઓછી સંખ્યામાં યોગ્ય હોવું અને (2) ઐતિહાસિક પરિસ્થિતિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(1) જે પશ્ચિમીય દેશોમાં સ્ત્રીઓને શિક્ષણ આદિની સામગ્રી પુરુષો સમાન પ્રાપ્ત થાય છે ત્યાં પણ ઈતિહાસ જોવાથી જણાય છે કે સ્ત્રીઓ પુરુષતુલ્ય બની શકે છે એ સાચું, પરંતુ યોગ્ય વ્યક્તિઓની સંખ્યા સ્ત્રીજાતિની અપેક્ષાએ પુરુષજાતિમાં અધિક મળે છે.

(2) કુન્દકુન્દાચાર્ય જેવા પ્રતિપાદક દિગમ્બરાચાર્યોએ સ્ત્રીજાતિને શારીરિક અને માનસિક દોષના કારણે દીક્ષા માટે પણ અયોગ્ય ઠરાવી છે -

लिंगम्मि य इत्थीणं थणंतरे णाहिकक्खदेसम्मि ।

भणिओ सुहमो काओ तासं कह होइ पव्वज्जा ॥

ષટ્પાહુડ-સૂત્રપાહુડ ગાથા 24-25.

અને વૈદિક વિદ્વાનોએ શારીરિક શુદ્ધિને અગ્રસ્થાન આપીને સ્ત્રી અને શુદ્રજાતિને સામાન્યપણે વેદાધ્યયન માટે અનધિકારી દર્શાવેલ છે. 'स्त्रीशूद्रौ नाधीयाताम् ।'

આ વિપક્ષી સંપ્રદાયોની એટલી બધી અસર પડી કે તેનાથી પ્રભાવિત થઈને પુરુષજાતિની સમાન સ્ત્રીજાતિની યોગ્યતા માનવા છતાં પણ શ્વેતામ્બર આચાર્યો તેને વિશેષ અધ્યયન માટે અયોગ્ય દર્શાવવા લાગ્યા.

અગિયાર અંગ આદિ ભણવાનો અધિકાર માનવા છતાં પણ ફક્ત બારમા અંગનો નિષેધ કરવાનું કારણ એ પણ જણાય છે કે દષ્ટિવાદનું વ્યવહારમાં મહત્ત્વ ટકી રહે. તે સમયમાં વિશેષપણે શારીરિક શુદ્ધિપૂર્વક ભણવા-વાંચવામાં વેદ આદિ ગ્રન્થોની મહત્તા સમજવામાં આવતી હતી. દષ્ટિવાદ બધાં અંગોમાં પ્રધાન હતો, તેથી વ્યવહારદષ્ટિએ તેની મહત્તા જાળવવા માટે અન્ય મોટા પડોશી સમાજનું અનુકરણ કરવું સ્વાભાવિક હતું. આ કારણે પરમાર્થદષ્ટિએ સ્ત્રીને પૂરેપૂરી યોગ્ય માનવા છતાં પણ આચાર્યોએ વ્યવહારદષ્ટિએ શારીરિક અશુદ્ધિને ધ્યાનમાં લઈને સ્ત્રીને શાબ્દિક અધ્યયન માટે અયોગ્ય દર્શાવી હશે.

ભગવાન ગૌતમ બુદ્ધે સ્ત્રીજાતિને ભિક્ષુપદ માટે અયોગ્ય નિર્ધારિત કરી હતી પરંતુ ભગવાન મહાવીરે તો પહેલેથી જ તેને પુરુષ સમાન ભિક્ષુપદની અધિકારિણી નિશ્ચિત કરી હતી. તેથી જૈન શાસનમાં ચતુર્વિધ સંઘ પહેલેથી જ સ્થાપિત છે અને સાધુ તથા શ્રાવકોની સંખ્યાની અપેક્ષાએ સાધ્વીઓ તથા શ્રાવિકાઓની સંખ્યા આરંભથી જ અધિક રહી છે. પરંતુ પોતાના પ્રધાન શિષ્ય આનન્દના આગ્રહથી બુદ્ધ ભગવાને જ્યારે સ્ત્રીઓને ભિક્ષુપદ આપ્યું ત્યારે તેમની સંખ્યા ધીરે ધીરે બહુ જ વધી ગઈ અને કેટલીક શતાબ્દીઓ પછી અશિક્ષા, કુપ્રબંન્ધ આદિ અનેક કારણોથી તેમનામાં ઘણો બધો આચારભ્રંશ થયો, જેના પરિણામે બૌદ્ધ સંઘ એક રીતે દૂષિત ગણાવા લાગ્યો. સંભવ છે કે આ પરિસ્થિતિની કંઈક અસર જૈન સંપ્રદાય ઉપર પણ પડી હોય, જેના લીધે દિગમ્બર આચાર્યોએ સ્ત્રીને ભિક્ષુપદ માટે અયોગ્ય ઠરાવી હોય અને શ્વેતામ્બર આચાર્યોએ એવું ન કરીને સ્ત્રીજાતિનો ઉચ્ચ અધિકાર કાયમ રાખવા છતાં પણ દુર્બળતા, ઇન્દ્રિયચંચળતા આદિ દોષોને સ્ત્રીજાતિમાં વિશેષપણે દર્શાવ્યા હોય, કેમ કે સહચર સમાજોના વ્યવહારોનો પ્રભાવ એકબીજાના ઉપર પડવો અનિવાર્ય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (14) ચક્ષુદર્શન સાથે યોગ

ચોથા કર્મગ્રન્થની ગાથા 28માં ચક્ષુદર્શનમાં તેર યોગ માનવામાં આવ્યા છે પરંતુ શ્રી મલયગિરિજીએ તેમાં અગિયાર યોગ દર્શાવ્યા છે. કાર્મણ, ઔદારિકમિશ્ર, વૈક્રિયમિશ્ર અને આહારકમિશ્ર એ ચાર યોગ છોડી દેવામાં આવ્યા છે. પંચસંગ્રહ દ્વાર 1 ગાથા 12ની ટીકા.

અગિયાર યોગ માનવાનું તાત્પર્ય એ છે કે જેમ અપર્યાપ્ત અવસ્થામાં ચક્ષુર્દર્શન ન હોવાથી તેમાં કાર્મણ અને ઔદારિકમિશ્ર એ બે અપર્યાપ્તઅવસ્થાભાવી યોગ હોતા નથી તેવી જ રીતે વૈક્રિયમિશ્ર યા આહારકમિશ્ર કાયયોગ હોય ત્યાં સુધી અર્થાત્ વૈક્રિયશરીર યા આહારકશરીર અપૂર્ણ હોય ત્યાં સુધી ચક્ષુર્દર્શન હોતું નથી, તેથી તેમાં વૈક્રિયમિશ્ર અને આહારકમિશ્ર યોગ પણ ન માનવા જોઈએ.

આના ઉપર એ શંકા થઈ શકે કે અપર્યાપ્તઅવસ્થામાં ઇન્દ્રિયપર્યાપ્તિ પૂર્ણ બની ગયા પછી ચોથા કર્મગ્રન્થની 17મી ગાથામાં ઉલ્લિખિત મતાન્તર અનુસાર જો ચક્ષુર્દર્શન માનવામાં આવે તો તેમાં ઔદારિકમિશ્ર કાયયોગ જે અપર્યાપ્તઅવસ્થાભાવી છે તેનો અભાવ કેવી રીતે માની શકાય ?

આ શંકાનું સમાધાન એમ કરી શકાય કે પંચસંગ્રહમાં એક એવો મતાન્તર છે જે અપર્યાપ્તઅવસ્થામાં શરીરપર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી મિશ્રયોગ માને છે, પૂર્ણ થયા પછી નથી માનતો (પંચસંગ્રહ દ્વાર 1 ગાથા 7ની ટીકા). આ મત અનુસાર અપર્યાપ્તઅવસ્થામાં જ્યારે ચક્ષુર્દર્શન હોય છે ત્યારે મિશ્રયોગ ન હોવાના કારણે ચક્ષુર્દર્શનમાં ઔદારિકમિશ્ર કાયયોગનું વર્જન વિરુદ્ધ નથી.

અહીં મનઃપર્યાયજ્ઞાનમાં તેર યોગ માન્યા છે જેમનામાં આહારકદ્વિકનો સમાવેશ છે. પરંતુ ગોમ્મટસારનો કર્મકાણ્ડ આ મનતો નથી કેમ કે તેમાં લખ્યું છે કે પરિહારવિશુદ્ધ ચારિત્ર અને મનઃપર્યાયજ્ઞાનના સમયે આહારકશરીર તથા આહારકઅંગોપાંગ નામકર્મનો ઉદય હોતો નથી (કર્મકાણ્ડ ગાથા 324). જ્યાં સુધી આહારકદ્વિકનો ઉદય ન હોય ત્યાં સુધી આહારકશરીર રચાઈ શકતું નથી અને તેની રચના વિના આહારકમિશ્ર અને આહારક આ બે યોગ અસંભવ છે. તેથી સિદ્ધ છે કે ગોમ્મટસાર મનઃપર્યાયજ્ઞાનમાં બે આહારક યોગ માનતો નથી. આ વાતની પુષ્ટિ જીવકાણ્ડની 728મી ગાથાથી પણ થાય છે. એનો અર્થ એટલો જ કે મનઃપર્યાયજ્ઞાન, પરિહારવિશુદ્ધસંયમ, પ્રથમોપશમસમ્યક્ત્વ અને આહારકદ્વિક આ ભાવોમાંથી કોઈ એક ભાવ પ્રાપ્ત થતાં શેષ ભાવો પ્રાપ્ત થતા નથી.

## (15) કેવલિસમુદ્ઘાત

**(1) પૂર્વભાવી ક્રિયા** - કેવલિસમુદ્ઘાત રચતાં પહેલાં એક વિશેષ ક્રિયા કરવામાં આવે છે. આ ક્રિયા શુભયોગરૂપ છે, તેની સ્થિતિ અન્તર્મુહૂર્ત જેટલી છે અને તેનું કાર્ય ઉદયાવલિકામાં કર્મદલિકોનો નિક્ષેપ કરવો એ છે. આ ક્રિયાવિશેષને 'આયોજિકાકરણ' કહે છે. મોક્ષની તરફ આવર્જિત (ઝૂકેલા) આત્મા દ્વારા કરાતી હોવાના કારણે તેને 'આવર્જિતકરણ' કહે છે. અને બધા કેવલજ્ઞાનીઓ તેને અવશ્ય કરતા હોવાથી તેને 'આવશ્યકકરણ' પણ કહે છે. શ્વેતામ્બર સાહિત્યમાં આયોજિકાકરણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આદિ ત્રણે સંજ્ઞાઓ પ્રસિદ્ધ છે. જુઓ વિશેષાવશ્યકભાષ્ય ગાથા 3050-3051, પંચસંગ્રહ દ્વાર1 ગાથા 16ની ટીકા. દિગમ્બર સાહિત્યમાં કેવળ 'આવર્જિતકરણ' સંજ્ઞા પ્રસિદ્ધ છે. લક્ષણ પણ તેમાં સ્પષ્ટ છે -

हेट्ठा दंडस्सतोमुहुत्तमावज्जदं हवे करणं ।

तं च समुग्घादस्स य अहिमुहभावो जिणिंदस्स ॥617॥ લબ્ધિસાર

**(2) કેવલિસમુદ્ઘાતનું પ્રયોજન અને વિધાનસમય** - જ્યારે વેદનીય આદિ અઘાતિકર્મની સ્થિતિ તથા દલિક આયુકર્મની સ્થિતિ તથા દલિકથી વધુ હોય ત્યારે તેમને પરસ્પર સરખાં કરવા માટે કેવલિસમુદ્ઘાત કરવો પડે છે. તેનું વિધાન એ છે કે અન્તર્મુહૂર્ત જેટલું આયુષ્ય બાકી રહ્યું હોય તે સમયે કેવલિસમુદ્ઘાત થાય છે.

**(3) સ્વામી** - કેવલજ્ઞાની જ કેવલિસમુદ્ઘાત કરે છે.

**(4) કાલમાન** - કેવલિસમુદ્ઘાતનું કાલમાન આઠ સમયનું છે.

**(5) પ્રક્રિયા** - પ્રથમ સમયમાં આત્માના પ્રદેશોને શરીરની બહાર કાઢી ફેલાવી દેવામાં આવે છે. આ સમયે તે પ્રદેશોનો આકાર દંડ જેવો બને છે. આત્મપ્રદેશોનો આ દંડ ઊંચાઈમાં લોકની ટોચથી તળિયા સુધી અર્થાત્ ચૌદ રજ્જુ પરિમાણ હોય છે પરંતુ તેની જાડાઈ કેવળ શરીરની જાડાઈ જેટલી હોય છે. બીજા સમયમાં ઉક્ત દંડને પૂર્વ-પશ્ચિમ કે ઉત્તર-દક્ષિણ ફેલાવીને તેનો આકાર કપાટ (કમાડ) જેવો બનાવી દેવામાં આવે છે. ત્રીજા સમયમાં કપાટાકાર આત્મપ્રદેશોને મન્થાકાર (ઝેરણીના આકારવાળા) બનાવવામાં આવે છે અર્થાત્ પૂર્વ-પશ્ચિમ તથા ઉત્તર-દક્ષિણ બન્ને તરફ ફેલાવવાથી તેમનો આકાર ઝેરણી જેવો બની જાય છે. ચોથા સમયમાં વિદિશાઓના ખાલી ભાગોને આત્મપ્રદેશોથી ભરી દઈને આત્મપ્રદેશોથી સંપૂર્ણ લોકને વ્યાપ્ત કરી દેવામાં આવે છે. પાંચમા સમયમાં આત્માના લોકવ્યાપી પ્રદેશોને સંહરણક્રિયા (પાછા ખેંચી લેવાની ક્રિયા) દ્વારા વળી પાછા મન્થાકાર બનાવી દેવામાં આવે છે. છઠ્ઠા સમયમાં મન્થાકારમાંથી આત્મપ્રદેશોને કપાટાકારમાં લાવવામાં આવે છે. સાતમા સમયમાં આત્મપ્રદેશોને વળી પાછા દંડાકાર બનાવી દેવામાં આવે છે. અને આઠમા સમયમાં આત્મપ્રદેશોને અસલ સ્થિતિમાં લાવી દેવામાં આવે છે અર્થાત્ શરીરસ્થ કરી દેવામાં આવે છે.

**(6) જૈન દૃષ્ટિ અનુસાર આત્મવ્યાપકતાની સંગતિ** - ઉપનિષદ્, ભગવદ્ગીતા આદિ ગ્રન્થોમાં આત્માની વ્યાપકતાનું વર્ણન છે. 'विश्वतश्चक्षुरुत विश्वतो मुखो विश्वतो बाहुरुत विश्वतस्स्यात् ।' શ્વેતાશ્વતરોપનિષદ્ 3.3 11.15. ભગવદ્ગીતાનો નીચેનો શ્લોક (13.13) જુઓ -

सर्वतः पाणिपादं तत् सर्वतोऽक्षिशिरोमुखम् ।

सर्वतः श्रुतिमल्लोके सर्वमावृत्य तिष्ठति ॥

જૈન દૃષ્ટિ અનુસાર આ વર્ણન અર્થવાદ છે, અર્થાત્ આત્માની મહત્તા અને પ્રશંસાનું સૂચક છે. આ અર્થવાદનો આધાર કેવલિસમુદ્ઘાતના ચોથા સમયમાં આત્માનું લોકવ્યાપી બનવું છે. આ જ વાત ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ શાસ્ત્રવાર્તાસમુચ્ચયટીકામાં (પૃ. 338) નિર્દેશી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેમ વેદનીય આદિ કર્મોને શીઘ્ર ભોગવી લેવા માટે સમુદ્ઘાતક્રિયા માનવામાં આવી છે, તેવી જ રીતે પાતંજલ યોગદર્શનમાં 'બહુકાયનિર્માણક્રિયા' માનવામાં આવી છે જે ક્રિયાને તત્ત્વસાક્ષાત્કર્તા યોગી સોપક્રમ કર્મ શીઘ્ર ભોગવી લેવા માટે કરે છે. પાદ 3 સૂત્ર 22નું ભાષ્ય તથા વૃત્તિ તેમજ પાદ 4 સૂત્ર 4નું ભાષ્ય અને વૃત્તિ.

## (16) કાલ

કાલના વિષયમાં જૈન અને વૈદિક બન્ને દર્શનોમાં લગભગ અઢી હજાર વર્ષ પહેલેથી બે પક્ષો ચાલ્યા આવે છે. શ્વેતામ્બર ગ્રન્થોમાં બન્ને પક્ષોનું વર્ણન છે. દિગમ્બર ગ્રન્થોમાં એક જ પક્ષ જોવા મળે છે.

(1) પહેલો પક્ષ કાલને સ્વતન્ત્ર દ્રવ્ય માનતો નથી. તે માને છે કે જીવદ્રવ્ય અને અજીવદ્રવ્યનો પર્યાયપ્રવાહ જ કાલ છે. આ પક્ષ અનુસાર જીવદ્રવ્ય અને અજીવદ્રવ્યનું પર્યાયપરિણમન જ ઉપચારથી કાલ મનાય છે. તેની જીવ અને અજીવને જ કાલદ્રવ્ય સમજવું જોઈએ. કાલ તેમનાથી અલગ તત્ત્વ નથી. આ પક્ષ જીવાભિગમ આદિ આગમોમાં છે.

(2) બીજો પક્ષ કાલને સ્વતન્ત્ર દ્રવ્ય માને છે. તે કહે છે કે જેમ જીવ, પુદ્ગલ આદિ સ્વતન્ત્ર દ્રવ્યો છે તેવી જ રીતે કાલ પણ સ્વતન્ત્ર દ્રવ્ય છે. તેથી આ પક્ષ અનુસાર કાલને જીવાદિનો પર્યાયપ્રવાહ ન સમજીને તેને જીવાદિથી ભિન્ન તત્ત્વ જ સમજવું જોઈએ. આ પક્ષ ભગવતી આદિ આગમોમાં છે.

આગમ પછીના ગ્રન્થોમાં, જેવા કે તત્ત્વાર્થસૂત્રમાં વાચક ઉમાસ્વાતિએ, દ્વાત્રિંશિકામાં શ્રી સિદ્ધસેન દિવાકરે, વિશેષાવશ્યકભાષ્યમાં શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે, ધર્મસંગ્રહણીમાં શ્રી હરિભદ્રસૂરિએ, યોગશાસ્ત્રમાં શ્રી હેમચન્દ્રસૂરિએ, દ્રવ્યગુણપર્યાયના રાસમાં શ્રી ઉપાધ્યાય યશોવિજયજીએ, લોકપ્રકાશમાં શ્રીવિનયવિજયજીએ અને નયચક્રસાર તથા આગમસારમાં શ્રી દેવચન્દ્રજીએ આગમગત ઉક્ત બન્ને પક્ષોનો ઉલ્લેખ કર્યો છે. દિગમ્બર સંપ્રદાયમાં એક માત્ર બીજા પક્ષનો જ સ્વીકાર છે જે સૌપ્રથમ શ્રીકુન્દકુન્દાચાર્યના ગ્રન્થોમાં મળે છે. ત્યાર પછી પૂજ્યપાદસ્વામી, ભટ્ટારક શ્રી અકલંકદેવ, વિદ્યાનન્દસ્વામી, નેમિચન્દ્ર સિદ્ધાન્તચક્રવર્તી અને બનારસીદાસ આદિના ગ્રન્થોમાં પણ આ એક જ પક્ષનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

**પહેલા પક્ષનું તાત્પર્ય** - પહેલો પક્ષ કહે છે કે સમય, આવલિકા, મુહૂર્ત, દિન-રાત આદિ જે વ્યવહાર કાલસાધ્ય દર્શાવ્યા છે યા નવીનતા-પુરાણતા, જ્યેષ્ઠતા-કનિષ્ઠતા આદિ જે અવસ્થાઓ કાલસાધ્ય દર્શાવી છે તે બધાં ક્રિયાવિશેષના (પર્યાયવિશેષના) જ સંકેતો છે, જેમ કે - જીવદ્રવ્ય યા અજીવદ્રવ્યનો જે પર્યાય અવિભાજ્ય છે અર્થાત્ બુદ્ધિથી પણ જેનો બીજો ભાગ થઈ શકતો નથી તે અંતિમ અતિસૂક્ષ્મ પર્યાયને 'સમય' કહે છે. આવા અસંખ્ય પર્યાયોના પુંજને 'આવલિકા' કહે છે. અનેક આવલિકાઓને 'મુહૂર્ત' કહે છે. અને ત્રીસ મુહૂર્તને 'દિનરાત' કહે છે. બે પર્યાયોમાંથી જે પહેલાં થયો હોય તે 'પુરાણો' અને જે પછી થયો હોય તે 'નવીન' કહેવાય છે. બે જીવધારીઓમાંથી જે પછીથી જન્મ્યો હોય તે 'કનિષ્ઠ' અને જે પહેલાં જન્મ્યો હોય તે 'જ્યેષ્ઠ' કહેવાય છે. આ રીતે વિચાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરતાં એ જ જણાય છે કે સમય, આવલિકા આદિ બધો વ્યવહાર અને નવીનતા આદિ બધી અવસ્થાઓ વિશેષ વિશેષ પ્રકારના પર્યાયોના જ અર્થાત્ નિર્વિભાગ પર્યાયો અને તેમના નાનામોટા બુદ્ધિકલ્પિત સમૂહોના જ સંકેતો છે. પર્યાય એ જીવદ્રવ્ય અને અજીવદ્રવ્યની ક્રિયા છે જે કોઈ તત્ત્વાન્તરની પ્રેરણા વિના જ થયા કરે છે. અર્થાત્ જીવદ્રવ્ય અને અજીવદ્રવ્ય બન્ને પોતપોતાના પર્યાયરૂપમાં આપોઆપ જ પરિણત થયા કરે છે. તેથી વસ્તુતઃ જીવદ્રવ્ય અને અજીવદ્રવ્યના પર્યાયપુંજને જ કાલ કહેવો જોઈએ. કાલ કોઈ સ્વતન્ત્ર દ્રવ્ય નથી.

**બીજા પક્ષનું તાત્પર્ય** - જેવી રીતે જીવ અને પુદ્ગલમાં ગતિ કરવાનો અને સ્થિતિ કરવાનો સ્વભાવ હોવા છતાં પણ તે કાર્યો માટે નિમિત્તકારણરૂપે 'ધર્માસ્તિકાય' અને 'અધર્માસ્તિકાય' સ્વતન્ત્ર તત્ત્વો યા દ્રવ્યો માનવામાં આવ્યાં છે તેવી જ રીતે જીવ અને અજીવમાં પર્યાયપરિણમનનો સ્વભાવ હોવા છતાં પણ તેના માટે નિમિત્તકારણરૂપ સ્વતન્ત્ર કાલદ્રવ્ય માનવું જોઈએ. જો નિમિત્તકારણરૂપ કાલ ન માનવામાં આવે તો નિમિત્તકારણરૂપ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય માનવામાં કોઈ યુક્તિ યા તર્ક નથી.

**બીજા પક્ષમાં મતભેદ** - કાલને સ્વતન્ત્ર દ્રવ્ય માનનારાઓમાં પણ તેના સ્વરૂપની બાબતે બે મત છે.

(1) કાલદ્રવ્ય મનુષ્યક્ષેત્રમાં અર્થાત્ જ્યોતિષચક્રના ગતિક્ષેત્રમાં વર્તમાન છે. તે મનુષ્યક્ષેત્રપ્રમાણ હોવા છતાં પણ સંપૂર્ણ લોકનાં પરિવર્તનોનું નિમિત્ત બને છે. કાલ પોતાનું કાર્ય જ્યોતિષચક્રની ગતિની મદદથી કરે છે. તેથી મનુષ્યક્ષેત્રની બહાર કાલદ્રવ્યને ન માનીને તેને મનુષ્યક્ષેત્રપ્રમાણ જ માનવો તર્કસંગત છે. આ મત ધર્મસંગ્રહણી આદિ શ્વેતામ્બર ગ્રન્થોમાં છે.

(2) કાલદ્રવ્ય મનુષ્યક્ષેત્રમાત્રવર્તી નથી પણ લોકવ્યાપી છે. તે લોકવ્યાપી હોવા છતાં પણ ધર્માસ્તિકાયની જેમ સ્કન્ધરૂપ નથી, પરંતુ અણુરૂપ છે. તેના અણુઓની સંખ્યા લોકાકાશના પ્રદેશોની સંખ્યા જેટલી જ છે. તે અણુઓ ગતિહીન હોવાથી જ્યાંના ત્યાં જ અર્થાત્ લોકાકાશના પ્રત્યેક પ્રદેશ પર એક-એક સ્થિત જ રહે છે. તેમનો કોઈ સ્કન્ધ બનતો નથી. આ કારણે તેમનામાં તિર્યક્પ્રચય (સ્કન્ધ) બનવાની શક્તિ નથી. એટલે જ કાલદ્રવ્યને અસ્તિકાયમાં ગણ્યું નથી. તેનામાં તિર્યક્પ્રચય ન હોવા છતાં ઊર્ધ્વપ્રચય છે. તેના પ્રત્યેક કાલાણુમાં લગાતાર પર્યાય થયા કરે છે. આ જ પર્યાય 'સમય' કહેવાય છે. એકએક કાલાણુના અનન્ત સમયો અર્થાત્ પર્યાયો સમજવા જોઈએ. આ સમયો અર્થાત્ પર્યાયો જ અન્ય દ્રવ્યોના પર્યાયોનું નિમિત્તકારણ છે. નવીનતા-પુરાણતા, જ્યેષ્ઠતા-કનિષ્ઠતા આદિ બધી અવસ્થાઓ કાલાણુના સમયપ્રવાહના નિમિત્તથી થતી સમજવી જોઈએ. પુદ્ગલપરમાણુને લોકાકાશના એક પ્રદેશ ઉપરથી બાજુના બીજા પ્રદેશ સુધી મન્દ ગતિએ જતાં જેટલી વાર લાગે છે તેટલી વારમાં કાલાણુનો એક સમયપર્યાય વ્યક્ત થાય છે. અર્થાત્ સમયપર્યાય અને એક પ્રદેશથી બાજુના બીજા પ્રદેશ સુધીની પુદ્ગલપરમાણુની મન્દ ગતિ આ બેનું પરિમાણ એકસરખું છે. આ મન્તવ્ય દિગમ્બર ગ્રન્થોમાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વસ્તુસ્થિતિ શું છે ?** - નિશ્ચયદષ્ટિએ જોવામાં આવે તો કાલને અલગ દ્રવ્ય માનવાની કોઈ જરૂરત નથી. તેને જીવદ્રવ્ય અને અજીવદ્રવ્યના પર્યાયરૂપ માનવાથી જ બધાં કાર્યો અને બધો વ્યવહાર ઘટી શકે છે. તેથી આ જ પક્ષ તાત્ત્વિક છે. બીજો પક્ષ વ્યાવહારિક અને ઔપચારિક છે. કાલને મનુષ્યક્ષેત્રપ્રમાણ માનવાનો પક્ષ સ્થૂળ લોકવ્યવહાર પર નિર્ભર છે. આ પક્ષ તાત્ત્વિક નથી પણ કેવળ વ્યાવહારિક છે એવું સ્વીકારવામાં ન આવે તો પ્રશ્ન ઊઠે છે કે જ્યારે મનુષ્યક્ષેત્રની બહાર પણ નવત્વ પુરાણત્વ આદિ ભાવ થાય છે તો પછી કાલને મનુષ્યક્ષેત્રમાં કેવી રીતે માની શકાય ? બીજું એવું માનવામાં કયો તર્ક છે કે કાલ જ્યોતિષચક્રના સંચારની અપેક્ષા રાખે છે. અને જો અપેક્ષા રાખતો પણ હોય તો શું તે લોકવ્યાપી બનીને જ્યોતિષચક્રના સંચારની મદદ નથી લઈ શકતો ? તેથી કાલને મનુષ્યક્ષેત્રવ્યાપી માનવાની કલ્પના સ્થૂળ લોકવ્યવહાર પર નિર્ભર છે. કાલને અણુરૂપ માનવાની કલ્પના ઔપચારિક છે. પ્રત્યેક પુદ્ગલપરમાણુને જ ઉપચારથી કાલાણુ સમજવો જોઈએ અને કાલાણુના અપ્રદેશત્વના કથનની સંગતિ આ રીતે કરી લેવી જોઈએ. આવું ન માનીને કાલાણુને સ્વતન્ત્ર માનવામાં આવે તો પછી પ્રશ્ન ઊઠે કે તેને ધર્માસ્તિકાયની જેમ સ્કન્ધરૂપ કેમ માનવામાં નથી આવતો ? આના ઉપરાંત બીજો એક પ્રશ્ન આ પણ ઊભો થાય છે કે જીવ-અજીવના પર્યાયમાં તો નિમિત્તકારણ સમયપર્યાય છે પરંતુ સમયપર્યાયમાં નિમિત્તકારણ કયું છે ? જો તે સ્વાભાવિક હોવાથી તે અન્ય નિમિત્તની અપેક્ષા રાખતો નથી તો પછી જીવ-અજીવના પર્યાયોને પણ સ્વાભાવિક કેમ ન માનવા ? જો સમયપર્યાય માટે અન્ય નિમિત્તની કલ્પના કરવામાં આવે તો અનવસ્થા થાય. તેથી કાલાણુના પક્ષને ઔપચારિક જ માનવો યોગ્ય છે.

**વૈદિક દર્શનમાં કાલનું સ્વરૂપ** - વૈદિક દર્શનોમાં પણ કાલના વિષયમાં મુખ્ય બે પક્ષ છે. વૈશેષિક દર્શન (અધ્યાય 2 આહ્નિક 2 સૂત્ર 6-10) તથા ન્યાયદર્શન કાલને સર્વવ્યાપી સ્વતન્ત્ર દ્રવ્ય માને છે. સાંખ્ય (અધ્યાય 2 સૂત્ર 12), યોગ તથા વેદાન્ત આદિ દર્શન કાલને સ્વતન્ત્ર દ્રવ્ય માનતાં નથી પરંતુ તેને પ્રકૃતિ-પુરુષનું (જડચેતનનું) જ રૂપ માને છે. આ બીજો પક્ષ નિશ્ચયદષ્ટિમૂલક છે અને પહેલો પક્ષ વ્યવહારમૂલક છે.

જૈન દર્શનમાં જેને 'સમય' કહેવામાં આવ્યો છે અને દર્શનાન્તરોમાં જેને 'ક્ષણ' કહેવામાં આવેલ છે તેનું સ્વરૂપ જાણવા માટે તથા 'કાલ' નામનું કોઈ સ્વતન્ત્ર દ્રવ્ય છે કે પછી કેવળ લૌકિકદષ્ટિવાળાઓએ વ્યવહારનિર્વાહ માટે ક્ષણોની ક્રમપરંપરા ઉપર કરેલો આરોપમાત્ર છે એ પ્રશ્નને સ્પષ્ટ સમજવા માટે યોગદર્શનના પાદ 3ના સૂત્ર 52 ઉપરનું ભાષ્ય જોવું જોઈએ. ઉક્ત ભાષ્યમાં કાલસંબંધી જે વિચાર છે તે જ નિશ્ચયદષ્ટિમૂલક અને એટલે જ તાત્ત્વિક જણાય છે.

**વિજ્ઞાનની સમ્મતિ** - આજકાલ વિજ્ઞાનની ગતિ સાચી દિશા તરફ થઈ રહી છે. તેથી કાલ અંગેના વિચારોને એ દષ્ટિ અનુસાર પણ જોવા જોઈએ. વૈજ્ઞાનિક લોકો પણ કાલને દિશાની જેમ કાલ્પનિક માને છે, વાસ્તવિક માનતા નથી.

તેથી બધી રીતે વિચારતાં એ જ નિશ્ચય થાય છે કે કાલને અલગ સ્વતન્ત્ર દ્રવ્ય માનવામાં કોઈ દઢતર પ્રમાણ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (17) મૂલ બન્ધહેતુ

આ વિષય પંચસંગ્રહ દ્વાર 4ની 19મી અને 20મી ગાથાઓમાં છે પરંતુ તેના વર્ણનમાં ચોથા કર્મગ્રન્થની (પૃ. 179) અપેક્ષાએ કંઈક ભેદ છે. તેમાં સોળ પ્રકૃતિઓના બન્ધને મિથ્યાત્વહેતુક, પાંત્રીસ પ્રકૃતિઓના બન્ધને અવિરતિહેતુક, અડસઠ પ્રકૃતિઓના બન્ધને કષાયહેતુક અને સાતવેદનીયના બન્ધને યોગહેતુક કહેલ છે. આ કથન અન્વય-વ્યતિરેક ઉભયમૂલક કાર્યકારણભાવને લઈને કરવામાં આવેલું છે, જેમ કે - મિથ્યાત્વના હોતાં સોળનો બંધ થાય છે અને તેના ન હોતાં સોળનો બંધ થતો નથી, તેથી સોળના બન્ધનો અન્વય-વ્યતિરેક મિથ્યાત્વ સાથે ઘટી શકે છે. તેવી જ રીતે પાંત્રીસના બન્ધનો અવિરતિ સાથે, અડસઠના બન્ધનો કષાય સાથે અને સાતવેદનીયના બન્ધનો યોગ સાથે અન્વય-વ્યતિરેક સમજવો જોઈએ.

પરંતુ ચોથા કર્મગ્રન્થમાં કેવળ અન્વયમૂલક કાર્યકારણભાવને લઈને સંબંધનું વર્ણન કર્યું છે, વ્યતિરેકની વિવક્ષા કરી નથી. તેથી અહીંનું વર્ણન પંચસંગ્રહના વર્ણનથી ભિન્ન જણાય છે. અન્વય - જેમકે મિથ્યાત્વના સમયે, અવિરતિના સમયે, કષાયના સમયે અને યોગના સમયે સાતવેદનીયનો બન્ધ અવશ્ય થાય છે; તેવી જ રીતે મિથ્યાત્વના સમયે સોળનો બન્ધ, મિથ્યાત્વના સમયે તથા અવિરતિના સમયે પાંત્રીસનો બન્ધ અને મિથ્યાત્વના સમયે, અવિરતિના સમયે તથા કષાયના સમયે શેષ પ્રકૃતિઓનો બન્ધ અવશ્ય થાય છે. આ અન્વયમાત્રને લક્ષ્યમાં રાખીને શ્રી દેવેન્દ્રસૂરિએ એક, સોળ, પાંત્રીસ અને અડસઠના બન્ધને ક્રમશઃ ચતુર્હેતુક, એકહેતુક, દ્વિહેતુક અને ત્રિહેતુક કહ્યો છે. ઉક્ત ચારેય બન્ધોનો વ્યતિરેક તો પંચસંગ્રહના વર્ણન અનુસાર કેવળ એક એક હેતુની સાથે જ ઘટી શકે છે. પંચસંગ્રહ અને અહીંની વર્ણનશૈલીમાં ભેદ છે, તાત્પર્યમાં ભેદ નથી.

તત્ત્વાર્થસૂત્ર 8.1માં બન્ધના હેતુ પાંચ કહ્યા છે, તે અનુસાર 9.1ની સર્વાર્થસિદ્ધિટીકામાં ઉત્તર પ્રકૃતિઓ અને બન્ધહેતુના કાર્યકારણભાવનો વિચાર કર્યો છે. તેમાં સોળના બન્ધને મિથ્યાત્વહેતુક, ઓગણચાલીસના બન્ધને અવિરતિહેતુક, છના બન્ધને પ્રમાદહેતુક, અઠાવનના બન્ધને કષાયહેતુક અને એકના બન્ધને યોગહેતુક દર્શાવેલ છે. અવિરતિના અનન્તાનુબન્ધિકષાયજન્ય, અપ્રત્યાખ્યાનાવરણકષાયજન્ય અને પ્રત્યાખ્યાનાવરણકષાયજન્ય એ ત્રણ ભેદ કરવામાં આવ્યા છે. પ્રથમ અવિરતિને પચ્ચીસના બન્ધનું, બીજીને દસના બન્ધનું અને ત્રીજીને ચારના બન્ધનું કારણ દર્શાવીને કુલ ઓગણચાલીસના બન્ધને અવિરતિહેતુક કહેલ છે. પંચસંગ્રહમાં જે અડસઠ પ્રકૃતિઓના બન્ધને કષાયહેતુક માનેલ છે, તેમાંથી ચારના બન્ધને પ્રત્યાખ્યાનાવરણકષાયજન્ય અવિરતિહેતુક અને છના બન્ધને પ્રમાદહેતુક સર્વાર્થસિદ્ધિમાં દર્શાવેલ છે, તેથી તેમાં કષાયહેતુક બન્ધવાળી અઠાવન પ્રકૃતિઓ જ કહી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (18) ઉપશમક અને ક્ષપકનું ચારિત્ર

ગુણસ્થાનોમાં એકજીવાશ્રિત ભાવોની સંખ્યા જેવી ચોથા કર્મગ્રન્થની 70મી ગાથામાં છે તેવી જ પંચસંગ્રહના દ્વાર 2ની 64મી ગાથામાં છે, પરંતુ ઉક્ત કર્મગ્રન્થની ગાથાની ટીકામાં અને તેના ટબ્બામાં તથા પંચસંગ્રહની ઉક્ત ગાથાની ટીકામાં થોડોક વ્યાખ્યાભેદ છે.

ટીકા-ટબ્બામાં 'ઉપશમક' 'ઉએશાન્ત' બે પદો દ્વારા નવમું, દસમું અને અગિયારમું એ ત્રણ ગુણસ્થાનો ગ્રહણ કરવામાં આવ્યાં છે અને 'અપૂર્વ' પદ દ્વારા આઠમું ગુણસ્થાનમાત્ર ગ્રહણ કરવામાં આવ્યું છે. નવમા આદિ ત્રણ ગુણસ્થાનમાં ઉપશમશ્રેણિવાળા ઔપશમિકસમ્યક્ત્વીને યા ક્ષાયિકસમ્યક્ત્વીને ચારિત્ર ઔપશમિક માનવામાં આવેલ છે. આઠમા ગુણસ્થાનમાં ઔપશમિક યા ક્ષાયિક કોઈ પણ સમ્યક્ત્વવાળાને ઔપશમિક ચારિત્ર ઇષ્ટ નથી કિન્તુ ક્ષાયોપશમિક ચારિત્ર ઇષ્ટ છે. આનું પ્રમાણ છે ગાથામાં 'અપૂર્વ' શબ્દને અલગ ગ્રહણ કરવો, કેમ કે આઠમા ગુણસ્થાનમાં પણ ઔપશમિક ચારિત્ર ઇષ્ટ હોત તો 'અપૂર્વ' શબ્દનું અલગ ગ્રહણ ન કરીને ઉપશમક શબ્દથી જ નવમા આદિ ગુણસ્થાનોની જેમ આઠમા ગુણસ્થાનનું પણ સૂચન કરવામાં આવેત. નવમા અને દસમા ગુણસ્થાનના ક્ષપકશ્રેણિગતજીવસંબંધી ભાવોનો અને ચારિત્રનો ઉલ્લેખ ટીકા-ટબ્બામાં નથી.

પંચસંગ્રહની ટીકામાં શ્રી મલયગિરિએ 'ઉપશમક' 'ઉપશાન્ત' પદથી આઠમાથી અગિયારમા સુધી ઉપશમશ્રેણિવાળા ચાર ગુણસ્થાનનું અને 'અપૂર્વ' તથા 'ક્ષીણ' પદથી આઠમું, નવમું, દસમું અને બારમું એ ક્ષેપકશ્રેણિવાળા ચાર ગુણસ્થાનનું ગ્રહણ કર્યું છે. ઉપશમશ્રેણિવાળા ઉક્ત ચારે ગુણસ્થાનોમાં તેમણે ઔપશમિક ચારિત્ર માન્યું છે પરંતુ ક્ષપકશ્રેણિવાળા ચારે ગુણસ્થાનોમાં ચારિત્રના સંબંધમાં કોઈ ઉલ્લેખ કર્યો નથી.

અગિયારમા ગુણસ્થાનમાં સંપૂર્ણ મોહનીયનો ઉપશમ થઈ જવાના કારણે કેવળ ઔપશમિક જ ચારિત્ર છે, નવમા અને દસમા ગુણસ્થાનમાં ઔપશમિક અને ક્ષાયોપશમિક બે ચારિત્ર છે કેમ કે આ બે ગુણસ્થાનોમાં ચારિત્રમોહનીયની કેટલીક પ્રકૃતિઓ ઉપશાન્ત થાય છે, બધી ઉપશાન્ત થતી નથી. ઉપશાન્ત પ્રકૃતિઓની અપેક્ષાએ ઔપશમિક અને અનુપશાન્ત પ્રકૃતિઓની અપેક્ષાએ ક્ષાયોપશમિક ચારિત્ર સમજવું જોઈએ. આ વાત આ જાતની સ્પષ્ટતાથી કહેવામાં નથી આવી પરંતુ પંચસંગ્રહ દ્વાર 3ની 25મી ગાથાની ટીકા જોવાથી આ વિષયમાં કોઈ સંદેહ રહેતો નથી કેમ કે સૂક્ષ્મસંપરાયચારિત્રને, જે દસમાગુણસ્થાનમાં જ હોય છે તેને, ક્ષાયોપશમિક કહેલ છે.

ઉપશમશ્રેણિવાળા આઠમા, નવમા અને દસમા ગુણસ્થાનોમાં ચારિત્રમોહનીયના ઉપશમનો આરંભ થવાના કારણે યા કેટલીક પ્રકૃતિઓનો ઉપશમ થવાના કારણે ઔપશમિક ચારિત્ર જેવી રીતે પંચસંગ્રહ ટીકામાં માનવામાં આવ્યું છે તેવી જ રીતે ક્ષપકશ્રેણિવાળા આઠમા આદિ ત્રણ ગુણસ્થાનોમાં ચારિત્રમોહનીયના ક્ષયનો આરંભ થવાના કારણે યા કેટલીક પ્રકૃતિઓનો ક્ષય થવાના કારણે ક્ષાયિક ચારિત્ર માનવામાં કોઈ વિરોધ જણાતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગોમ્મટસારમાં ઉપશમશ્રેણિવાળા આઠમા આદિ ચાર ગુણસ્થાનોમાં ચારિત્ર ઔપશમિક જ માન્યુ છે અને ક્ષાયોપશમિકનો સ્પષ્ટ નિષેધ કર્યો છે. તેવી રીતે ક્ષપકશ્રેણિવાળા ચાર ગુણસ્થાનોનમાં ક્ષાયિક ચારિત્ર માનીને ક્ષાયોપશમિકનો નિષેધ કર્યો છે. આ વાત કર્મકાણ્ડની 845 અને 846 ગાથાઓને જોવાથી સ્પષ્ટ થઈ જાય છે.

## (19) ભાવ

આ વિચાર એક જીવમાં કોઈ વિવક્ષિત સમયમાં મળતા ભાવોના અંગે છે.

એક જીવમાં ભિન્ન ભિન્ન સમયમાં મળતા ભાવો અને અનેક જીવોમાં એક સમયમાં યા ભિન્ન ભિન્ન સમયમાં મળતા ભાવો પ્રસંગવશ જણાવીએ છીએ. પહેલાં ત્રણ ગુણસ્થાનોમાં ઔદયિક, ક્ષાયોપશમિક અને પારિણામિક એ ત્રણ ભાવ, ચોથાથી અગિયારમા સુધીનાં આઠ ગુણસ્થાનોમાં પાંચ ભાવ, બારમા ગુણસ્થાનમાં ઔપશમિક સિવાયના ચાર ભાવ અને તેરમા તથા ચૌદમા ગુણસ્થાનોમાં ઔપશમિક અને ક્ષાયોપશમિક સિવાયના બાકીના ત્રણ ભાવ હોય છે.

**અનેક જીવોની અપેક્ષાએ ગુણસ્થાનોમાં ભાવોના ઉત્તર ભેદ-**

**ક્ષાયોપશમિક** - પહેલા બે ગુણસ્થાનોમાં ત્રણ અજ્ઞાન, ચક્ષુ આદિ બે દર્શન, દાન આદિ પાંચ લબ્ધિઓ - આ દસ; ત્રીજા ગુણસ્થાનમાં ત્રણ જ્ઞાન, ત્રણ દર્શન, મિશ્રદષ્ટિ, પાંચ લબ્ધિઓ - આ બાર; ચોથા ગુણસ્થાનમાં ત્રીજા ગુણસ્થાનવાળા બાર પરંતુ મિશ્રદષ્ટિના સ્થાને સમ્યક્ત્વ; પાંચમા ગુણસ્થાનમાં ચોથા ગુણસ્થાનવાળા બાર તથા દેશવિરતિ એમ કુલ તેર; છઠ્ઠા અને સાતમા ગુણસ્થાનોમાં ઉક્ત તેરમાંથી દેશવિરતિને કાઢી નાખીને તેમનામાં સર્વવિરતિ અને મનઃપર્યવજ્ઞાન ઉમેરવાથી ચૌદ; આઠમા, નવા અને દસમા ગુણસ્થાનોમાં ઉક્ત ચૌદમાંથી સમ્યક્ત્વ સિવાયના બાકીના તેર; અગિયારમા અને બારમા ગુણસ્થાનોમાં ઉક્ત તેરમાંથી ચારિત્રને છોડીને બાકીના બાર ક્ષાયોપશમિક ભાવો છે. તેરમા અને ચૌદમા ગુણસ્થાનોમાં ક્ષાયોપશમિક ભાવ નથી.

**ઔદયિક** - પહેલા ગુણસ્થાનમાં અજ્ઞાન આદિ એકવીસ; બીજા ગુણસ્થાનમાં મિથ્યાત્વ સિવાય વીસ; ત્રીજા અને ચોથા ગુણસ્થાનોમાં અજ્ઞાનને છોડી ઓગણીસ; પાંચમા ગુણસ્થાનમાં દેવગતિ, નારકગતિ સિવાય ઉક્ત ઓગણીસમાંથી બાકી રહેલા સત્તર, છઠ્ઠા ગુણસ્થાનમાં તિર્યંચગતિ અને અસંયમ બાદ કરી વધેલા પંદર; સાતમા ગુણસ્થાનમાં કૃષ્ણ આદિ ત્રણ લેશ્યાઓને છોડીને ઉક્ત પંદરમાંથી બાકી રહેલા બાર; આઠમા અન નવમા ગુણસ્થાનોમાં તેજોલેશ્યા અને પદ્મલેશ્યા સિવાયના દસ; દસમા ગુણસ્થાનમાં ક્રોધ, માન, માયા અને ત્રણ વેદ સિવાય ઉક્ત દસમાંથી બાકી રહેલા ચાર; અગિયારમા, બારમા અને તેરમા ગુણસ્થાનોમાં સંજ્વલન લોભને છોડીને બાકીના ત્રણ; અને ચૌદમા ગુણસ્થાનમાં શુક્લલેશ્યાને ઉક્ત ત્રણમાંથી બાદ કરતાં બાકી રહેલા મનુષ્યત્વગતિ અને અસિદ્ધત્વ એ બે ઔદયિક ભાવો છે.

**ક્ષાયિક** - પહેલાં ત્રણ ગુણસ્થાનોમાં ક્ષાયિક ભાવ નથી. ચોથાથી અગિયારમા સુધીનાં આઠ ગુણસ્થાનોમાં સમ્યક્ત્વ એ એક; બારમા ગુણસ્થાનમાં સમ્યક્ત્વ અને ચારિત્ર બે; અને તેરમા અને ચૌદમા ગુણસ્થાનોમાં નવ ક્ષાયિક ભાવો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઔપશમિક** - પહેલાં ત્રણ ગુણસ્થાનો અને છેલ્લા ત્રણ ગુણસ્થાનો એમ છ ગુણસ્થાનોમાં ઔપશમિક ભાવ નથી. ચોથાથી આઠમા સુધીનાં પાંચ ગુણસ્થાનોમાં સમ્યક્ત્વ એ એક; નવમાથી અગિયારમા સુધીનાં ત્રણ ગુણસ્થાનોમાં સમ્યક્ત્વ અને ચારિત્ર એ બે ઔપશમિક ભાવો છે.

**પારિણામિક** - પહેલા ગુણસ્થાનમાં જીવત્વ આદિ ત્રણેય; બીજાથી બારમા સુધીનાં અગિયાર ગુણસ્થાનોમાં જીવત્વ અને ભવ્યત્વ બે; અને તેરમા અને ચૌદમા ગુણસ્થાનમાં કેવળ જીવત્વ એક જ પારિણામિક ભાવ છે. ભવ્યત્વ અનાદિ-સાન્ત છે કેમ કે સિદ્ધઅવસ્થામાં તેનો અભાવ થઈ જાય છે. ઘાતિકર્મોનો ક્ષય થયા પછી સિદ્ધઅવસ્થા પ્રાપ્ત થવામાં બહુ વિલંબ થતો નથી, આ અપેક્ષાએ તેરમા અને ચૌદમા ગુણસ્થાનમાં ભવ્યત્વને પૂર્વાચાર્યોએ માનેલ નથી.

ગોમ્મટસારના જીવકાણ્ડની 820થી 875 સુધીની ગાથાઓમાં સ્થાનગત અને પદગત ભંગ દ્વારા ભાવોનું બહુ વિસ્તારપૂર્વક વર્ણન છે.

**એક જીવાશ્રિત ભાવોના ઉત્તર ભેદ :**

**ક્ષાયોપશમિક** - પહેલાં બે ગુણસ્થાનોમાં મતિ-શ્રુત બે યા વિભંગ સહિત ત્રણ અજ્ઞાન, અચક્ષુ એક યા ચક્ષુ-અચક્ષુ બે દર્શન, દાન આદિ પાંચ લબ્ધિઓ; ત્રીજા ગુણસ્થાનમાં બે કે ત્રણ જ્ઞાન, બે કે ત્રણ દર્શન, મિશ્રદષ્ટિ, પાંચ લબ્ધિઓ; ચોથા ગુણસ્થાનમાં બે કે ત્રણ જ્ઞાન, અપર્યાપ્તઅવસ્થામાં અચક્ષુ એક યા અવધિસહિત બે દર્શન, અને પર્યાપ્તઅવસ્થામાં બે કે ત્રણ દર્શન; સમ્યક્ત્વ, પાંચ લબ્ધિઓ; પાંચમા ગુણસ્થાનમાં બે કે ત્રણ જ્ઞાન, બે કે ત્રણ દર્શન, સમ્યક્ત્વ, દેશવિરતિ, પાંચ લબ્ધિઓ; છઠ્ઠા અને સાતમા ગુણસ્થાનોમાં બે, ત્રણ કે મનઃપર્યાય સુધીનાં ચાર જ્ઞાન, બે કે ત્રણ દર્શન, સમ્યક્ત્વ, ચારિત્ર, પાંચ લબ્ધિઓ; આઠમા, નવમા અને દસમા ગુણસ્થાનોમાં સમ્યક્ત્વને છોડીને છઠ્ઠા અને સાતમા ગુણસ્થાનવાળા બધા ક્ષાયોપશમિક ભાવો; અગિયારમા અને બારમા ગુણસ્થાનોમાં ચારિત્રને છોડી દસમા ગુણસ્થાનવાળા બધા ક્ષાયોપશમિક ભાવો.

**ઔદયિક** - પહેલા ગુણસ્થાનમાં અજ્ઞાન, અસિદ્ધત્વ, અસંયમ, એક લેશ્યા, એક કષાય, એક ગતિ, એક વેદ અને મિથ્યાત્વ; બીજા ગુણસ્થાનમાં મિથ્યાત્વને છોડી પહેલા ગુણસ્થાનવાળા બધા ઔદયિક ભાવો; ત્રીજા, ચોથા અને પાંચમા ગુણસ્થાનમાં અજ્ઞાનને છોડીને બીજા ગુણસ્થાનવાળા બધા ઔદયિક ભાવો; છઠ્ઠાથી નવમા સુધીનાં ચાર ગુણસ્થાનોમાં અસંયમ સિવાયના પાંચમા ગુણસ્થાનવાળા બધા ઔદયિક ભાવો; દસમા ગુણસ્થાનમાં વેદને છોડીને નવમા ગુણસ્થાનવાળા બધા ઔદયિક ભાવો; અગિયારમા અને બારમા ગુણસ્થાનમાં કષાયને છોડીને દસમા ગુણસ્થાનવાળા બધા ઔદયિક ભાવો; તેરમા ગુણસ્થાનમાં અસિદ્ધત્વ, લેશ્યા અને ગતિ એ ત્રણ; અને ચૌદમા ગુણસ્થાનમાં ગતિ અને અસિદ્ધત્વ એ બે ઔદયિક ભાવો છે.

**ક્ષાયિક** - ચોથાથી અગિયારમા સુધીનાં આઠ ગુણસ્થનોમાં સમ્યક્ત્વ; બારમા ગુણસ્થાનમાં સમ્યક્ત્વ અને ચારત્રિ બે, અને તેરમા અને ચૌદમા ગુણસ્થાનોમાં નવ ક્ષાયિક ભાવો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઔપશમિક** - ચોથાથી આઠમા સુધીનાં પાંચ ગુણસ્થાનોમાં સમ્યક્ત્વ; નવમાથી અગિયારમા સુધીનાં ત્રણ ગુણસ્થાનોમાં સમ્યક્ત્વ અને ચારિત્ર બે ઔપશમિક ભાવો છે.

**પારિણામિક** - પહેલા ગુણસ્થાનમાં ત્રણેય; બીજાથી બારમા સુધીનાં અગિયાર ગુણસ્થાનોમાં જીવત્વ અને ભવ્યત્વ બે; અને તેરમા અને ચૌદમા ગુણસ્થાનમાં એક જીવત્વ જ પારિણામિક ભાવ છે.

## શ્વેતામ્બર તથા દિગમ્બરનાં સમાન અસમાન મન્તવ્યો[1]

### સમાન મન્તવ્યો

નિશ્ચય અને વ્યવહાર દષ્ટિથી 'જીવ' શબ્દની વ્યાખ્યા બન્ને સંપ્રદાયોમાં તુલ્ય છે (પૃષ્ઠ 4). આ સંબંધમાં ગોમ્મટસારના જીવકાણ્ડનું 'પ્રાણાધિકાર' પ્રકરણ અને તેની ટીકા જોવા યોગ્ય છે.

'માર્ગણાસ્થાન' શબ્દની વ્યાખ્યા બન્ને સંપ્રદાયોમાં સમાન છે (પૃ. 4).

'ગુણસ્થાન' શબ્દની વ્યાખ્યાશૈલી કર્મગ્રન્થ અને જીવકાણ્ડમાં ભિન્ન જેવી છે, પરંતુ તેમાં તાત્ત્વિક અર્થભેદ નથી (પૃ. 4).

ઉપયોગનું સ્વરૂપ બન્ને સંપ્રદાયોમાં સમાન મનાયું છે (પૃ. 5).

કર્મગ્રન્થમાં અપર્યાપ્ત સંજ્ઞીને ત્રણ ગુણસ્થાનો મનાયાં છે, પરંતુ ગોમ્મટસારમાં પાંચ મનાયાં છે. આમ બન્નેનો સંખ્યા બાબતે મતભેદ છે, તેમ છતાં તે અપેક્ષાકૃત છે, તેથી વાસ્તવિક દષ્ટિએ તેમાં સમાનતા જ છે (પૃ. 12).

કેવલજ્ઞાનીની બાબતમાં સંજ્ઞીત્વ તથા અસંજ્ઞીત્વનો વ્યવહાર બન્ને સંપ્રદાયના શાસ્ત્રોમાં સમાન છે (પૃ. 13).

વાયુકાયના શરીરની ધ્વજાકારતા બન્ને સંપ્રદાયોને માન્ય છે (પૃ. 20).

છાદ્મસ્થિક ઉપયોગોનું કાલમાન અન્તર્મુહૂર્તપ્રમાણ બન્ને સંપ્રદાયોને માન્ય છે (પૃ. 20, નોંધ).

ભાવલેશ્યા અંગેની સ્વરૂપ, દષ્ટાન્ત આદિ અનેક વાતો બન્ને સંપ્રદાયમાં તુલ્ય છે (પૃ. 33).

ચૌદ માર્ગણાઓના અર્થ બન્ને સંપ્રદાયમાં સમાન છે તથા તેમની મૂલ ગાથાઓ પણ એકસરખી છે (પૃ. 47, નોંધ).

સમ્યક્ત્વની વ્યાખ્યા બન્ને સંપ્રદાયોમાં તુલ્ય છે (પૃ. 50, નોંધ).

વ્યાખ્યા કંઈક ભિન્ન જેવી હોવા છતાં પણ આહારના સ્વરૂપમાં બન્ને સંપ્રદાયોનો તાત્ત્વિક ભેદ નથી. શ્વેતામ્બર ગ્રન્થોમાં સર્વત્ર આહારના ત્રણ ભેદ છે અને દિગમ્બર ગ્રન્થોમાં ક્યાંક છ ભેદ પણ મળે છે (પૃ. 50, નોંધ).

---

1. આમાં બધે સ્થાને ગ્રન્થનામ વિનાની પૃષ્ઠસંખ્યા હિન્દી ચોથા ગ્રન્થની (પં.સુખલાલજી) સમજવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરિહારવિશુદ્ધ સંયમનો અધિકારી કેટલી ઉંમરનો હોવો જોઈએ, તેનામાં કેટલું જ્ઞાન આવશ્યક છે અને તે સંયમ કોની પાસે ગ્રહણ કરી શકાય અને તેમાં વિહાર આદિનો કાલનિયમ કેવો છે, ઇત્યાદિ તેના અંગેની વાતો બન્ને સંપ્રદાયોમાં ઘણા અંશોમાં સમાન છે (પૃ. 59, નોંધ).

ક્ષાયિક સમ્યક્ત્વ જિનકાલિક મનુષ્યને થાય છે એ વાત બન્ને સંપ્રદાયને ઇષ્ટ છે (પૃ. 66, નોંધ).

કેવલીમાં દ્રવ્યમનનો સંબંધ બન્ને સંપ્રદાયોને ઇષ્ટ છે (પૃ. 101, નોંધ).

મિશ્રસમ્યગ્દષ્ટિ ગુણસ્થાનમાં મતિ આદિ ઉપયોગોની જ્ઞાન-અજ્ઞાન ઉભયરૂપતા ગોમ્મટસારમાં પણ છે. (પૃ. 109, નોંધ).

ગર્ભજ મનુષ્યોની સંખ્યાનો અંક ઓગણત્રીસ બન્ને સંપ્રદાયોમાં તુલ્ય છે (પૃ. 117, નોંધ).

ઇન્દ્રિયમાર્ગણામાં દ્વીન્દ્રિય આદિનું અને કાયમાર્ગણામાં તેજઃકાય આદિનું વિશેષાધિકત્વ બન્ને સંપ્રદાયોમાં એકસરખું ઇષ્ટ છે (પૃ. 122, નોંધ).

વક્રગતિમાં વિગ્રહોની (વળાંકોની) સંખ્યા બન્ને સંપ્રદાયમાં સરખી છે, તેમ છતાં શ્વેતામ્બર ગ્રન્થોમાં ક્યાંક ક્યાંક જે ચાર વિગ્રહોનો મતાન્તર મળે છે તે દિગમ્બર ગ્રન્થોમાં જોવા મળતો નથી. તથા વક્રગતિનું કાલમાન બન્ને સંપ્રદાયોમાં તુલ્ય છે. વક્રગતિમાં અનાહારકત્વનું કાલમાન વ્યવહાર અને નિશ્ચય બન્ને દષ્ટિએ વિચારવામાં આવે છે. તેમાં વ્યવહારદષ્ટિ અનુસાર શ્વેતામ્બરપ્રસિદ્ધ તત્ત્વાર્થસૂત્રમાં વિચાર છે અને નિશ્ચયદષ્ટિ અનુસાર દિગમ્બરપ્રસિદ્ધ તત્ત્વાર્થસૂત્રમાં વિચાર છે. તેથી આ બાબતમાં પણ બન્ને સંપ્રદાયનો વાસ્તવિક મતભેદ નથી (પૃ. 143).

અવધિદર્શનમાં ગુણસ્થાનોની સંખ્યા બાબતે સૈદ્ધાન્તિક એક અને કાર્મગ્રન્થિક બે એમ જે ત્રણ પક્ષો છે તેમનામાંથી કાર્મગ્રન્થિક બન્ને પક્ષો દિગમ્બર ગ્રન્થોમાં મળે છે (પૃ. 146).

કેવલજ્ઞાનીમાં આહારકત્વ, આહારનું કારણ અસાતવેદનીયનો ઉદય અને ઔદારિક પુદ્ગલોનું ગ્રહણ આ ત્રણે વાતો બન્ને સંપ્રદાયોમાં એકસરખી માન્ય છે (પૃ. 148).

ગુણસ્થાનમાં જીવસ્થાનનો વિચાર ગોમ્મટસારમાં કર્મગ્રન્થની અપેક્ષાએ કંઈક ભિન્ન જણાય છે, પરંતુ તે અપેક્ષાકૃત હોવાથી વસ્તુતઃ તો કર્મગ્રન્થના સમાન જ છે (પૃ. 161, નોંધ).

ગુણસ્થાનમાં ઉપયોગની સંખ્યા કર્મગ્રન્થ અને ગોમ્મસારમાં સરખી છે (પૃ. 167, નોંધ).

એકેન્દ્રિયમાં સાસાદનભાવ માનનાર અને ન માનનાર એવા બે પક્ષો શ્વેતામ્બર ગ્રન્થોમાં છે, તેવી જ રીતે દિગમ્બર ગ્રન્થોમાં પણ છે (પૃ. 171, નોંધ).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્વેતામ્બર ગ્રન્થોમાં ક્યાંક કર્મબન્ધના ચાર હેતુ, ક્યાંક બે હેતુ અને ક્યાંક પાંચ હેતુ કહ્યા છે; દિગમ્બર ગ્રન્થોમાં પણ આ બધું વર્ણવાયું છે. (પૃ. 174, નોંધ)

બંધહેતુઓના ઉત્તર ભેદ બન્ને સંપ્રદાયોમાં સમાન છે (પૃ. 175, નોંધ).

સામાન્ય તથા વિશેષ બન્ધહેતુઓનો વિચાર બન્ને સંપ્રદાયોના ગ્રન્થોમાં છે (પૃ. 181, નોંધ).

એક સંખ્યાના અર્થમાં રૂપ શબ્દ બન્ને સંપ્રદાયના ગ્રન્થોમાં મળે છે (પૃ. 218, નોંધ).

કર્મગ્રન્થમાં વર્ણવવામાં આવેલા દસ અને છ ક્ષેપ ત્રિલોકસારમાં પણ છે (પૃ. 221, નોંધ)

ઉત્તર પ્રકૃતિઓના મૂલ બન્ધહેતુનો વિચાર જે સર્વાર્થસિદ્ધિમાં છે તે પંચસંગ્રહમાં કરવામાં આવેલા વિચારથી કંઈક ભિન્ન જેવો હોવા છતાં પણ વસ્તુતઃ તેના સમાન જ છે (પૃ. 227).

કર્મગ્રન્થ અને પંચસંગ્રહમાં એક જીવાશ્રિત ભાવોનો જે વિચાર છે ઘણા અંશોમાં તે વિચારના સમાન જ વર્ણન ગોમ્મટસારમાં પણ છે (પૃ. 229).

**અસમાન મન્તવ્ય**

શ્વેતામ્બર ગ્રન્થોમાં તેજઃકાયના વૈક્રિયશરીરનું કથન નથી પરંતુ દિગમ્બર ગ્રન્થોમાં છે (પૃ. 19, નોંધ).

શ્વેતામ્બર સંપ્રદાયની અપેક્ષાએ દિગમ્બર સંપ્રદાયમાં સંજ્ઞી-અસંજ્ઞીનો વ્યવહાર કંઈક ભિન્ન છે તથા શ્વેતામ્બર ગ્રન્થોમાં હેતુવાદોપદેશિકી આદિ સંજ્ઞાઓનું વિસ્તૃત વર્ણન છે પરંતુ દિગમ્બર ગ્રન્થોમાં નથી (પૃ. 39).

શ્વેતામ્બરશાસ્ત્રપ્રસિદ્ધ કરણાપર્યાપ્ત શબ્દના સ્થાને દિગમ્બર શાસ્ત્રમાં નિર્વૃત્ત્યપર્યાપ્ત શબ્દ છે. વ્યાખ્યા પણ બન્ને શબ્દોની કંઈક ભિન્ન છે (પૃ. 41).

શ્વેતામ્બર ગ્રન્થોમાં કેવલજ્ઞાન અને કેવલદર્શનના ક્રમભાવિત્વ, સહભાવિત્વ અને અભેદ એ ત્રણ પક્ષો છે પરંતુ દિગમ્બર ગ્રન્થોમાં સહભાવિત્વનો એક જ પક્ષ છે. (પૃ. 43).

લેશ્યા તથા આયુના બન્ધ-અબન્ધની અપેક્ષાએ કષાયના જે ચૌદ અને વીસ ભેદ ગોમ્મટસારમાં છે તે શ્વેતામ્બર ગ્રન્થોમાં દેખાતા નથી (પૃ. 55, નોંધ).

અપર્યાપ્તઅવસ્થામાં ઔપશમિકસમ્યક્ત્વની પ્રાપ્તિ થવા ન થવા અંગે બે પક્ષો શ્વેતામ્બર ગ્રન્થોમાં છે પરંતુ ગોમ્મટસારમાં આ બેમાંથી પહેલો પક્ષ જ છે (પૃ. 70, નોંધ).

અજ્ઞાનત્રિકમાં ગુણસ્થાનોની સંખ્યા બાબતે કર્મગ્રન્થમાં બે પક્ષો મળે છે પરંતુ ગોમ્મટસારમાં એક જ પક્ષ છે (પૃ. 82, નોંધ).

ગોમ્મટસારમાં નારકોની સંખ્યા કર્મગ્રન્થમાં વર્ણવવામાં આવેલી સંખ્યાથી ભિન્ન છે (પૃ. 119, નોંધ).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્રવ્યમનનાં આકાર તથા સ્થાન દિગમ્બર સંપ્રદાયમાં શ્વેતામ્બર સંપ્રદાયની અપેક્ષાએ ભિન્ન પ્રકારનાં માનવામાં આવ્યાં છે અને ત્રણ યોગોનાં બાહ્યાભ્યન્તર કારણોનું વર્ણન રાજવાર્તિકમાં બહુ સ્પષ્ટ કરવામાં આવ્યું છે (પૃ. 134).

મનઃપર્યાયજ્ઞાનના યોગોની સંખ્યા બન્ને સંપ્રદાયોમાં સરખી નથી (પૃ. 154).

શ્વેતામ્બર ગ્રન્થોમાં જે એક અર્થ માટે આયોજિકાકરણ, આવર્જિતકરણ અને આવશ્યકકરણ એ ત્રણ સંજ્ઞાઓ મળે છે તે જ અર્થ માટે દિગમ્બર ગ્રન્થોમાં કેવળ આવર્જિતકરણ એ એક જ સંજ્ઞા મળે છે (પૃ. 155).

શ્વેતામ્બર ગ્રન્થોમાં કાળને સ્વતન્ત્ર દ્રવ્ય પણ માનેલ છે તેમ જ ઉપચરિત પણ માનેલ છે. પરંતુ દિગમ્બર ગ્રન્થોમાં તેને સ્વતન્ત્ર જ માનેલ છે. સ્વતન્ત્રપક્ષમાં પણ કાલનું સ્વરૂપ બન્ને સંપ્રદાયોના ગ્રન્થોમાં એકસરખું નથી (પૃ. 157).

કોઈ કોઈ ગુણસ્થાનમાં યોગોની સંખ્યા ગોમ્મટસારમાં કર્મગ્રન્થની અપેક્ષાએ ભિન્ન છે (પૃ. 163, નોંધ).

બીજા ગુણસ્થાનના સમયમાં જ્ઞાન તથા અજ્ઞાન માનનારા એવા બે પક્ષો શ્વેતામ્બર ગ્રન્થોમાં છે, પરંતુ ગોમ્મટસારમાં એકમાત્ર બીજો પક્ષ છે (પૃ. 169, નોંધ).

ગુણસ્થાનોમાં લેશ્યાની સંખ્યા બાબતે શ્વેતામ્બર ગ્રન્થોમાં બે પક્ષો છે અને દિગમ્બર ગ્રન્થોમાં ફક્ત એક જ પક્ષ છે (પૃ. 172, નોંધ).

જીવ સમ્યક્ત્વ સહિત મરીને સ્ત્રી રૂપમાં જન્મતો નથી આ વાત દિગમ્બર સંપ્રદાયને માન્ય છે, પરંતુ શ્વેતામ્બર સંપ્રદાયને આ મત ઇષ્ટ હોઈ શકે નહિ કેમ કે તેમાં ભગવાન મલ્લિનાથને સ્ત્રીવેદ તથા સમ્યક્ત્વ સહિત જન્મ લેતા મનાયા છે.

## કાર્મગ્રન્થિકો અને સૈદ્ધાન્તિકોનો મતભેદ

સૂક્ષ્મ એકેન્દ્રિય આદિ દસ જીવસ્થાનોમાં ત્રણ ઉપયોગોનું કથન કાર્મગ્રન્થિક મતનું ફલિત છે. સૈદ્ધાન્તિક મત અનુસાર તો છ જીવસ્થાનોમાં જ ત્રણ ઉપયોગો ફલિત થાય છે અને દ્વીન્દ્રિય આદિ શેષ ચાર જીવસ્થાનોમાં પાંચ ઉપયોગો ફલિત થાય છે (પૃ. 22, નોંધ).

અવધિદર્શનમાં ગુણસ્થાનોની સંખ્યા અંગે કાર્મગ્રન્થિકો તથા સૈદ્ધાન્તિકોનો મતભેદ છે. કાર્મગ્રન્થિક તેમાં નવ તથા દસ ગુણસ્થાન માને છે જ્યારે સૈદ્ધાન્તિક તેમાં બાર ગુણસ્થાન માને છે (પૃ. 146).

સૈદ્ધાન્તિક બીજા ગુણસ્થાનમાં જ્ઞાન માને છે પરંતુ કાર્મગ્રન્થિક તેમાં અજ્ઞાન માને છે (પૃ. 169, નોંધ).

વૈક્રિયશરીર તથા આહારકશરીર બનાવતી અને ત્યાગતી વખતે કયો યોગ માનવો જોઈએ એ બાબતે કાર્મગ્રન્થિકો અને સૈદ્ધાન્તિકોનો મતભેદ છે (પૃ. 170, નોંધ).

ગ્રન્થિભેદ અનન્તર કયું સમ્યક્ત્વ થાય છે એ અંગે સિદ્ધાન્ત તથા કર્મગ્રન્થનો મતભેદ છે (પૃ. 171).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ચોથો કર્મગ્રન્થ તથા પંચસંગ્રહ

જીવસ્થાનોમાં યોગનો વિચાર પંચસંગ્રહમાં પણ છે (પૃ. 15,નોંધ).

અપર્યાપ્ત જીવસ્થાનના યોગો અંગેનો મતભેદ જે આ કર્મગ્રન્થમાં છે તે પંચસંગ્રહની ટીકામાં વિસ્તારપૂર્વક છે (પૃ. 16).

જીવસ્થાનોમાં ઉપયોગોનો વિચાર પંચસંગ્રહમાં પણ છે (પૃ. 20, નોંધ).

કર્મગ્રન્થકારે વિભંગજ્ઞાનમાં બે જીવસ્થાનોનો અને પંચસંગ્રહકારે એક જીવસ્થાનનો ઉલ્લેખ કર્યો છે (પૃ. 68, નોંધ).

અપર્યાપ્તઅવસ્થામાં ઔપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત થઈ શકે છે એ વાત પંચસંગ્રહમાં પણ છે (પૃ. 70, નોંધ).

પુરુષો કરતાં સ્ત્રીઓની સંખ્યા વધારે હોવાનું વર્ણન પંચસંગ્રહમાં છે (પૃ. 125, નોંધ).

પંચસંગ્રહમાં પણ ગુણસ્થાનોને લઈને યોગોનો વિચાર છે (પૃ. 163, નોંધ).

ગુણસ્થાનમાં ઉપયોગનું વર્ણન પંચસંગ્રહમાં છે (પૃ. 167, નોંધ).

બન્ધહેતુઓના ઉત્તર ભેદનો તથા ગુણસ્થાનોમાં મૂલ બંધહેતુઓનો વિચાર પંચસંગ્રહમાં છે (પૃ. 175, નોંધ).

સામાન્ય તથા વિશેષ બન્ધહેતુઓનું વર્ણન પંચસંગ્રહમાં વિસ્તારથી કરવામાં આવ્યું છે (પૃ. 181, નોંધ).

ગુણસ્થાનોમાં બન્ધ, ઉદય આદિનો વિચાર પંચસંગ્રહમાં છે (પૃ. 187, નોંધ).

ગુણસ્થાનોમાં અલ્પ-બહુત્વનો વિચાર પંચસંગ્રહમાં છે (પૃ. 192, નોંધ).

કર્મના ભાવ પંચસંગ્રહમાં છે (પૃ. 204, નોંધ).

ઉત્તર પ્રકૃતિઓના મૂલ બન્ધહેતુઓનો વિચાર કર્મગ્રન્થ અને પંચસંગ્રહમાં ભિન્ન ભિન્ન શૈલીનો છે. (પૃ. 227)

એક જીવાશ્રિત ભાવોની સંખ્યા મૂલ કર્મગ્રન્થ અને મૂલ પંચસંગ્રહમાં ભિન્ન નથી પરંતુ બન્નેની વ્યાખ્યાઓમાં જોવા જેવો થોડોક વિચારભેદ છે (પૃ. 229).

## ચોથા કર્મગ્રન્થનાં કેટલાંક વિશેષ સ્થલ

જીવસ્થાન, માર્ગણાસ્થાન અને ગુણસ્થાનનું પારસ્પરિક અન્તર (પૃ. 5).

પરભવનું આયુષ્ય બાંધવાનો સમયવિભાગ અધિકારીભેદ અનુસાર કેવા કેવા પ્રકારનો છે ? તેનો ખુલાસો (પૃ. 25, નોંધ).

ઉદીરણા કેવા પ્રકારના કર્મની થાય છે અને તે ક્યાં સુધી થઈ શકે છે ? આ વિષયનો નિયમ (પૃ. 26, નોંધ).

દ્રવ્યલેશ્યાના સ્વરૂપ બાબતે કેટલા પક્ષો છે ? તે બધાનો આશય શું છે ? ભાવલેશ્યા શી વસ્તુ છે અને મહાભારતમાં, યોગદર્શનમાં તથા ગોશાલકના મતમાં લેશ્યાના સ્થાને કેવી કલ્પના છે ? ઇત્યાદિનો વિચાર (પૃ. 33).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાસ્ત્રમાં એકેન્દ્રિય, દ્વીન્દ્રિય આદિ જે ઈન્દ્રિયસાપેક્ષ પ્રાણીઓનો વિભાગ છે તે કઈ અપેક્ષાથી છે ? તથા ઇન્દ્રિયના કેટલા ભેદ-પ્રભેદ છે અને તેમનું શું સ્વરૂપ છે ? ઇત્યાદિ વિચાર (પૃ. 36).

સંજ્ઞાનું તથા તેના ભેદ-પ્રભેદોનું સ્વરૂપ અને સંજ્ઞીત્વ તથા અસંજ્ઞીત્વના વ્યવહારનું નિયામક શું છે ? ઇત્યાદિ પર વિચાર (પૃ. 38).

અપર્યાપ્ત તથા પર્યાપ્ત અને તેમના ભેદ આદિનું સ્વરૂપ તથા પર્યાપ્તિનું સ્વરૂપ (પૃ. 40).

કેવલજ્ઞાન તથા કેવલદર્શનના ક્રમભાવિત્વ, સહભાવિત્વ અને અભેદ એ ત્રણ પક્ષોની મુખ્ય મુખ્ય દલીલો તથા ઉક્ત ત્રણ પક્ષો કયા કયા નયની અપેક્ષાએ છે ? ઇત્યાદિનું વર્ણન (પૃ. 43).

બોલવાની અને સાંભળવાની શક્તિ ન હોવા છતાં એકેન્દ્રિયમાં શ્રુતઉપયોગનો સ્વીકાર કરવામાં આવે છે, તે કઈ રીતે ? તેના ઉપર વિચાર (પૃ. 45).

પુરુષ વ્યક્તિમાં સ્ત્રીયોગ્ય અને સ્ત્રીવ્યક્તિમાં પુરુષયોગ્ય ભાવો મળે છે અને ક્યારેક તો એક જ વ્યક્તિમાં સ્ત્રી-પુરુષ બન્નેનાં બાહ્યાભ્યન્તર લક્ષણો હોય છે. તેની વિશ્વાસપાત્ર સાબિતી (પૃ. 53, નોંધ).

શ્રાવકોની દયા જે સવા વિશ્વા કહેવાય છે તેનો ખુલાસો (પૃ. 61, નોંધ).

મનઃપર્યાયઉપયોગને કોઈક આચાર્ય દર્શનરૂપ પણ માને છે એનું પ્રમાણ (પૃ. 62, નોંધ).

જાતિભવ્ય કોને કહે છે ? એનો ખુલાસો (પૃ. 65, નોંધ).

ઔપશમિક સમ્યક્ત્વમાં બે જીવસ્થાનો માનનારા અને એક જીવસ્થાન માનનારા આચાર્ય પોતપોતાના પક્ષની પુષ્ટિ કરવા માટે અપર્યાપ્તઅવસ્થામાં ઔપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત થવા ન થવાની બાબતમાં કયા કયા તર્કો આપે છે ? એનું સવિસ્તર વર્ણન (પૃ. 70, નોંધ).

સંમૂર્છિમ મનુષ્યોની ઉત્પત્તિનાં ક્ષેત્ર અને સ્થાન તથા તેમનું આયુષ્ય અને તેમની યોગ્યતા જાણવા માટે આગમિક પ્રમાણ (પૃ. 72, નોંધ).

સ્વર્ગથી ચ્યુત થઈને દેવો કયાં સ્થાનોમાં જન્મ લે છે ? એનું કથન (પૃ. 73, નોંધ).

ચક્ષુર્દર્શનમાં કોઈ ત્રણ જ જીવસ્થાન માને છે અને કોઈ છ માને છે. આ મતભેદ ઈન્દ્રિપર્યાપ્તિની ભિન્ન ભિન્ન વ્યાખ્યાઓ પર નિર્ભર છે. તેનું સપ્રમાણ કથન (પૃ. 76, નોંધ).

કર્મગ્રન્થમાં અસંજ્ઞી પંચેન્દ્રિયના સ્ત્રી અને પુરુષ એ બે ભેદ માન્યા છે જ્યારે સિદ્ધાન્તમાં કેવળ એક નપુંસક જ માનેલ છે, તે કઈ અપેક્ષાએ ? એનું પ્રમાણ (પૃ. 88, નોંધ).

અજ્ઞાનત્રિકમાં બે ગુણસ્થાન માનનારાઓ અને ત્રણ ગુણસ્થાન માનનારાઓનો આશય શું છે ? તેનો ખુલાસો (પૃ. 82).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કૃષ્ણ આદિ ત્રણ અશુભ લેશ્યાઓમાં છ ગુણસ્થાન આ કર્મગ્રન્થમાં માન્યાં છે અને પંચસંગ્રહ આદિ ગ્રન્થોમાં ઉક્ત ત્રણ લેશ્યાઓમાં ચાર ગુણસ્થાનો માન્યાં છે, તે કઈ અપેક્ષાએ ? તેનો પ્રમાણપૂર્વક ખુલાસો (પૃ. 88).

જ્યારે મરણ સમયે અગિયાર ગુણસ્થાનની પ્રાપ્તિનું કથન છે ત્યારે વિગ્રહગતિમાં ત્રણ જ ગુણસ્થાન કેવી રીતે માન્યાં ? તેનો ખુલાસો (પૃ. 89).

સ્ત્રીવેદમાં તેર યોગોનું તથા વેદ સામાન્યમાં બાર ઉપયોગોનું અને નવ ગુણસ્થાનોનું જે કથન છે તે દ્રવ્ય અને ભાવમાંથી કયા કયા પ્રકારના વેદને લઈને ઘટી શકે છે ? તેનો ખુલાસો (પૃ. 97, નોંધ).

ઉપશમસમ્યક્ત્વના યોગોમાં ઔદારિકમિશ્રયોગને ગણાવેલ છે, તે કેવી રીતે સંભવે ? તેનો ખુલાસો (પૃ. 98).

માર્ગણાઓમાં જે અલ્પબહુત્વનો વિચાર કર્મગ્રન્થમાં છે તે આગમ આદિ કયા પ્રાચીન ગ્રન્થોમાં છે ? તેનો નિર્દેશ (પૃ. 115, નોંધ).

કાલની અપેક્ષાએ ક્ષેત્રની સૂક્ષ્મતાનું સપ્રમાણ કથન (પૃ. 117. નોંધ).

શુકલ, પદ્મ અને તેજોલેશ્યાવાળાઓના સંખ્યાતગુણ અલ્પબહુત્વ પર શંકા-સમાધાન તથા તે વિષયમાં ટબાકારનું મન્તવ્ય (પૃ. 130, નોંધ).

ત્રણ યોગોના સ્વરૂપનું તથા તેમનાં બાહ્ય-આભ્યન્તર કારણોનું સ્પષ્ટ કથન અને યોગોની સંખ્યા બાબતે શંકા-સમાધાન તથા દ્રવ્યમન, દ્રવ્યવચન અને શરીરના સ્વરૂપનું કથન (પૃ. 134).

સમ્યક્ત્વ સહેતુક છે યા નિર્હેતુક ? ક્ષાયોપશમિક આદિ ભેદોનો આધાર, ઔપશમિકસમ્યક્ત્વ અને ક્ષાયોપશમિકસમ્યક્ત્વ વચ્ચેનું અન્તર, ક્ષાયિક સમ્યક્ત્વની તે બન્નેથી વિશેષતા, કેટલીક શંકાઓ અને તેમનું સમાધાન, વિપાકોદય અને પ્રદેશોદયનું સ્વરૂપ, ક્ષયોપશમ અને ઉપશમ શબ્દોની વ્યાખ્યા, અને અન્ય પ્રાસંગિક વિચાર (પૃ. 136).

અપર્યાપ્તઅવસ્થામાં ઇન્દ્રિયપર્યાપ્તિ પૂર્ણ થતાં પહેલાં ચક્ષુર્દર્શન માનવા ન માનવા ઉપર પ્રમાણપૂર્વક વિચાર (પૃ. 141).

વક્રગતિ અંગેની ત્રણ બાબતો પર સવિસ્તર વિચાર - (1) વક્રગતિના વિગ્રહો (વળાંકો)ની સંખ્યા, (2) વક્રગતિનું કાલમાન અને (3) વક્રગતિમાં અનાહારકત્વનું કાલમાન (પૃ. 143).

અવધિદર્શનમાં ગુણસ્થાનોની સંખ્યા બાબતે પક્ષભેદ તથા પ્રત્યેક પક્ષનું તાત્પર્ય અર્થાત્ વિભંગજ્ઞાનથી અવધિદર્શનનો ભેદાભેદ (પૃ. 146).

શ્વેતામ્બર-દિગમ્બર સંપ્રદાયોમાં કવલાહારવિષયકમતભેદનો સમન્વય (પૃ. 148).

કેવલજ્ઞાન પ્રાપ્ત કરી શકનારી સ્ત્રી જાતિ માટે શ્રુતજ્ઞાનવિશેષના અર્થાત્ દૃષ્ટિવાદના અધ્યયનનો નિષેધ કરવો એ એક પ્રકારે વદતોવ્યાઘાત છે, આંતરવિરોધ છે. આ અંગે વિચાર તથા નયદૃષ્ટિએ વિરોધનો પરિહાર (પૃ. 149).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચક્ષુર્દર્શનના યોગોમાંથી ઔદારિકમિશ્રયોગનું વર્જન કરવામાં આવ્યું છે, તે કેવી રીતે સંભવે છે એ વિષય ઉપર વિચાર (પૃ. 154).

કેવલિસમુદ્ઘાત સંબંધી અનેક વિષયોનું વર્ણન, ઉપનિષદોમાં તથા ગીતામાં જે આત્માની વ્યાપકતાનું વર્ણન છે તેની જૈનદષ્ટિ સાથે તુલના અને કેવલિસમુદ્ઘાત જેવી પ્રક્રિયા અન્ય કયા દર્શનોમાં છે તેનો નિર્દેશ (પૃ. 155).

જૈનદર્શનમાં તથા જૈનેતરદર્શનમાં કાલનું સ્વરૂપ કેવા કેવા પ્રકારનું મનાયું છે ? તથા તેનું વાસ્તવિક સ્વરૂપ કેવું માનવું જોઈએ ? એનો પ્રમાણપૂર્વક વિચાર (પૃ. 157).

છ લેશ્યાઓનો સંબંધ ચાર ગુણસ્થાન સુધી માનવો જોઈએ કે છ ગુણસ્થાન સુધી ? આ બાબતે જે પક્ષો છે તેમનો આશય તથા શુભ ભાવલેશ્યા વખતે અશુભ દ્રવ્યલેશ્યા અને અશુભ દ્રવ્યલેશ્યા વખતે શુભ ભાવલેશ્યા, આ જાતની લેશ્યાઓની વિષમતા કયા જીવોમાં હોય છે ? ઇત્યાદિ વિચાર (પૃ. 172, નોંધ).

કર્મબન્ધના હેતુઓની ભિન્ન ભિન્ન સંખ્યા તથા તે અંગે કેટલોક વિશેષ ઊહાપોહ (પૃ. 174, નોંધ).

આભિગ્રહિક, અનાભિગ્રહિક અને આભિનિવેશિક મિથ્યાત્વનો શાસ્ત્રીય ખુલાસો (પૃ. 176, નોંધ).

તીર્થંકરનામકર્મ અને આહારકદ્વિક આ ત્રણ પ્રકૃતિઓના બન્ધોને ક્યાંક કષાયહેતુક કહ્યા છે અને કયાંક તીર્થંકરનામકર્મના બન્ધને સમ્યક્ત્વહેતુક કહ્યો છે તથા આહારકદ્વિકના બન્ધને સંયમહેતુક કહ્યો છે, તો તે કઈ અપેક્ષાએ ? તેનો ખુલાસો (પૃ. 181, નોંધ).

છ ભાવો અને તેમના ભેદોનું વર્ણન અન્યત્ર કયાં કયાં મળે છે ? એનો નિર્દેશ (પૃ. 196, નોંધ).

મતિ આદિ અજ્ઞાનોને ક્યાંક ક્ષાયોપશિમક અને ક્યાંક ઔદયિક કહ્યાં છે, તે કઈ અપેક્ષાએ ? તેનો ખુલાસો (પૃ. 199, નોંધ).

સંખ્યાનો વિચાર બીજે કયાં કયાં છે અને કેવા કેવા પ્રકારનો છે ? એનો નિર્દેશ (પૃ. 208, નોંધ).

યુગપત્ તથા ભિન્ન ભિન્ન સમયમાં એક યા અનેક જીવાશ્રિત પ્રાપ્ત થતા ભાવો અને અનેક જીવોની અપેક્ષાએ ગુણસ્થાનોમાં ભાવોના ઉત્તર ભેદો (પૃ. 231).

●

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પાંચમું પ્રકરણ

# પંચમકર્મગ્રન્થપરિશીલન

### કર્મતત્ત્વ

કર્મગ્રન્થોના હિન્દી અનુવાદ સાથે તથા હિન્દી અનુવાદના પ્રકાશક આત્માનન્દ જૈન પુસ્તક પ્રચારક મણ્ડલ, આગ્રા, સાથે મારો એટલો ઘનિષ્ઠ સંબંધ રહ્યો છે કે આ અનુવાદની સાથે પણ પૂર્વકથનના રૂપમાં કંઈક લખી આપવું મારા માટે અનિવાર્ય જેવું બની જાય છે.

જૈન વાઙ્મયમાં વર્તમાન સમયમાં જે શ્વેતામ્બરીય અને દિગમ્બરીય કર્મશાસ્ત્ર મોજૂદ છે તેમાંથી પ્રાચીન મનાતા કર્મવિષયક ગ્રન્થોનો સાક્ષાત્ સંબંધ બન્ને પરંપરાઓ આગ્રાયણીય પૂર્વ સાથે દર્શાવે છે. બન્ને પરંપરાઓ આગ્રાયણીય પૂર્વને દષ્ટિવાદ નામના બારમા અંગાન્તર્ગત ચૌદ પૂર્વોમાંનું બીજું પૂર્વ કહે છે અને બન્ને શ્વેતામ્બર-દિગમ્બર પરંપરાઓ સમાનપણે માને છે કે બધા અંગો તથા ચૌદ પૂર્વો એ બધું ભગવાન મહાવીરની સર્વજ્ઞ વાણીનું સાક્ષાત્ ફળ છે. આ સાંપ્રદાયિક ચિરકાલીન માન્યતા અનુસાર મોજૂદ સઘળું કર્મવિષયક જૈન વાઙ્મય શબ્દરૂપે નહિ તો છેવટે ભાવરૂપે તો ભગવાન મહાવીરના સાક્ષાત્ ઉપદેશનો જ પરંપરા દ્વારા પ્રાપ્ત સારમાત્ર છે. તેવી જ રીતે આ પણ સાંપ્રદાયિક માન્યતા છે કે વસ્તુતઃ બધી જ અંગવિદ્યાઓ ભાવરૂપે કેવળ ભગવાન મહાવીરની જ પૂર્વકાલીન નહિ પરંતુ પૂર્વ-પૂર્વ થયેલા અન્યાન્ય તીર્થંકરોથી પણ પૂર્વકાલની એટલે જ એક રીતે અનાદિ છે. પ્રવાહરૂપે અનાદિ હોવા છતાં પણ વખતોવખત થયેલા નવા નવા તીર્થંકર દ્વારા પૂર્વ-પૂર્વ અંગવિદ્યાઓ નવીન નવીનત્વ ધારણ કરતી રહે છે. આ માન્યતાને પ્રકટ કરતાં કલિકાલ સર્વજ્ઞ આચાર્ય હેમચન્દ્રે પ્રમાણમીમાંસામાં નૈયાયિક જયન્ત ભટ્ટનું અનુકરણ કરીને ઘણી ખૂબીથી કહ્યું છે કે 'अनादय एवैता विद्याः संक्षेपविस्तरविवक्षया नवनवीभवन्ति तत्तत्कर्तृकाश्चोच्यन्ते । किन्नाश्रौषीः न कदाचिदनीदृशं जगत् ।'

ઉક્ત સાંપ્રદાયિક માન્યતા એવી છે કે જેને સાંપ્રદાયિક લોકો આજ સુધી અક્ષરશઃ માનતા આવ્યા છે અને તેનું સમર્થન પણ એ રીતે જ કરતા આવ્યા છે જે રીતે મીમાંસકો વેદોના અનાદિત્વની માન્યતાનું. સાંપ્રદાયિક લોકો બે પ્રકારના હોય છે - બુદ્ધિઅપ્રયોગી શ્રદ્ધાળુ જેઓ પરંપરાપ્રાપ્ત વસ્તુને બુદ્ધિનો પ્રયોગ કર્યા વિના જ શ્રદ્ધામાત્રથી માની લે છે અને બુદ્ધિપ્રયોગી શ્રદ્ધાળુ જે પરંપરાપ્રાપ્ત વસ્તુને કેવળ શ્રદ્ધાથી જ માની લેતા નથી પણ તેનું બુદ્ધિ દ્વારા યથાસંભવ સમર્થન પણ કરે છે. આ રીતે સાંપ્રદાયિક લોકોમાં પૂર્વોક્ત શાસ્ત્રીય માન્યતાનું આદરણીય સ્થાન હોવા છતાં પણ અહીં કર્મશાસ્ત્ર અને તેના મુખ્ય વિષય કર્મતત્ત્વ અંગે એક બીજી દષ્ટિએ પણ વિચાર કરવાનું પ્રાપ્ત છે. તે દષ્ટિ છે ઐતિહાસિક.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક તો જૈન પરંપરામાં પણ સાંપ્રદાયિક માનસ ઉપરાંત ઐતિહાસિક દૃષ્ટિએ વિચાર કરવાનો યુગ ક્યારનો શરૂ થઈ ગયો છે અને બીજું એ કે મુદ્રણયુગમાં પ્રકાશિત કરવામાં આવતા મૂલ તથા અનુવાદ ગ્રન્થો જૈનો સુધી જ સીમિત નથી રહેતા. જૈનેતર પણ તેમને વાંચે છે. સંપાદક, લેખક, અનુવાદક અને પ્રકાશકનું ધ્યેય પણ એવું રહે છે કે પ્રકાશિત ગ્રન્થ કઈ રીતે અધિકાધિક પ્રમાણમાં જૈનેતર વાચકોના હાથમાં પહોંચે. કહેવાની ભાગ્યે જ જરૂરત છે કે જૈનેતર વાચકો સાંપ્રદાયિક હોઈ શકે નહિ. તેથી કર્મતત્ત્વ અને કર્મશાસ્ત્રના અંગે આપણે સાંપ્રદાયિક દૃષ્ટિએ ગમે તેટલું કેમ ન વિચારીએ અને લખીએ તેમ છતાં પણ જ્યાં સુધી આપણે ઐતિહાસિક દૃષ્ટિએ વિચાર નહિ કરીએ ત્યાં સુધી મૂલ અને અનુવાદના આપણા પ્રકાશનનો ઉદ્દેશ્ય બરાબર સિદ્ધ થઈ નહિ શકે. સાંપ્રદાયિક માન્યતાઓનાં સ્થાનોમાં ઐતિહાસિક દૃષ્ટિએ વિચાર કરવાના પક્ષમાં બીજી પણ પ્રબળ દલીલો છે. પહેલી દલીલ તો એ કે આજ હવે ધીરે ધીરે કર્મવિષયક જૈન વાઙ્મયનો પ્રવેશ કૉલેજોના પાઠ્યક્રમમાં થયો છે જ્યાંનું વાતાવરણ અસાંપ્રદાયિક હોય છે. બીજી દલીલ એ છે કે આજ હવે સાંપ્રદાયિક વાઙ્મય સંપ્રદાયની સીમા વળોટીને દૂર દૂર સુધી પહોંચવા લાગ્યું છે, તે એટલે સુધી કે જર્મન વિદ્વાન ગ્લેઝનપ જે 'જૈનિસ્મસ્' ('જૈનદર્શન') જેવા સર્વસંગ્રાહક ગ્રન્થના લેખક છે તેમણે તો શ્વેતામ્બર કર્મગ્રન્થોના અધ્યયનરૂપ મહાનિબંધ પણ જર્મન ભાષામાં ક્યારનો તૈયાર કરી દીધો છે અને તેઓ તે વિષયમાં પીએચ.ડી. પણ થયા છે. તેથી હું આ સ્થાને થોડીઘણી કર્મતત્ત્વ અને કર્મશાસ્ત્ર સંબંધી ચર્ચા ઐતિહાસિક દૃષ્ટિએ કરવા ઇચ્છું છું.

મેં આજ સુધી જે કંઈ વૈદિક અને અવૈદિક શ્રુત તથા માર્ગનું અવલોકન કર્યું છે અને તેના ઉપર જે થોડોઘણો વિચાર કર્યો છે તેના આધારે મારા મતે કર્મતત્ત્વ સાથે સંબંધ ધરાવતી નીચે જણાવેલી વસ્તુસ્થિતિ ખાસ કરીને ફલિત થાય છે. તે વસ્તુસ્થિતિ અનુસાર કર્મતત્ત્વનો વિચાર કરતી બધી પરંપરાઓની શૃંખલા ઐતિહાસિક ક્રમથી સુસંગત બની શકે છે.

પહેલો પ્રશ્ન કર્મતત્ત્વને માનવું કે નહિ, અને જો માનવું તો કયા આધારે, એ હતો. એક પક્ષ એવો હતો જે કામ અને તેના સાધનરૂપ અર્થ સિવાય બીજો કોઈ પુરુષાર્થ માનતો ન હતો. તેની દૃષ્ટિમાં ઈહલોક જ પુરુષાર્થ હતો. તેથી તે એવું કોઈ કર્મતત્ત્વ માનવા માટે બાધિત ન હતો જે સારા-ખરાબ જન્માન્તર યા પરલોકની પ્રાપ્તિ કરાવનારું હોય. આ જ પક્ષ ચાર્વાક પરંપરાના નામથી વિખ્યાત થયો. પરંતુ સાથે સાથે જ તે અતિ પ્રાચીન યુગમાં પણ એવા ચિન્તકો હતા જે દર્શાવતા હતા કે મૃત્યુ પછી જન્માન્તર છે.[1]

1. મારો મત છે કે આ દેશમાં કોઈ પણ બહારના સ્થાનથી પ્રવર્તક ધર્મ યા યાજ્ઞિક માર્ગ આવ્યો અને તે જેમ જેમ ફેલાતો ગયો તેમ તેમ આ દેશમાં તે પ્રવર્તક ધર્મના આગમન પહેલાંથી જ વિદ્યમાન નિવર્તક ધર્મ અધિકાધિક બલ પકડતો ગયો. યાજ્ઞિક પ્રવર્તક ધર્મની બીજી શાખા ઈરાનમાં જરથોસ્ત્રિયનધર્મરૂપે વિકસિત થઈ. અને ભારતમાં આવનારી યાજ્ઞિક પ્રવર્તક ધર્મની શાખાનો નિવર્તક ધર્મવાદીઓ સાથે પ્રતિદ્વન્દ્વીભાવ શરૂ થયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એટલું જ નહિ પણ આ દેખાતા લોક સિવાય બીજા પણ શ્રેષ્ઠ કનિષ્ઠ લોક છે. તેઓ પુનર્જન્મવાદી અને પરલોકવાદી કહેવાતા હતા અને તેઓ જ પુનર્જન્મ અને પરલોકના કારણરૂપે કર્મતત્ત્વને સ્વીકારતા હતા. એમની દષ્ટિ એ હતી કે જો કર્મ ન હોય તો જન્મ-જન્માન્તર અને ઈહલોક-પરલોકનો સંબંધ ઘટી શકે નહિ. તેથી પુનર્જન્મની માન્યતાના આધાર ઉપર કર્મતત્ત્વનો સ્વીકાર આવશ્યક છે. આ જ કર્મવાદીઓ પોતાને પરલોકવાદી તથા આસ્તિક કહેતા હતા.

કર્મવાદીઓનાં મુખ્ય બે દળો રહ્યાં છે. એક તો એવું પ્રતિપાદન કરતું હતું કે કર્મનું ફળ જન્માન્તર અને પરલોક અવશ્ય છે, પરંતુ શ્રેષ્ઠ જન્મ અને શ્રેષ્ઠ પરલોકના વાસ્તે કર્મ પણ શ્રેષ્ઠ જ જોઈએ. આ દળ પરલોકવાદી હોવાથી તથા શ્રેષ્ઠ લોકના, જે સ્વર્ગ શ્રેષ્ઠ લોક ગણાતું હતું તેના, સાધનરૂપે ધર્મનું પ્રતિપાદન કરતો હોવાથી ધર્મ-અર્થ-કામ એવા ત્રણ પુરુષાર્થોને જ માનતું હતું, તેની દૃષ્ટિમાં મોક્ષનું અલગ પુરુષાર્થરૂપે સ્થાન ન હતું. જ્યાં ક્યાંય પણ પ્રવર્તક ધર્મનો ઉલ્લેખ છે ત્યાં બધે તે આ ત્રિપુરુષાર્થવાદી દળના મન્તવ્યનો સૂચક છે. તેનું મન્તવ્ય છે કે ધર્મનું અર્થાત્ શુભ કર્મનું ફળ સ્વર્ગ છે અને અધર્મનું અર્થાત્ અશુભ કર્મનું ફળ નરકાદિ છે. ધર્મ-અધર્મ જ પુણ્ય-પાપ યા અદૃષ્ટ કહેવાય છે અને તેમના દ્વારા જન્મ-જન્માન્તરની ચક્રપ્રવૃત્તિ ચાલ્યા કરે છે જેનો ઉચ્છેદ શક્ય જ નથી. શક્ય એટલું જ છે કે જો સારો લોક અને અધિક સુખ પ્રાપ્ત કરવું હોય તો ધર્મ જ કર્તવ્ય છે. આ મત અનુસાર અધર્મ યા પાપ તો હેય છે, પરંતુ ધર્મ યા પુણ્ય હેય નથી. આ દળ સામાજિક વ્યવસ્થાનું સમર્થક હતું, તેથી તે સમાજમાન્ય શિષ્ટ અને વિહિત આચરણોથી ધર્મની ઉત્પત્તિ દર્શાવીને તથા નિન્દ્ય આચરણોથી અધર્મની ઉત્પત્તિ દર્શાવીને બધી જાતની સામાજિક સુવ્યવસ્થાનો જ સંકેત કરતું હતું. તે જ દળ બ્રાહ્મણમાર્ગ, મીમાંસક અને કર્મકાંડી નામથી પ્રસિદ્ધ થયું.

કર્મવાદીઓનું બીજું દળ ઉપર્યુક્ત દળથી તદ્દન વિરુદ્ધ દૃષ્ટિ ધરાવતું હતું. તે માનતું હતું કે પુનર્જન્મનું કારણ કર્મ અવશ્ય છે, શિષ્ટસમ્મત અને વિહિત કર્મોના આચરણથી ધર્મ ઉત્પન્ન થઈને સ્વર્ગ પણ આપે છે, પરંતુ તે ધર્મ પણ અધર્મની જેમ જ હેય છે. આ દળના મત અનુસાર એક ચોથો સ્વતન્ત્ર પુરુષાર્થ પણ છે જે મોક્ષ કહેવાય છે. તેનું કહેવું

---

અહીંના પ્રાચીન નિવર્તક ધર્મવાદીઓ આત્મા, કર્મ, મોક્ષ, ધ્યાન, યોગ, તપસ્યા આદિ વિવિધ માર્ગ એ બધું માનતા હતા. તેઓ ન તો જન્મથી ચાતુર્વર્ણ્ય માનતા હતા કે ન તો ચાતુરાશ્રમ્યની નિયત વ્યવસ્થા. તેમના મત અનુસાર કોઈ પણ ધર્મકાર્યમાં પતિ માટે પત્નીનો સહચાર અનિવાર્ય ન હતો, ઊલટું ત્યાગમાં એકબીજાના સંબંધનો વિચ્છેદ થઈ જતો હતો. પ્રવર્તક ધર્મમાં નિવર્તક ધર્મથી બધું ઊલટું હતું. મહાભારત આદિ પ્રાચીન ગ્રન્થોમાં ગાર્હસ્થ્ય અને ત્યાગાશ્રમની પ્રધાનતાવાળા જે સંવાદો મળે છે તે ઉક્ત બન્ને ધર્મોના વિરોધના સૂચક છે. પ્રત્યેક નિવૃત્તિધર્મવાળા દર્શનના સૂત્રગ્રન્થોમાં મોક્ષને જ પુરુષાર્થ કહેલ છે જ્યારે યાજ્ઞિક માર્ગનાં બધાં વિધાનો સ્વર્ગલક્ષી દર્શાવાયાં છે. આગળ જઈને ઉત્તર કાળમાં અનેક અંશોમાં તે બન્ને ધર્મોનો સમન્વય પણ થઈ ગયો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે કે એકમાત્ર મોક્ષ જ જીવનનું લક્ષ્ય છે અને મોક્ષ વાસ્તે કર્મમાત્ર, ભલે તે પુણ્યરૂપ હોય કે પાપરૂપ, હેય છે. એવું નથી કે કર્મનો ઉચ્છેદ શક્ય નથી. પ્રયત્નથી તે પણ શક્ય છે. જ્યાં ક્યાંય પણ નિવર્તક ધર્મનો ઉલ્લેખ આવે છે ત્યાં સર્વત્ર તે આ મતનો સૂચક છે. તેના મત અનુસાર જ્યારે આત્યન્તિક કર્મનિવૃત્તિ શક્ય અને ઇષ્ટ છે ત્યારે તેને પ્રથમ દળની દષ્ટિની વિરુદ્ધ જ કર્મની ઉત્પત્તિનું અસલ કારણ દર્શાવવું પડ્યું. તેણે કહ્યું કે ધર્મ અને અધર્મનું મૂળ કારણ પ્રચલિત સામાજિક વિધિનિષેધ નથી પરંતુ અજ્ઞાન અને રાગદ્વેષ છે. ગમે તેટલું શિષ્ટસમ્મત અને વિહિત સામાજિક આચરણ કેમ ન હોય પણ જો તે અજ્ઞાન અને રાગદ્વેષમૂલક હોય તો તેનાથી અધર્મની જ ઉત્પત્તિ થાય છે. તેના મત અનુસાર પુણ્ય અને પાપનો ભેદ સ્થૂળ દષ્ટિ ધરાવનારાઓ માટે જ છે. તત્ત્વતઃ તો પુણ્ય અને પાપ બધું જ અજ્ઞાન અને રાગદ્વેષમૂલક હોવાથી અધર્મ અને હેય જ છે. આ નિવર્તક ધર્મવાદી દળ સામાજિક ન રહેતાં વ્યક્તિવિકાસવાદી રહ્યું. જ્યારે તેણે કર્મનો ઉચ્છેદ અને મોક્ષ પુરુષાર્થ માની લીધો ત્યારે તેને કર્મનાં ઉચ્છેદક અને મોક્ષનાં જનક કારણો પર પણ વિચાર કરવો પડ્યો. આ વિચારના ફલસ્વરૂપ તેણે જે કર્મનિવર્તક કારણો સ્થિર કર્યાં તે જ આ દળનો નિવર્તક ધર્મ છે. પ્રવર્તક અને નિવર્તક ધર્મોની દિશા પરસ્પર તદ્દન વિરુદ્ધ છે. એકનું ધ્યેય સામાજિક વ્યવસ્થાની રક્ષા અને સુવ્યવસ્થાનું નિર્માણ છે જ્યારે બીજા દળનું ધ્યેય પોતાના આત્યન્તિક સુખની પ્રાપ્તિ છે, તેથી માત્ર આત્મગામી છે. નિવર્તક ધર્મ જ શ્રમણ, પરિવ્રાજક, તપસ્વી અને યોગમાર્ગ નામોથી પ્રસિદ્ધ છે. કર્મપ્રવૃત્તિ અજ્ઞાન અને રાગદ્વેષજનિત હોવાથી તેની આત્યન્તિક નિવૃત્તિનો ઉપાય અજ્ઞાનવિરોધી સમ્યગ્જ્ઞાન અને રાગદ્વેષવિરોધી સંયમ જ સ્થિર થયો. બાકીના તપ, ધ્યાન, ભક્તિ આદિ બધા ઉપાયો ઉક્ત જ્ઞાન અને સંયમનાં જ સાધનરૂપે મનાયા છે.

નિવર્તક ધર્મવાદીઓમાં અનેક પક્ષો પ્રચલિત હતા. આ પક્ષભેદ કંઈક અંશે તો વાદોની સ્વભાવમૂલક ઉગ્રતા-મૃદુતાને આભારી હતો તો કંઈક અંશે તત્ત્વજ્ઞાનની જુદી જુદી પ્રક્રિયાઓ ઉપર પણ અવલંબિત હતો. આવા પક્ષો મૂળમાં ત્રણ રહેલા જણાય છે. એક પરમાણુવાદી હતો, બીજો પ્રધાનવાદી હતો અને ત્રીજો પરમાણુવાદી હોવા છતાં પણ પ્રધાનની છાયાવાળો હતો. આ ત્રણમાંથી પહેલો પરમાણુવાદી પક્ષ મોક્ષનો સમર્થક હોવા છતાં પણ પ્રવર્તક ધર્મનો એટલો વિરોધી ન હતો જેટલા વિરોધી પાછળના બે પક્ષો હતા. આ જ પક્ષ આગળ જઈને ન્યાય-વૈશેષિક દર્શન તરીકે પ્રસિદ્ધ થયો. બીજો પક્ષ પ્રધાનવાદી હતો અને તે આત્યન્તિક કર્મનિવૃત્તિનો સમર્થક હોવાથી પ્રવર્તક ધર્મ અર્થાત્ શ્રૌત-સ્માર્ત કર્મને પણ હેય દર્શાવતો હતો. આ જ પક્ષ સાંખ્ય-યોગ નામથી પ્રસિદ્ધ છે અને તેના તત્ત્વજ્ઞાનની ભૂમિકા ઉપર તથા તેના નિવૃત્તિવાદની છાયામાં આગળ જઈને વેદાન્તદર્શન અને સંન્યાસમાર્ગની પ્રતિષ્ઠા થઈ. ત્રીજો પક્ષ પ્રધાનછાયાપન્ન અર્થાત્ પરિણામી પરમાણુવાદીનો છે જે બીજા પક્ષની જેમ જ પ્રવર્તક ધર્મનો આત્યન્તિક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિરોધી હતો. આ જ પક્ષ જૈન અને નિર્ગ્રન્થ દર્શનના નામથી પ્રસિદ્ધ છે. બૌદ્ધદર્શન પ્રવર્તક ધર્મનું આત્યન્તિક વિરોધી છે પરંતુ તે બીજા અને ત્રીજા પક્ષના મિશ્રણનો એક ઉત્તરવર્તી સ્વતન્ત્ર વિકાસ છે. પરંતુ બધા નિવર્તકવાદીઓનું સામાન્ય લક્ષણ એ છે કે કોઈ ને કોઈ રીતે કર્મોની જડનો નાશ કરવો અને એવી સ્થિતિ પામવી કે જ્યાંથી ફરી જન્મચક્રમાં ન આવવું પડે.

એવું તો જણાતું નથી કે ક્યારેક માત્ર પ્રવર્તક ધર્મ જ પ્રચલિત રહ્યો હોય અને નિવર્તકધર્મવાદનો પાછળથી પ્રાદુર્ભાવ થયો હોય. તેમ છતાં પ્રારંભિક સમય એવો જરૂર વીત્યો છે જ્યારે સમાજમાં પ્રવર્તક ધર્મની પ્રતિષ્ઠા મુખ્ય હતી અને નિવર્તક ધર્મ કેટલીક વ્યક્તિઓ સુધી જ સીમિત હોવાના કારણે પ્રવર્તકધર્મવાદીઓ તરફથી કેવળ ઉપેક્ષિત જ ન હતો પરંતુ તેના દ્વારા વિરોધની થપ્પડો પણ સહન કરતો રહ્યો હતો. પરંતુ નિવર્તક ધર્મવાદીઓની જુદી જુદી પરંપરાઓએ જ્ઞાન, ધ્યાન, તપ, યોગ, ભક્તિ આદિ આભ્યન્તર તત્ત્વોનો ક્રમશઃ એટલો બધો વિકાસ કર્યો કે પછી તો પ્રવર્તક ધર્મના હોવા છતાં પણ સમાજ ઉપર એક રીતે નિવર્તકધર્મની જ પ્રતિષ્ઠાની મુદ્રા લાગી ગઈ અને જ્યાં જુઓ ત્યાં નિવૃત્તિની ચર્ચા થવા લાગી અને સાહિત્ય પણ નિવૃત્તિના વિચારોથી જ નિર્મિત અને પ્રચારિત થવા લાગ્યું.

નિવર્તકધર્મવાદીઓને મોક્ષના સ્વરૂપ તથા મોક્ષનાં સાધનો અંગે તો ઊહાપોહ કરવો જ પડતો હતો પરંતુ તેની સાથે તેમને કર્મતત્ત્વ અંગે પણ બહુ જ વિચાર કરવો પડ્યો. તેમણે કર્મ તથા તેના ભેદોની પરિભાષાઓ અને વ્યાખ્યાઓ સ્થિર કરી. કાર્ય અને કારણની દૃષ્ટિએ કર્મતત્ત્વનાં વિવિધ વર્ગીકરણો તેમણે કર્યાં. કર્મની ફલદાનશક્તિઓનું વિવેચન પણ તેમણે કર્યું. જુદા જુદા વિપાકોની કાલમર્યાદાઓ પણ તેમણે વિચારી. કર્મોના પારસ્પરિક સંબંધ પર પણ તેમણે વિચાર કર્યો. આ રીતે નિવર્તકધર્મવાદીઓનું ખાસ્સું કર્મતત્ત્વવિષયક શાસ્ત્ર વ્યવસ્થિત થઈ ગયું અને તેમાં દિન પ્રતિદિન નવા નવા પ્રશ્નો અને તેમના ઉત્તરો દ્વારા તેનો અધિકાધિક વિકાસ પણ થતો રહ્યો. આ નિવર્તકધર્મવાદી જુદા જુદા પક્ષો પોતાની અનુકૂળતા મુજબ જુદા જુદા વિચારો કરતા રહ્યા પરંતુ જ્યાં સુધી તે બધાનું સમ્મિલિત ધ્યેય પ્રવર્તકધર્મવાદનું ખંડન રહ્યું ત્યાં સુધી તેમની વચ્ચે વિચારવિનિમય પણ થતો રહ્યો અને તેમનામાં એકવાક્યતા પણ રહી. આ જ કારણે ન્યાયવૈશેષિક, સાંખ્યયોગ, જૈન અને બૌદ્ધ દર્શનોનાં કર્મવિષયક સાહિત્યમાં પરિભાષા, ભાવ, વર્ગીકરણ આદિનું શબ્દશઃ અને અર્થશઃ સામ્ય ઘણું જોવામાં આવે છે, જ્યારે ઉક્ત દર્શનોનું વર્તમાન સાહિત્ય તો તે સમયની અધિકાંશ પેદાશ છે જે સમયે ઉક્ત દર્શનોનો પરસ્પર સદ્ભાવ બહુ ઘટી ગયો હતો. મોક્ષવાદીઓની સામે એક જટિલ સમસ્યા પહેલેથી જ એ હતી કે એક તો પુરાણાં બદ્ધ કર્મો જ અનન્ત છે, બીજું તેમનાં ફળોને ક્રમશઃ ભોગવતી વખતે પ્રત્યેક ક્ષણે નવાં નવાં કર્મો પણ બંધાતાં રહે છે, તો પછી તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બધાં કર્મોનો સર્વથા ઉચ્છેદ કેવી રીતે સંભવે ? આ સમસ્યાનો ઉકેલ પણ મોક્ષવાદીઓએ ઘણી ખૂબીથી કર્યો હતો. આજે આપણને ઉક્ત નિવૃત્તિવાદી દર્શનોનાં સાહિત્યમાં તે ઉકેલનું વર્ણન સંક્ષેપ કે વિસ્તારથી એકસરખું મળે છે. આ વસ્તુસ્થિતિ એટલું સૂચવવા માટે પર્યાપ્ત છે કે ક્યારેક નિવૃત્તિવાદીઓના ભિન્ન ભિન્ન પક્ષોમાં ખૂબ વિચારવિનિમય થતો હતો. આ બધું હોવા છતાં પણ ધીરે ધીરે એવો સમય આવી ગયો જ્યારે આ નિવર્તકવાદી પક્ષો પરસ્પર પહેલાં જેટલા નિકટ ન રહ્યા. તેમ છતાં પણ પ્રત્યેક પક્ષ કર્મતત્ત્વના વિષયમાં ઊહાપોહ તો કરતો રહ્યો જ. આની વચ્ચે એવું પણ થયું કે કોઈક નિવર્તકવાદી પક્ષમાં એક ખાસ્સો કર્મચિન્તક વર્ગ જ સ્થિર થઈ ગયો જે મોક્ષ સંબંધી પ્રશ્નોની અપેક્ષાએ કર્મના વિષયમાં જ ઊંડો વિચાર કરતો હતો અને મુખ્યપણે તેનું અધ્યયન-અધ્યાપન કરતો હતો જેમ અન્યાન્ય વિષયનો ખાસ ચિન્તક વર્ગ પોતપોતાના વિષયમાં કરતો હતો અને આજ પણ કરે છે. આ જ મુખ્યપણે કર્મશાસ્ત્રનો ચિન્તક વર્ગ જૈન દર્શનનો કર્મશાસ્ત્રાનુયોગધર વર્ગ યા કર્મસિદ્ધાન્તજ્ઞ વર્ગ છે.

કર્મનાં બંધક કારણો તથા કર્મના ઉચ્છેદક ઉપાયોના વિશે તો બધા મોક્ષવાદીઓ ગૌણમુખ્યભાવથી એકમત જ છે પરંતુ કર્મતત્ત્વના સ્વરૂપ અંગે ઉપર નિર્દિષ્ટ ખાસ કર્મચિન્તક વર્ગનું જે મન્તવ્ય છે તેને જાણવું જરૂરી છે. પરમાણુવાદી મોક્ષમાર્ગી વૈશેષિક આદિ કર્મને ચેતનનિષ્ઠ માનીને તેને ચેતનનો ધર્મ દર્શાવતા હતા જ્યારે પ્રધાનવાદી સાંખ્ય-યોગ કર્મને અન્તઃકરણસ્થિત માનીને જડનો ધર્મ દર્શાવતા હતા. પરંતુ આત્મા અને પરમાણુને પરિણામી માનનાર જૈન ચિન્તકો પોતાની જુદી પ્રક્રિયા અનુસાર કર્મને ચેતન અને જડ બન્નેના પરિણામરૂપે ઉભયરૂપ માનતા હતા. તેમના મત અનુસાર આત્મા ચેતન હોવા છતાં પણ સાંખ્યના પ્રાકૃત અન્તઃકરણની જેમ સંકોચવિકાસશીલ હતો જેમાં કર્મરૂપ વિકાર પણ સંભવે છે અને જે જડ પરમાણુઓ સાથે એકરસ પણ થઈ શકે છે. વૈશેષિક આદિના મત અનુસાર કર્મ ચેતનનો ધર્મ હોવાથી વસ્તુતઃ ચેતનથી જુદું નથી અને સાંખ્ય અનુસાર કર્મ પ્રકૃતિનો ધર્મ હોવાથી વસ્તુતઃ તે જડથી જુદું નથી, જ્યારે જૈન ચિન્તકોના મત અનુસાર કર્મતત્ત્વ ચેતન અને જડ ઉભયરૂપ જ ફલિત થાય છે જેને તેઓ ભાવકર્મ અને દ્રવ્યકર્મ પણ કહે છે. આ સમગ્ર કર્મતત્ત્વ સંબંધી પ્રક્રિયા એટલી પ્રાચીન તો અવશ્ય છે જ્યારે કર્મતત્ત્વના ચિન્તકોમાં પરસ્પર વિચારવિનિમય અધિકાધિક થતો હતો. તે સમય કેટલો પ્રાચીન છે એ નિશ્ચિતપણે તો કહી શકાતું નથી પરંતુ જૈન દર્શનમાં કર્મશાસ્ત્રનું જે ચિરકાળથી સ્થાન છે, તે શાસ્ત્રમાં વિચારોનું જે ઊંડાણ છે, શૃંખલાબદ્ધતા તથા સૂક્ષ્માતિસૂક્ષ્મ ભાવોનું જે અસાધારણ નિરૂપણ છે તેને ધ્યાનમાં લેતાં એ માન્યા વિના રહી શકાતું નથી કે જૈન દર્શનની વિશિષ્ટ કર્મવિદ્યા ભગવાન પાર્શ્વનાથના પહેલાં અવશ્ય સ્થિર થઈ ચૂકી હતી. આ વિદ્યાના ધારક કર્મશાસ્ત્રજ્ઞ કહેવાયા અને આ જ વિદ્યા આગ્રાયણીય પૂર્વ તથા કર્મપ્રવાદ પૂર્વના નામથી વિશ્રુત થઈ. ઐતિહાસિક દૃષ્ટિએ 'પૂર્વ' શબ્દનો અર્થ છે – ભગવાન મહાવીરના પહેલાંથી ચાલ્યો આવતો શાસ્ત્રવિશેષ. નિઃસંદેહ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પૂર્વો વસ્તુતઃ ભગવાન પાર્શ્વનાથના પહેલાંથી જ એક યા બીજા રૂપમાં પ્રચલિત હતા. એક તરફ જૈન ચિન્તકોએ કર્મતત્ત્વના ચિન્તનની તરફ બહુ ધ્યાન આપ્યું જ્યારે બીજી તરફ સાંખ્યયોગે ધ્યાનમાર્ગની તરફ સવિશેષ ધ્યાન આપ્યું. આગળ ઉપર જ્યારે તથાગત બુદ્ધ થયા ત્યારે તેમણે પણ ધ્યાન ઉપર જ અધિક ભાર આપ્યો. પરંતુ બધાએ વારસામાં મળેલા કર્મચિન્તનને અપનાવી રાખ્યું. આ જ કારણે જો કે સૂક્ષ્મતા અને વિસ્તારમાં જૈન કર્મશાસ્ત્ર પોતાનું અસાધારણ સ્થાન જાળવી રાખે છે તેમ છતાં સાંખ્યયોગ, બૌદ્ધ આદિ દર્શનોનાં કર્મચિન્તનો સાથે તેનું ઘણું સામ્ય છે અને મૂળમાં એકતા પણ છે જેને કર્મશાસ્ત્રના અભ્યાસીઓએ જાણવી જોઈએ.

•

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# SANSKRIT-SANSKRITI GRANTHAMALA

## GENERAL EDITOR
## NAGIN J. SHAH

**Publications**

1. A Study of Jayanata Bhaṭṭa's Nyāyamañjari, A Mature Sanskrit Work on INDIAN LOGIC Part I by Nagin J. Shah (1993) — Rs. 90=00
2. Jaina-Darśana ane Sāṅkhya-Yoga-māṁ Jñāna-Darśana Vicāraṇā (Gujarati) by J. D. Sheth (1994) — Rs. 150=00
3. A Study of Jayanata Bhaṭṭa's Nyāyamañjari on INDIAN LOGIC Part II by Nagin J. Shah (1995) — Rs. 225=00
4. A Study of Jayanata Bhaṭṭa's Nyāyamañjari on INDIAN LOGIC Part III by Nagin J. Shah (1997) — Rs. 198=00
5. Bhāratīya Tattvajñāna – Keṭalīka Samasyā (Gujarati) by Nagin J. Shah (1998) — Rs. 99=00
6. Essays in Indian Philosophy by Nagin J. Shah (1998) — Rs. 120=00
7. Samantabhadra's Āptamīmāṁsā - Critique of An Authority (along with English translation, notes and Akalaṅka's Sanskrit Commetary Aṣṭaśatī) by Nagin J. Shah (1999) — Rs. 108=00
8. जैनदर्शन में श्रद्धा (सम्यग्दर्शन), मतिज्ञान और केवलज्ञान की विभावना लेखक नगीन जी. शाह (२०००) — Rs. 50=00
9. શાંકર વેદાન્તમાં અવિદ્યાવિચાર લેખક નગીન જી. શાહ (૨૦૦૧) — Rs. 180=00
10. ભારત અને યુરોપ - યુરોપિયન સ્વસમજના ઇતિહાસમાં ભારત લેખક : વિલ્હેમ હાલ્બ્ફાસ (૨૦૦૪) — Rs. 180=00
11. નિર્ગ્રન્થસંપ્રદાય જૈનતર્કભાષા - જ્ઞાનબિન્દુપરિશીલન (૨૦૦૬) લેખક : પંડિત સુખલાલજી, અનુવાદક : નગીન જી. શાહ — Rs. 150=00

## About A study of Nyāyamañjarī

"The book under review is a mature contribution of a mature scholar." Prof. V. N. Jha, Director, Centre of Advanced Studies in Sanskrit, Poona University, in Annals of Bhandarkar Oriental Research Institute. LXXVI.

"This is just an illustration of how interesting and revealing is the study which Dr. Shah has presented not only from a logical but also from a cultural point of view. Dr. Shah has presented an important text in its wide ranging context with full mastery. He is at home in the different philosophical schools discussed, and his mastery of the language and tradition of Nyāya and Buddhism enables him to create before the reader a fascinating panorama of ancient philosophical discussion. ...His work will undoubtedly remain a standard work of reference for a long time to come." - Prof. G. C. Pande, Former Vicechancellor, Universities of Rajasthan and Allahabad, in Journal of the Asiatic Society of Bombay Volume 72 (1997)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"Dr. Shah has meticulously followed each and every point presented in NM. It is indeed a comprehensive study of NM for the first time and provides a fascinating reading." - Prof. Vasant Parikh in Journal of the Oriental Institute, Baroda, Vol. 45 Nos. 3-4.

"...The work has a clear style and can be recommended to advanced students before tackling the original work of Jayanta himself." Prof. Kerel Werner in Bulletin of the School of Oriental and African Studies, University of London.

## About Essays in Indian Philosophy

"The author is critical, unbiased and he quite often gives unorthodox and controversial solutions. This, to my mind, is the strength of the book and it is for this questioning nature of the discussion and unorthodox character of its conclusions supported by sound evidence from the original sources that I would like to recommend this book to the advanced students and scholars of the classical Indian Philosophy." Prof. S. S. Antarkar in Journal of the Asiatic Society of Bombay Volume 74 (1999).

## About Samantabhadra's Āptamīmāṁsā - Critique of an Authority

"Prof. Dr. Nagin J. Shah ... has now brought out Samantabhadra's *Āptamīmāṁsā* along with English translation, introduction, Notes-comments and Akalaṅka's Sanskrit commentary *Aṣṭaśatī*. He has rightly selected the Āptamīmāṁsā for his scholarly treatment as Samantabhadra's work served as a model for later Jaina thinkers and writers while criticising what they considered one-sided philosophical views. In the Introduction Dr. N. J. Shah has made a detailed and objective survery of Nayavāda and Anekāntavāda and their evalution of other philosophical views. ...Dr. Shah has fully appreciated the force of Samantabhadra's arguments and shown the importance of his contribution to Jaina logic and philosophy. At the same time Dr. Shah has not hesitated to point out the anomaly in the arguments advanced by the author wherever he has noticed it." Prof. Esther A. Solomon in Journal of the Asiatic Society of Bombay Volume 74 (1999)

■

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અનુવાદક પરિચય

પ્રાધ્યાપક નગીનદાસ જીવણલાલ શાહનો જન્મ સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા ગામે સન્ ૧૯૩૧માં થયો હતો. તે એલ. ડી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલોજી (અમદાવાદ)ના અધ્યક્ષપદ પર હતા. હવે નિવૃત્ત છે. તે સંસ્કૃતના વિદ્વાન છે. ભારતીય તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં તેમનું પ્રદાન બહુમૂલ્ય છે. જૈન, બૌદ્ધ, સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક અને વેદાન્ત દર્શનો વિશે વિદ્વદ્ભોગ્ય ગ્રન્થો લખી જિજ્ઞાસુઓ અને અધ્યેતાઓને ભારતીય દર્શનના અભ્યાસ માટે ચિંતનસામગ્રી પૂરી પાડી છે. પંડિત સુખલાલજીના માર્ગદર્શન નીચે તેમણે લખેલો અને ગુજરાત યુનિવર્સિટીએ પીએચ.ડી.ની પદવી માટે માન્ય રાખેલો મહાનિબંધ *Akalaṅka's Criticism of Dharmakīrti's Philosophy A Study 1968*માં પ્રકાશિત થયો છે; તેને આંતરરાષ્ટ્રીય વિદ્વાનોએ પ્રશંસાપૂર્વક આવકાર્યો છે. તે ઉપરાંત તેમણે અંગ્રેજી ભાષામાં ત્રણ બહુમૂલ્ય સ્વતન્ત્ર ગ્રન્થોની રચના કરી દાર્શનિક જગતની અનુપમ સેવા કરી છે. આ ત્રણ ગ્રંથ છે : *(1) A Study of Nyāyamañjarī, a Mature Sanskrit Work on INDIAN LOGIC (in three parts) (2) Essays in Indian Philosophy and (3) Samantabhadra's Āptamīmāṃsā - Critique of an Authority.* આ ઉપરાંત તેમણે મુનિશ્રી ન્યાયવિજયજીના વિશાલકાય પ્રસિદ્ધ ગ્રન્થ "જૈન દર્શન"નું વિશદ અંગ્રેજી ભાષાન્તર *(Jaina Philosophy and Religion)* આપણને આપ્યું છે. તેમણે ગુજરાતીમાં (૧) સાંખ્યયોગ, (૨) ન્યાયવૈશેષિક, (૩) બૌદ્ધધર્મદર્શન, (૪) ભારતીય તત્ત્વજ્ઞાન - કેટલીક સમસ્યા, (૫) જૈનદર્શનમાં શ્રદ્ધા (સમ્યગ્દર્શન), મતિજ્ઞાન અને કેવળજ્ઞાનની વિભાવના, (૬) શાંકર વેદાન્તમાં અવિદ્યાવિચાર જેવા છ ચિન્તનપ્રધાન ગ્રન્થોની રચના કરી દાર્શનિકોની પ્રીતિ સંપાદન કરી છે. સાથે સાથે સંસ્કૃત ગ્રન્થ ન્યાયમંજરીનો તેમણે કરેલો ગુજરાતી અનુવાદ (પાંચ ભાગમાં) ભારતીય તત્ત્વજ્ઞાનના ગુજરાતીભાષી અધ્યાપકો અને અધ્યેતાઓને અત્યન્ત ઉપયોગી સાબિત થયો છે. તદુપરાંત, ન્યાયમંજરીની હસ્તપ્રતમાં ઉપલબ્ધ પરંતુ અદ્યાવધિ અપ્રકાશિત એકમાત્ર ટીકા ન્યાયમંજરીગ્રન્થિભંગનું તેમણે ઉચ્ચસ્તરીય સંપાદન-સંશોધન કર્યું છે. આ સિવાય બીજા પણ અનેક 'અધ્યાત્મબિન્દુ' જેવા જ્ઞાનગૌરવપૂર્ણ સંસ્કૃત ગ્રન્થોનું હસ્તપ્રતોના આધારે સમીક્ષિત સંપાદન કર્યું છે. વળી, આધુનિક વિદ્વાનોનાં દાર્શનિક ગ્રંથોનું પણ તેમણે સંપાદન કર્યું છે. આમાં બે મહત્ત્વપૂર્ણ છે : *(1) Jaina Theory of Multiple Facets of Reality and Truth (2) Pramāṇamīmāṃsā - A Work on Jaina Logic (Sanskrit Text in Roman Script with English Translation, Pt. Sukhlalji's Extensive Intrduction and Philosophical Notes.)* મહામહોપાધ્યાય વિધુશેખર ભટ્ટાચાર્યજી લિખિત Basic Conception of Buddhism નામના પુસ્તકનો તેમણે કરેલો ગુજરાતી અનુવાદ પણ પ્રકાશિત થયો છે. વિલ્હેમ હાલ્ફાસકૃત *India And Europe*ના પ્રથમ ભાગ *'India in the History of European Self-Understanding'*નો ગુજરાતી અનુવાદ પણ તેમણે કર્યો છે. આમ નિવૃત્તિ પછી પણ તે સદૈવ ચિન્તન-મનનપૂત દાર્શનિક ગ્રંથોના લેખન, સંપાદન અને અનુવાદના કાર્યમાં રત રહે છે. નિવૃત્તિ પછી તેમણે સ્વતન્ત્રપણે સંસ્કૃત-સંસ્કૃતિ ગ્રન્થમાલાની સ્થાપના કરી છે. આ ગ્રન્થમાલામાં તેમણે લખેલા અગિયાર ગ્રન્થો પ્રકાશિત થયા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org